## श्रीमदग्निकुमारप्रकटितं

# ॥ श्रीसर्वोत्तमस्तोत्रम् ॥

॥ श्रीगोकुलेशकृतविवृतिसहितम् ॥

नत्वा पितृपदाम्भोजमैहिकामुष्मिकार्थदम् ।
तत्प्रोक्ताचार्यनामानि विवरिष्ये यथामति ॥ १ ॥
यद्यप्ययोग्य एवाहं तन्नामविवृतौ स्वतः ।
स्वीयत्वेनैव कृपया योग्यतां मयि दास्यति ॥ २ ॥
इति विश्वासतो नूनं प्रवृत्तोऽहं न चान्यथा ।
अतस्त एव शरणं मम सर्वार्थसिद्धये ॥ ३ ॥

આ લોક તથા પરલોકના પુરુષાર્થો આપનાર પિતાશ્રીના ચરણકમલને નમન કરીને તેમણે કહેલાં આચાર્યશ્રીના નામોનું (મારી) મતિપ્રમાણે વિવરણ કરીશ. ૧.

જો કે તેમનાં નામોનું મારી મેળે વિવરણ કરવા હું અયોગ્ય જ છું, છતાં પણ હું પોતાનો હોવાથી જ કૃપાથી મને યોગ્યતાનું દાન કરશે. ૨.

એવા વિશ્વાસથીજ હું ખરેખર (વિવરણ કરવા) પ્રવૃત્ત થયો છું, અને બીજા પ્રકારે પ્રવૃત્ત થયો નથી. તેથી સર્વ પુરુષાર્થની સિદ્ધિ માટે મારૂં તેઓશ્રી જ શરણ છે. ૩.

श्रीमत्पितृचरणाः श्रीमदाचार्याणामलौकिकनामानि प्रकटयितुमाचार्याणां स्वरूपं तत्प्राकट्यहेतुं च वक्तुमाचार्यैकप्रकटितभक्तिमार्गप्रतिपाद्यं सर्वश्रुतिश्रीभागवतगीताद्यनेकालौकिकप्रमाणसिद्धं पूर्वोक्तप्रमेयमूलभूतं साक्षात्पुरुषोत्तमस्वरूपं सर्वमूलत्वेन मङ्गलार्थं स्तुवन्ति **प्राकृतधर्मानाश्रयमिति** ॥

શ્રીમદાચાર્યચરણનાં અલૌકિક નામો પ્રકટ કરવા, આચાર્યશ્રીનું સ્વરૂપ અને તેમનાં પ્રાકટ્યનું પ્રયોજન કહેવા, શ્રીમદાચાર્યચરણે જ પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં જણાવેલા, સર્વ શ્રુતિઓ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા વિગેરે અનેક અલૌકિક પ્રમાણોથી સિદ્ધ થએલ પહેલાં જણાવેલ પ્રમેયના મૂલરૂપ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમના સ્વરૂપની (મારા) પિતાશ્રી મંગલ થાય તે માટે સર્વના મૂલ તરીકે સ્તુતિ કરે છે કે :—

**प्राकृतधर्मानाश्रयमप्राकृतनिखिलधर्मरूपमिति ।**
**निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृति स्तौमि ॥ १ ॥**

**प्राकृताः** प्रकृतिजन्या ये सत्त्वादयो **धर्मास्तेषामनाश्रयं** तद्धर्मसम्बन्धमात्ररहितमित्यर्थः, ननु प्राकृतधर्मानाश्रयत्वोक्त्या तदितरधर्माप्रसिद्धेः स्वरूपस्य निर्धर्मकत्वमायातीतिशङ्काव्युदासार्थमाहुः **अप्राकृतनिखिलधर्मरूप**मिति, **अप्राकृताः** प्रकृतिसम्बन्धरहिता अलौकिका आनन्दमया ये **निखिलाः** सर्वे **धर्मा** देहेन्द्रियप्रभृतयः तत्स्व**रूप**मित्यर्थः, अत्र देहेन्द्रियादीनामपि तद्रूपत्वोक्त्या तेषामपि स्वरूपवदानन्दरूपत्वमेव न तु लौकिकशरीरवदात्मानात्मकृतभेदोप्यस्तीत्यर्थः, **इति निगमप्रतिपाद्य**मिति, **इति**शब्दोऽत्र प्रकारवाची तेनानेन प्रकारेण पूर्वोक्तेन यच्छ्रुतिप्रतिपाद्यं पुरुषोत्तमस्वरूपं, **शुद्धं** आनन्दमात्रकरपादमुखोदरादिरूपं, तदपि **साकृति** आकारसहितं न तु मायावादादिभ्रान्तशास्त्रप्रतिपादितब्रह्मवन्निराकारं, **स्तौमि** स्तुतिविषयं करोमीत्यर्थः ॥ १ ॥

જેમાં પ્રાકૃત ગુણો નથી, અને જે અપ્રાકૃત સર્વ ગુણરૂપ છે એમ વેદમાં જેનું નિરૂપણ કરેલું છે તે શુદ્ધ આકૃતિવાળા (સ્વરૂપ)ની હું સ્તુતિ કરૂં છું. ૧.

'પ્રાકૃત' એટલે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થતા જે સત્ત્વ વિગેરે ગુણો જેનામાં નથી, એટલે જેને તેવા ગુણોનો જરાએ સંબંધ નથી એવો અર્થ છે.

" 'પ્રાકૃત ગુણો જેમાં નથી' એમ કહ્યું, એટલે તે સિવાયના ગુણો પ્રસિદ્ધ ન હોવાથી સ્વરૂપ ગુણવિનાનું થાય છે" એવી શંકા દૂર કરવા 'જે અપ્રાકૃત સર્વ ગુણરૂપ છે' એમ કહેલું છે. અપ્રાકૃત એટલે પ્રકૃતિના સંબંધ વિનાના અલૌકિક આનંદથી ભરપૂર દેહ ઇંદ્રિય વિગેરે જે સર્વ ગુણો તે (ગુણો)રૂપ, એટલે તેમનું સ્વરૂપ, એવો અર્થ છે, અહિં દેહ ઇંદ્રિય વિગેરેને પણ તદ્રૂપ કહ્યાં, તેથી તેઓ પણ સ્વરૂપની પેઠે આનંદરૂપ જ છે, પરંતુ લૌકિક દેહની પેઠે—આ આત્મા અને આ અનાત્મા—એવો ભેદ પણ આમાં નથી, એવો અર્થ છે. 'इति' 'એમ' શબ્દ અહિં પ્રકાર દર્શાવનારો છે, એટલે આ પહેલાં કહેલા પ્રકારે વેદમાં જેનું નિરૂપણ કરેલું છે તે પુરુષોત્તમનું સ્વરૂપ શુદ્ધ એટલે માત્ર આનંદના જ કર ચરણ મુખ ઉદર વિગેરેના રૂપવાળું છે. તે પણ 'साकृति' આકૃતિવાળું છે, પરંતુ માયાવાદ વિગેરે ખોટાં શાસ્ત્રોમાં જણાવેલ બ્રહ્મની પેઠે આકૃતિવિનાનું નથી. 'તે' તેવાં (સ્વરૂપ)ની 'स्तौमि' હું સ્તુતિ કરૂં છું, એવો અર્થ છે. ૧.

ननु पूर्वोक्तैतावद्धर्मवत्त्वेन भगवत्त्वेन भगवत्स्वरूपं भवतैव ज्ञायते कथमन्यैः शास्त्रविद्भिरपि पण्डितैर्न प्रतिपादितं कुत्रापीति चेत् तत्र हेतुमाहुः **कलिकाले**ति ॥

'પહેલાં કહેલા એટલા ગુણવાળા તરીકે ભગવાનનાં સ્વરૂપને તમે જ જાણ્યું, બીજા શાસ્ત્ર જાણનારા પંડિતોએ પણ કેમ ક્યાંય પણ વર્ણવેલું નથી?' એવી શંકા થાય, તેથી તેનું કારણ કહે છે કે:—

**कलिकालतमश्छन्नदृष्टित्वाद्विदुषामपि ।**
**सम्प्रत्यविषयस्तस्य माहात्म्यं समभूद् भुवि ॥ २ ॥**

**कलिकाल**जनितं **यत्तमः** अज्ञानं तेन **छन्नाः** समन्तादावृता **दृष्टयो** येषां तेषां भावस्तत्त्वं तस्मात्, **विदुषामपि** अधीतवेदशास्त्राणामपि **सम्प्रति** कलिकाले **तस्य** श्रुतिप्रतिपाद्यसाक्षात्पूर्णपुरुषोत्तमस्य **माहात्म्यं अविषयः** ज्ञानागोचरम् **समभूत्**, यतस्ते **भुवि** भूलोके स्थिताः तेन तदतिरिक्तभगवल्लोकस्थितानां तन्माहात्म्यं ज्ञानागोचरमेवेत्यर्थः, **समभूत्** सम्यक् श्रुत्युक्तप्रकारेण ज्ञानगोचरं नाभूदित्यर्थः ॥ २ ॥

વિદ્વાનોની દૃષ્ટિ પણ કલિકાલથી ઉત્પન્ન થએલાં અજ્ઞાનથી છવાઈ ગએલી હોવાથી હમણાં ભૂમિઉપર તેમનાં માહાત્મ્યનું જ્ઞાન રહેલું નથી. ૨.

વેદ અને શાસ્ત્રોનો અભ્યાસ કરેલા વિદ્વાનોની પણ દૃષ્ટિ કલિકાલથી ઉત્પન્ન થયેલું જે તમઃ અજ્ઞાન, તેનાથી છન્ના સર્વ તરફથી છવાઈ ગએલી હોવાથી, 'હમણાં' કલિકાલમાં 'તેમનાં' એટલે શ્રુતિમાં જણાવેલ સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમનાં માહાત્મ્યનું જ્ઞાન રહેલું નથી, કારણ કે તેઓ (વિદ્વાનો) ભૂતલ ઉપર એટલે ભૂલોકમાં રહેલા છે. તેથી તેમના સિવાયના ભગવાનના લોકમાં રહેલા (ભક્તો)ને તેમના માહાત્મ્યનું જ્ઞાન છે જ, એવો અર્થ છે. 'રહેલું' એટલે સારી રીતે શ્રુતિમાં કહેલા પ્રકારથી રહેલું, નથી એવો અર્થ છે. ૨

ननु भवतामपि भुव्येव प्राकट्यात् तन्माहात्म्यं कथं ज्ञानगोचरमित्याशङ्कानिरासाय स्वज्ञानगोचरप्रकारमाहुः **दयये**ति ॥

'તમારૂં પણ ભૂમિ ઉપર જ પ્રાકટ્ય થએલું હોવાથી (તમને) તેમનાં માહાત્મ્યનું જ્ઞાન કેવી રીતે રહ્યું?' એવી શંકા દૂર કરવા પોતાને જ્ઞાન રહેવાનો પ્રકાર કહે છે કે:—

**दयया निजमाहात्म्यं करिष्यन् प्रकटं हरिः ।**
**वाण्या यदा तदा स्वास्यं प्रादुर्भूतं चकार हि ॥ ३ ॥**

**दयया** स्वकीयनिरुपधिदुःखप्रहाणेच्छया, **निजं** स्वकीयं **माहात्म्यं** पुष्टिमार्गीयलीलारसभावात्मकं पूर्वोक्तप्रकारेण सर्वज्ञानाविषयं तादृशं, **वाण्या** स्ववचनद्वारा, स्वकीयेषु **प्रकटं करिष्यन्, स्वास्यं स्वस्य** पुरुषोत्तमस्यैवानन्दमात्राधिदैविकाग्निरूपं **यदास्यं** मुखं तत्, **प्रादुर्भूतं चकार** प्रकटीकृतवान्, अत्रास्यं **प्रादुर्भूतं चकारे**त्येतावतैव चरितार्थत्वेपि यत् **स्व**पदमुक्तं तेनांशकलाद्यवतारवत् कमपि धर्मं स्थापयित्वाचार्याणामपि यत्किञ्चिद्वक्तृत्वादिधर्मस्थापनेनास्यरूपत्वं भविष्यतीत्याशङ्कानिरासायोक्तं **स्वास्यं प्रादुर्भूतं चकारे**ति, यथास्थितस्यैव वस्तुनो दर्शनं **प्रादुर्भावः** न त्वविद्यमानस्य जनितस्यापि दर्शनं **प्रादुर्भावः,** तेनाचार्याणामपि यथास्थितसाक्षात्पुरुषोत्तमश्रीमुखत्वेनैव प्रादुर्भावः, न तु कमप्यंशं तत्रत्यं त्याजयित्वा, एतज्ज्ञापनार्थमुक्तं **स्वास्यं प्रादुर्भूतं चकारे**ति। ननु भगवतः स्वतः सर्वार्थपूर्णस्य किमेतावत्करणे प्रयोजनमितिचेत् तत्राहुः **हरि**रिति। यतः स्वकीयानां सर्वदुःखहर्ता, यदि स्वास्यं न प्रकटयेत् तदा सर्वेषां स्वकीयानां ह्येतन्मार्गीयमाहात्म्याज्ञानात्तज्जनितं दुःखं तिष्ठेदेवेति स्वस्य **हरि**त्वमेव न स्यादतः स्वस्य हरित्वसिद्ध्यर्थमेवैतावत् कृतवानितिज्ञापनार्थमेवोक्तं **हरि**रिति। **हि** युक्तश्चायमर्थः, यदि हरित्वेन स्वास्यप्राकट्यं न कुर्यात् तदा साक्षाद्भक्तिमार्गीयमाहात्म्यप्राकट्याभावात् स्वीयानां सर्वपुरुषार्थसिद्धिर्न स्यादित्यत उक्तं **ही**ति। **हे**तिपाठे स्वकीयानामर्थे एतावदलौकिककरणं कृपयेति प्रभोरत्यन्तभक्तपरवशत्वज्ञापनायोक्तं **हे**ति, एतेन स्वस्य फलमार्गीयमाहात्म्यज्ञाने स्वास्यप्राकट्यमसाधारणो हेतुरुक्त इति स्वस्य ज्ञानमितरेषामज्ञानं च सिद्धमिति न काप्यनुपपत्तिः ॥ ३ ॥

एवं भगवत्परत्वेन श्लोकार्थ उक्तः, आचार्यपरत्वेपि श्लोकार्थ उच्यते ॥

**प्राकृतधर्मानाश्रय**मित्यादि, श्रीमत्पितृचरणाः श्रीमदाचार्याणामलौकिकनामानि प्रकटयितुमाचार्यस्वरूपं तत्प्राकट्यहेतुं च वक्तुं स्वीयातिरिक्तानामाचार्यस्वरूपज्ञानाभावहेतुं स्वीयानामाचार्यस्वरूपज्ञानहेतुं च वक्तुमाचार्यस्वरूपं वर्णयन्ति **प्राकृतेति** पूर्ववत्। **निगमप्रतिपाद्यमिति,** यद्यप्याचार्योद्देशेनाचार्यस्वरूपं निगमे प्रतिपाद्यत्वेन न श्रूयते तथाप्याचार्याणां साक्षात्पुरुषोत्तममुखारविन्दाधिष्ठातृत्वेन साक्षात्पुरुषोत्तमाखिलधर्मवत्त्वात् पुरुषोत्तमस्य साकारा-

नन्दमयत्वेन प्रतिपाद्यत्वादाचार्याणामपि तदास्यत्वेन श्रुतिप्रतिपाद्यत्वमेवेतिज्ञापनायोक्तं **निगमप्रतिपाद्यं यत्तच्छुद्धं साकृतीति** । एवमाचार्याणामपि श्रुतिप्रतिपाद्यत्वं निरूप्य तत्स्तुतिं प्रतिजानते **स्तौमी**ति, स्तुतिविषयं करोमीत्यर्थः ॥ १ ॥ ननु भवन्निरूपितैतावद्धर्मवत्त्वेनाचार्यस्वरूपं कथमन्यैः शास्त्रविद्भिरपि पण्डितैर्न प्रतिपादितं कुत्रापीतिचेत्तत्राहुः **कलिकाले**ति पूर्ववत् । **तस्य** आचार्यस्य ॥२॥ अतःपरं स्वस्याचार्यस्वरूपज्ञाने हेतुमाहुः **दयये**ति पूर्ववत् । अत्र पितृचरणानां सिद्धवत्कारेणाचार्याणां पुरुषोत्तमास्यत्वकथनस्यायमाशयः, भगवदाज्ञया श्रीभागवतगूढार्थविवरणारम्भ आचार्यैरेव स्वातिरिक्तस्य श्रीभागवतगूढार्थाज्ञाने "अर्थं तस्य विवेचितु"मितिश्लोके स्वस्य ज्ञाने वाक्पतित्वेन वैश्वानरत्वोक्त्या साक्षात्पुरुषोत्तममुखारविन्दाधिष्ठातृत्वं निरूपितं, तत्र हेतुः श्रीभागवतस्य द्वादशाङ्गत्वेन पुरुषोत्तमरूपत्वात् पुरुषोत्तमस्वरूपं पुरुषोत्तमस्यैव गम्यं नान्यस्येत्यत एव **गीतास्व**प्यर्जुनेनोक्तं "न हि ते भगवन् व्यक्तिं विदुर्देवा न दानवाः । स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तमे"ति, तस्मादाचार्याणां पुरुषोत्तमस्वरूपनिरूपकत्वात् निरूपणस्य वाग्रूपत्वात् वाग्रूपत्वेपि वाच आस्य एव सत्त्वादाचार्याणामास्यरूपत्वमेवेतिज्ञापनायोक्तं **स्वास्यं प्रादुर्भूतं चकार ही**ति ॥ ३ ॥

જ્યારે હરિએ દયાને લીધે વાણીથી પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાની ઇચ્છા કરી ત્યારે તેમણે ખરેખર પોતાનાં મુખનો પ્રાદુર્ભાવ કર્યો. ૩.

'દયાને' એટલે પોતાના (સેવકોનાં) દુઃખનો નાશ કરવાની પોતાની પવિત્ર ઇચ્છાને લીધે નિજં પોતાનું પુષ્ટિમાર્ગીય લીલાના રસના ભાવરૂપ, ઉપર જણાવેલ પ્રકારથી કોઈથી ન જાણી શકાય તેવું માહાત્મ્ય વાગ્યા પોતાની વાણીથી પોતાના સેવકોમાં પ્રકટ કરવાની ઇચ્છા કરી, ત્યારે 'પોતાનું' પુરુષોત્તમનું જ માત્ર આનંદરૂપ આધિદૈવિક અગ્નિરૂપ જે આસ્યં મુખારવિંદ તેનો પ્રાદુર્ભાવ કર્યો. અહિં 'મુખનો પ્રાદુર્ભાવ કર્યો' એટલું જ કહેવાથી કાર્ય સિદ્ધ થાય તેમ હોવા છતાં, જે 'પોતાનાં' શબ્દ યોજ્યો, તે એવી શંકા દૂર કરવા યોજેલો છે કે આચાર્યશ્રીમાં પણ અંશ કલા અને અવતારની પેઠે કોઈક ઉપદેશ આપવાપણું વિગેરે ગુણ સ્થાપન કરીને, તેમને મુખરૂપ બનાવ્યા હશે. જેવી વસ્તુ હોય તેવી જ તેને દેખાડવી એ પ્રાદુર્ભાવ, પરંતુ ન હોય તેવી બનાવીને પણ દેખાડવી એ પ્રાદુર્ભાવ નથી. તેથી આચાર્યશ્રીનો પણ જેવા તે હતા તેવા સાક્ષાત્ પુરુષોત્તમના મુખ તરીકે જ પ્રાદુર્ભાવ થએલો છે,

પરંતુ તેમનામાં રહેલો કોઈપણ અંશ પડતો મૂકાવીને પ્રાદુર્ભાવ થએલો નથી; એમ જણાવવા 'પોતાના મુખનો પ્રાદુર્ભાવ કર્યો' એમ કહેલું છે.

'પોતાથી જ સર્વ પુરુષાર્થથી પૂર્ણ ભગવાનને આટલું કરવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તેથી 'હરિએ' શબ્દ યોજેલ છે, કારણ કે પોતાનાં (સેવકો)નાં સર્વ દુઃખને હરનાર જો પોતાનાં મુખનો પ્રાદુર્ભાવ ન કરે, તો પોતાના સર્વ સેવકોને આ માર્ગનાં માહાત્મ્યનું જ્ઞાન ન હોવાથી, તે (અજ્ઞાન)થી થએલ (તેમનું) દુઃખ રહે જ, એટલે પોતાનું હરિપણું જ ન રહે. તેથી પોતાનું હરિપણું સિદ્ધ થાય તે માટે જ આટલું કર્યું એમ જણાવવા 'હરિએ' શબ્દ યોજેલ છે. 'ખરેખર' આ અર્થ યોગ્ય જ છે. જો હરિ તરીકે પોતાનાં મુખનો પ્રાદુર્ભાવ ન કરે, તો સાક્ષાત્ ભક્તિમાર્ગનાં માહાત્મ્યનું પ્રાકટ્ય ન થવાથી પોતાના સેવકોને સર્વ પુરુષાર્થોની પ્રાપ્તિ ન થાય'. તેથી 'ખરેખર' શબ્દ યોજેલો છે. (हि ને બદલે) 'ह' એવો પાઠ હોય, ત્યારે પોતાના સેવકોને માટે કૃપાથી આટલું અલૌકિક (કાર્ય) કરેલું છે, તેથી પ્રભુ અત્યંત ભક્તપરાયણ છે એમ જાણી 'ह' એમ કહેલું છે, એટલે પોતાના મુખનો પ્રાદુર્ભાવ પોતાને ફલમાર્ગના માહાત્મ્યનું જ્ઞાન હોવાનું અસાધારણ કારણ કહેલો છે, તેથી પોતાના મુખારવિંદને તેનું જ્ઞાન છે, અને બીજાને નથી એમ સિદ્ધ થયું, એટલે કાંઈપણ અયોગ્યતા નથી.

એ રીતે ભગવાનના સંબંધમાં આ શ્લોકોનો અર્થ કહીને હવે આચાર્યશ્રીના સંબંધમાં પણ (આ) શ્લોકોનો અર્થ કહેવામાં આવે છે. શ્રીમદાચાર્યચરણના અલૌકિક નામો પ્રકટ કરવા, આચાર્યશ્રીનું સ્વરૂપ અને તેમના પ્રાકટ્યનું પ્રયોજન કહેવા, અને પોતાના (સેવકો) સિવાયના ને આચાર્યશ્રીના સ્વરૂપનું અજ્ઞાન જ હોવાનું કારણ તથા પોતાના (સેવકો) ને આચાર્યશ્રીના સ્વરૂપનું જ્ઞાન હોવાનું કારણ કહેવા (મારા) પિતાશ્રી આચાર્યશ્રીના નામો કહે છે કે 'જેમાં પ્રાકૃત ગુણો નથી......વિગેરે' (પહેલા અર્ધ શ્લોકનો અર્થ) પહેલાંની પેઠે (કરવો). જો કે આચાર્યશ્રીને ઉદ્દેશીને આચાર્યશ્રીના સ્વરૂપનું વર્ણન વેદમાં કરેલું હોવાનું જણાતું નથી, છતાં પણ આચાર્યશ્રી સાક્ષાત્ પુરુષોત્તમના મુખારવિંદના અધિષ્ઠાતા હોવાથી સાક્ષાત્ પુરુષોત્તમના સર્વ ગુણોવાળા છે, અને પુરુષોત્તમનું સાકાર આનંદમય તરીકે વેદમાં વર્ણન કરેલું જ છે એમ જણાવવા 'વેદમાં જેનું નિરૂપણ કરેલું છે તે શુદ્ધ આકૃતિવાળા' એ શબ્દો કહેલા છે. એવી રીતે આચાર્યશ્રીનું પણ વેદમાં નિરૂપણ છે એમ કહીને 'હુ સ્તુતિ કરૂં છું' શબ્દથી તેમની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે. 'તેમની સ્તુતિ કરૂં છું' એવો અર્થ છે.

'તમે જણાવેલા આટલા ગુણવાળા તરીકે આચાર્યશ્રીનું સ્વરૂપ બીજા શાસ્ત્ર જાણનારા પંડિતોએ પણ કોઈ સ્થલે કેમ જણાવેલ નથી?' એવી શંકા

થાય, તેથી બીજા શ્લોકમાં તેનું કારણ કહે છે. (તેનો અર્થ) પહેલાંની પેઠે (કરવો). 'તેમનાં' એટલે આચાર્યશ્રીનાં (માહાત્મ્યનું જ્ઞાન રહેલું નથી).

હવે પછી પોતાને આચાર્યશ્રીના સ્વરૂપનું જ્ઞાન હોવાનું કારણ ત્રીજા શ્લોકમાં કહે છે. (તેનો અર્થ) પહેલાંની પેઠે (કરવો). આ શ્લોકમાં (મારા) પિતાશ્રી આચાર્યશ્રી પુરુષોત્તમના મુખારવિંદ હોવાનું ખાતરીપૂર્વક કહે છે તેનો અભિપ્રાય આ (નીચે પ્રમાણે) છે. ભગવાનની આજ્ઞાથી શ્રીમદ્ભાગવતના ગૂઢ અર્થનું વિવરણ (કર્યું તેના) આરંભમાં આચાર્યશ્રીએ જ પોતા સિવાયનાને શ્રીભાગવતના ગૂઢ અર્થનું જ્ઞાન નથી એમ 'તેના અર્થનું વિવરણ કરવા (બીજો કોઈ સમર્થ નથી) એ શ્લોકમાં કહેલ છે, અને પોતે વાણીના પતિ તથા વૈશ્વાનર છે એમ કહી (પોતે) સાક્ષાત્ પુરુષોત્તમના મુખારવિંદના અધિષ્ઠાતા હોવાનું જણાવેલ છે. તેનું કારણ એ છે કે શ્રીભાગવતના બાર અંગ (સ્કંધ) હોવાથી તે પુરુષોત્તમસ્વરૂપ છે, અને પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન પુરુષોત્તમને જ છે, બીજાને નથી. તેથી જ અર્જુને ગીતામાં કહેલું છે કે :—'હે ભગવન્! આપની વ્યક્તિને દેવો કે દાનવો જાણતા નથી. હે પુરુષોત્તમ! આપ પોતે જ પોતાથી પોતાને જાણો છો. (૧૦–૧૪, ૧૫). તેથી આચાર્યશ્રી પુરુષોત્તમનાં સ્વરૂપનું નિરૂપણ કરનાર હોવાથી, (તે) નિરૂપણ વાણીરૂપ હોવાથી, આચાર્યશ્રી શ્રીભાગવતનો અર્થ જણાવનાર હોવાથી પણ વાણીરૂપ હોવાથી, અને વાણી મુખમાં જ રહેલી હોવાથી, આચાર્યશ્રી મુખરૂપ જ છે એમ જણાવવા, 'ખરેખર! પોતાનાં મુખનો પ્રાદુર્ભાવ કર્યો' એમ કહેલું છે. ૩.

अतःपरं स्वास्यरूपेणाविर्भूय प्रकटितसुबोधिन्यादिस्वसिद्धान्तग्रन्थानां गूढार्थत्वेन स्वीयानामपि सम्यक् तदर्थावबोधनाभावादकृतार्थतैव भवेदिति यथा स्वीयानां तदुक्तार्थावबोधेन कृतार्थता भवेत्तदर्थं तदुक्तर्थावबोधप्रकारज्ञापनाय माहात्म्यज्ञापनाय चासाधारणं साधनमाहुः **तदुक्तमपीति** ॥

ननु भवद्भिः स्वस्य साक्षाद्भक्तिमार्गीयमाहात्म्यज्ञाने भगवदास्यप्राकट्यहेतुरुक्तस्तेन भवतां तन्माहात्म्यज्ञानसम्पत्तिः सर्वापि सिद्धैवेति पुनस्तन्नामाष्टोत्तरशतप्राकट्ये को हेतुरिति तत्प्राकट्यप्रयोजनमाहुः **तदुक्तमपीति** ॥

મુખરૂપે પ્રકટ થઈને પ્રકટ કરેલા સુબોધિની વિગેરે પોતાનાં સિદ્ધાંતના ગ્રંથો ગૂઢ અર્થવાળા હોવાથી પોતાના (સેવકો)ને પણ તેમનો અર્થ સારી રીતે જણાતો નહિ હોવાથી, તેઓ પણ અકૃતાર્થ જ રહે, તેથી પોતાના (સેવકો) જે પ્રકારે તેમનો અર્થ જાણીને કૃતાર્થ થાય તેવા પ્રયોજનથી તેમાં જણાવેલ અર્થનું જ્ઞાન થાય તેવો પ્રકાર જણાવવાનું અને માહાત્મ્ય જણાવવાનું હવે અસાધારણ સાધન કહે છે.

'તમે પોતાના (સેવકો) ને સાક્ષાત્ ભક્તિમાર્ગના માહાત્મ્યનું જ્ઞાન થવાનું કારણ ભગવાનના મુખારવિંદનું પ્રાકટ્ય કહેલું છે, (એટલે) તેમનાથી તમારા (સેવકો) ને તે માહાત્મ્યનું જ્ઞાન બધુંએ પ્રાપ્ત થયું જ. તેથી વળી તેમનાં એકસો આઠ નામો પ્રકટ કરવાનું શું પ્રયોજન છે?' એવી શંકા થાય, તેથી આ શ્લોકમાં તે પ્રકટ કરવાનું પ્રયોજન કહે છેઃ—

**तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद्यथा तथा ।**
**तन्नामाष्टोत्तरशतं प्रवक्ष्याम्यखिलाघहृत् ॥ ४ ॥**

यद्यप्यस्माकं तदर्थं प्रकटितमुखारविन्दरूपाचार्यानुग्रहवशात् तदुक्तसुबोधिन्यादिपूर्णार्थावबोधोजनि तथाप्याधुनिकानां तदीयानां जीवत्वेनाल्पबुद्धिमत्त्वात् सुबोधिन्यादीनां तात्पर्यानवगमादकृतार्थतैव सम्पद्येतेति यथा तेषामपि तत्तात्पर्यावबोधो भवेत् तदर्थमुपायान्तराभावात्तथा तेषामेवाचार्याणामे**वाष्टोत्तरशत**सङ्ख्याकानि **नामानि प्रवक्ष्यामि** प्रकर्षेण कथयामीत्यर्थः । यद्यपि **तन्नामाष्टोत्तरशतं वक्ष्यामीत्ये**तावतैव चारितार्थ्येपि यत् **प्र**शब्दोपादानं तदेतन्नाम्नां नित्यत्वेन पूर्वसिद्धानामेवाष्टोत्तरशतनाम्नां प्राकट्यकरणं **प्र**शब्देन द्योत्यते, यत एतन्नामाष्टोत्तरशतं पूर्वोक्तधर्मविशिष्टमत एव तदुक्तार्थावबोधप्रतिबन्धनाशकमित्याहुः **अखिलाघहृदि**ति । यद्यपि लोके अघशब्दस्य पापवाचकत्वं प्रसिद्धं तदाचार्यप्रकटितभक्तिमार्गानुवर्तिनां तत्सम्भावनापि दूरतरेत्यत्राघशब्देन सुबोधिन्याद्यर्थावबोधप्रतिबन्धस्यैवाघरूपत्वात्तन्नाशकत्वमेतन्नाम्नामष्टोत्तरशतस्यैवेतिज्ञापनार्थमुक्तम**खिलाघहृ**दिति ॥ ४ ॥

તેમનાં વચન જાણવા કઠણ હોવા છતાં પણ જેમ સ્હેલાઇથી જાણી શકાય તે પ્રકારે સર્વ પ્રતિબંધ હરનારાં તેઓશ્રીનાં એકસો આઠ નામો સ્પષ્ટ કહું છું. ૪.

જો કે અમારા (સેવકો) ને તે પ્રયોજનથી પ્રકટ કરેલ મુખારવિંદરૂપ આચાર્યશ્રીની કૃપાથી તેમનાં સુબોધિની વિગેરેનાં વચનના પૂરેપૂરા અર્થનું જ્ઞાન થયું, છતાં પણ હાલના તેમના (સેવકો) જીવપણાને લીધે થોડી બુદ્ધિવાળા હોવાથી સુબોધિની વિગેરેનું તાત્પર્ય જાણતા નહિ હોવાથી અકૃતાર્થ જ રહે, તેથી તેઓને પણ જે પ્રકારે તેમનાં તાત્પર્યનું જ્ઞાન થાય, તે માટે બીજો ઉપાય નહિ હોવાથી તે જ આચાર્યશ્રીનાં એકસો અને આઠ સંખ્યામાં નામો સ્પષ્ટ કહું છું, એવો અર્થ છે. જો કે તેઓશ્રીનાં એકસો આઠ નામો કહીશ'

એટલું કહેવાથીજ કાર્ય પતે તેમ છે, છતાં પણ જે 'प्र' સ્પષ્ટ મૂક્યો તે એમ જણાવે છે કે આ એકસો આઠ પહેલાં કહેલા ગુણવાળા છે અને તેથી જ તેમના વચનનો અર્થ જાણવામાં જે વિઘ્નો હોય તેનો નાશ કરનારાં છે. એમ 'સર્વ પ્રતિબંધ હરનારાં' વિશેષણથી કહેલું છે. જો કે લોકમાં 'અઘ' શબ્દનો અર્થ 'પાપ' પ્રસિદ્ધ છે, (પરંતુ) આચાર્યશ્રીએ પ્રકટ કરેલ ભક્તિમાર્ગના સેવકોને તેનો સંભવ પણ જરાએ નહિ હોવાથી, અહિં 'અઘ' શબ્દથી સુબોધિની વિગેરેનો અર્થ જાણવામાં પ્રતિબંધ હોય તે જ અઘરૂપ હોવાથી આ એકસો આઠ નામો જ તેનો નાશ કરનારાં જ છે, એમ જણાવવા 'સર્વ પ્રતિબંધ હરનારાં' એમ કહેલું છે. ૪.

एवमाचार्यस्वरूपस्य तन्नाम्नां चानन्दमयत्वादलौकिकत्वमुपपाद्य सर्वत्र नामप्राकट्ये छन्दऋषिदेवतानियमस्यावश्यकत्वादाचार्यनाम्नामानन्दमयत्वेनालौकिकत्वात्तद्द्रष्टा ऋषिरप्यलौकिक एवापेक्षित इति ऋषिस्वरूपं निरूपयन्ति **ऋषिरग्निकुमारस्त्व**ति ॥

એ પ્રમાણે આચાર્યશ્રીનું સ્વરૂપ અને તેમનાં નામો અલૌકિક છે એમ સિદ્ધ કરીને, નામ પ્રકટ કરતાં સર્વ સ્થલે છંદ ઋષિ દેવતા હોવાનો નિયમ જરૂરી હોવાથી, આચાર્યશ્રીનાં નામો આનંદમય હોઈ અલૌકિક હોવાથી, તેના દ્રષ્ટા ઋષિ પણ અલૌકિક જોઈએ, તેથી નીચેના શ્લોકમાં ઋષિનું સ્વરૂપ કહે છે :—

**ऋषिरग्निकुमारस्तु नाम्नां छन्दो जगत्यसौ ।**
**श्रीकृष्णास्यं देवता च बीजं कारुणिकः प्रभुः ॥ ५ ॥**

ननु सहस्रनामादिवत्तद्द्रष्टृणामपि ऋषित्वादेतदष्टोत्तरशतनामद्रष्टुरपि तत्तुल्यत्वमस्त्वित्याशङ्कानिरासायात्र **तुशब्दः**, तेनैतन्नामद्रष्टुर्ऋष्यन्तरापेक्षयालौकिकत्वं ज्ञाप्यते, अन्येषामृषीणामृषिगणनायां प्रसिद्धत्वात् तद्दृष्टमन्त्रसहस्रनामादीनामपि वेदपुराणप्रसिद्धत्वेनापूर्वद्रष्टृत्वाभावान्नालौकिकमृषित्वं, प्रकृते त्वाचार्याष्टोत्तरशतनाम्नां वेदपुराणेष्वप्रसिद्धत्वेन सर्वाज्ञातत्वात् तज्ज्ञाता **ऋषि**रप्यन्येभ्यः सर्वेभ्यो विशिष्यत इत्येतदर्थे**ऽग्निकुमार**त्वमुक्तं । अत्रायमाशयः, यथा एतदन्यर्षीणां वेदपुराणोक्तमन्त्रनामद्रष्टृत्वात् शुद्धमर्यादामार्गीयत्वं तथात्राप्यृषित्वेऽप्यग्निकुमारत्वकथनाच्छुद्धपुष्टिमार्गीयत्वमुक्तं, तेन यथा व्रतवरदानप्रस्तावनिरूपणे सर्ववेदपुराणाप्रसिद्धत्वेन सर्वाज्ञातो मन्त्रः "कात्यायनि महामाये महायोगिन्यधीश्वरि । नन्दगोपसुतं देवि पतिं मे कुरु ते नमः" इति तत्प्रतिपाद्यदेवतासहितस्तैरेव दृष्टो नान्यैस्तथै-

वैतान्याचार्यनामानि वेदपुराणप्रसिद्धत्वेनान्याज्ञातान्येभिरेव प्रकटीकृतानीत्येतन्नामप्रकटन एतेषामेवर्षित्वमितिज्ञापनायाग्निकुमारत्वोक्तिः। यथाग्निकुमारैकप्रकटितमन्त्रकृतपूजायाः क्रमेणावान्तरफलपरमफलप्राप्तिरभूत्तथैवैतत्प्रकटितनामपाठात् क्रमेणैतन्मार्गोक्तावान्तरफलपरमफलप्राप्तिः सम्पत्स्यत इति ज्ञापितं भवति, अथवा स्वस्मिन्नग्निकुमारत्वसूचितमर्थं गोपयितुमाचार्याणामग्नित्वप्रसिद्ध्या स्वस्य तदात्मजत्वेनाग्निकुमारत्वमुक्तमित्यर्थः। ऋषिं निरूप्यातःपरं छन्दोनिरूपणमाहुः **नाम्नां छन्द** इति, नाम्नां सहस्रनामाष्टोत्तरशतनाम्नां जगति यत् प्रसिद्धं छन्दस्तदत्रापि सर्वोत्तमस्तोत्रे छन्द इत्यर्थः। छन्दो निरूप्यातःपरं देवतानिरूपणमाहुः **असौ श्रीकृष्णास्यं देवता** चेति, अत्र **श्रीकृष्ण**पदोक्त्या भक्तसाहित्यकथनेन तल्लीलारसाविष्टत्वमुक्तं, तदास्यकथनेनैतन्मार्गीयालौकिकाधिदैविकानन्दमयाग्निस्वरूपत्वमुक्तं, तस्य **देवता**त्वकथनेनैतत्स्तोत्राधिष्ठातृत्वमेतत्स्तोत्रोक्तफलदातृत्वं च ज्ञापितं, केवलं फलदातृत्वमेव न किन्तु स्वस्याप्येतत्फलभोक्तृत्वमप्यस्तीत्येतदुभयसमुच्चयार्थं चकारः। ननु ब्रह्मादिदुर्लभस्य मर्यादामार्गीयश्रुत्यगम्यस्य फलस्य स्वकीयेष्वेव दाने किं बीजमित्याकाङ्क्षायामाहुः **बीजं कारुणिक** इति, स्वीयेषु निरुपध्यसाधारणकरुणावत्त्वज्ञापनार्थमुक्तं **कारुणिक** इति, यदीतरभगवन्मार्गाचार्यवत् स्वीयानामपि मुक्तिमेव दद्यात् तदा स्वप्रकटितपुष्टिमार्गफलानधिकारित्वेन शुद्धपुष्टिमार्गीयत्वं न स्यात्, अतः स्वीयान् सर्वतः पृथक्कृत्य स्वप्रकटितशुद्धपुष्टिमार्गीयफलदानेन सर्वोत्कर्षसिद्धौ करुणावत्त्वमेव बीजमितिज्ञापनायोक्तं **कारुणिक** इति। ननु पूर्वोक्तकरुणावत्त्वेप्येतत्फलस्य सर्ववेद्यत्वेन भगवताप्यत्यन्तरङ्गभक्तेष्वेव प्रकटितस्य दाने कथं सामर्थ्यमितिचेत्तत्राहुः **प्रभुरिति**। प्रभुत्वेनात्यसाधारणसामर्थ्यात्तादृशफलस्यापि दाने सामर्थ्यज्ञापनार्थमुक्तं **प्रभुरिति** ॥ ५ ॥

નામોના ઋષિ તો અગ્નિકુમાર છે, જગતમાં પ્રસિદ્ધ છંદ છે, શ્રીકૃષ્ણનું મુખ દેવતા છે અને દયાળુ પ્રભુ બીજ છે. ૫.

'સહસ્રનામ વિગેરેના દ્રષ્ટા પણ ઋષિ હોવાથી આ એકસો આઠ નામના દ્રષ્ટા પણ તેમની સમાન હશે' એવી શંકા દૂર કરવા અહિં 'તો' શબ્દ યોજેલ છે. તેથી બીજા ઋષિઓ કરતાં આ નામના દ્રષ્ટા અલૌકિક હોવાનું જણાવેલ છે. બીજા ઋષિઓ ઋષિઓની ગણનામાં પ્રસિદ્ધ હોવાથી, અને તેમણે જોએલ (પ્રાપ્ત કરેલ) સહસ્રનામ વિગેરે મંત્રો પણ વેદ તથા પુરાણમાં હોવાથી નવા જોએલ નહિ

હોવાથી, તે ઋષિઓ અલૌકિક નથી. ચાલુ વિષયમાં તો આચાર્યશ્રીના એકસો આઠ નામો વેદ તથા પુરાણમાં પ્રસિદ્ધ નહિ હોવાથી કોઈએ જાણેલા ન હોવાથી, આને જાણનાર ઋષિ બીજા બધા ઋષિઓથી ઉત્તમ છે, તેથી આ ઋષિને અગ્નિકુમાર કહેલા છે. તેનો અભિપ્રાય એવો છે કે જેમ આ સિવાયના ઋષિઓ વેદ અને પુરાણમાં કહેલા નામોના દ્રષ્ટા હોવાથી શુદ્ધ મર્યાદામાર્ગના છે તેમ અહિં પણ ઋષિ હોવા છતાં અગ્નિકુમાર કહ્યા તેથી શુદ્ધપુષ્ટિમાર્ગના હોવાનું કહેલ છે. તેથી જેમ વ્રતનું વરદાન કરવાનો આરંભ કહેતાં 'હે મોટા ભાગ્યવાળી કાત્યાયનિ...' એ સર્વ વેદ તથા પુરાણમાં અપ્રસિદ્ધ હોવાથી સર્વે (કોઈએ) નહિ જાણેલો મંત્ર તેમાં જણાવેલ દેવતા સહિત તેમણે જ જાણ્યો અને બીજાઓએ જાણ્યો ન હતો, તેમ આ પણ આચાર્યશ્રીનાં નામો વેદ અને પુરાણમાં અપ્રસિદ્ધ હોવાથી બીજાઓએ જાણેલાં નહિ અને આમણે જ પ્રકટ કર્યાં, તેથી આ નામો પ્રકટ કરવામાં આ જ ઋષિ છે એમ જણાવવા, આમને 'અગ્નિકુમાર' કહેલા છે. જેમ અગ્નિકુમારે જ પ્રકટ કરેલા મંત્રથી કરેલી પૂજા ક્રમે ક્રમે વચેનું ફલ અને ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવનારી થઈ, તેમ આમણે પ્રકટ કરેલા નામોના પાઠથી ક્રમે ક્રમે આ માર્ગનાં કહેલાં વચેનાં અને ઉત્તમ ફલ પ્રાપ્ત થશે એમ જણાવેલું છે. અથવા પોતાની અંદર અગ્નિકુમારપણાંથી સૂચવેલો અર્થ છૂપો રાખવા, આચાર્યશ્રી અગ્નિ તરીકે પ્રસિદ્ધ હોવાથી, (અને પોતે) તેમના પુત્ર હોવાથી, (પોતે) અગ્નિકુમાર હોવાનું કહેલું છે, એવો અર્થ છે.

ઋષિ જણાવીને હવે 'નામોનો (જગતમાં પ્રસિદ્ધ) છંદ છે' શબ્દોથી છંદ કહે છે. નામોનો એટલે એક હજાર નામો, એકસો આઠ નામોનો જે છંદ જગતમાં પ્રસિદ્ધ છે તે અહિં સર્વોત્તમસ્તોત્રનો પણ છંદ છે, એવો અર્થ છે. છંદ કહીને હવે 'શ્રીકૃષ્ણનું મુખ દેવતા છે' શબ્દોથી દેવતા કહે છે. અહિં શ્રીકૃષ્ણ શબ્દ કહ્યો તેથી ભક્તો સાથે હોવાનું કહેલું હોવાથી, લીલાના રસના આવેશવાળા (શ્રીકૃષ્ણ) કહેલા છે. તેમનું મુખ કહ્યું, તેથી આ માર્ગના અલૌકિક આધિદૈવિક આનંદમય અગ્નિરૂપ કહેલા છે. તેમને દેવતા કહ્યા, એટલે આ સ્તોત્રના અધિષ્ઠાતા અને આ સ્તોત્રનું જે ફલ કહેલું છે તે આપનારા જણાવ્યા છે. માત્ર ફલ આપનારા જ નહિ, પરંતુ પોતે પણ આ ફલના ભોક્તા પણ છે. તેથી એ બંનેનો સમુચ્ચય (સરવાળો) થાય તે માટે 'અને' શબ્દ યોજેલો છે.

'બ્રહ્મા વિગેરેને પણ દુર્લભ, મર્યાદામાર્ગીય શ્રુતિથી પણ પ્રાપ્ત ન થાય તેવું ફલ પોતાના સેવકોને જ આપવાનું શું બીજ (કારણ)?' એવી શંકા થાય, તેથી 'દયાળુ (પ્રભુ) બીજ છે' શબ્દો યોજેલા છે. જો બીજા ભગવન્માર્ગના આચાર્યો પેઠ પોતાના (સેવકો)ને પણ મુક્તિ જ આપે, તો પોતે પ્રકટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગના ફલના તેઓ અધિકારી ન રહેવાથી, શુદ્ધ પુષ્ટિમાર્ગના ન ગણાય. પોતાના બધા (સેવકો)ને સર્વથી છૂટા પાડીને પોતે પ્રકટ કરેલ પુષ્ટિમાર્ગનું ફલ આપ-

ચાથી તેમને સર્વથી ઉત્તમ ( ફલ ) પ્રાપ્ત કરાવવાનું કારણ દયાળુપણું જ છે, એમ જણાવવા 'દયાળુ' ( પ્રભુ ) બીજ છે' એમ કહેલું છે.

'પહેલાં કહ્યું તેમ દયાળુ હોય તો પણ સર્વથી અજ્ઞાત અને ભગવાને પણ પોતાના અંતરંગ ભક્તોમાં જ પ્રકટ કરેલ આ ફલ આપવાનું સામર્થ્ય કેવી રીતે હોય?' એવી શંકા થાય, તેથી 'પ્રભુ' શબ્દ યોજેલ છે. પ્રભુ હોવાથી ઘણું અસાધારણ સામર્થ્ય છે, એટલે તેવા ફલનું પણ દાન કરવાનું સામર્થ્ય છે, એમ જણાવવા 'પ્રભુ' શબ્દ યોજેલો છે. ૫.

एवं बीजत्वमुपपाद्यैतत्स्तोत्रपाठस्य कुत्र विनियोग इत्याकाङ्क्षायामाहुः **विनियोग** इति ॥

એ પ્રમાણે બીજ કહીને, 'આ સ્તોત્રના પાઠનો ઉપયોગ શું?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી કહે છે કે :—

**विनियोगो भक्तियोगप्रतिबन्धविनाशने ।**
**कृष्णाधरामृतास्वादसिद्धिरत्र न संशयः ॥ ६ ॥**

**भक्तियोगे** यः कश्चन **प्रतिबन्धः** दृष्टादृष्टरूपस्तस्य **विनाशने** विशेषेण नाशने मूलोच्छेद एतत्स्तोत्रस्य **विनियोगः** प्रयोजनमित्यर्थः । अत्र भक्तौ केवलभक्तिपदं विहाय **योग**पदोपादानाद्भक्तेरनेकविधत्वेन "भक्तियोगो बहुविध" इत्यत्र भक्तेरनेकविधफलसाधकत्वेन निरूपणात् प्रकृते योगपदोपादानं, भगवता सह **योगः** साक्षात्सम्बन्धः तत्र **प्रतिबन्धविनाशने**ऽस्योपयोग इत्यर्थः । एवं विनियोगमुक्त्वैतत्साध्यं फलमाहुः **कृष्णाधरामृतास्वाद** इति, यद्यपि प्रसिद्धार्थस्यातिदुर्लभत्वेन सर्वत्रदेयासम्भवस्तथाप्यत्र **आस्वाद**पदोपादानात् **आङ** ईषदर्थत्वमेवाभिप्रेतं, तेन यथा गवादीनां वेणुनादश्रवणद्वारेषदनुभवकर्तृत्वं तथैतत्स्तोत्रपाठकर्तृणामपि यथाधिकारं मुख्याधिकारीतरव्रजवासिवद**त्रा**स्मिन् स्तोत्रे **सिद्धिः** फलसिद्धिरित्यर्थः । फलसिद्धेरेवावश्यकत्वज्ञापनार्थमाहुः **न संशय** इति ॥ ६ ॥

આનું પ્રયોજન ભક્તિયોગમાં થતા પ્રતિબંધોનો વિનાશ કરવાનું છે. ( આથી ) શ્રીકૃષ્ણના અધરામૃતના આસ્વાદની પ્રાપ્તિ થાય છે. ( તેમાં ) સંશય નથી. ૬.

ભક્તિયોગમાં જે કાંઈ જણાય અથવા ન જણાય તેવા પ્રકારનો પ્રતિબંધ હોય તેનો વિનાશ એટલે સંપૂર્ણ નાશ, મૂલથી ઉચ્છેદ, એ આ સ્તોત્રનું विनियोगः પ્રયોજન છે, એવો અર્થ છે. અહિં ભક્તિના ( સંબંધ ) માં માત્ર 'ભક્તિ' શબ્દ ન મૂકતાં 'યોગ' શબ્દ યોજ્યો, તે ભક્તિ અનેક પ્રકારની હોવાથી, 'ભક્તિયોગ ઘણા

પ્રકારનો છે' એ વાક્યથી ભક્તિને અનેક ફલ પ્રાપ્ત કરાવનારી કહેલી હોવાથી, ચાલુ પ્રસંગમાં 'યોગ' શબ્દ યોજેલો છે. ભગવાન સાથે 'યોગ' એટલે સાક્ષાત્ સંબંધ, તેમાં પ્રતિબંધ હોય તેનો વિનાશ કરવો એ આનો ઉપયોગ છે, એવો અર્થ છે.

એ પ્રમાણે પ્રયોજન કહીને, 'શ્રીકૃષ્ણના અધરામૃતના આસ્વાદ (ની પ્રાપ્તિ)' શબ્દથી આથી પ્રાપ્ત કરવાનું ફલ કહે છે. જો કે પ્રસિદ્ધ ફલ ઘણું દુર્લભ હોવાથી સર્વત્ર આપવા યોગ્ય હોવાનું સંભવતું નથી, છતાં પણ અહિં 'આસ્વાદ' શબ્દ યોજેલ છે, તેમાં 'આ' એટલે 'ઓછું' એવો જ આશય છે. તેથી જેમ નંદ વિગેરેને વેણુનાદના શ્રવણથી થોડો અનુભવ થયો, તેમ આ સ્તોત્રનો પાઠ કરનારાઓને પણ (પોતાના) અધિકાર પ્રમાણે મુખ્ય અધિકારી સિવાયના બીજા વ્રજવાસીઓની પેઠે અત્ર આ સ્તોત્રથી (ઓછું) ફલ પ્રાપ્ત થાય છે. ફલ અવશ્ય પ્રાપ્ત થવાનું એમ જણાવવા 'સંશય નથી' શબ્દો યોજેલા છે. ૬.

एवं फलपर्यंतं निरूप्यातःपरं नामनिरूपणप्रस्तावे तद्धेतुकस्वरूपस्मरणे जाते तज्जनितानन्दभरेण स्वरूपे केवलानन्दत्वस्फूर्त्या प्रथमत आनन्दत्वेनैव नामनिरूपणमाहुः **आनन्द** इति ॥

એ પ્રમાણે (સ્તોત્રનાં) ફલ સુધી જણાવી, હવે નામો જણાવવાના આરંભમાં તેના કારણરૂપ સ્વરૂપનું સ્મરણ થતાં, તેનાથી ઉત્પન્ન થએલા આનંદના ભારથી સ્વરૂપમાં માત્ર આનંદ જણાતાં, પહેલાં આનંદરૂપથી જ નામનું નિરૂપણ કરતાં કહે છે કે :—

**आनन्दः परमानन्दः श्रीकृष्णास्यं कृपानिधिः ।**
**दैवोद्धारप्रयत्नात्मा स्मृतिमात्रार्तिनाशनः ॥ ७ ॥**

यद्यपि मनस्यत्यानन्दभरवशात् पुरुषोत्तमाक्षरानन्दयोस्तारतम्यास्फूर्त्या केवल**मानन्द** इत्येवोक्तं तथाप्यग्रिमनामविचार आचार्याणां पुरुषोत्तमास्यत्वेनागणितानन्दस्फूर्त्या गणितानन्दत्वमक्षरेपि वर्तत इत्याचार्येषु तदन्यावृत्त्यर्थमाहुः **परमानन्द** इति, **परमः** अगणितः "यतो वाचो निवर्तन्त" इतिश्रुतिप्रतिपाद्यो यः पुरुषोत्त**मानन्द**स्तद्रूप इत्यर्थः । ननु पूर्णस्य लोके प्रकटस्य पुरुषोत्तमत्वे किं प्रमाणमितिचेत्तत्राहुः **श्रीकृष्णास्य**मिति, **श्रीकृष्ण**पदेन शुद्धभक्तिमार्गीयरसात्मकत्वेन तदास्यस्यापि तथात्वं युक्तमेवेति नाशङ्कनीयङ्किञ्चित् । ननु तदास्यत्वेपि यथाऽलौकिके व्रजे प्रकटस्तथा तदास्यस्यालौकिक एव प्राकट्यमुचितं ननु

लौकिकेष्वित्याशङ्कानिरासायाहुः **कृपानिधिरिति, कृपायाः निधिः** निधानं निरुपध्यलौकिककृपाश्रय इत्यर्थः, कृपाविषयाणां लौकिकेष्वेव प्राकट्यात् स्वस्यान्यत्र प्राकट्य एतेषु कृपाविषयत्वासम्भवात् कृपानिधित्वमेव न स्यादिति लौकिकेषु प्राकट्यहेतुत्वज्ञापनार्थमुक्तं **कृपानिधिरिति,** तथापि कृपानिधित्वेपि स्वाङ्गीकृतेषु स्वप्रकटितभक्तिमार्गीयसाक्षाद्भगवत्सम्बन्धरूपफलदानं कथं सम्भवतीत्याशङ्कानिरासाय **निधि**पदोपादानं, तस्यायमाशयः, यथा समुद्रस्य जलनिधित्वेनागाधजलत्वमुच्यते तेन यथागाधे पतितं पात्रं महदल्पं वा पूर्णमेव भवति तथाचार्यप्रकटितभक्तिमार्गाङ्गीकृतानां यथाधिकारं भजनानुभवो भवत्येवेतिज्ञापनाय **निधि**पदमुक्तं। ननु ते के कृपाविषया यदर्थमलौकिकेषु प्राकट्यमकृत्वा यल्लौकिकेषु प्राकट्यं कृतवांस्तदर्थं कृपाविषयानाहुः **दैवोद्धारेति, दैवा** भगवदुक्तदैवसृष्टौ प्रादुर्भूता ये जीवास्तेषामु**द्धारे** यः **प्रयत्नस्तस्मिन्नात्मा**न्तःकरणं यस्य सः। ननु दैवसृष्ट्युत्पन्नानां मुक्तिफलसिद्ध्यर्थं वेदपुराणोक्तसाधनानि सिद्धान्येव सन्तीति किमाचार्यप्राकट्येनेतिचेत्, सत्यं, भगवता पुष्टिमर्यादामार्गभेदेन जीवानामङ्गीकारान्मर्यादामार्गफलसाधकत्वेन पूर्वोक्तसाधनानां मर्यादामार्गीयफलसाधकत्वमस्तु नाम शुद्धपुष्टिमार्गीयाणां मुक्तिफलातिरिक्तसाक्षाद्भगवत्सम्बन्धस्यैव फलत्वात् तत्साधनानामन्यत्राप्रसिद्धत्वेन शुद्धपुष्टिमार्गैकगम्यत्वेन तदितराज्ञानादेतन्मार्गीयाणामनुद्धार एव भवेदित्येतन्मार्गप्रकटनं निरर्थकमेव भवेदत एतन्मार्गीयाणां यथैतन्मार्गफलसिद्ध्योद्धारो भवेत्तदर्थमेवाचार्याणां प्राकट्यमितिज्ञापनायोक्तं **दैवोद्धारप्रयत्नात्मे**ति, दैवाः पुष्टिमार्गीयदैवजीवा इत्यर्थः, शुद्धपुष्टिमार्गाङ्गीकृतजीवानामेतन्मार्गाङ्गीकारबलस्वभावात्तदितरमार्गीये फले फलत्वाभावस्फूर्त्या स्वमार्गीयफलसाधनयोः स्वतोज्ञानात् स्वोद्धारविषयिण्यार्तिः सदा तिष्ठेदेव, यदाचार्यैः प्रकटीभूय शुद्धपुष्टिमार्गप्राकट्यं कृतं स्वीयेषु तदाचार्यचरणारविन्दस्मरणमात्रेणैव स्वमार्गीयफलनिश्चयज्ञानात् तत्पूर्वं स्वस्मिन् स्वमार्गीयफलनिश्चयाज्ञानजनितस्वाकृतार्थतार्तिः सर्वापि समूला गतेत्येतज्ज्ञापनार्थमुक्तं **स्मृतिमात्रार्तिनाशन** इति, अथवा स्वकीयेषु स्वमार्गीयासाधारणार्तिनाशकत्वमुक्त्वा साधारणेष्वप्येतच्चरणारविन्दस्मरणस्य तत्तन्मनोनिष्ठार्तिनाशकत्वसामर्थ्यमप्यस्तीतिज्ञापनायोक्तं **स्मृतिमात्रार्तिनाशन** इति ॥ ७ ॥

(૧) આનંદ, (૨) પરમાનંદ, (૩) શ્રીકૃષ્ણાસ્ય, (૪) કૃપાનિધિ, (૫) દૈવોદ્ધારપ્રયત્નાત્મા, (૬) સ્મૃતિમાત્રાર્તિનાશન. ૭.

(૧) આનંદ.

(૨) પરમાનંદ. જો કે મનમાં આનંદનો ઘણો ભાર થવાથી પુરુષોત્તમના આનંદનો અને અક્ષરના આનંદનો ભેદ ન સ્ફૂરવાથી માત્ર 'આનંદ' એવું જ (નામ) કહ્યું, છતાં પણ પછીના નામનો વિચાર કરતાં આચાર્યશ્રી પુરુષોત્તમના મુખ હોવાથી અગણિત આનંદવાળા હોવાનું સ્ફૂરતાં, અને અક્ષરમાં પણ ગણિત (હદ-વાળો, ગણાય તેવો) આનંદ હોવાથી તે પણ 'આનંદ' હોવાથી, આચાર્યશ્રીમાં તેવો આનંદ નથી એમ જણાવવા 'પરમાનંદ' એમ કહ્યું. 'પરમ' એટલે અગણિત, 'જ્યાંથી વાણી (મન સાથે) પાછી ફરે છે' એ શ્રુતિમાં જણાવેલો જે પુરુષોત્તમનો 'આનંદ' તે છે સ્વરૂપ જેમનું, એવો અર્થ છે.

(૩) 'લોકમાં પૂર્ણ પ્રકટ થએલ (આચાર્યશ્રી) પુરુષોત્તમ હોવાનું શું પ્રમાણ?' એવી શંકા થાય, તેથી 'શ્રીકૃષ્ણાસ્ય' નામ કહ્યું છે, 'શ્રીકૃષ્ણ' શબ્દથી શુદ્ધ ભક્તિમાર્ગીય રસરૂપ પુરુષોત્તમ જણાવેલ હોવાથી, તેમનું 'આસ્ય' (મુખ) પણ તેવાજ પ્રકારનું હોવાનું યોગ્ય હોવાથી, કાંઈ શંકા કરવી નહિ.

(૪) 'તેમનું મુખ તેમની સમાન હોવાથી, જેમ તે (શ્રીકૃષ્ણ) અલૌકિક વ્રજમાં પ્રકટ થયા, તેવી રીતે તેમના મુખનું પણ અલૌકિકમાં જ પ્રાકટ્ય થવું યોગ્ય, પરંતુ લૌકિક (પુરુષોમાં) યોગ્ય નથી' એવી શંકા થાય, તે દૂર કરવા 'કૃપાનિધિ' (નામ) કહેલું છે. કૃપાના નિધિ એટલે ધામ, અત્યંત અલૌકિક કૃપા જેમનામાં છે તેવા, એવો અર્થ છે. જેમના ઉપર કૃપા કરવાની છે તેઓ લૌકિક (પુરુષો)માં જ પ્રકટ થએલા હોવાથી, (આચાર્યશ્રી) પોતે પણ અહિં પ્રાકટ્ય ન કરે, તો આમના ઉપર કૃપા કરવાનું સંભવતું ન હોવાથી પોતે 'કૃપાનિધિ' જ થાય નહિ, એવું લૌકિક (પુરુષો)માં પ્રકટ થવાનું કારણ જણાવવા 'કૃપાનિધિ' એ (નામ) કહેલું છે. 'છતાં પણ કૃપાનિધિ હોય તો પણ પોતે અંગીકાર કરેલા (જીવો)ને પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગનું સાક્ષાત્ ભગવત્સંબંધરૂપ ફલ આપ-વાનું કેમ સંભવે?' એવી શંકા થાય, તેથી 'નિધિ' શબ્દ યોજેલ છે. તેનો નીચે પ્રમાણે અભિપ્રાય છે. જેમ સમુદ્ર જલનિધિ હોવાથી અગાધ જલવાળો કહેવાય છે, તેથી અગાધ (જલ)માં પડેલું મોટું અથવા નાનું વાસણ (જલથી) ભરાઈજ જાય છે, તેમ આચાર્યશ્રીએ પ્રકટ કરેલ ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોને તેમના અધિકાર પ્રમાણે ફલનો અનુભવ થાય છે જ, એમ જણાવવા 'નિધિ' એમ કહેલ છે.

(૫) 'જેમના ઉપર કૃપા કરવાની છે તે કોણ, કે જેમના માટે અલૌકિક (પુરુષ)માં પ્રાકટ્ય ન કરતાં, લૌકિક (પુરુષો)માં પ્રાકટ્ય કર્યું?' એ જાણવાની

ઇચ્છા થાય, તેથી જેમના ઉપર કૃપા કરવાની છે તેમને 'દૈવોદ્ધાર ( પ્રયત્નાત્મા )' નામથી જણાવે છે. દૈવો એટલે ભગવાને કહેલી દૈવી સૃષ્ટિમાં પ્રકટ થએલા જે જીવો તેઓ; પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલા જીવો, એવો અર્થ છે. તેમનો 'ઉદ્ધાર' કરવાનો જે 'પ્રયત્ન', તેમાં છે 'આત્મા' એટલે અંતઃકરણ જેમનું તે. 'દૈવસૃષ્ટિમાં ઉત્પન્ન થએલાને મુક્તિરૂપ ફલ પ્રાપ્ત થાય તે માટે, વેદપુરાણમાં કહેલાં સાધનો પ્રસિદ્ધ જ હોવાથી, આચાર્યશ્રીનાં પ્રાકટ્યનું શું પ્રયોજન?' એવી શંકા થાય, તો બરાબર. ભગવાને પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગના ભેદથી જીવોનો અંગીકાર કરેલો હોવાથી, મર્યાદામાર્ગનું ફલ પ્રાપ્ત કરાવનારાં પહેલાં ( ઉપર ) કહેલાં સાધનો ભલે મર્યાદામાર્ગનું ફલ પ્રાપ્ત કરાવે; શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગવાળાને મુક્તિફલથી ઉત્તમ સાક્ષાત્ ભગવાનનો સંબંધ જ ફલ હોવાથી ( અને ) તેનાં સાધનો બીજે ( સર્વત્ર ) પ્રસિદ્ધ નહિ હોવાથી માત્ર શુદ્ધ પુષ્ટિમાર્ગથી જ પ્રાપ્ત થાય તેવા હોઈ બીજાને તેનું જ્ઞાન ન હોવાથી, આ માર્ગવાળાઓનો ઉદ્ધાર જ ન થાય, એટલે આ માર્ગ પ્રકટ કરવાનું નિરર્થક થાય. તેથી જેમ આ માર્ગવાળાને ફલ પ્રાપ્ત થતાં ( તેમનો ) ઉદ્ધાર થાય, તે માટે આચાર્યશ્રીનું પ્રાકટ્ય ( થયું છે ), એમ જણાવવા 'દૈવોદ્ધાર-પ્રયત્નાત્મા' એ ( નામ ) કહેલું છે. દૈવો એટલે પુષ્ટિમાર્ગીય જીવો, એવો અર્થ છે. ૭

ननु तत्प्रकटितशुद्धपुष्टिमार्गस्य स्वकीयानां तन्मार्गोक्तफलानुभवात् सर्वतोऽव्यभिचारिप्रामाण्यज्ञानमस्त्येव तथाप्याचार्यस्वरूपाज्ञानवतां पण्डितानामपि कदाचित्तत्प्रवर्तितशुद्धपुष्टिमार्गे तन्मूलाज्ञानादप्रामाण्यशङ्का भवेदिति तत्प्रामाण्यार्थं स्वप्रकटितमार्गस्य समूलत्वज्ञापनार्थं तन्मूलज्ञानप्रकाशकत्वमाहुः **श्रीभागवते**ति॥

તેમણે ( આચાર્યશ્રીએ ) પ્રકટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગ સર્વ પ્રસંગોએ પ્રમાણ છે એવું જ્ઞાન ( તેમના ) પોતાના સેવકોને તેમાં કહેલ ફલનો સર્વ તરફથી અનુભવ થતો હોવાથી છેજ, છતાં પણ આચાર્યશ્રીના સ્વરૂપને ન જાણનાર પંડિતોને પણ ( તેમણે ) પોતે પ્રકટ કરેલા માર્ગનું મૂલ જણાએલ નહિ હોવાથી કોઈ પ્રસંગે તે પ્રમાણ નથી એવી શંકા થાય, તેથી ( આચાર્યશ્રી ) તેના મૂલનું જ્ઞાન પ્રકટ કરનારા છે, એમ કહે છે કેઃ—

**श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः ।**
**साकारब्रह्मवादैकस्थापको वेदपारगः ॥ ८ ॥**

**श्रीभागवत**पदात् तदेवैतन्मार्गे मूलमित्युक्तं । ननु श्रीभागवतमन्यैरपि व्याख्यायत एव यदि तत्राप्ययं मार्गः प्रकटो भवेत्तदान्यैरपि ज्ञायेतैवेतिशङ्कानिरासायाहुः **गूढार्थ** इति । यद्यपि सर्वैरपि श्रीभागवतं व्याख्यायत एव तथापि तत्रत्यो **गूढः** सर्वाज्ञातो योर्थः फलमार्गीयशुद्धपुष्टिमार्गीयफलरूपस्तत्**प्रकाशने**

तत्प्राकट्यकरणे **परायणः** तदेव विचारनिष्ठः, एतेन श्रीभागवतगूढार्थविचारकत्वेन साक्षात्फलमार्गीयपुष्टिमार्गप्रकटनसामर्थ्यमाचार्याणामेव नान्येषामेतन्मार्गाज्ञानादविचारकत्वमितिज्ञापनायोक्तं **श्रीभागवतगूढार्थप्रकाशनपरायण** इति। ननु श्रीभागवते मुक्त्यादेरपि फलत्वनिरूपणात् कथं भवद्विचारितस्यैव फलत्वमितिचेत् सत्यं, श्रीभागवते शुद्धपुष्टिमार्गीयफलस्यैव फलत्वकथनादेतस्यैव फलत्वं नान्यस्येति शुकैरपि श्रीभागवतस्य "निगमकल्पतरो"रितिश्लोके फलनिरूपणे "पिबत भागवतं रसमालयमि"तिपदैः प्रतिपादितं। ननु तथापि कथं तस्यैव फलत्वमायातीतिचेदत्र वदामः, श्रीभागवतस्य शब्दात्मकत्वाच्छ्रवणस्यैव प्राप्तत्वाच्छृणुतेतिपदमनुक्त्वा यद्रसं पिबतेत्युक्तं तेन श्रीभागवते शब्दप्रतिपाद्यः कश्चनासाधारणो रसोस्तीति ज्ञायते, तस्य विचारे क्रियमाणे "तस्यैव हेतोः प्रयतेते"तिश्लोके भक्तावेव पुरुषप्रयत्नस्योक्तत्वाच्छ्रीभागवतप्रतिपाद्यो रसो भक्तिरस एवेति निश्चीयते। तस्य पानमन्तःप्रवेशनं। यथा बहिःस्थितदुग्धादेर्मुखद्वारान्तःप्रवेशनमेव पानं तथा श्रीभागवतप्रतिपाद्यभक्तिरसस्याप्यन्तःप्रवेशनमेव पानं। यद्यपि श्रीभागवते "भक्तियोगो बहुविध"इत्यनेकविधभक्तियोगस्तत्तत्फलसाधको निरूपितोऽस्ति तथापि श्रीभागवते न तस्य मुख्यत्वं मुक्त्यादिफलसाधकत्वात् श्रीभागवतप्रतिपाद्यभक्तिरसस्यालयत्वकथनेनात्र आङ ईषदर्थवाचकत्वेन लयपदस्य मुक्तिवाचकत्वेन मुक्त्यधिकफलसाधकत्वात् शुद्धपुष्टिमार्गीयफलस्यैव फलत्वं नान्यस्येतिप्रमाणपूर्वकप्रतिपादनसामर्थ्यमाचार्याणामेव नान्येषामपीतिज्ञापनायाहुः **श्रीभागवतगूढार्थप्रकाशनपरायण** इति। ननु पुष्टिमार्गीयफलस्य मुक्त्यादेराधिक्यकथनेन स्वरूपानन्दात्मकत्वात्तदनुभवः कथमित्याकाङ्क्षायामनुभवप्रकारहेतुभूतं नामाहुः **साकारे**ति। **साकारं** यद् **ब्रह्म** तस्य **वादः** सोपपत्तिकं कथनमिति यावत् तस्यैव मुख्यत्वेन **स्थापकः** प्रतिपादक इत्यर्थः। **अत्रैक**शब्दो मुख्यवाची, साकारत्वमुक्त्वा यद् ब्रह्मत्वं निरूपितं तद्यथा **ब्रह्म** केवलानन्दमयं तथा तत्करचरणादीनामपि केवलानन्दमयत्वं ज्ञापितं, साकारत्वकथनेन पुष्टिमार्गीयफलस्य सर्वेन्द्रियास्वाद्यत्वं फलानुभवप्रकार इत्युक्तं भवति, अत एव श्रीव्रजसीमन्तिनीभिरपि श्रुतिरूपाभिरनेकश्रुतिसम्मत्या "अक्षण्वतां फलमिद"मितिश्लोके फलानुभवप्रकार उक्तः तेन नानुपपन्नं किञ्चित्। ननु इयदवधि सर्वशास्त्रार्थविचारकैरपि ब्रह्मणः

साकारत्वानिरूपणात् कथमाचार्याणामेव साकारत्वनिरूपकत्वमित्याशङ्क्य तत्रोपपत्तिमाहुः **वेदपारग** इति । अत्रायमाशयः, ब्रह्मणः अलौकिकत्वाच्चक्षुरादीनां लौकिकप्रमाणत्वान्न चक्षुरादिगम्यत्वं ब्रह्मणि सम्भवतीति श्रुतीनामलौकिकप्रमाणत्वेन श्रुतय एव ब्रह्मणि प्रमाणमिति तत्प्रतिपाद्यमेव ब्रह्म, तास्तु "स ईक्षाञ्चक्रे तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् स हैतावानासे"ति साकारमेव निरूपयन्ति, गीतासु च "सर्वतः पाणिपादान्त"मित्यादिना च साकारत्वमेवोच्यते । ननु निराकारवादिभिरपि निराकारप्रतिपादने "अस्थूलमनण्वह्रस्व"मित्याद्याः श्रुतय एव प्रमाणत्वेनाङ्गीक्रियन्त इति कथं न निराकारत्वसिद्धिरितिचेत्, अत्र वदामः, निराकारत्वप्रतिपादिका अपि श्रुतयो ब्रह्मणि देवाद्याकारवत् प्राकृताकारत्वमेव निषेधयन्ति नत्वानन्दमात्रकरपादमुखोदरादित्वं, यदि सर्वथानिराकारत्वमेव श्रुत्यभिप्रेतं स्यात्तदा निराकारत्वमुक्त्वाप्यग्रे "स ईक्षाञ्चक्रे"इत्यादिनाकारं नैव प्रतिपादयेयुः, अत एव व्याससूत्रमपि "प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूय" इति, अस्यार्थः, प्राकृतं यदेतावत्त्वं साकारत्वं तन्निषेधति निराकारश्रुतिः नत्वानन्दैकाकारत्वं, तत्र हेतुः "ततो ब्रवीति च भूय" इति, ततोऽग्रे भूयः पुनरपि "स ईक्षाञ्चक्रे" इत्यादिना साकारत्वमेव वदतीति, निराकारवादिनां यत्किञ्चिच्छ्रुतिज्ञानवत्त्वेपि सर्वशाखीयोपनिषज्ज्ञानाभावात् तासु च प्रकारभेदेन ब्रह्मनिरूपणात्तत्र परस्परविरोधपरिहारपूर्वकं विषयव्यवस्थया यत् सिध्यति तादृशं ब्रह्मेति मन्तव्यं, निराकारवादिनां सर्वशाखीयोपनिषत्तात्पर्यज्ञानाभावात् स्वबुद्ध्यनुसारेण यत्किञ्चिच्छ्रुतितात्पर्यं स्वसिद्धान्तानुसारेण कल्पयित्वा निराकारं वदन्तीति न तदुक्तं प्रमाणमाचार्यैस्तु सर्वशाखीयोपनिषत्तात्पर्यस्य विरोधपरिहारेणावगमात् तत्र च साकारस्यैव निरूपणात् तत्सर्वमवगम्यैव साकारत्वमुक्तमित्यत आहुः **वेदपारग इति** ॥ ८ ॥

(૭) શ્રીભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણ (૮) સાકારબ્રહ્મવાદૈકસ્થાપક (૯) વેદપારગ.

(૭) 'શ્રીભાગવત' શબ્દ યોજેલ હોવાથી એમ કહેલું છે કે તેજ આ માર્ગમાં મૂલ છે. 'શ્રીભાગવતનું બીજાઓએ પણ વ્યાખ્યાન કરેલું છેજ. જો આ માર્ગ તેમાં પ્રકટ હોત તો બીજાઓ પણ તે જાણતા હોયજ' એવી શંકા દૂર કરવા, 'ગૂઢાર્થ' એમ કહેલું છે. જો કે બધાઓએ શ્રીભાગવતનું વ્યાખ્યાન કરેલુંજ છે, છતાં પણ

તેમાં રહેલો 'ગૂઢ' બધાએ ન જાણેલો ફલમાર્ગનો શુદ્ધ પુષ્ટિમાર્ગના ફલરૂપ જે 'અર્થ' તેનું પ્રકાશન કરવામાં, એટલે તે પ્રકટ કરવા 'પરાયણ' તેનાજ વિચારવાળા ( આચાર્યશ્રી ) છે. આથી ( એમ સમજાય છે કે ) 'શ્રીભગવતગૂઢાર્થ...' આ નામ એમ જણાવવા કહેલું છે કે આચાર્યશ્રી શ્રીભાગવતના ગૂઢાર્થનો વિચાર કરનારા હોવાથી સાક્ષાત્ ફલમાર્ગીય પુષ્ટિમાર્ગ પ્રકટ કરવાની શક્તિ તેમનામાંજ છે, અને બીજાઓને આ માર્ગનું જ્ઞાન નહિ હોવાથી તેનો વિચાર ( તેમણે ) કરેલ નથી.

'શ્રીભાગવતમાં મુક્તિ વિગેરે ફલ પણ કહેલાં હોવાથી આપે વિચાર્યું તેજ ફલ કેમ હોઈ શકે?' એવી શંકા થાય તો ખરેખર, જાણો કે શ્રીભાગવતમાં શુદ્ધપુષ્ટિમાર્ગીય ફલનેજ ફલ કહેલું છે, બીજાને કહેલું નથી. શ્રીભાગવતના 'વેદરૂપ કલ્પતરૂ...' એ શ્લોકમાં ફલનિરૂપણ કરતાં શુકજીએ પણ 'રસના આલયરૂપ ભાગવતનું પાન કરો' એમ આ માર્ગના ફલનેજ ફલ કહેલું છે, બીજાને કહેલું નથી તેથી આજ ફલ છે.

'રસના આલયરૂપ ભાગવતનું પાન કરો' એ શબ્દોથી તેજ ફલ હોવાનું કેમ સિદ્ધ થાય?' એવી શંકા થાય, તો તે સંબંધમાં કહીએ છીએ કે—શ્રીભાગવત શબ્દરૂપ હોવાથી તેનું શ્રવણજ થાય, ( છતાં ) 'સાંભળો' એવો શબ્દ ન યોજતાં, 'રસનું પાન કરો' એમ જે કહ્યું, તેથી એમ જણાય છે કે શ્રીભાગવતમાં શબ્દથી જણાવેલો કોઈ અસાધારણ રસ છે. તેનો વિચાર કરતાં, 'તેનાજ પ્રયોજનથી પ્રયત્ન કરવો' એ શ્લોકમાં ભક્તિમાટેજ પુરુષે પ્રયત્ન કરવાનું કહેલ હોવાથી એવો નિશ્ચય થાય છે કે શ્રીભાગવતમાં જણાવેલો રસ ભક્તિરસજ છે. તેનું પાન, એટલે તેને અંદર પ્રવેશ કરાવવો. જેમ બહાર રહેલ દૂધ વિગેરેને મુખદ્વારા અંદર પ્રવેશ કરાવવો તેજ પાન છે, તેમ શ્રીભાગવતે જણાવેલા રસને પણ અંદર પ્રવેશ કરાવવો તેજ પાન છે. જો કે 'ભક્તિયોગ બહુપ્રકારનો છે' એમ શ્રીભાગવતમાં જૂદાં જૂદાં ફલ પ્રાપ્ત કરાવનારો અનેક પ્રકારનો ભક્તિયોગ કહેલો છે, છતાં પણ તે મુક્તિ વિગેરે ફલ પ્રાપ્ત કરાવનાર હોવાથી તે શ્રીભાગવતમાં મુખ્ય નથી શ્રીભાગવતમાં જણાવેલ ભક્તિરસને 'આલય' કહેલ હોવાથી, 'આ' એટલે ઓછી ( હલકી ) અને 'લય' શબ્દનો અર્થ મુક્તિ થતો હોવાથી, ( શ્રીભાગવત ) મુક્તિથી અધિક ફલ પ્રાપ્ત કરાવનારૂં હોવાથી, શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફલજ ( તે ) ફલ છે, બીજું નથી, એમ પ્રમાણપૂર્વક સિદ્ધ કરવાનું સામર્થ્ય આચાર્યશ્રીમાંજ છે, બીજામાં નથી, એમ જણાવવા 'શ્રીભાગવતગૂઢાર્થપ્રકાશનપરાયણ' એ ( નામ ) કહેલું છે.

( ૮ ) 'પુષ્ટિમાર્ગીય ફલ મુક્તિથી અધિક કહ્યું, તેથી સ્વરૂપાનંદરૂપ હોવાથી તેનો અનુભવ કેમ થાય?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી તેના અનુભવના પ્રકારના કારણરૂપ 'સાકારબ્રહ્મવાદૈકસ્થાપક' નામ કહે છે. 'સાકાર' જે 'બ્રહ્મ' તેનો 'વાદ' એટલે વિચારપૂર્વક કહેવું તે. તેજ 'મુખ્યપણા'થી 'સ્થાપન કરનાર' એટલે સિદ્ધ કરનાર, એવો અર્થ છે. અહિં 'એક' શબ્દનો અર્થ 'મુખ્ય' થાય છે.

સાકાર કહીને જે બ્રહ્મ કહ્યું, તેથી એમ જણાવ્યું છે કે જેમ બ્રહ્મ માત્ર આનંદમય છે, તેમ તેમના કર ચરણ વિગેરે પણ માત્ર આનંદમય છે. 'સાકાર' કહ્યું તેથી એમ કહેવાયું કે પુષ્ટિમાર્ગીય ફલનો સર્વ ઇંદ્રિયોથી આસ્વાદ લેવો, એ ફલના અનુભવનો પ્રકાર છે. તેથીજ શ્રુતિરૂપ વ્રજસીમંતિનીઓએ પણ અનેક શ્રુતિઓની સંમતિથી 'ઇંદ્રિયોવાળાનું (આ) ફલ છે' એ શ્લોકમાં આજ ફલના અનુભવનો પ્રકાર કહેલો છે. તેથી (આમાં) કાંઇપિણ અયોગ્ય નથી.

(૯) 'અત્યારસુધી બધા કોઈ શાસ્ત્રાર્થનો વિચાર કરનારાએ બ્રહ્મને સાકાર કહેલ ન હોવાથી, આચાર્યશ્રીએ જ કેમ તેને સાકાર કહ્યું ?' એવી શંકા થાય, તેથી તેવી યોગ્યતા 'વેદપારગ' નામથી કહે છે. આનો આશય આ (નીચે પ્રમાણે) છે. બ્રહ્મ અલૌકિક છે અને ચક્ષુ વિગેરે પ્રમાણો લૌકિક હોવાથી બ્રહ્મનું જ્ઞાન ચક્ષુ વિગેરેથી થવાનું સંભવતું નથી, (જ્યારે) શ્રુતિઓ વિગેરે અલૌકિક પ્રમાણ હોવાથી, બ્રહ્મના સંબંધમાં શ્રુતિઓ જ પ્રમાણ હોવાથી, બ્રહ્મનું જ્ઞાન તેમનાથીજ થાય છે. 'તેમણે ઇક્ષા કરી' 'તેથી એકલા રમતા નથી' 'તેમણે બીજાની ઇચ્છા કરી' 'તે આટલા છે' વિગેરે તે(શ્રુતિ)ઓ તો સાકારજ (હોવાનું) જણાવે છે. વળી 'સર્વ તરફ પાણિ તથા પાદના અંતવાળું' વિગેરેથી ગીતામાં પણ સાકારજ કહેલ છે.

"નિરાકાર માનનારાઓ પણ નિરાકાર જણાવનારી 'સ્થૂલ નથી, અણુ નથી, હ્રસ્વ નથી' વિગેરે શ્રુતિઓનોજ પ્રમાણ તરીકે અંગીકાર કરે છે, તેથી નિરાકાર કેમ સિદ્ધ ન થાય ?' એવી શંકા થાય, તો કહીએ છીએ કે નિરાકાર જણાવનારી શ્રુતિઓ પણ દેવ વિગેરેના આકાર પેઠે બ્રહ્મમાં પ્રાકૃત આકાર નથી એમજ કહે છે, પરંતુ માત્ર આનંદના કર પાદ મુખ ઉદર વિગેરે નથી, એમ કહેતી નથી. જો સંપૂર્ણરીતે (બ્રહ્મ) નિરાકારજ છે એવો શ્રુતિઓનો અભિપ્રાય હોત, તો (તેને) નિરાકાર કહ્યા પછી પણ આગળ 'તેણે ઇક્ષા કરી' વિગેરેથી સાકાર (હોવાનું) ન કહેત. તેથીજ 'પ્રાકૃત આટલાપણું ન હોવાનું જ કહે છે, અને પછી પાછું કહે છે' એવું વ્યાસસૂત્ર પણ છે. આનો અર્થ એવો છે કે प्रकृतं એટલે પ્રાકૃત, આટલાપણું સાકારપણું, તે નથી એમ નિરાકાર શ્રુતિ કહે છે, પરંતુ માત્ર આનંદનોજ આકાર નથી એમ કહેતી નથી. તેનું કારણ (એ છે કે) 'પછી પાછું કહે છે, એટલે ત્યાંથી આગળ ભૂયઃ વળી પાછું 'તેમણે ઇક્ષા કરી' વિગેરેથી સાકારપણુંજ કહે છે.

નિરાકાર કહેનારાઓને થોડુંક શ્રુતિઓનું જ્ઞાન હોવા છતાં પણ બધી શાખાઓના ઉપનિષદોનું જ્ઞાન નહિ હોવાથી, અને તે (શાખા) ઓમાં જૂદા જૂદા પ્રકારે બ્રહ્મનું નિરૂપણ કરેલું હોવાથી, તેમનામાં પરસ્પર વિરોધ છે તે દૂર કરી વિષયની વ્યવસ્થા કરવાથી જેવું સિદ્ધ થાય તેવું બ્રહ્મ છે એમ માનવું જોઈએ. નિરાકાર કહેનારાઓને બધી શાખાઓના ઉપનિષદોનાં તાત્પર્યનું જ્ઞાન નહિ હોવાથી પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાના સિદ્ધાંતને અનુકૂલ થોડું શ્રુતિઓનું તાત્પર્ય કલ્પીને

તેઓ (બ્રહ્મને) નિરાકાર કહે છે, તેથી તેમનું કહેલું પ્રમાણ નથી. આચાર્યશ્રીએ તો બધી શાખાઓનાં ઉપનિષદોના તાત્પર્યમાં જે વિરોધ જણાય તે દૂર કરીને (બ્રહ્મસ્વરૂપ) જાણેલ હોવાથી, અને તેમાં સાકાર કહેલું હોવાથી, તે બધું જાણીનેજ 'સાકાર' કહેલ છે, તેથી 'વેદપારગ' એવું (નામ) કહેલું છે. ૮

**मायावादनिराकर्ता सर्ववादिनिरासकृत् ।**
**भक्तिमार्गाब्जमार्तण्डः स्त्रीशूद्राद्युद्धृतिक्षमः ॥ ९ ॥**

यद्यपि "साकारब्रह्मवादैकस्थापको" "वेदपारग" इतिनामद्वयार्थनिरूपणेनैव मायावादो निराकृतस्तथापि पुनर्यन्**मायावादनिराकर्ते**ति निरूपितं तस्यायमर्थः, मायामाश्रित्य सर्वस्य मिथ्यात्वमसत्त्वञ्चेत्येवंरूपो यो वादः स **मायावादः** स सर्वश्रुतिविरुद्ध इतिहेतोस्त**न्निराकर्ता,** तत्र विरुद्धश्रुतय उच्यन्ते "तत् सृष्ट्वा तदेवानुप्राविशत् तदनुप्रविश्य सच्च त्यच्चाभवत् निरुक्तञ्चानिरुक्तञ्च निलयनञ्चानिलयनञ्च विज्ञानञ्चाविज्ञानञ्च सत्यञ्चानृतञ्च सत्यमभवत् यदिदं किञ्च तत् सत्यमित्याचक्षते तदप्येष श्लोको भवति" "सर्वं खल्विदं ब्रह्मे"त्यादिश्रुतिविरुद्धत्वात्तन्मतनिराकरणं कृतवानित्येतज्ज्ञापनार्थमुक्तं **मायावादनिराकर्तेति** ।

एवं मायावादं निराकृत्य तदितरशास्त्राणामपि श्रुतिविरुद्धत्वात्तत्तन्मतानुसारिणां वादिनामपि श्रुतिमतानुसारेणैव निराकर्तेतिज्ञापनायोक्तं **सर्ववादिनिरासकृ**दिति । यद्यपि मायावादिन्यायेन सर्वस्यापि जगतस्ते मिथ्यात्वन्न मन्यन्ते तथापि नैयायिका ईश्वरे ज्ञानेच्छाप्रयत्नातिरिक्तान् श्रुत्युक्तानानन्दमयत्वादीन्धर्मान्न मन्यन्ते मीमांसकास्त्वीश्वरमेव न मन्यन्ते साङ्ख्यादयोपि तथेत्येतत्सर्वं श्रुतिविरुद्धमिति तन्निवारकत्वायोक्तं **सर्ववादिनिरासकृ**दिति ।

ननु लोके प्रसिद्धानां कर्मज्ञानप्रतिपादकशास्त्राणां वेदविरुद्धत्वेन निराकृतत्वात्स्वस्य कस्मिञ् शास्त्रे कस्मिन् धर्मे च निष्ठेतिशङ्कानिरासायाहुः **भक्तिमार्गाब्जमार्तण्ड** इति, **भक्तिमार्ग**रूपं यद**ब्जं** तस्य **मार्तण्डः** प्रकाशक इत्यर्थः, स्वस्य भक्तिमार्गप्रकाशकत्वोक्त्या भक्तिशास्त्रं गीताभागवतादिकं तच्छास्त्रनिष्ठत्वं तदुक्तधर्माचरणत्वञ्च ज्ञापितं, यद्यप्यत्र कर्मज्ञानादिकमपि प्रतिपाद्यते तथापि न तत् फलत्वेन मुख्यतया, "नाहं वेदै"रिति "योगिनामपि सर्वेषामि"ति

१. सर्ववादनिरासकृदित्यपि पाठः ।

"ब्रह्मभूतः प्रसन्नात्मे"त्यादिभिर्गीतासु ब्रह्मभावानन्तरमपि भक्तिलाभस्यैव मुख्यत्वेन निरूपणात्, श्रीभागवतेपि "अनिमित्ता भागवती भक्तिर्मुक्तेर्गरीयसी" "भजतां मुकुन्दो मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगं" "सामीप्यसार्ष्टिसालोक्यसायुज्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः" "स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृतः" "तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः । न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिहे"त्यादिभिर्भक्तिरेव प्रतिपाद्यत इति गीताभागवतादीनाम्भक्तिशास्त्रत्वं । अत्र भक्तिमार्गस्याब्जत्वोक्त्या मार्गान्तरापेक्षयास्य मार्गस्य सुखदत्वं ज्ञापितमाचार्याणां मार्तण्डत्वोक्त्या यथाब्जप्रकाशको मार्तण्ड **एक एव तथा पुष्टिभक्तिमार्गप्रकाशका आचार्या एव नान्ये** यथा प्रकाशिताब्जरसभोक्तारो लय एव तथैतत्प्रकाशितमार्गरसभोक्तार एतदङ्गीकृता एव नान्य इत्यपि ज्ञापितं, यथा मार्तण्डोन्येषां तापजनकोप्यब्जानां प्रकाशकत्वेन सुखजनकस्तद्वदाचार्याणामपि भक्तिमार्गातिरिक्तमार्गीयाणां तापजनकत्वं भक्तिमार्गीयाणां भक्तिप्रकाशकत्वेनात्यन्तसुखदत्वमितिज्ञापनायाप्युक्तं **भक्तिमार्गाब्जमार्तण्ड** इति ।

यद्यपि मर्यादामार्गीयभक्तिमार्गानुवर्तिनामपि तन्मार्गोक्तफलसिद्ध्या कृतार्थत्वमस्त्येव तथापि तत्र पुरुषशरीरं प्राप्तानां ब्राह्मणानामेव मुक्त्यधिकारो नान्येषामिति यथा मुचुकुन्दस्य भगवद्दर्शनानन्तरं भक्तिसिद्धावपि ब्राह्मणत्वाभावाद्भगवतापि न मुक्तिर्दत्ता किन्त्वग्रिमजन्मनि ब्राह्मणत्वं सम्पाद्यैव मुक्तिर्दत्तेति मर्यादामार्गो न सर्वेषां फलसाधकः, आचार्यप्रकटितपुष्टिभक्तिमार्गस्तु तदङ्गीकृतजीवमात्रस्यैव तन्मार्गोक्तफलसाधक इतिज्ञापनायोक्तं **स्त्रीशूद्राद्युद्धृतिक्षम** इति ।

ननु पुष्टिमार्गेऽप्ययं नियमो भविष्यतीति मर्यादामार्गीयाणामाशंकानिरासाय तत्र भगवदुक्तप्रमाणमाहुः । "मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् । किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।" "अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम्" इत्यन्ते भजनस्यैवोक्तत्वात् शुद्धपुष्टिमार्गप्रवृत्तजीवमात्रस्यैव कृतार्थता, न तु मर्यादामार्गवद्ब्राह्मणस्यैवेति नियमः । इति मार्गद्वयविचारपूर्वकं तयोर्बलाबलविचारेण पुष्टिभक्तिमार्गस्यैव प्रबलत्वमाज्ञाय शुद्धपुष्टिमार्गप्रवर्तनमाचार्यैरेव कृतं नान्यैरिति

ज्ञापनायोक्तं स्त्रीशूद्राद्युद्धृतिक्षम इति । क्षम इतिपदेन स्वत एव स्वसामर्थ्येन स्वकीयानां फलसाधनसमर्थ इत्यर्थः ॥ ९ ॥

(૧૦) માયાવાદનિરાકર્તા (૧૧) સર્વવાદિનિરાસકૃત્ (૧૨) ભક્તિમાર્ગાબ્જ-માર્તંડ (૧૩) સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ.

(૧૦) જો કે 'સાકારબ્રહ્મવાદૈકસ્થાપક' 'વેદપારગ' એ બે નામનો અર્થ જણાવ્યો, તેથીજ માયાવાદનું ખંડન થયું, છતાં પણ ફરી જે 'માયાવાદનિરાકર્તા' એમ કહ્યું, તેનો આ (નીચે પ્રમાણે) અર્થ છે. માયાનો આશ્રય કરીને બધું મિથ્યા એટલે અસત્ છે, એવા પ્રકારનો જે મત, તે 'માયાવાદ'. તે બધી શ્રુતિઓથી વિરૂદ્ધ છે, તે કારણને લીધે તેનું ખંડન કરનાર (આચાર્યશ્રી) છે. તે (માયાવાદ) થી વિરૂદ્ધ શ્રુતિઓ કહીએ છીએ. 'તેને રચીને પછી તેમાંજ પ્રવેશ કર્યો. તેમાં પ્રવેશ કરીને સત્ અને ત્યત્, નિરૂક્ત અને અનિરૂક્ત, નિલયન અને અનિલયન, વિજ્ઞાન અને અવિજ્ઞાન, સત્ય અને અનૃત અને સત્ય થયા. આ જે કાંઇ છે તે સત્ય છે એમ કહે છે. તેમાં પણ આ શ્લોક છે' 'ખરેખર ! આ સર્વ બ્રહ્મ છે' વિગેરે શ્રુતિઓથી (માયાવાદ) વિરુદ્ધ હોવાથી તે મતનું (આચાર્યશ્રીએ) ખંડન કરેલું છે, એ જણાવવા 'માયાવાદ નિરાકર્તા'એ (નામ) કહેલું છે.

(૧૧) એ પ્રમાણે માયાવાદનું ખંડન કરીને, તે સિવાયનાં શાસ્ત્રો પણ વેદથી વિરુદ્ધ હોવાથી, જૂદા જૂદા મતને અનુસરનારા વાદીઓનું પણ વેદના મતને અનુસરીનેજ (આચાર્યશ્રી) ખંડન કરનારા છે એમ જણાવવા 'સર્વવાદિનિરાસકૃત્' નામ કહેલું છે. જો કે માયાવાદના નિયમ પ્રમાણે તેઓ બધુંએ જગત્ મિથ્યા હોવાનું માનતા નથી, છતાં પણ નૈયાયિકો ઇશ્વરમાં જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન સિવાયના શ્રુતિમાં કહેલા આનંદમયપણું વિગેરે ગુણો હોવાનું માનતા નથી. મીમાંસકો તો ઇશ્વરજ હોવાનું માનતા નથી. સાંખ્ય વિગેરે પણ તેમ (માને છે). તેથી આ બધું વેદથી વિરૂદ્ધ હોવાથી તેનું ખંડન થાય તે માટે 'સર્વવાદિનિરાસકૃત' (સર્વવાદિઓનું ખંડન કરનાર) એ નામ કહેલું છે.

(૧૨) 'લોકમાં પ્રસિદ્ધ કર્મ અને જ્ઞાનનું નિરૂપણ કરનારાં શાસ્ત્રોનું વેદથી વિરુદ્ધ હોવાથી ખંડન કરેલ હોવાથી, (આચાર્યશ્રીને) પોતાને કયા શાસ્ત્રમાં અને કયા ધર્મમાં શ્રદ્ધા છે ?' એવી શંકા દૂર કરવા 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડ' એ (નામ) કહેલું છે. 'ભક્તિમાર્ગ'રૂપ જે અબ્જ (કમલ), તેનાં માર્તંડ એટલે તેનો પ્રકાશ કરનારા, એવો અર્થ છે. (તેમને) પોતાને ભક્તિમાર્ગના પ્રકાશક કહ્યા, તેથી ગીતા ભાગવત વિગેરે જે ભક્તિશાસ્ત્ર છે, તે શાસ્ત્રમાં શ્રદ્ધા હોવાનું અને તેમાં કહેલા ધર્મોનું આચરણ કરતા હોવાનું જણાવેલું છે. જો કે આમાં કર્મ જ્ઞાન વિગેરેનું પણ નિરૂપણ છે, છતાં પણ મુખ્ય રીતે તેમનાં ફલ તરીકે 'મારૂં વેદોથી (જ્ઞાન થતું નથી)' 'બધા યોગીઓને પણ' 'બ્રહ્મ થએલ, શાંત અંતઃકરણવાળો'

વિગેરે સ્થલે ગીતામાં બ્રહ્મભાવ થયા પછી પણ ભક્તિની પ્રાપ્તિનેજ મુખ્ય જણાવેલી છે. શ્રીભાગવતમાં પણ 'નિમિત્તવિનાની ભગવાનની ભક્તિ મુક્તિથી પણ અધિક છે.' 'મુકુંદ ભજનારને મુક્તિ આપે છે, પણ કોઈ સમયે ભક્તિયોગ આપતા નથી' 'માણસો મારી સેવા વિના આપેલાં સામીપ્ય, સાર્ષ્ટિ, સાલોક્ય, સાયુજ્ય અને એકપણું પણ આપવામાં આવે તો તે ગ્રહણ કરવા નથી.' 'તેજ છેવટનો ભક્તિયોગ નામનો (ઉપાય) કહેલો છે' 'તે મારી ભક્તિવાળા અને મારામાં અંતઃકરણવાળા યોગીને ઘણું કરીને અહિ જ્ઞાન તેમજ વૈરાગ્ય કલ્યાણકારક થતાં નથી' વિગેરે (વાક્યો)થી ભક્તિનુંજ નિરૂપણ કરેલું છે. તેથી ગીતા ભાગવત વિગેરે ભક્તિશાસ્ત્રજ છે. અહિં ભક્તિમાર્ગને કમલ કહ્યું, તેથી બીજા માર્ગો કરતાં આ માર્ગ સુખ આપનારો છે એમ જણાવ્યું. આચાર્યશ્રીને પ્રકાશક કહ્યા, તેથી (એમ કહેલું છે કે) જેમ કમલનો પ્રકાશ કરનાર સૂર્ય એક જ છે, તેમ પુષ્ટિભક્તિમાર્ગના પ્રકાશક આચાર્યશ્રીજ છે, બીજા નથી, અને એમ પણ જણાવેલું છે કે જેમ પ્રકાશેલા (ખીલેલા) કમલના રસના ભોક્તા ભમરાઓજ છે, તેમ આ પ્રકટ કરેલા માર્ગના રસના ભોક્તા તેમણે અંગીકાર કરેલા (જીવો) જ છે, બીજાઓ નથી. જેમ સૂર્ય બીજાને ગરમી કરનારો હોવા છતાં કમલોને ખીલાવી સુખ આપનારો છે, તેવી રીતે આચાર્યશ્રી પણ ભક્તિમાર્ગ સિવાયના માર્ગવાળાઓને તાપ ઉત્પન્ન કરનારા છે અને ભક્તિમાર્ગવાળાઓને ભક્તિનો પ્રકાશ કરીને અત્યંત સુખ આપનારા છે, એમ જણાવવા 'ભક્તિમાર્ગાબ્જમાર્તંડ' એ (નામ) કહેલું છે. જો કે ભક્તિમાર્ગ પ્રમાણોથી સિદ્ધ થતો હોવાથી પહેલાં હતોજ, છતાં પણ જેમ રાત્રે સૂર્યનો ઉદય થયેલ નહિ હોવાથી કમલ બંધજ હોય છે, તેમ રહેલો, તેથી તેવી રીતે હોવા છતાં, આચાર્યશ્રીનું પ્રાકટ્ય થએલ નહિ હોવાથી ભક્તિમાર્ગ વિકાસવિનાનોજ હતો. આચાર્યશ્રીનું પ્રાકટ્ય થયા પછીજ તેનો વિકાસ થયો એમ જણાવવા 'ભક્તિમાર્ગા-બ્જમાર્તંડ' એ (નામ) કહેલું છે.

(૧૩) જો કે મર્યાદામાર્ગની ભક્તિમાર્ગને અનુસરનારાઓને પણ તે માર્ગમાં કહેલું ફલ પ્રાપ્ત થવાથી તેઓ પણ કૃતાર્થ થાય છેજ, છતાં પણ તેમાં પુરુષનો દેહ પ્રાપ્ત કરેલ બ્રાહ્મણોનેજ મુક્તિનો અધિકાર છે, બીજાઓને નથી. જેમ મુચુકુંદને ભગવાનનાં દર્શન થયા પછી ભક્તિ પ્રાપ્ત થવા છતાં તે બ્રાહ્મણ ન હોવાથી ભગવાને પણ તેને મુક્તિ ન આપી, પણ ત્યારપછીના જન્મમાં તેને બ્રાહ્મણ બનાવીનેજ મુક્તિ આપી. તેથી મર્યાદામાર્ગ બધાને ફલ પ્રાપ્ત કરાવતો નથી. આચાર્યશ્રીએ પ્રકટ કરેલો પુષ્ટિભક્તિમાર્ગ તો તેમણે અંગીકાર કરેલા બધાએ જીવોને તે માર્ગમાં કહેલ ફલ પ્રાપ્ત કરાવનારો છે એમ જણાવવા 'સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ' એ (નામ) કહેલું છે.

'પુષ્ટિમાર્ગમાં પણ આ નિયમ હશે' એવી મર્યાદામાર્ગવાળાઓની શંકા દૂર કરવા તે વિષયમાં ભગવાને કહેલ પ્રમાણ કહે છે. 'હે પાર્થ! જે કોઈ પાપીઓ સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો હોય તે પણ મારો આશ્રય કરીને ઉત્તમ ફલ પામે છે,

તો પછી પવિત્ર બ્રાહ્મણો તથા રાજર્ષિ ભક્તોનું તો કહેવું જ શું ? અનિત્ય સુખ-વિનાના આ લોકને પ્રાપ્ત કરી મારું ભજન કર' ( ગીતા. ૯–૩૨,૩૩ ) એમ છેવટે ભજન જ કહેલું હોવાથી શુદ્ધિપુષ્ટિમાર્ગમાં પ્રવૃત્તિ કરનાર બધાએ જીવો કૃતાર્થ છે, પરંતુ મર્યાદામાર્ગની પેઠે બ્રાહ્મણ જ ( કૃતાર્થ થાય ), એવો નિયમ નથી. એવી રીતે બંને માર્ગોનો વિચાર કરીને, તે એના બલ તથા નબળાઈના વિચારથી પુષ્ટિ ભક્તિમાર્ગને જ ઘણો બલવાળો જાણીને શુદ્ધ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ આચાર્યશ્રીએ જ કરી, બીજાએ કરી નથી, એમ જણાવવા 'સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમ' ( સ્ત્રી શૂદ્ર વિગેરેનો ઉદ્ધાર કરવાની શક્તિવાળા ) એ ( નામ ) કહેલું છે. 'ક્ષમ' ( શક્તિવાળા ) એ શબ્દનો એવો અર્થ છે કે ( આચાર્યશ્રી ) પોતાથી જ પોતાના સામર્થ્યથી પોતાના ( સેવકો )ને ફલ પ્રાપ્ત કરાવવાની શક્તિવાળા છે. ૯

ननु पुष्टिमार्गफलसिद्धावपि सर्वत्यागपूर्वकं सर्वात्मभावादिकं साधनत्वेन श्रूयते तत् कथमाचार्यप्रकटितमार्गे केवलाचार्याङ्गीकारमात्रेणैव तत्फलसिद्धिरिति चेत्तत्राहुरङ्गीकृत्यैव **गोपीशवल्लभीकृतमानव** इति ।

**अङ्गीकृत्यैव गोपीशवल्लभीकृतमानवः ।**
**अङ्गीकृतौ समर्यादो महाकारुणिको विभुः ॥ १० ॥**

अत्रायमाशयः, सर्वात्मभावादिनापि फलसिद्धौ भक्तेषु भगवत्प्रियत्वमेव हेतुर्नान्योस्तीतिनिश्चयः, भगवत्प्रियत्वं केवलफलमार्गीयशुद्धपुष्टिमार्गप्रवर्तकाचार्याङ्गीकारेणैव चेत् सिद्धं किं साधनान्तरकथनेनेत्यत उक्त**मङ्गीकृत्यैव गोपीशवल्लभीकृतमानव** इति । अत्र भगवन्नामान्तरमनुक्त्वा **यद्गोपीश**-पदोपादानं तत् प्रभोरेतद्भक्तसम्बधिलीलापरवशत्वादाचार्याणामप्येतल्लीलापरवशत्वेन तन्मध्यपातित्वेनातिप्रियत्वात् कृपया तदङ्गीकृतेषु स्वमार्गीयप्रभुप्रियत्वे किं वक्तव्यमित्येतज्ज्ञापनार्थमुक्त**मङ्गीकृत्यैव गोपीशवल्लभीकृतमानव** इति ।

नन्वङ्गीकृतौ कः प्रकार इत्याकाङ्क्षायामङ्गीकारप्रकारमाहु**रङ्गीकृतौ समर्याद** इति, **अङ्गीकृतौ** अङ्गीकारे **समर्यादः** स्वमार्गीयमर्यादासहितः । सा केत्याकाङ्क्षायामुच्यते, यस्त्वहं मुक्त्यधिकं साक्षाद्भगवत्सम्बन्धं प्राप्य कृतार्थो भवामीतिबुद्ध्या साक्षात्फलरूपभक्तिमार्गप्रवर्तकत्वेनाचार्यस्वरूपं ज्ञात्वा तदीयत्वेनैव स्वमनोरथसिद्धिं ज्ञात्वा मां स्वकीयं कुर्वितिप्रार्थनया प्रपन्नो भवति तं कृपया स्वमार्गमर्यादोक्तप्रकारेण स्वसमीपं नीत्वा स्वमार्गीयोपदेशप्रकारेणोपदिश्य भगवति निवेद्य पश्चात् स्वीयत्वेनाङ्गीकरोति सोस्मिन्मार्गेङ्गीकारप्रकार इतिज्ञापनायोक्त**मङ्गीकृतौ समर्याद** इति ।

ननु जीवस्तु स्वकृतार्थतासिद्ध्यर्थं प्रपत्त्यादिकं यद्यपि करोति तथाप्याचा-र्याणां स्वतन्त्रपुष्टिफलस्वरूपसर्वात्मभावस्य तद्भक्तसम्बन्धसम्पत्त्यै दाने हेतुरिति । तेनात्राहु-**र्महाकारुणिक** इति, यद्यपि मर्यादामार्गीयाचार्या अपि मुक्तिदातृत्वेन कारुणिका एव भवन्ति तथाप्याचार्याणां ततोप्यधिकपुष्टिभक्तिमार्गीयसम्बन्धसम्पादकत्वान्**महाकारुणिकत्वम्** ।

ननु मर्यादामार्गीयफलाधिकभक्तिमार्गीयफलसाधकत्वेन महाकारुणिकत्वमुक्तं तथापि इयदवध्येतत्फलसाधकत्वं कस्यापि कुत्रापि न दृष्टं न वा श्रुतमिति कथं महाकारुणिकत्वेप्येतत्फलसम्पादकत्वमेतेषामेव घटत इत्याशङ्कापरिहारार्थमाहु-**र्विभुरिति, विभुः** सर्वकरणसमर्थः, एतेनेयदवधीतित्वदुक्तानुपपत्तिरपि परिहृता। तत्रेयमुपपत्तिः, यद्यपि पूर्वं भक्तिमार्गीया बहव एव आचार्या जातास्तथापि "भक्तियोगो बहुविध" इति श्रीभागवतात् तत्तन्मार्गीयसाधनफलविचारभेदेन तत्तन्मार्गीयसाधनफलपरत्वमेव तेषां न तु शुद्धपुष्टिमार्गीयसाधनफलविचार-गन्धोपि तत्र सम्भवतीति कुतो दानसामर्थ्यसम्भव इत्याचार्याणां सर्वतोधिक-सामर्थ्यज्ञापनायोक्तं **विभुरिति** ॥ १० ॥

'પુષ્ટિમાર્ગનાં ફલની પ્રાપ્તિ થવામાં પણ સર્વનો ત્યાગ કર્યા પછી સર્વાત્મભાવ વિગેરે સાધન ( કરવાના ) સાંભળવામાં આવે છે, તેથી આચાર્યશ્રીએ પ્રકટ કરેલ માર્ગમાં કેવલ આચાર્યશ્રીના અંગીકારથી જ તે ફલ પ્રાપ્ત કેમ થાય ?' એવી શંકા થાય તેથી કહે છે કેઃ-

( ૧૪ ) અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવ ( ૧૫ ) અંગીકૃતૌ સમર્યાદ ( ૧૬ ) મહાકારૂણિક ( ૧૭ ) વિભુ.

( ૧૪ ) અહિં નીચે પ્રમાણે આશય છે. સર્વાત્મભાવ વિગેરે ( સાધનો )થી પણ ફલ પ્રાપ્ત થવાનું કારણ ભક્તોમાં ભગવાનનું પ્રિયપણું જ છે, બીજું કારણ નથી એવો નિશ્ચય છે. જો ભગવાનનું પ્રિયપણું માત્ર ફલમાર્ગીય શુદ્ધપુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર આચાર્યશ્રીના અંગીકારથીજ પ્રાપ્ત થતું હોય, તો બીજું સાધન કહેવાનું કાંઈ પ્રયોજન નથી. તેથી 'અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવઃ' ( માત્ર અંગીકાર કરવાથી જ જેમણે મનુષ્ય ગોપીશને પ્રિય કરેલા છે તે ) એ ( નામ ) કહેલું છે. અહિં ભગવાનનું બીજું નામ ન કહેતા જે 'ગોપીશ' શબ્દ યોજ્યો તેનો ( એવો આશય છે કે ) પ્રભુ આ ભક્તના સંબંધવાળી લીલામાં તલ્લીન હોવાથી, અને આચાર્યશ્રી પણ આ લીલામાં તલ્લીન હોવાથી તે ( લીલા )માં રહેલા હોવાથી ( પ્રભુને ) ઘણા પ્રિય હોઈ, ( તેમના ઉપરની ) કૃપાને લીધે તેમણે અંગીકાર

કરેલા ( જીવો ) પોતાના માર્ગના પ્રભુને પ્રિય હોય તેમાં શું કહેવું ? આ જણાવવા માટે પણ 'અંગીકૃત્યૈવ ગોપીશ...' વિગેરે કહેલું છે.

( ૧૫ ) 'અંગીકાર કરવાનો પ્રકાર કયો ?' એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'અંગીકૃતૌ સમર્યાદ' નામથી અંગીકાર કરવાનો પ્રકાર કહેલો છે. 'અંગીકૃતૌ' એટલે અંગીકાર કરવામાં 'સમર્યાદ' પોતાના માર્ગની મર્યાદાવાળા. તે ( મર્યાદા ) કઈ? એ જણવાની ઇચ્છા હોય તો કહીએ છીએ. કે:– 'હું મુક્તિથી અધિક સાક્ષાત્ ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરીને કૃતાર્થ થાઉં' એવી બુદ્ધિથી, સાક્ષાત્ ફલરૂપ ભક્તિમાર્ગની પ્રવૃત્તિ કરાવનાર તરીકે આચાર્યશ્રીનાં સ્વરૂપને જાણીને, અને તેમનો સેવક થવાથી જ પોતાના મનોરથ સિદ્ધ થશે એમ જાણીને, જે 'મને ( આપનો ) પોતાનો સેવક કરો' એવી પ્રાર્થના કરી શરણે આવે છે, તેને કૃપા કરી પોતાના માર્ગની મર્યાદામાં કહેલા પ્રકારે પોતાની સમીપ લાવી, પોતાના માર્ગના ઉપદેશના પ્રકારે ઉપદેશ કરી, ભગવાનને નિવેદન કરી, પછી ( આચાર્યશ્રી ) જેનો પોતાના ( સેવક ) તરીકે અંગીકાર કરે છે, તે આ માર્ગમાં અંગીકારનો પ્રકાર છે. એમ જણાવવા 'અંગીકૃતૌ સમર્યાદ' એ ( નામ ) કહેલું છે.

( ૧૬ ) 'જો કે જીવ પોતે કૃતાર્થ થાય તે માટે શરણ આવવું વિગેરે ( સાધન ) કરે, છતાં પણ આચાર્યશ્રીને ( તેને ) મુક્તિથી અધિક પોતાના માર્ગનો સાક્ષાત્ ભગવાનનો સંબંધ પ્રાપ્ત કરાવવાનું શું પ્રયોજન ?' એવી શંકા થાય, તેથી 'મહાકારૂણિક' એ નામ કહેલું છે. જો કે મર્યાદામાર્ગના આચાર્યો પણ ભક્તિ આપનાર હોઈ કરૂણાવાળા જ છે, છતાં પણ આચાર્યશ્રી તેનાથી પણ અધિક પુષ્ટિમાર્ગીય સંબંધ પ્રાપ્ત કરાવનાર હોવાથી 'મહાકારૂણિક' ( ઘણાજ કરૂણાવાળા ) છે. ( ૧૭ ) મર્યાદામાર્ગના ફલથી અધિક ભક્તિમાર્ગનું ફલ પ્રાપ્ત કરાવનાર હોવાથી ( આચાર્યશ્રીને ) મહાકારૂણિક કહ્યા, છતાં પણ અત્યારસુધી કોઈ પણ આવું ફલ પ્રાપ્ત કરનાર છે એમ ક્યાંય પણ જોવામાં અથવા સાંભાળવામાં આવ્યું નથી, તેથી ( આચાર્યશ્રી ) મહાકારૂણિક હોય તો પણ તેઓશ્રી જ આ ફલ પ્રાપ્ત કરાવનાર હોવાનું કેમ હોઈ શકે ?' એવી શંકા દૂર કરવા 'વિભુ' એ ( નામ ) કહેલું છે. 'વિભુ' એટલે સર્વ કરવાની શક્તિવાળા. આથી 'અત્યારસુધી' એમ જે તેં અયોગ્યતા કહી તે પણ દૂર થાય છે. તે ( વિષય )માં નીચે પ્રમાણે તર્ક છે. જોકે પહેલાં ભક્તિમાર્ગના ઘણાએ આચાર્યો થયા, છતાં પણ 'ભક્તિયોગ ઘણા પ્રકારનો છે' એ શ્રીભાગવતના ( વચન ) પ્રમાણે તેઓ જૂદા જૂદા માર્ગના સાધન અને ફલના ભેદથી જૂદા જૂદા માર્ગના સાધન અને ફલમાં જ તત્પર રહેનાર હતા, પરંતુ તેમનામાં શુદ્ધપુષ્ટિમાર્ગનાં સાધન તથા ફલના વિચારની ગંધ પણ હોવાનું સંભવતું નથી, તેથી તેનું દાન કરવાની શક્તિ હોવાનો તો સંભવ જ ક્યાંથી ? એમ આચાર્યશ્રીમાં સર્વથી અધિક સામર્થ્ય હોવાનું જણાવવા 'વિભુ' ( શક્તિવાળા ) એ ( નામ ) કહેલું છે. ૧૦.

ननु शुद्धपुष्टिमार्गीयफलदानसामर्थ्यवत्त्वेपि तन्मार्गीयफलस्याप्यद्यापि "यत्पदरजः श्रुतिमृग्यमेवे"तिवचनाच्छ्रुत्याद्यनेकभक्तदुष्प्राप्यत्वेनातिदुर्लभत्वात् कथं ददातीति चेत्तत्राहुर**देयदानदक्ष**श्चेति ।

**अदेयदानदक्षश्च महोदारचरित्रवान् ॥**
**प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः ॥ ११ ॥**

यदि पुष्टिमार्गातिरिक्तमर्यादामार्गीयश्रवणादिसिद्धमुक्तिफलं स्वयमपि दद्यात्तर्हीतरसाधारणत्वाद्भगवदाज्ञया स्वप्राकट्येन शुद्धपुष्टिमार्गप्रवर्तकत्वेन यदि मुक्त्यधिकफलं न दद्यात्तर्हि स्वस्य प्रकटितशुद्धपुष्टिमार्गस्य च प्राकट्यमसाधारणप्रयोजनाभावाद्व्यर्थमेव भवेदत उक्त**मदेयदानदक्ष**श्चेति, **अदेयं** भगवदतिरिक्तेन यद्दातुमशक्यं तस्यापि **दाने दक्षो**तिसमर्थ इत्यर्थः। यद्यप्येवं तर्हीतरमार्गसाधनप्राप्यमुक्त्यादिफलदाने सामर्थ्यं न भविष्यतीत्याशङ्कानिरासायात्र चकारः समुच्चयार्थः, यस्य सर्वाशक्यफलदाने सामर्थ्यमितरशक्यफलदाने कः प्रयास इत्यपि च ज्ञापितं भवति ।

यद्यप्यदेयदानसामर्थ्यमस्त्येवाचार्याणां तथापि दाता पात्रापात्रविवेकेनैव ददातीति तथात्राप्याचार्याणामपि स्वमार्गीयफलदानं भविष्यतीत्याशङ्कानिरासायाहु**र्महोदारचरित्रवा**निति, यदि केवलं दातृत्वमेव भवेत्तदा पात्रापात्रविवेकेनैव दानमुचितं भवेदाचार्याणां तु दानं न केवलं किन्त्वौदार्यसहितं । केवलदानस्यौदार्यविशिष्टदानस्यैत्र चैतावान् विशेषः, केवलदाता तु देशकालविचारपूर्वकं फलोद्देशपूर्वकं पात्रापात्रविवेकपूर्वकं ददात्युदारस्तु देशादिकमविचार्यैव स्वस्य सहजौदार्यधर्मेणैव ददाति न तु पूर्वोक्तं किञ्चिद्विचार्यापि, अयं तु साधारणौदार्यधर्म उक्तः, आचार्याणांत्वलौकिकत्वेनासाधारण्यात्तदौदार्यस्याप्यसाधारणत्वज्ञापनायोक्तं **महोदारचरित्रवा**निति, औदार्येऽलौकिकत्वेनासाधारण्यमुक्त्वा यन्महत्त्वमुक्तं तत् स्वमार्गीयालौकिकफलदानौदार्यज्ञापनायोक्तं, **महोदारचरित्रवा**निति **महोदारं यच्चरितं** तद्वांस्तद्युक्तः, अतः स्वप्रकटितभक्तिमार्गैकनिष्ठजीवेष्वविचारेणैतत्फलदानं न विरुध्यत इति सर्वमनवद्यं । **महोदारचरित्र**वत्त्वकथनेनाचार्येष्वयं धर्मः स्वाभाविको नागन्तुक इत्यपि ज्ञापितं भवति ।

ननु पूर्वोक्तनामनिरूपितसामर्थ्यवत्त्वं केवलं पुरुषोत्तम एव सम्भाव्यते न तदतिरिक्ते आचार्याणां तु प्राकृतप्रपञ्च एव प्रादुर्भावात् तद्धर्मवत्त्वेन च प्रतीयमानत्वात् कथं पूर्वोक्तसर्वसामर्थ्यवत्त्वं सम्भवतीत्येतदाशङ्कानिरासाय लौकिकप्रपञ्चप्राकट्येपि तद्धर्मवत्त्वप्रतीतावपि यथा पुरुषोत्तमत्वं सिध्यति तत्सिद्धिप्रकारज्ञापनायाहुः **प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुष** इति, **प्राकृताः** साधारणास्तेषाम**नुकृति**रनुकरणं तद्वदाचरणं सैव **व्याज**स्तेन **मोहिता असुरा** असुरसृष्टावुत्पन्ना **मानुषा** मनुष्या येन सः । नन्वीश्वरस्य प्राकृतानुकरणं दृष्ट्वा दैवानामपि मोहः सम्भाव्यत इति कथमासुरजीवानामेव मोहकत्वमिति चेत् सत्यं, प्राकृतानुकरणजनितमोहो यत्र दृष्टस्तत्रासुरजीवानामथवा तद्धर्मावेशिनां कंसपूतनादीनां, तद्यथा "तां वीक्ष्ये"तिश्लोकेऽलौकिकधर्मवत्त्वेन गर्भेषु पुरुषोत्तमस्थितिं ज्ञात्वापि पश्चान्निग्रहादिकं यत् कृतवान् तत् प्राकृतवज्जन्मादिज्ञाननिमित्तिकमेव, अग्रेपि **श्रीगोकुले** प्रभुप्राकट्यज्ञानानन्तरमपि पूतनादिप्रेषणं पूतनादीनामपि यन्निश्शङ्कं भगवद्गृहे प्रवृत्तिः सापि "बालं प्रतिच्छन्ननिजोरुतेजस"मित्यनेनालौकिकधर्माच्छादनपूर्वकं केवलप्राकृतबालकतुल्यधर्मानुकरणदर्शननिमित्तिकैव, शुद्धदैवानां ब्रह्मादीनां लौकिकानुकरणतुल्यगर्भस्थितिज्ञानवत्त्वेपि पुरुषोत्तमत्वेन स्वपक्षपातित्वेन च स्तुत्य एव जातो न तु प्राकृतधर्मानुकृतिदर्शनेनान्यथाबुद्धिर्जातेत्येतावत्सर्वं यथा भगवति दृष्टं तद्वदत्राप्याचार्यस्वरूपज्ञानवतां भक्तानां स्वोद्धारकज्ञानवत्त्वेन लौकिकानुकरणदर्शनेपि पुरुषोत्तमत्वप्रतीतिरेव न त्वासुरजीववदन्यथाप्रतीतिरपि दृश्यत इत्येतावत्सर्वधर्मतुल्यत्वज्ञापनायोक्तं **प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुष** इति ॥ ११ ॥

"શુદ્ધ પુષ્ટિમાર્ગના ફલનું દાન કરવાની ( આચાર્યશ્રીમાં ) શક્તિ હોય તોપણ, 'જેમના પદની રેણુ શ્રુતિએ પણ શોધવાની ( પ્રાપ્ત કરવાની ) જ રહે છે', એ વચન પ્રમાણે પુષ્ટિમાર્ગનું ફલ શ્રુતિ વિગેરે અનેક ભક્તોને મળવું કઠણ હોવાથી દુર્લભ છે, તેથી ( આચાર્યશ્રી ) તે કેમ આપે ?" એવી શંકા થાય, તેથી કહે છે કેઃ—

( ૧૮ ) અને અદેયદાનદક્ષ ( ૧૯ ) મહોદારચરિત્રવાન્ ( ૨૦ ) પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષ. ૧૧.

( ૧૮ ) જો પોતે પણ પુષ્ટિમાર્ગથી ભિન્ન મર્યાદામાર્ગના શ્રવણ વિગેરેથી પ્રાપ્ત થતું મુક્તિરૂપ ફલ આપે, તો બીજાના જેવા થવાથી, ભગવાનની આજ્ઞાથી

પોતાનું પ્રાકટ્ય કરી શુદ્ધ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવવાપણું નિરર્થકજ થાય. વળી જો મુક્તિથી અધિક ફલ ન આપે તો પોતાનું અને પોતે પ્રકટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય ખાસ પ્રયોજન વિનાનાં થવાથી વ્યર્થજ થાય તેથી 'અદેયદાનદક્ષ' એ ( નામ ) કહેલું છે. 'અદેય' એટલે ભગવાન વિના જે ( કોઇથી ) આપી ન શકાય તેવું 'દાન' કરવા પણ 'દક્ષ' ઘણા શક્તિવાળા, એવો અર્થ છે. 'એમ હોય તો બીજા માર્ગનાં સાધનથી પ્રાપ્ત થાય તેવાં મુક્તિ વિગેરે ફલ આપવાની શક્તિવાળા નહિ હોય' એવી શંકા દૂર કરવા 'च' 'અને' શબ્દ સરવાળાના અર્થમાં યોજેલો છે. જેમનામાં સર્વે ( કોઈપણ ) આપી ન શકે તેવું ફલ આપવાની શક્તિ છે, તેમને બીજા આપી શકે તેવું ફલ આપવામાં શું પ્રયાસ ( કરવો પડે ) ? એમ પણ જણાવેલું છે.

( ૧૯ ) 'જો કે આચાર્યશ્રીમાં ( બીજાથી ) ન આપી શકાય તેવું ફલ આપવાની શક્તિ છે, છતાં પણ દાન કરનાર પાત્રાપાત્ર ( લાયકાત ) નો વિચાર કરીનેજ દાન કરેછે, તેમ આચાર્યશ્રી પણ પોતાના માર્ગનું ફલ આપતા હશે' એવી શંકા દૂર કરવા 'મહોદાર ચરિત્રવાન્' એ ( નામ ) કહેલું છે. જો ( આચાર્યશ્રી ) માત્ર દાન કરનારજ હોત, તો પાત્ર અને અપાત્રનો વિચાર કરીનેજ દાન કરે તે યોગ્ય ગણાય. આચાયશ્રી તો માત્ર દાન કરનાર નથી, પરંતુ ઉદારપણાથી દાન કરનારા છે. માત્ર દાન અને ઉદારપણાંથી દાન એ ( બે ) માં એટલો ભેદ છે કે માત્ર દાન કરનાર તો દેશ અને કાલનો વિચાર કરીને, ફલને ધ્યાનમાં લઈને, પાત્ર અને અપાત્રનો વિચાર કરીને દાન કરે છે. ઉદાર ( દાન કરનાર ) તો દેશ વિગેરેનો વિચાર કર્યા વિનાજ પોતાના કુદરતી ઉદારપણાંના ગુણને લીધેજ દાન કરે છે; પરંતુ પહેલાં કહેલ કોઇએનો વિચાર કરીનેજ દાન કરતો નથી. આ તો સાધારણ ઉદારપણાનો ગુણ કહ્યો. આચાર્યશ્રી તો અલૌકિક હોવાથી અસાધારણ છે. તેથી તેમનું ઉદારપણું પણ અસાધારણ છે એમ જણાવવા 'મહોદારચરિત્રવાન્' એ ( નામ ) કહેલું છે. ઉદારપણું અલૌકિક હોવાથી અસાધારણ હોવાનું જણાવી તેને જે 'મહત્' ( ઘણું ) કહ્યું, તે પોતાના માર્ગનું અલૌકિક ફલ દાન કરવામાં ઉદારપણું છે એમ જણાવવા 'મહોદાર ચરિત્રવાન્' એ ( નામ ) કહેલું છે. 'ઘણું ઉદાર જે ચરિત્ર તેવાં ચરિત્રવાળા' ( આચાર્યશ્રી ) છે. તેથી પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાંજ રહેલા જીવોને તેનાં ફલનું વિચાર કર્યા વિનાજ દાન કરે, તેમાં કાંઈ વિરોધ નહિ હોવાથી સર્વે દોષરહિત છે. 'મહોદાર ચરિત્રવાન્' કહ્યા, તેથી આચાર્યશ્રીમાં આ ગુણ સ્વાભાવિક છે, પણ અકસ્માતિક નથી એમ પણ જણાવેલું છે.

( ૨૦ ) 'પહેલાં કહેલા નામથી જણાવેલું સામર્થ્ય માત્ર પુરુષોત્તમમાંજ હોવાનું સંભવે છે, તેમના સિવાયનામાં ( હોવાનું સંભવતું ) નથી. આચાર્યશ્રીનો પ્રાદુર્ભાવ તો પ્રાકૃત પ્રપંચમાંજ થએલો હોવાથી અને તેના ગુણો ( તેઓશ્રીમાં ) દેખાતા હોવાથી, પહેલાં કહેલું બધું સામર્થ્ય તેમનામાં હોવાનું કેમ સંભવે ?' એવી

શંકા થાય, તેથી તે દૂર કરવા, (આચાર્યશ્રી) લૌકિક પ્રપંચમાં પ્રકટ થએલા હોવા છતાં અને તેના ગુણો (તેઓશ્રીમાં) જણાતા હોવા છતાં (તેઓશ્રી) પુરૂષોત્તમ હોવાનું સિદ્ધ થાય તેવો પ્રકાર જણાવવા 'પ્રાકૃતાનુકૃતિ०વ્યાજમોહિતાસુરમાનુષ' એ (નામ) કહે છે. 'પ્રાકૃત' સાધારણ (માણસો), તેમનું 'અનુકૃતિ' અનુકરણ, તેમના જેવું આચરણ, તેજ 'વ્યાજ' (છલ), તેનાથી 'મોહિત' મોહ પમાડેલા છે 'આસુર' અસુર સૃષ્ટિમાં ઉત્પન્ન થએલા 'માનુષ' મનુષ્યો જેમણે તેવા (આચાર્યશ્રી) છે. 'ઈશ્વર પ્રાકૃત (પુરુષો) નું અનુકરણ કરે તે જોઈને દેવોને પણ મોહ થવાનું સંભવે, તેથી આસુર જીવોનેજ મોહ પમાડનાર કેમ કહ્યા?' એવી શંકા થાય, તો જાણો કે જયાં પ્રાકૃતના અનુકરણથી ઉત્પન્ન થએલો મોહ જોવામાં આવે તે આસુર મનુષ્યો છે, અથવા કંસ પૂતના વિગેરેના તે(આસુર) ધર્મના આવેશવાળા છે. તે નીચે પ્રમાણે. 'તે (દેવકીજી) ને જોઈ ને' (શ્રીભાગવત ૧૦-૨-૨૦) એ શ્લોકથી (દેવકીજીનો) ગર્ભ અલૌકિક હોવાથી (તેમાં) પુરુષોત્તમ છે એમ જાણીને પણ (કંસે) પાછલથી જે બંધન વિગેરે કર્યાં, તે પ્રાકૃતની પેઠે જન્મ વિગેરે છે એવા જ્ઞાનને લીધેજ કર્યાં. પાછલથી પણ પ્રભુનું પ્રાકટ્ય થયું છે એવું જ્ઞાન થયા પછી પણ શ્રીગોકુલમાં તેણે પૂતના વિગેરેને મોકલ્યાં. પૂતના વિગેરેએ પણ ભગવાનને 'પોતાનું ઘણું તેજ ઢાંકી દીધેલ બાલકને' (શ્રીભાગવત. ૧૦-૬-૭) એમ ભય વિના પકડવાની જે પ્રવૃત્તિ કરી તેપણ (ભગવાને) પોતાના અલૌકિક ગુણ ઢાંકી દઈ ને માત્ર પ્રાકૃત બાલકની સમાન ગુણોનું અનુકરણ કર્યું તે કારણથીજ. બ્રહ્મા વિગેરે શુદ્ધ દૈવી જીવોને લૌકિકના અનુકરણ જેવાં કે ગર્ભમાં રહેવું વિગેરેનું જ્ઞાન હોવા છતાં પણ પુરૂષોત્તમ તરીકે અને પોતાનો પક્ષપાત કરનાર તરીકે (ભગવાન) સ્તુતિ કરવા યોગ્યજ રહ્યા, પરંતુ પ્રાકૃત ગુણોનું અનુકરણ જોવાથી તેમની બુદ્ધિ બગડી નહિ. એમ આ બધું જેમ ભગવાનમાં જોવામાં આવ્યું, તેમ અહિં પણ આચાર્યશ્રીનું સ્વરૂપ જાણનાર ભક્તો (આચાર્યશ્રીમાં) લૌકિકનું અનુકરણ જોવા છતાં (તેમને) પોતાનો ઉદ્ધાર કરનાર તરીકે જાણતા હોવાથી (તેમને) પુરુષોત્તમજ જાણે છે, પણ આસુર જીવોની પેઠે તેમની બુદ્ધિ બગડેલી જોવામાં આવતી નથી. એ રીતે આટલા સર્વ ગુણો (ભગવાનની) સમાન છે એમ જણાવવા 'પ્રાકૃતાનુકૃતિવ્યાજ...' વિગેરે નામ કહેલું છે. ૧૧.

यद्यप्येवं लौकिकानुकृतित्वेपि सोपपत्तिकं पुरुषोत्तमत्वं निरूपितं तथाप्याचार्येषु शुद्धफलरूपपुष्टिमार्गप्रवर्तकत्वं तस्य च श्रुतिस्मृत्याद्यनेकप्रमाणैः सर्वाधिकत्वज्ञापनं स्वप्रवर्तितभक्तिमार्गाङ्गीकृतजीवेषु तन्मार्गबोधनेन तत्कृतार्थीकरणमित्यादिकं पुरुषोत्तमस्वरूपेप्यप्रतीतं कथं प्रतीयते तत्र को हेतुरित्याशङ्क्य तत्प्रतीतौ पुरुषोत्तममुख्यावयवरूपत्वमप्यत्रास्तीतिज्ञापनाय तद्धेतुभूतं नामाहुर्वैश्वानर इति ।

**वैश्वानरो वल्लभाख्यः सद्रूपो हितकृत्सताम् ॥**
**जनशिक्षाकृते कृष्णभक्तिकृन्निखिलेष्टदः ॥ १२ ॥**

**वैश्वानर**पदा"दग्निर्मुख"मितिश्रुत्या पुरुषोत्तममुखरूपत्वमग्नेरुक्तं तेन तन्मुखस्वरूपाग्नेराधिदैविकत्वमानन्दरूपत्वं मुखे वागप्यस्तीतिवाग्रूपत्वञ्च, आचार्याणां पुरुषोत्तमवाग्रूपत्वेन शुद्धपुष्टिमार्गप्रवर्तकत्वे या अनुपपत्तय आशङ्कितास्ताः सर्वाः परिहृता वेदितव्याः, "अधिकं तत्रानुपविष्टं न तु तद्धानि"रितिन्यायेन नानुपपत्तिः काचित् ।

ननु वैश्वानरत्वेन पुरुषोत्तममुखारविन्दसम्बन्ध्यलौकिकाग्निरूपत्वेनासह्यतेजोरूपत्वाद्भक्तानां सेवने बाधकत्वात् सेवा न सिध्येदित्याशङ्क्य तेजोरूपत्वेपि सेवासिद्धौ बाधकत्वाभावायाहु**र्वल्लभाख्य** इति, **वल्लभ** इति **आख्या** नाम यस्य स **वल्लभाख्यः**, पूर्वनाम्नि वैश्वानरत्वमुक्त्वाग्रिमनाम्नि य**द्वल्लभाख्यत्व**मुक्तं तस्यायमाशयः, यथा शीतकाले स्वभावतोप्यग्निः सर्वस्यापि शीतनिवारकत्वेन प्रियो भवति न तु तदतिरिक्तकालेष्वपि तद्वदाचार्यसेवकानामप्याचार्येषु सदालौकिकतेजःप्राकट्येन लौकिकाग्निसेवनमिव कदाचित्सुखदत्वं कदाचिन्नेतिशङ्का भवेदिति तच्छङ्कानिराकरणायाप्युक्तं **वल्लभाख्य** इति, तस्यायमाशयः, लौकिकाग्निः प्राकृत इति तत्तेजसि तारतम्यादल्पत्वबहुत्वाभ्यां कदाचित् प्रियः कदाचिन्नेतीयं व्यवस्था तत्र सार्वदिकी, आचार्याणां तु पुरुषोत्तमास्यत्वेन तत्तेजसोप्यानन्दरूपत्वेन सर्वदातिप्रियत्वमेव न तु कदाचित् प्रियत्वे तारतम्यमपीतिज्ञापनायाप्युक्तं **वल्लभाख्य** इति ।

ननु लोके सदाप्रियेपि पदार्थे केनचिन्निमित्तेन कदाचिदप्रियत्वमपि भासते तथा प्रकृतेपि कदाचिन्निमित्तवशात्तथात्वं भविष्यतीत्याशङ्कानिरासायाहुः **सद्रूप** इति, अस्यायमर्थः, वस्तुविचारे क्रियमाणे स्वतःसुखमेव प्रियं न त्वन्यदन्येषां यत् प्रियत्वं तत्सुखहेतुत्वेन न तु सुखरूपत्वेन, लौकिकपदार्थानां प्रकृतिसम्बन्धात् स्वतःसुखरूपत्वाभावात् समयविशेषे सुखहेतुत्वमेव तेषां न तु सुखात्मकत्वेन सर्वदा प्रियत्वमेव, आचार्याणां तु पुरुषोत्तमास्यत्वेनानन्दरूपत्वात् स्वभावतस्तस्यैव प्रियत्वान्न लौकिकपदार्थवत् प्रियहेतुत्वं सम्भवतीत्याशङ्कानिरासायोक्तं **सद्रूप** इति, सद्रूपत्वेन केवलं सत्तामात्रं न विवक्षितं किन्तूपलक्षणत्वेन

सच्चिदानन्दरूपत्वमप्युक्तं भवतीति नात्र लौकिकपूर्वपक्षावसरोपि सम्भवतीत्ये-तावत्सर्वं हृदिकृत्वाहुः **सद्रूप इति** ।

ननु पूर्वनाम्नि सद्रूपत्वोक्त्या सच्चिदानन्दरूपत्वेन निरवध्यानन्दरूपत्वेन सर्वदा प्रियत्वं प्रतिपादितं भक्तानां, तथापि प्रिये स्वभावानुसारेण मनोरथोत्पत्तेरा-वश्यकत्वात् तत्पूर्वभावजनितखेदेन तदंशे प्रियत्वांशस्यापि तिरोभावः सम्भवे-दित्याशङ्कानिरासायाहुः **हितकृत् सता**मिति । **सतां** भक्तानां तत्तद्भावभेदेन तत्तन्मनोरथपूर्त्याभीष्टमेव सम्पादयति न तु तत्सम्पादने विलम्बमपि सहत इति-ज्ञापनायोक्तं **हितकृत् सता**मिति । एतेन सर्वदा प्रियत्वानुपपत्तिपूर्वपक्षो निरस्तः ।

यद्यपि स्वभक्तेषु पूर्वोक्तैः स्वनामभिः स्वस्वरूपं ज्ञापितं तथापि स तु न वचनमात्रैकगम्य इति तेषां भजनप्रकारशिक्षार्थं स्वयं भजनं करोतीत्येतज्ज्ञाप-नायाहुः **जनशिक्षाकृते कृष्णभक्तिकृ**दिति । **जनाः** सेवकास्तेषां **शिक्षा** शिक्षणं तत्कृते तन्निमित्तं **कृष्णस्य** सदानन्दस्य फलरूपस्य **भक्ति**र्भजनं तत्कृत् तत्कर्तेत्यर्थः । ननु भगवद्भजनप्रकाराः पुराणागमसिद्धाः सन्त्येव तद्द्वारा स्वीयेषु शिक्षणसिद्धावपि यत्तच्छिक्षार्थं स्वस्य भजनकर्तृत्वमुक्तं तत्रायमाशयः । यद्यपि पुराणागमादिषु भजनप्रकाराः सन्ति तथापि न ते भक्तिमार्गीयाः, पूजा-मार्गीयत्वेन न पुरुषोत्तमपर्यवसायिनः, किन्तु तद्विभूतिपर्यवसायिनस्तत्प्रति-पाद्यगोपालादिमन्त्रदेवतानां मन्त्राधीनत्वात्, पुरुषोत्तमस्य तु "न रोध-यति मां योगो न साङ्ख्यं धर्म उद्धवे"त्यादिवचनैः सर्वानधीनत्वोक्तिपूर्वकं केव-लभक्त्यधीनत्वनिरूपणेन स्पष्टमेव वैलक्षण्यमिति न तदुक्तप्रकारस्य भक्तिमार्गी-यत्वमित्येतज्ज्ञापनार्थमुक्तं **कृष्णभक्ति**कृदिति । यदि स्वकीयानां स्वमार्गीयभज-नप्रकारं स्वयं कृत्वा न शिक्षयेत् तदा स्वमार्गीयभजनप्रकाराज्ञानात् स्वकीया-नामपि प्रकारान्तरभजनकरणेन तत्कृतभजनस्य भक्तिमार्गीयत्वमेव न स्यादित्यत उक्तं **जनशिक्षाकृते कृष्णभक्तिकृ**दिति । स्वकरणोक्त्या स्वमार्गे भगवद्भजन-स्यैव पुरुषार्थत्वं नान्यस्यापीतिज्ञापनायाप्युक्तं **जनशिक्षे**त्यादि । भक्तिमार्गे भज-नीयस्य पुरुषोत्तमत्वेन पूजामार्गे पूज्यदेवतायाः पुरुषोत्तमविभूतित्वेन पूजाभक्ति-मार्गयोरपि फलतारतम्यमुक्तं भवतीति नातःपरमधिकं वाच्यमिति सर्वमवदातं । **कृष्णपदस्य** फलवाचकत्वेनै**तन्मार्गीयभजनस्य फलरूपत्वमेव न तु**

**मार्गान्तरीयभजनवत् साधनरूपत्वमपी**ति ज्ञापितं । यद्यपि भक्तिपदस्य स्नेहवाचकत्वेपि यद्भजनपरत्वमुक्तं तत् **स्नेहस्य कृतिसाध्यत्वाभावादत्र च भक्तेः कृतिसाध्यत्वोक्त्या भक्तिपदं भजनपरमेव न स्नेहपर**मितिज्ञापनायोक्तं **भक्तिकृ**दिति ।

ननु स्वीयानां स्वमार्गीयभजनशिक्षार्थं स्वस्यैवैतावत्करणस्य किम्प्रयोजनमित्याशङ्कानिरासायाह**निखिलेष्टद** इति, **निखिलं** यत् स्वमार्गीय**मिष्टं** भगवत्स्वरूपसम्बन्धि वाञ्छितं तद्ददातीति निखिलेष्टदः । यदि स्वयमेतावत् कृत्वा स्वीयानां स्वमार्गीयभजनं न शिक्षयेत् तर्हि स्वमार्गे भजनमेव मुख्यमिति स्वीयानां तदज्ञानान्**निखिलेष्टद**त्वमेव न स्यादत उक्तं **निखिलेष्टद** इति ॥ १२ ॥

'જો કે લૌકિકનું અનુકરણ કરતા હોવા છતાં (આચાર્યશ્રી) પુરુષોત્તમ છે એમ તર્ક સાથે જણાવ્યું, છતાં પણ તેઓશ્રી શુદ્ધ ફલરૂપ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારા છે, અને તે (માર્ગ) શ્રુતિ સ્મૃતિ વિગેરે અનેક પ્રમાણોથી સર્વથી અધિક હોવાનું જણાવનારા છે, અને પોતે પ્રકટ કરેલ ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોને તે માર્ગ જણાવીને તેમને કૃતાર્થ કરનારા છે, એ વિગેરે પુરુષોત્તમના સ્વરૂપમાં પણ નહિ જણાતા (ગુણો) તેમનામાં કેમ જણાય ? તેનું કારણ શું ?' એવી શંકા થાય, તેથી (આચાર્યશ્રી) પુરુષોત્તમના મુખ્ય અવયવરૂપ પણ હોવાથી તે ગુણો (તેમનામાં) જણાય છે, એમ જણાવવા, તેનું કારણ બનેલ નામ કહે છે કેઃ–

(૨૧) વૈશ્વાનર (૨૨) વલ્લભાખ્ય (૨૩) સદ્રૂપ (૨૪) સતાં હિતકૃત્ (૨૫) જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્ (૨૬) નિખિલેષ્ટદ.

(૨૧) 'વૈશ્વાનર' શબ્દથી 'અગ્નિ મુખ છે' એ શ્રુતિમાં અગ્નિને પુરુષોત્તમનું મુખ કહેલું હોવાથી તેમના મુખરૂપ અગ્નિને આધિદૈવિક આનંદરૂપ અને મુખમાં વાણી પણ હોવાથી વાણીરૂપ કહ્યા. આચાર્યશ્રી પુરુષોત્તમની વાણીરૂપ હોવાથી, તેઓશ્રી શુદ્ધ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવનારા હોવામાં જે શંકાઓ કરી તે બધી દૂર કરી (એમ) જાણવું. 'તેમાં કાંઈક અધિક આવ્યું, પણ તેની હાનિ થઈ નથી' એ નિયમ પ્રમાણે કાંઈ પણ અયોગ્યતા નથી.

(૨૨) '(આચાર્યશ્રી) વૈશ્વાનર હોવાથી પુરુષોત્તમના મુખારવિંદરૂપ અલૌકિક અગ્નિરૂપ હોઈ સહન ન થઈ શકે તેવા તેજવાળા હોવાથી, ભક્તોને સેવા કરતાં પીડા કરનાર થતાં, સેવા થઈ ન શકે' એવી શંકા થાય, તેથી (તેઓશ્રી) તેજરૂપ હોવા છતાં સેવા કરવામાં પીડા કરે તેવા નથી એમ જણાવવા 'વલ્લભાખ્ય' એ (નામ) કહેલું છે. 'વલ્લભ' એવી 'આખ્યા' એટલે નામ છે જેમનું તે 'વલ્લ-

ભાખ્ય'. પહેલાનાં નામમાં 'વૈશ્વાનર' કહી, પછીના નામમાં 'વલ્લભાખ્ય' કહ્યું તેનો આશય નીચે પ્રમાણે છે. 'જેમ શીઆળામાં અગ્નિ સ્વભાવથી પણ બધાઓની ટાઢ દૂર કરનારો હોઈ પ્રિય થાય છે, પરંતુ તે સિવાયના સમયમાં પણ (પ્રિય) થતો નથી, તેની પેઠે આચાર્યશ્રીના સેવકોને પણ આચાર્યશ્રી સદા અલૌકિક તેજ પ્રકટ કરનારા હોવાથી લૌકિક અગ્નિની પેઠે કોઈ સમયે સુખ આપનારા થતા હશે અને કોઈ સમયે (તેવા) નહિ હોય' એવી શંકા દૂર કરવા પણ 'વલ્લભાખ્ય' એ (નામ) કહેલું છે. તેનો આશય નીચે પ્રમાણે છે. લૌકિક અગ્નિ પ્રાકૃત હોવાથી તેનું તેજ થોડું અથવા વધારે થવાના ભેદને લીધે તે કોઈ સમયે પ્રિય હોય છે અને કોઈ સમયે પ્રિય નથી હોતો, એવી વ્યવસ્થા તેના સંબંધમાં સદાની છે. આચાર્યશ્રી તો પુરુષોત્તમના મુખરૂપ હોવાથી, તેમનું તેજ પણ આનંદરૂપ હોવાથી સદા ઘણું પ્રિયજ હોય છે, પરંતુ કોઈ સમયે (તેનાં) પ્રિયપણામાં ભેદ પણ થતો નથી, એમ જણાવવા પણ 'વલ્લભાખ્ય' એ (નામ) કહેલું છે.

(૨૩) 'લોકમાં સદા પ્રિય પદાર્થ હોય તે પણ કોઈક કારણથી કોઈક સમયે અપ્રિય પણ જણાય છે, તેમ ચાલુ વિષયમાં પણ કોઈક સમયે કારણને લીધે તેવું (અપ્રિયપણું) થશે' એવી શંકા દૂર કરવા 'સદ્રૂપ' એ (નામ) કહેલું છે. આનો અર્થ નીચે પ્રમાણે છે. વસ્તુનો વિચાર કરતાં સુખજ પોતાથી જ પ્રિય હોય છે, પરંતુ બીજું કાંઈ (તેવું) હોતું નથી. બીજું જે પ્રિય હોય છે તે સુખ કરાવનારૂં હોવાથી, પરંતુ સુખરૂપથી નહિ. લૌકિક પદાર્થો પ્રકૃતિના સંબંધવાળા હોવાથી પોતાથી સુખરૂપ નથી, તેથી અમુક સમયે સુખનાં કારણરૂપ તરીકે તેઓ પ્રિય થાય છે, પરંતુ સુખરૂપ તરીકે સદા પ્રિયજ હોતા નથી. આચાર્યશ્રી તો પુરુષોત્તમના મુખરૂપે હોઈ આનંદરૂપ હોવાથી સ્વભાવથી તેજ પ્રિય હોવાથી, 'લૌકિક પદાર્થની પેઠે તે પ્રિય(પણા) ના કારણરૂપ છે' એવી શંકા દૂર કરવા 'સદ્રૂપ' એ (નામ) કહેલું છે. 'સદ્રૂપ' શબ્દથી માત્ર હોવાપણુંજ કહેલું નથી, 'પરંતુ ઉપલક્ષણથી સચ્ચિદાનંદરૂપપણું કહેલું છે, તેથી અહિં લૌકિક પૂર્વપક્ષ માટે તકજ સંભવતી નથી. આ બધું હૃદયમાં રાખીને 'સદ્રૂપ' એ (નામ) કહેલું છે.

(૨૪) "પહેલાના નામમાં 'સદ્રૂપ' કહીને સચ્ચિદાનંદરૂપ તરીકે (આચાર્યશ્રી) અનંત આનંદરૂપ હોવાથી ભક્તોને સદા પ્રિય છે એમ સિદ્ધ કર્યું, છતાં પણ પ્રિય પ્રતિ પોતાના સ્વભાવને અનુસરી મનોરથ ઉત્પન્ન થાય તે જરૂરી હોવાથી, તે પૂરો ન થવાથી ઉત્પન્ન થએલા દુ:ખથી તેમના અંશમાં પ્રિયપણાના અંશનો પણ તિરોભાવ થવાનું સંભવે" એવી શંકા દૂર કરવા 'સતાં હિતકૃત્' એ (નામ) કહેલું છે. 'સતાં' એટલે ભક્તોને તેમના જૂદા જૂદા ભાવોના ભેદથી જૂદા જૂદા મનોરથો પૂર્ણ કરી, (આચાર્યશ્રી) તેમણે ઇચ્છેલું (ફલ) જ પ્રાપ્ત કરાવે છે. પરંતુ તે પ્રાપ્ત કરાવવામાં વિલંબ પણ સહન કરતા નથી એમ જણાવવા 'સતાં

હિતકૃત્' એ ( નામ ) કહેલું છે. આથી ( આચાર્યશ્રી ) સદા પ્રિય હોવામાં અયોગ્યતા હોવાના પૂર્વપક્ષનું ખંડન કર્યું.

( ૨૫ ) જો કે પહેલાં કહેલાં પોતાનાં નામોથી પોતાનાં ભક્તોને પોતાનું સ્વરૂપ અને પોતાના માર્ગનું ફલ જણાવ્યાં, ( છતાં ) પોતાના માર્ગનો ભગવાનનું ભજન કરવાનો પ્રકાર જણાવ્યો નથી. તે તો માત્ર વાણીથી જાણી ( જણાવી ) શકાય તેવો નહિ હોવાથી, તેમને ભજનના પ્રકારનો બોધ કરવા ( આચાર્યશ્રી ) પોતે ભજન કરેછે, એમ જણાવવા આ 'જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્' એ ( નામ ) કહે છે. 'જન' એટલે સેવકો, તેમને 'શિક્ષા' બોધ, 'કૃતે' તે પ્રયોજનથી 'કૃષ્ણ' સદાનંદ ફલરૂપ શ્રીકૃષ્ણની 'ભક્તિ' ભજન, તે 'કૃત્' કરનારા ( આચાર્યશ્રી ) છે, એવો અર્થ છે. ભગવાનના ભજનના પ્રકારો પુરાણ તથા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છેજ, તેમનીદ્વારા પોતાના ( સેવકો ) ને બોધ પ્રાપ્ત થાય તેમ હોવા છતાં પણ બોધ કરવા જે પોતે ભજન કરનારા છે એમ કહ્યું તેનો આશય નીચે પ્રમાણે છે. જો કે પુરાણ શાસ્ત્રોમાં ભજનના પ્રકારો છે, પરંતુ તે ભક્તિમાર્ગના નથી. પૂજામાર્ગના હોવાથી પુરુષોત્તમના સંબંધના નથી, પરંતુ તેમની વિભૂતિમાં પરિણમનારા છે, કારણકે તેમાં જણાવેલા ગોપાલમંત્ર વિગેરેના દેવતાઓ મંત્રને અધીન છે. 'મને સાંખ્યનું બંધન નથી' વિગેરે વચનોથી પુરુષોત્તમ તો સર્વને ( કોઈને ) અધીન નથી એમ કહીને માત્ર ભક્તિને અધીન હોવાનું કહેલું હોવાથી, ( એમાં ) ભેદ સ્પષ્ટ છે. તેથી તે ( પુરાણ તથા શાસ્ત્રો )માં કહેલો પ્રકાર ભક્તિમાર્ગનો નથી, એમ જણાવવા 'કૃષ્ણભક્તિકૃત્' એ ( નામ ) કહેલું છે. જો પોતાના ( સેવકો ) ને પોતાના માર્ગના ભજનનો પ્રકાર પોતે કરીને શીખવે નહિ, તો પોતાના માર્ગના ભજનના પ્રકારનું જ્ઞાન ન હોવાથી પોતાના ( સેવકો ) પણ બીજા પ્રકારથી ભજન કરે, તેથી તેમણે કરેલું ભજન ભક્તિમાર્ગનુંજ ન થાય. તેથી 'જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્' એ ( નામ ) કહેલું છે. પોતે ( ભજન ) કરે છે એમ કહે, તેથી પોતાના માર્ગમાં ભગવાનનું ભજનજ પુરુષાર્થ છે, બીજું કાંઈ નથી, એમ જણાવવા 'જનશિક્ષા...' એ ( નામ ) કહ્યું. પૂજામાર્ગમાં પૂજા કરવા યોગ્ય દેવતા પુરુષોત્તમની વિભૂતિ હોવાથી અને ભક્તિમાર્ગમાં ભજન કરવા યોગ્ય પુરુષોત્તમ હોવાથી, પૂજામાર્ગ અને ભક્તિમાર્ગના ફલનો ભેદ પણ આથી કહેવાયો. તેથી હવે કાંઈ વધારે કહેવાનું ન હોવાથી સર્વ બરાબર છે. 'કૃષ્ણ' શબ્દ ફલ જણાવનાર હોવાથી, આ માર્ગનું ભજન ફલરૂપજ છે, પરંતુ બીજા માર્ગના ભજન પેઠે સાધનરૂપ નથી એમ પણ જણાવ્યું. જોકે 'ભક્તિ' શબ્દનો અર્થ સ્નેહ પણ થાય છે, છતાં પણ જે ભજનમાં તત્પર રહેવાનું કહ્યું, તે 'ભક્તિકૃત્' ( નામ ) એમ જણાવવા કહેલું છે કે સ્નેહ પ્રયાસથી થઈ શકે તેવો નહિ હોવાથી, અને અહિં ભક્તિ પ્રયાસથી થાય તેવી જણાવી હોવાથી, ( અહિં ) 'ભક્તિનો' અર્થ ભજન જ છે, સ્નેહ નથી.

(२६) 'પોતાના (સેવકો)ને પોતાના માર્ગના ભજનનો બોધ કરવા પોતાને આટલું કરવાનું શું પ્રયોજન?' એની શંકા દૂર કરવા 'નિખિલેષ્ટદ' એ (નામ) કહેલું છે. 'નિખિલ' એટલે પોતાના માર્ગનું બધું 'ઇષ્ટ' ભગવાનના સ્વરૂપના સંબંધવાળું જે ઇચ્છેલું હોય, તે સર્વ 'દ' આપનારા (આચાર્યશ્રી) છે. જો પોતે આટલું કરીને પોતાના (સેવકો)ને પોતાના માર્ગનું ભજન શીખવાડે નહિ, તો પોતાના માર્ગમાં ભજન જ મુખ્ય હોવાથી, પોતાના (સેવકો)ને તેનું જ્ઞાન ન હોવાથી 'બધું આપનારપણું' જ ન હોય. તેથી 'નિખિલેષ્ટદ' એ (નામ) કહેલું છે. ૧૨

**सर्वलक्षणसम्पन्नः श्रीकृष्णज्ञानदो गुरुः ॥**
**स्वानन्दतुन्दिलः पद्मदलायतविलोचनः ॥ १३ ॥**

एवं पूर्वनाम्नि **निखिलेष्टद**त्वमुक्त्वापि यत् **सर्वलक्षणसम्पन्न** इत्युक्तं तस्यायमर्थः । **सर्वलक्षणसम्पन्न** इति, भक्तिमार्गीयभजनशिक्षणेन यन्निखिलेष्टदत्वमुक्तं तावतैव भक्तिमार्गीयसर्वेष्टदातृत्वं न सिद्धं किन्तु भक्तिमार्गस्यानेकविधान्येव लक्षणानि सन्ति भावभेदकृतानि, तद्दातृत्वव्यतिरेकेण न सर्वार्थदातृत्वं (सम्भवति तद्दातृत्वं) तल्लक्षणसम्पत्तिव्यतिरेकेण न सम्भवतीति तद्दातृत्वसामर्थ्यज्ञापनार्थमुक्तं **सर्वलक्षणसम्पन्न** इति ।

तद्दातृत्वमेव प्रकटयन्ति **श्रीकृष्णज्ञानद** इति । **श्रीकृष्ण**पदेन रसात्मकभक्तसाहित्योक्त्या भक्तिमार्गीयफलात्मकत्वमुक्तं, तस्य यज्**ज्ञानं** तद्ददातीति **श्रीकृष्णज्ञानदः** । ननु भगवज्ज्ञानोत्पत्तिप्रकारा गीताभागवतादावुक्ता एवेति तैरेव ज्ञानसिद्धौ किमेतज्ज्ञानदानेनेति चेत् सत्यं, यद्यपि तत्र ज्ञानप्रकारा उक्तास्तथापि क्वचित् सर्वात्मकत्वेन क्वचिज्जगद्व्यापकत्वेन क्वचित् केवलज्ञानात्मकत्वेन न तु "रसो वै स" इतिश्रुतिप्रतिपाद्यरसात्मकत्वेनापि निरूपितास्तेषाम्मर्यादामार्गीयत्वादाचार्यप्रकटितभक्तिमार्गाङ्गीकृतानां ते न मनोरमा इति स्वमार्गीयज्ञानविषयस्य तद्वैलक्षण्यज्ञापनार्थं **श्रीकृष्णज्ञानद** इत्युक्तं । यद्यपि **शुककपिलनारदादीनां** ज्ञानदातृत्वमस्ति तथापि तेषां **मर्यादामार्गीय**त्वात्तद्दत्तज्ञानस्यापि मर्यादामार्गीयत्वमेवेति न त्वाचार्याणामिव शुद्धपुष्टिमार्गीयज्ञानदातृत्वमपीतिज्ञापनार्थमुक्तं **श्रीकृष्णज्ञानद** इति ।

पूर्वं **श्रीकृष्णज्ञानद** इति यदुक्तं तद्धेतुभूतन्नामाहुर्**गुरु**रिति। यो यन्मार्गीयोपदेष्टा यन्मार्गीयफलदाता च स तस्मिन्मार्गे **गुरु**र्भवति यथा कपिलादयः, तथा शुद्धपुष्टिमार्गोपदेष्टृत्वं तन्मार्गीयफलदातृत्वञ्च**आचार्याणामेव** नान्येषामपीतिज्ञापनायोक्तं **गुरु**रिति।

ननु यद्यपि कपिलस्य मातरं प्रति योगमार्गोपदेष्टृत्वं वर्तते तथापि "भक्तियोगो बहुविध" इतिवचनात् केवलमर्यादामार्गीयभक्तिमार्गोपदेष्टृत्वमपि श्रूयत आचार्याणान्तु प्रसङ्गादपि शुद्धपुष्टिमार्गादतिरिक्तभक्तिमार्गानिरूपणे को हेतुरिति चेत्तत्राहुः **स्वानन्दतुन्दिल** इति। स्वस्य य **आनन्द**स्तेनैव **तुन्दिलो**ऽतिपुष्ट इत्यर्थः, आनन्दे **स्व**पदोपादानेनागणितो मनोरथान्तो य आनन्दस्तेनैवात्यन्तपुष्टत्वनिरूपणेन तदतिरिक्तस्य सर्वस्याप्यतितुच्छत्वेनास्य च सर्वविस्मारकत्वेनेतरानुसन्धानाभावात् प्रसङ्गादपि नान्यभक्तिमार्गनिरूपकत्वमितिज्ञापनायोक्तं **स्वानन्दतुन्दिल** इति।

पूर्वनामोक्तानन्दपुष्टत्वज्ञापनायाग्रिमं नामाहुः **पद्मदलायतविलोचन** इति, **पद्मदल**वत् **आयते** विशाले **लोचने** यस्य सः, अत्र लोचनयोः पद्मदलसादृश्यनिरूपणेन शैत्यं सुखदत्वं सौगन्ध्यमारक्तरेखावत्त्वञ्च ज्ञापितं, तेन भक्तानां तल्लोचनदर्शनमत्यन्तसुखदमिति ज्ञापितं, यद्यपि पद्मदलदृष्टान्तनिरूपणेन सूचिता धर्मा लोचनयोः सहजास्तथापि विशब्दोपादानात् पूर्वोक्तानन्दवैशिष्ट्यमपि ज्ञापितम् ॥ १३ ॥

(૨૭) સર્વલક્ષણસંપન્ન (૨૮) શ્રીકૃષ્ણજ્ઞાનદ (૨૯) ગુરુ (૩૦) સ્વાનંદતુંદિલ (૩૧) પદ્મદલાયતવિલોચન. ૧૩.

(૨૭) એવી રીતે પહેલાના નામમાં 'નિખિલેષ્ટદ' (સર્વ ઇચ્છેલું આપનાર) એમ કહેલ હોવા છતાં પણ જે 'સર્વલક્ષણસંપન્ન' કહ્યું, તેનો અર્થ નીચેપ્રમાણે છે. ભક્તિમાર્ગનું ભજન શીખવવાને લીધે જે 'નિખિલેષ્ટદ' કહ્યું. તેટલાથી જ ભક્તિમાર્ગીય સર્વ ઇચ્છેલું આપનાર હોવાપણું સિદ્ધ થતું નથી, પરંતુ ભક્તિમાર્ગના જૂદા જૂદા ભાવને લીધે થએલાં અનેક પ્રકારનાં લક્ષણો છે. તે આપનાર ( આચાર્યશ્રી )ન હોય તો, ( તેમનામાં ) બધા પુરુષાર્થ આપવાપણું સંભવતું નથી. તે આપનારપણું તેના લક્ષણોની સંપત્તિ વિના સંભવતું નથી, તેથી તેવું આપવાનું સામર્થ્ય છે એમ જણાવવા 'સર્વલક્ષણસંપન્ન; (સર્વલક્ષણવાળા) એ (નામ) કહેલું છે. ( ૨૮ ) 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' એ ( નામ )થી તેવું આપનાર હોવાપણું પ્રકટ કરે છે.

'શ્રીકૃષ્ણ' શબ્દથી રસરૂપ ભક્તો સાથે ( ભગવાન ) હોવાનું કહેલું હોવાથી ભક્તિ માર્ગના ફલરૂપ કહેલા છે. તેમનું 'જે જ્ઞાન' તે 'દ' આપેછે તેથી 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' એ ( નામ ) કહેલું છે 'ભગવાનનું જ્ઞાન થવાના પ્રકારો ગીતા ભાગવત વિગેરેમાં કહેલા છે, તેમનું જે 'જ્ઞાન' તે 'દ' આપે છે, તેથી 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' એ ( નામ ) કહેલું છે, 'ભગવાનનું જ્ઞાન થવાના પ્રકારો ગીતા ભાગવત વિગેરેમાં કહેલા છેજ, તેથી તેમનાથીજ જ્ઞાન પ્રાપ્ત થતું હોવાથી આ જ્ઞાન આપવાનું ( આચાર્યશ્રીને ) શું પ્રયોજન એવી શંકા થાય, તો જાણવું કે જોકે તેમાં જ્ઞાનના પ્રકારો કહેલાં છે, ક્યાંક માત્ર જ્ઞાનરુપ ( કહેલા છે ), પરંતુ 'તે ખરેખર રસ છે' એ શ્રુતિમાં જણાવેલ રસરુપથી જણાવેલા નથી. તે ( તેમાં કહેલા ) પ્રકારો મર્યાદામાર્ગના હોવાથી આચાર્યશ્રીએ પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં જેમનો અંગીકાર થએલો છે તેમના મનને આનંદ કરનારા નથી. તેથી પોતાના માર્ગમાં જેમનું જ્ઞાન કરવાનું છે તે જૂદા છે એમ જણાવવા 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' એ ( નામ ) કહેલું છે. જો કે શુક કપિલ નારદ વિગેરે જ્ઞાન આપનારા છે, છતાં પણ તેઓ મર્યાદામાર્ગના હોવાથી તેમણે આપેલું જ્ઞાન પણ તે માર્ગનુંજ છે, તેથી તેઓ આચાર્યશ્રીની પેઠે શુદ્ધપુષ્ટિમાર્ગનું જ્ઞાન આપનારા નથી, એમ પણ જણાવવા 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' એ ( નામ ) કહેલું છે.

( ૨૯ ) પહેલાં 'શ્રીકૃષ્ણજ્ઞાનદ' એ નામ કહ્યું, તેના કારણરુપ નામ, 'ગુરૂ' કહે છે. જે જે માર્ગનો ઉપદેશ કરનાર અને જે માર્ગનું ફલ આપનાર હોય, તે તે માર્ગનો ગુરૂ છે. જેમકે કપિલ વિગેરે. તેવી રીતે શુદ્ધ પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરનાર અને તે માર્ગનું ફલ આપનાર આચાર્યશ્રીજ છે બીજા નથી એમ પણ જણાવવા 'ગુરૂ' એ ( નામ) કહેલું છે.

( ૩૦ ) "જો કે કપિલે ( પોતાની) માતાને યોગમાર્ગનો ઉપદેશ કર્યો, છતાં પણ 'ભક્તિમાર્ગ બહુ પ્રકારનો છે' એમ કહેલું હોવાથી માત્ર મર્યાદામાર્ગની ભક્તિમાર્ગનો ઉપદેશ કર્યો એમ પણ જણાય છે. આચાર્યશ્રીએ તો પ્રસંગને લીધે પણ શુદ્ધ પુષ્ટિમાર્ગથી જૂદા ભક્તિમાર્ગનું નિરૂપણ કરેલું નથી' તેનું શું કારણ ?" એવી શંકા થાય, તેથી 'સ્વાનંદતુંદિલ' એ ( નામ ) કહેલું છે. 'સ્વ' પોતાનો જે 'આનંદ' તેનાથી જ 'તુંદિલ' ઘણાપુષ્ટ ( આચાર્યશ્રી છે ) એવો અર્થ છે. આનંદને 'સ્વ' પોતાનો કહ્યો, તેથી અગણિત મનોરથો પૂર્ણ કરનારો જે આનંદ, તેનાથીજ અત્યંત પુષ્ટ થયેલા કહ્યા. તેથી તે સિવાયનું બધુંએ અત્યંત તુચ્છ હોવાથી અને આ ( પોતાનો આનંદ ) બધાને ભૂલાવનારો હોવાથી બીજા ( ફલ ) નું ( આચાર્યશ્રીને ) અનુસંધાન રહેતું નહિ હોવાથી પ્રસંગને લીધે પણ તેમણે બીજા ( ભક્તિમાર્ગનું નિરૂપણ કરેલું નથી, એમ જણાવવા 'સ્વાનંદતુંદિલ' એ નામ કહેલું છે.

( ૩૧ ) એ પ્રમાણે પહેલાના નામમાં કહેલ આનંદથી પુષ્ટ હોવાપણું જણાવવા, પછીનું 'પદ્મદલાયતવિલોચન', એ નામ કહેલું છે. 'પદ્મદલ', કમલનાં

પત્ર જેવાં 'આયત' વિશાલ છે 'લોચન' એ નયનો જેમનાતેવા (આચાર્યશ્રી છે). અહિં નયનોને કમલનાં પત્ર જેવાં કહ્યાં તેથી (તેમને) સુખ આપનાર સુગંધવાળા અને સ્હેજ લાલ રેખાવાળાં જણાવેલાં છે. તેથી ભક્તોને તે નયનોનું દર્શન ઘણું સુખ આપનારૂં છે એમ જણાવેલું છે. જો કે કમલના પત્રનું દૃષ્ટાંત કહ્યું, તેથી સૂચવેલા ગુણો નયનમાં કુદરતી છે, છતાં પણ 'વિ' શબ્દ મૂકેલો છે, તેથી એમ પણ જણાવેલ છે કે પહેલાં જણાવેલો આનંદ ઉત્તમ છે. ૧૩.

एवमाचार्यविलोचनस्वरूपं निरूप्य स्वीयभक्तेषु तत्कार्यमाहुः **कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रिय** इति ।

**कृपादृग्वृष्टिसंहृष्टदासदासीप्रियः पतिः ॥**
**रोषदृक्पातसम्प्लुष्टभक्तद्विड् भक्तसेवितः ॥ १४ ॥**

**कृपायुक्ता दृशः** कृपाकटाक्षास्तासां या **वृष्टयो** निरन्तरं वर्षणानि सर्वतः प्लावनं ताभिः **संहृष्टा** अत्यन्तमानन्दिता **दासा दास्यश्च** तेषां **प्रियः,** दृष्टिजनितहर्षे सम्यक्त्वकथनात् वृष्टिजनितार्द्रतायास्तदीयेषु न कदाचिदपगम इति ज्ञापितं, अथवा **कृपादृग्वृष्टिसंहृष्टदासदास्यः प्रिया** यस्य स तथा ।

यद्यपि पतित्वं लोकेपि दृश्यते तथापि तत्र पतित्वलक्षणाभावात्पतित्वमौपचारिकमेव न स्वाभाविकमाचार्येषु तु "स वै पतिः स्यादकुतोभयः स्वयं समन्ततः पाति भयातुरञ्जन"मितिलक्षणं पतित्वमत्रैवास्ति, स्वस्य कालादिभयराहित्येन स्वशरणगतानां कालादिभयनिवारकत्वेन पूर्वोक्तं पूर्णं पतित्वलक्षणमत्रैवास्ति नान्येष्वपीतिज्ञापनायोक्तं **पति**रिति ।

ननु पतित्वेन स्वीयानां कालादिभयनिवर्तकत्वमस्तु तथापि लोकोत्पन्नासुरजीवानां स्वप्रतिपक्षत्वेन तद्द्वेषकारित्वं भविष्यतीत्याशङ्क्य तद्भयनिवारकत्वसामर्थ्यमप्यत्रास्तीतिज्ञापनायाहुः **रोषदृक्पातसम्प्लुष्टभक्तद्वि**डिति, **रोष**सहिता या **दृक्** कटाक्षस्तस्याः **पात**स्तेन **सम्यक्**प्रकारेण **प्लुष्टा** दग्धा भक्तद्विषो **येन** सः, दाहे सम्यक्त्वोक्त्या दग्धानां पुनरुत्थानाभावः सूचितः, अत्र भक्तद्विषामेव दाहकथनेनोदासीनेषु रोषदृक्पाताभावाद्दाहाभावः सूचितः ।

यद्यपि **भक्तसेवित**त्वं सदास्त्येव तथापि **भक्तसेवित**त्वकथनेन पूर्वोक्तनामप्रकटितसामर्थ्यदर्शनेन लौकिकस्वानिष्टनिवर्तकज्ञानजनितानन्दविशेषभरेण क्षणमात्रमपि सेवावियोगासहिष्णुतया भक्तानां सेवाकरणत्वज्ञापनायोक्तं **भक्तसेवित** इति ॥ १४ ॥

( ૩૨ ) કૃપાદગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિય ( ૩૩ ) પતિ ( ૩૪ ) રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્ ( ૩૫ ) ભક્તસેવિત.

( ૩૨ ) એવી રીતે આચાર્યશ્રીનાં નયનોનાં સ્વરૂપનું નિરૂપણ કરી, પોતાના ભક્ત પ્રતિ તેઓનું કાર્ય 'કૃપાદ્ગ્વૃષ્ટિસંહૃષ્ટદાસદાસીપ્રિય' એ ( નામ ) થી કહે છે. કૃપાદૃક્' કૃપાવાળી જે દષ્ટિઓ એટલે કૃપાકટાક્ષો, તેમની જે વૃષ્ટિ, વૃષ્ટિઓ એટલે કાયમનું વરસવું, સર્વ તરફથી ભરપૂર કરવું, તેનાથી 'સંહૃષ્ટ' ઘણા આનંદ પામેલા 'દાસ' અને 'દાસી'ઓ તેમના પ્રિય ( આચાર્ય છે). દૃષ્ટિથી થતા હર્ષને 'સં' ઘણો કહ્યો તેથી એમ જણાવેલું છે કે તેનાથી તેમના સેવકોમાં થએલું આર્દ્રપણું કોઈસમયે નાશ પામતું નથી. અથવા કૃપાવાળી દૃષ્ટિઓથી ઘણો આનંદ પામેલા દાસો અને દાસીઓ પ્રિય છે જેમને તેવા ( આચાર્યશ્રી છે).

(૩૩) જો કે દાસો અને દાસીઓના પ્રિય કહ્યા, તેથીજ 'પતિ' હોવાનું પ્રાપ્ત થયું, છતાં પણ ફરી 'પતિ' કહ્યા, તેનો આશય નીચે પ્રમાણે છે જો કે પતિપણું લોકમાં જોવામાં આવે છે, છતાં પણ ત્યાં પતિપણાનાં લક્ષણો નહી હોવાથી, પતિપણું ગૌણુજ છે, સ્વાભાવિક નથી. 'જેને પોતાને કોઈ તરફથી ભય નથી અને જે ભયથી દુઃખી થયેલા પુરૂષનું સર્વતરફથી રક્ષણ કરે તે પતિ છે' એવા લક્ષણવાળું પતિપણું અહિં આચાર્યશ્રીમાંજ છે. પોતે કાલ વિગેરેના ભય વિનાના રહી પોતાને શરણ આવેલાના કાલ વિગેરેના ભયને દૂર કરનારા હોઈ, પતિપણાંનું પુરેપુરૂં લક્ષણ અહિં ( આચાર્યશ્રીમાં ) જ છે, બીજામાં નથી, એમ પણ જણાવવા ' પતિ ' એ ( નામ ) કહેલું છે.

(૩૪) '( આચાર્યશ્રી ) પતિ હોવાથી પોતાના (સેવકો) ના કાલ વિગેરેના ભયને દૂર કરનાર ભલે હોય, છતાં પણ લોકમાં ઉત્પન્ન થએલા આસુરી જીવો પોતાના વિરોધી હોવાથી, તેમનો ( સેવકોનો) રોષ કરશે' એવી શંકા દૂર કરવા તેમના ભયને દૂર કરવાનું સમર્થ્ય પણ અહિં ( આચાર્યશ્રીમાં) છે એમ જણાવવા 'રોષદૃક્પાતસંપ્લુષ્ટભક્તદ્વિટ્' એ (નામ) કહેલું છે. ' રોષ ' સાથેની જે 'દૃક્' કટાક્ષ, તેની 'પાત' તેનાથી 'સંપ્લુષ્ટ' સારી રીતે બાળેલા છે ' ભક્તદ્વિટ્' ભક્તોના શત્રુઓ જેમણે તેવા (આચાર્યશ્રી છે). સારી રીતે બાળેલાં કહ્યા, તેથી તેઓ ફરી ઉઠવાના નથી, એમ સૂચવેલું છે. અહિં ભક્તોના શત્રુઓનેજ બાળેલા કહેલ હોવાથી, જેઓ ( ભક્તપ્રતિ) ઉદાસીન છે તેમના ઉપર રોષવાળા કટાક્ષ પડતા નહિ હોવાથી, ( તેમને ) બાળેલા નથી, એમ સૂચવેલું છે.

( ૩૫ ) જો કે ( આચાર્યશ્રી ) ભક્તોથી સદા સેવાએલા જ છે, છતાં પણ 'ભક્તસેવિત' ભક્તોથી સેવાએલા કહ્યા, તેથી એમ જણાવેલું છે કે પહેલાં કહેલ નામનાં પ્રકટ કરેલ સામર્થ્ય જોઈને, ( આચાર્યશ્રી) પોતાનું લૌકિક અનિષ્ટ દૂર કરનારા છે એવા જ્ઞાનથી ભક્તોને થએલ અતિશય આનંદને લીધે તેઓ એક ક્ષણ

પણ (તેમની) સેવાથી વિખુટા રહેવાનું સહન કરી શકતા નથી. તેથી 'ભક્ત-સેવિત' એ (નામ) કહેલું છે. ૧૪

'ભક્તો' ઘણા હોવાથી અનેક પ્રકારના ભાવવાળા છે. તેથી બધાના સર્વભાવ સંપૂર્ણ કરાવનારા તરીકે (આચાર્યશ્રીની) સેવા થવાનું સંભવતું નથી, એવી શંકા દૂર કરવા કહે છે કે;

**सुखसेव्यो दुराराध्यो दुर्लभाङ्घ्रिसरोरुहः ।**
**उग्रप्रतापो वाक्सीधुपूरिताशेषसेवकः ॥ १५ ॥**

ननु भक्तानां बाहुल्यादनेकविधभाववत्त्वेन सर्वेषां सर्वभावपूर्तिसम्पादकत्वेन सेवनं न भविष्यतीत्याशङ्कानिरासायाहुः **सुखसेव्य** इति, सुखेनैव सेव्य इत्यर्थः । अस्यायमाशयः, यद्यपि भक्तबाहुल्यमस्ति तथापि यो यद्भावापत्त्या यथा सेवां कर्तुमिच्छति तस्य तद्भावपूर्तिप्रकारेणैव सुखसम्पादकत्वेनैव सेवामङ्गीकरोतीति-ज्ञापनायोक्तं **सुखसेव्य** इति ।

ननु भक्तानां सुखसेव्यत्वं दृष्ट्वान्येषामपि सुखसेव्यत्वं भविष्यतीत्याशङ्का-निरासायाहु**र्दुराराध्य** इति, भक्तातिरिक्तानामप्यतिकष्टेन कदाचित्तोषमात्रजन-कत्वं सम्भवति न तु सेवाकरणमपीतिज्ञापनायोक्तं **दुराराध्य** इति ।

ननु पूर्वं भक्तानामेव सुखसेव्यत्वमुक्त्वान्येषां कष्टेनापि सन्तोषमात्रकथने को हेतुरित्याशङ्कानिरासायाहु**र्दुर्लभाङ्घ्रिसरोरुह** इति । अत्र भक्तानामङ्घ्रिसरोरुहयोः कष्टेन प्राप्यत्वकथनेन तत्कष्टस्यालौकिकत्वमुक्तं भवति, अङ्घ्रिसरोरुहयोरलौकि-कत्वेन लौकिककष्टप्राप्त्यसम्भवात् तेन दुर्लभाङ्घ्रिसरोरुहत्वकथनेन दुःखेन चर-णारविन्दप्राप्त्यार्तिरूपेण प्राप्ये चरणसरोरुहे यस्य सः, यत्र भक्तानामपीयं व्यवस्था तत्रान्येषां तत्सम्बन्धः सुतरां दूरापास्त इति नाधिकं वक्तव्यमिति सर्वमनवद्यम् ।

एवं पूर्वनामार्थनिरूपणेन भक्तातिरिक्तानां सम्बन्धाभावमुपपाद्य संबन्धाभावे पुनर्हेत्वन्तरमप्याहु**रुग्रप्रताप** इति, **उग्रो** भक्तातिरिक्तानामसह्यः **प्रताप**स्तेजो यस्य सः । तेनान्येषान्नैकट्यमपि दुर्लभं कुतः सम्बन्धोपीत्यर्थः । ननु यद्यपि भक्तातिरिक्तेषु तेजसोसह्यत्वमुक्तं, तथापि तेजःस्वभावात् कदाचिद्भक्तेष्वप्यसह्यत्वं भविष्यतीत्याशङ्कानिरासायाग्रिमन्नामाहु**र्वाक्सीधुपूरिताशेषसेवक** इति । एवं सेवकेषु वचनामृतपूरणेन सर्वतापनिवृत्तिरुक्ता, श्रीभागवतार्थनिरूपकवाक्सीधुना

वचनामृतेन बाह्याभ्यन्तरभेदेन पूरिता **अशेषाः** सर्वे **सेवका** येन सः, वचनानां पीयूषत्वोक्त्या सर्वेन्द्रियसुखजनकत्वं सर्वतापनिवर्तकत्वं च ज्ञापितमिति भक्तानां पूर्वोक्ततेजोसह्यत्वाशङ्कानिरासायोक्तं **वाक्सीधुपूरिताशेषसेवक** इति ॥ १५ ॥

(૩૬) સુખસેવ્ય (૩૭) દુરારાધ્ય (૩૮) દુર્લભાંઘ્રિસરોરુહ (૩૯) ઉગ્રપ્રતાપ (૪૦) વાક્સીધુપૂરિતાશેષસેવક. ૧૫.

(૩૬) સુખથીજ સેવા થઈ શકે તેવા (આચાર્યશ્રી છે) એવો અર્થ છે. આનો આશય નીચે પ્રમાણે છે. જો કે ભક્તો ઘણા છે, છતાં પણ જે જે ભાવ પ્રાપ્ત થવાથી સેવા કરવા ઇચ્છે છે, તેનો તે ભાવ પૂર્ણ થાય તેવા પ્રકારેજ સુખ પ્રાપ્ત કરાવીનેજ (આચાર્યશ્રી) સેવાનો અંગીકાર કરે છે એમ જણાવવા-'સુખસેવ્ય' એ નામ કહેલું છે.

(૩૭) 'ભક્તોથી સુખથી સેવા કરાય તેવા (આચાર્યશ્રી) છે એમ જોઈને, બીજાઓથી પણ સુખપૂર્વક સેવા થાય તેવા હશે' એવી શંકા દૂર કરવા 'દુરારાધ્ય' એ (નામ) કહેલું છે. ભક્ત સિવાયનાને ઘણા કષ્ટે કોઈ સમયે (આચાર્યશ્રી) માત્ર સંતોષ કરાવે એ સંભવે છે, છતાં સેવા પણ કરાવે તેવું સંભવતું નથી, એમ જણાવવા 'દુરારાધ્ય' એ (નામ) કહેલું છે.

(૩૮) 'પહેલાં ભક્તોથી જ સુખથી સેવા કરાય તેવા કહીને, બીજાઓને કષ્ટથી પણ માત્ર સંતોષ ઉત્પન્ન કરવાનું કહ્યું તેનું શું કારણ?' એવી શંકા દૂર કરવા 'દુર્લભાંઘ્રિસરોરૂહ' એ (નામ) કહેલું છે. અહિં ભક્તોને (આચાર્યશ્રીના) ચરણકમલની પ્રાપ્તિ કષ્ટથી થાય છે એમ કહ્યું, તેથી તે કષ્ટ અલૌકિક કહેવાયું, કારણ કે ચરણકમલ અલૌકિક હોવાથી, લૌકિક કષ્ટથી તેની પ્રાપ્તિ થવાનું સંભવતું નથી. તેથી 'દુર્લભાંઘ્રિસરોરુહ' કહ્યા, તેથી ચરણારવિંદની પ્રપ્તિની આર્તિરૂપ (કષ્ટ) થી પ્રાપ્ત થાય તેવા છે ચરણકમલ જેમના તેવા (આચાર્યશ્રી છે.) જયાં ભક્તોમાટે પણ આવી વ્યવસ્થા છે તો પછી બીજાઓને તેમનો સંબંધ થવાનું કોઈ રીતે સંભવતું નથી એટલે અધિક કહેવાનું નથી. તેથી (ઉપર કહેલું) સર્વ દોષરહિત છે.

(૩૯) એવી રીતે પહેલાનું નામ કહીને ભક્ત સિવાયનાને (આચાર્યશ્રીનો) સંબંધ રહેતો નથી એમ સિદ્ધ કરીને સંબંધ ન થવાનું પાછું બીજું કારણ 'ઉગ્રપ્રતાપ' એ (નામ) થી પણ કહે છે. 'ઉગ્ર' એટલે ભક્ત સિવાયના સહન ન કરી શકે તેવું 'પ્રતાપ' તેજ છે જેમનું, તેવા (આચાર્યશ્રી છે.) તેથી બીજાઓને (તેમની) સમીપ (જવું) પણ દુર્લભ છે, તો સંબંધ તો કેમજ થાય? એવો અર્થ છે.

(૪૦) 'જો કે ભક્તસિવાયનાથી (આચાર્યશ્રીનું) તેજ સહન થઈ ન શકે તેવું છે એમ કહ્યું, છતાં પણ તેજના સ્વભાવને લીધે કોઈ પ્રસંગે તે ભક્તોથી પણ સહન થઈ ન શકે તેવું થશે' એવી શંકા દૂર કરવા 'વાક્સીધુપૂરિતાશેષસેવક' એવું આગળનું નામ કહે છે. 'વાક્સીધુ' એટલે વચનામૃતથી બહાર અને અંદરથી 'પૂરિત' ભરપૂર કરેલા છે 'અશેષ' સર્વે 'સેવકો' જેમણે, તેવા (આચાર્યશ્રી) છે. વચનોને અમૃત કહ્યું, તેથી બધી ઇંદ્રિયોને સુખ ઉત્પન્ન કરનારું અને સર્વ દુઃખ દૂર કરનારૂં તેને જણાવાયું. તેથી ભક્તો પહેલાં કહેલું તેજ સહન કરી નહિ શકે એવી શંકા દૂર કરવા 'વાક્સીધુપૂરિતાશેષસેવક' એ (નામ) કહેલું છે. ૧૫.

**श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः ॥**
**तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रहः ॥ १६ ॥**

वचनामृतैरपि सेवकानां सर्वतापनिवारकत्वज्ञापनायाहुः **श्रीभागवतपीयूषसमुद्रमथनक्षम** इति । **श्रीभागवत**रूपो **यः पीयूषसमुद्रो**मृतसमुद्रस्तस्य मथने तत्सारोद्धारार्थमालोडने **क्षमः** समर्थ इत्यर्थः । तेन सेवकानां श्रीभागवतार्थाज्ञानजनिततापोपि तदर्थप्रतिपादकसुबोधिन्यादिरूपवचनामृतैरपि निवार्यत इति ज्ञापनायोक्तं **श्रीभागवतपीयूषसमुद्रमथनक्षम** इति ।

पूर्वनाम्नि श्रीभागवतस्यामृतसमुद्रत्वमुपपाद्याचार्याणान्तन्मथनकर्तृत्वमुपपाद्याग्रिमनाम्नि तत्सारोद्धारकर्तृज्ञापनायाग्रिमन्नामाहुस्**तत्सारभूतरासस्त्रीभावपूरितविग्रह** इति । अत्र पूरितविग्रहत्वोक्तेरयमाशयः, यथा क्षीरसमुद्रमथने क्षीरस्यामृतापेक्षया न्यूनत्वादमृतस्यैव सारभूतत्वमुचितमत्र तु समुद्रस्यैवामृतमयत्वाल्लोके तत उत्कृष्टपदार्थस्याभावादेतद्भावादतिरिक्तस्य कस्यापि सारत्वं न सम्भवतीति मुक्त्यपेक्षयाप्यधिकस्य रासस्त्रीभावस्य सारत्वमुक्तं । यथा क्षीरसमुद्रोद्भूतसारस्य भोक्तारो देवा एव नान्ये तथैवैतदुद्भृतसारस्य भोक्तृत्वमाचार्याणामेव नान्यस्यापीति ज्ञापनायोक्तं **तत्सारभूतरासस्त्री**त्यादि, अत्र **विग्रह**स्य **भावपूरित**त्वकथने यथा देवानामन्तरेवामृतपूर्तिर्न बाह्यतः तथा न प्रकृते, आचार्याणां तु बाह्याभ्यन्तरभेदेनैतद्भावपूरितत्वमेव नान्यभावसम्बन्धोपीति ज्ञापनायोक्तं **रासस्त्रीभावपूरितविग्रह** इति ॥ १६ ॥

(૪૧) શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમ (૪૨) તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ. ૧૬.

(૪૧) એ રીતે સેવકોને વચનામૃતથી ભરપૂર કરી (તેમનાં) સર્વ દુઃખ દૂર કરવાનું કહી, શ્રીભાગવતના અર્થ જણાવનારાં વચનામૃતોથી પણ (આચાર્યશ્રી) સેવકોનાં સર્વ દુઃખ દૂર કરે છે એમ જણાવવા 'શ્રીભાગવતપીયૂષસમુદ્રમથનક્ષમ' એ (નામ) કહેલું છે. 'શ્રીભાગવત'રૂપ જે પીયૂષસમુદ્ર' અમૃતનો સમુદ્ર તેનું 'મથન' કરવા એટલે તેનો સાર કાઢવા માટે તેને ડોળી નાખવાની 'ક્ષમ' શક્તિવાળા (આચાર્ય છે), એવો અર્થ છે. તેથી શ્રીભાગવતના અર્થના અજ્ઞાનને લીધે થએલું ભક્તોનું દુઃખ પણ તેનો અર્થ જણાવનાર સુબોધિની વિગેરેરૂપ વચનામૃતોથી પણ દૂર કરે છે એમ જણાવવા 'શ્રીભાગવતપીયૂષસમુદ્રમથન-ક્ષમ' એ (નામ) કહેલું છે.

(૪૨) પહેલાનાં નામમાં શ્રીભાગવતને અમૃતનો સમુદ્ર કહીને, (અને) આચાર્યશ્રીને તેનું મથન કરનાર કહીને, પછીના નામમાં (આચાર્યશ્રી) તેનો સાર કાઢનારા છે એમ જણાવવા 'તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ' (તેના સારરૂપ રાસસ્ત્રીઓના ભાવથી ભરપૂર દેહવાળા) એવું આગળનું નામ કહે છે. 'અહિં' 'ભાવથી ભરપૂર દેહવાળા' કહ્યા તેનો આશય નીચે પ્રમાણે છે. જેમ ક્ષીરસાગરના મથનના પ્રસંગમાં ક્ષીર અમૃતથી હલકું હોવાથી, અમૃતજ સાર રૂપ ગણાવું યોગ્ય છે, અહિં તો સમુદ્રજ અમૃતમય હોવાથી (અને) લોકમાં તેનાથી ઉત્તમ પદાર્થ નહિ હોવાથી, આ ભાવ સિવાયનું બીજું કાંઇ પણ સારરૂપ હોવાનું સંભવતું નથી, તેથી મુક્તિ કરતાં પણ અધિક રાસસ્ત્રીના ભાવને સાર કહેલો છે. જેમ ક્ષીરસમુદ્રમાંથી કાઢેલા સારનો ભોગ કરનારા દેવો જ છે બીજા નથી, તેમજઆ (શ્રીભાગવતરૂપઅમૃતનાસમુદ્ર)માંથી કાઢેલા સારના ભોક્તા આચાર્યશ્રીજ છે, બીજો નથીજ, એમ જણાવવા 'તત્સારભૂતરાસસ્ત્રી-ભાવપૂરિતવિગ્રહ' એ (નામ) કહેલું છે. અહિં દેહને ભાવથી ભરપૂર કહ્યો તેથી (એમ જણાવ્યું છે કે) જેમ દેવોને (દેહની) અંદરજ અમૃતથી તૃપ્તિ થઈ, બહારથી થઈ નહિ, તેવું આ પ્રસંગમાં નથી, આચાર્યશ્રી બહાર અને અંદરના ભેદથી આ ભાવથી ભરપૂરજ છે, (તેમને) બીજા ભાવનો સંબંધ પણ નથી એમ જણાવવા 'તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ' એ (નામ) કહેલું છે. ૧૬.

'આચાર્યશ્રીનો દેહ બહાર અને અંદરના ભેદે આ ભાવથી ભરપૂર છે એમ કેમ કહેવાય?' એવી શંકા થાય, તેથી કહે છે કે;–

**सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमा विमुक्तिदः ॥**
**रासलीलैकतात्पर्यः कृपयैतत्कथाप्रदः ॥ १७ ॥**

नन्वाचार्याणां विग्रहस्य बाह्याभ्यन्तरभेदेन कथमेतद्भावपूर्णत्वमेवेत्याशङ्कानिरासायाहुः **सान्निध्यमात्रदत्तश्रीकृष्णप्रेमेति**, सान्निध्यमात्रेणैव **दत्तं श्रीकृष्ण-**

प्रेम येन सः। यदि बाह्याभ्यन्तरभेदेनैतद्रसपूर्णत्वन्न स्यात्तदा भक्तानां स्वसान्निध्यमात्रेणैव **श्रीकृष्णप्रेम**दानन्न स्याद्यो येन पदार्थेन पूर्णः स एव तद्दातुं शक्नोति न त्वपूर्णोपि, प्रेमदाने **श्रीकृष्ण**पदोपादानाद्भक्तसहितलीलाविशिष्टे फलात्मके प्रेमदानं सूचितम् ।

ननु श्रीकृष्ण एव प्रेमदाने को हेतुरित्याशङ्कानिरासाय तद्धेतुभूतन्नामाहु-**र्विमुक्तिद** इति, विशिष्टां पुष्टिमार्गीयां साक्षाद्भगवत्सम्बन्धरूपां **मुक्तिं** ददातीति **विमुक्तिदः** । पुष्टिमार्गे भगवत्सम्बन्धस्य मुक्तित्वकथनस्यायमभिप्रायः, यथा मर्यादामार्गे सायुज्यादिमुक्तेरेव फलत्वं तथास्मिन्मार्गे भगवत्सम्बन्धस्यैव फलत्वं न सायुज्यादेरितिज्ञापनाय मुक्तित्वकथनं, यथा मुक्तानां पुनरन्यावस्थाभावस्तथैव पुष्टिमार्गीयफलप्राप्तानामपि पुनरवस्थान्तराभावज्ञापनार्थमपि **मुक्ति**त्वकथनम् ।

एवं स्वमार्गीयफलस्य सर्वमार्गीयफलाधिक्यं तस्य च सर्वप्रमाणसिद्धत्वज्ञापनायाग्रिमन्नामाहू **रासलीलैकतात्पर्य** इति, **रासलीलाया**मेव **एकं** केवलं **तात्पर्यं** यस्य सः। एतेन साक्षात्स्वरूपसम्बन्धस्यैव सर्वाधिकफलत्वं ज्ञापितं, यदि मुक्तेरेवैतदपेक्षयाधिकफलत्वं भवेत्तदा भगवानेतन्मार्गीयफलानुभवं कारयित्वा पश्चान्मुक्तिं दद्यात्। यन्मुक्तिं दत्वा तदानन्दानुभवं कारयित्वैतन्मार्गीयफलं दत्तवांस्तस्मादेतस्यैव मुख्यफलत्वं नान्यस्य तस्मादेतत्फलनिरूपणादेवास्य फलप्रकरणत्वं न तु प्रकारान्तरेणापि, एतत्सर्वं हृदि कृत्वाचार्यैरेतस्यैव फलत्वं निरूपितं नान्यस्येतिज्ञापनायोक्तं **रासलीलैकतात्पर्य** इति ।

एवम्पूर्वोक्तफलस्यैव सर्वाधिकफलत्वमुपपाद्य प्रकारान्तरेणापि फलत्वप्रतिपादकत्वहेतुभूतं नामान्तरमाहुः **कृपयैतत्कथाप्रद** इति, **कृपयैतत्कथा** रासलीलासम्बन्धिनी तां **प्र**कर्षेण **द**दाति तदर्थानुभवं कारयतीति तथेत्यर्थः। यद्यपि कथायाः शब्दात्मकत्वात् तस्याः कथनमेव दानं तथापि तद्दाने प्रकर्षत्वकथनात् तत्र च कृपाया एव हेतुत्वकथनाद्यत्र तत्कृपाव्यतिरेकेण कथनं तत्र कथनमेव, न दानं, यत्र **कृपा**पूर्वकं कथनं तत्रैव दानं, दाने **प्र**शब्दोपादानात्तदर्थानुभवत्वमपि ज्ञापितमित्यत आहुः **कृपयैतत्कथाप्रद** इति ॥ १७ ॥

(૪૩) સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા (૪૪) વિમુક્તિદ (૪૫) રાસલીલૈક-તાત્પર્ય (૪૬) કૃપાયૈતત્કથાપ્રદ. ૧૭.

(૪૩) 'સાન્નિધ્યમાત્ર' માત્ર સમીપ રહેવાથી 'દત્ત' આપેલ છે 'શ્રીકૃષ્ણપ્રેમ' શ્રીકૃષ્ણમાં પ્રેમ જેમણે તેવા (આચાર્યશ્રી છે). જો બહાર અને અંદરના ભેદથી (આચાર્યશ્રી) આ રસથી ભરપૂર ન હોય, તો માત્ર સમીપ રહેવાથીજ (તેઓશ્રી) ભક્તોને શ્રીકૃષ્ણમાં પ્રેમ આપવા સમર્થ ન હોય. જે જે પદાર્થથી ભરપૂર હોય, તેજ તે પદાર્થ આપવા સમર્થ હોય, પરંતુ ભરપૂર ન હોય તે (તે આપવા) સમર્થ ન હોય. પ્રેમ આપવામાં 'શ્રીકૃષ્ણમાં' શબ્દ યોજેલ હોવાથી ભક્તોસાથેની લીલાવાળા ફલરૂપ (શ્રીકૃષ્ણ)માં પ્રેમ આપવાનું સૂચવેલું છે.

(૪૪) 'શ્રીકૃષ્ણમાંજ પ્રેમ આપવાનું શું પ્રયોજન?' એવી શંકા થાય તે દૂર કરવા તેના કારણરૂપ 'વિમુક્તિદ' એ નામ કહેલું છે. 'વિ' ઉત્તમ પુષ્ટિમાર્ગની સાક્ષાત્ ભગવાનના સંબંધરૂપ 'મુક્તિ' 'દ' આપે તે વિમુક્તિદ. પુષ્ટિમાર્ગમાં ભગવાનના સંબંધને મુક્તિ કહી તેનો અભિપ્રાય નીચે પ્રમાણે છે. જેમ મર્યાદામાર્ગમાં સાયુજ્ય વિગેરે મુક્તિજ ફલરૂપ છે, તેમ આ માર્ગમાં ભગવાનનો સંબંધજ ફલરૂપ છે સાયુજ્ય વિગેરે (ફલરૂપ) નથી, એમ જણાવવા (તે સંબંધને) ફલરૂપ કહેલો છે, જેમ મુક્ત થએલાને ફરી જુદી (સંસારવાળી) અવસ્થા થતી નથી તેમજ પુષ્ટિમાર્ગનું ફલ પ્રાપ્ત કરેલ હોય તેમને પણ ફરી જુદી અવસ્થા થતી નથી, એમ જણાવવા પણ (તે સંબંધને) મુક્તિ કહેલ છે. (૪૫) એવી રીતે પોતાના માર્ગનું ફલ સર્વ માર્ગનાં ફલથી અધિક છે અને સર્વ પ્રમાણોથી સિદ્ધ થએલ છે એમ જણાવવા આગળનું 'રાસલીલૈકતાત્પર્ય' એ નામ કહેલ છે. 'રાસલીલા'-માંજ 'એક' માત્ર 'તાત્પર્ય' છે જેમનું તેવા (આચાર્યશ્રી છે). આથી એમ જણાવ્યું છે કે સાક્ષાત્ સ્વરૂપનો સંબંધજ સર્વથી અધિક ફલ છે. જો મુક્તિજ આથી અધિક ફલ હોત, તો ભગવાન આ માર્ગના ફલનો અનુભવ કરાવીને પછી મુક્તિ આપત. મુક્તિ આપીને પછી તેના આનંદનો અનુભવ કરાવીને આ માર્ગનું ફલ (ભગવાને) આપેલું છે, તેથી આજ મુખ્યફલ છે બીજું નથી; આ ફલનું નિરૂપણ કરેલું હોવાથીજ આને ફલ પ્રકરણ કહેલું છે બીજા કોઈ પણ પ્રકારે (ફલપ્રકરણ) કહેલું નથી, એ સર્વ હૃદયમાં લઈને આચાર્યશ્રીએ આને ફલ કહેલું છે, બીજાને કહેલું નથી, એમ જણાવવા 'રાસલીલૈકતાત્પર્ય,' એ (નામ) કહેલું છે.

(૪૬) એવી રીતે પહેલાં કહેલાં ફલનેજ સર્વથી અધિક ફલ (હોવાનું) સિદ્ધ કરીને, જુદા પ્રકારે પણ તેને ફલ સિદ્ધ કરાવવાના કારણરૂપ બીજું 'કૃપયૈતત્કથાપ્રદ' એ નામ કહે છે. 'કૃપયા' (કૃપાથી) 'એતત્' આ

રાસલીલાના સંબંધવાળી 'કથા' તે 'પ્ર' ઉત્તમ પ્રકારે 'દ' આપે છે એટલે તેના અર્થનો અનુભવ કરાવે છે, એવો અર્થ છે. જો કે કથા શબ્દરૂપ છે તેથી તે કહેલી તેજ આપી ગણાય, છતાં તે 'ઉત્તમ પ્રકારે' આપવાનું કહ્યું તેથી, અને તેમ કરવામાં કૃપાનેજ કારણરૂપ કહી તેથી (એમજણાવ્યું કે) જ્યાં કૃપા વિના આ કહેવામાં આવે ત્યાં કહી તેથી જ આપી ન ગણાય (અને) જ્યાં કૃપા કરીને કહેવામાં આવે ત્યાં (કહી, તેજ) દાન ગણાય. આપવામાં 'પ્ર' (ઉત્તમપ્રકારે) શબ્દ યોજ્યો તેથી તેના અર્થનો અનુભવ જણાવ્યો. તેથી 'કૃપયૈતત્કથાપ્રદ' એ (નામ) કહેલું છે. ૧૭

**विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः**
**भक्त्याचारोपदेष्टा च कर्ममार्गप्रवर्तकः ॥ १८ ॥**

यद्यपि रासलीलाप्रदत्वकथनेनैव तत्प्रतिपाद्योभयरसानुभवस्य श्रोतॄणां तदीयानां तद्रसभावनया रसानुभवः सिध्यति तथापि केवलो विप्रयोगभावो भावान्तररहितः स्वतन्त्रतया तत्तदवस्थाभेदेन विकलत्वमस्वास्थ्यं मूर्च्छा पुनर्जागरणं तादात्म्येन यत्किञ्चित्स्वास्थ्यं प्रलाप इत्याद्यवस्थाभेदेनानुभवसिद्ध्यर्थकथनत्वज्ञापनायोक्तं **विरहानुभवैकार्थसर्वत्यागोपदेशक** इति, **विरहानुभव** एव **एकः** केवलो**र्थः** प्रयोजनं तन्निमित्तको यः **सर्वत्यागस्तदुपदेशक** इत्यर्थः। यद्यपि रासलीलायामपि विप्रयोगभावोस्त्येव, तथापि तत्र "कस्याश्चित् पूतनायन्त्या" इति लीलाभिनिवेशभावकथनात् तृतीयाध्यायेप्याद्यश्लोकेनौचित्यप्रतिपादनात् द्वितीयश्लोक उपालम्भप्रार्थनादिभावनिरूपणान्न **केवलत्वं, उपदेशक**र्तृत्वकथनेन तदुपदेशप्रकारस्थितावेतद्भावो भवतीत्यपि ज्ञापनाय**ोपदेशक** इत्युक्तम्।

एवं विरहानुभवे हेतुं त्यागोपदेशकर्तृत्वमुक्त्वा भक्तिमार्गस्थैर्यार्थं भक्त्याचारोपदेशकर्तृत्वमाहु**र्भक्त्याचारोपदेष्टा चेति, भक्ति**मार्गीयो य **आचार** आचरणमन्याश्रयराहित्येन निरुपधिभावेन फलत्वज्ञापनपूर्वकं सेवाकरणं **तदुपदेशक**इत्यर्थः। स्वस्यापि तथाकर्तृत्वज्ञापनाय **चकारः**।

एवं भक्त्याचारोपदेशकर्तृत्वमुक्त्वाग्रे कर्ममार्गप्रवर्तकत्वकथनस्यायमाशयः, यदि केवलभक्तिमार्गोपदेशं कृत्वा स्वीयेषु वर्णाश्रमाचारधर्मान्न प्रवर्तयेत्तदा बहिर्मुखानां स्वप्रवर्तितभक्तिमार्गे दोषारोपात् स्वमार्गस्यापि दोषारोपहेतुत्वमापद्येतेति निर्दोषत्वज्ञापनार्थमाहुः **कर्ममार्गप्रवर्तक** इति ॥ १८ ॥

(૪૭) વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશક (૪૮) અને ભકત્યાચારોપદેષ્ટા (૪૯) કર્મમાર્ગપ્રવર્તક. ૧૮.

જો કે (આચાર્યશ્રીને) રાસલીલા(ની કથા) આપનાર કહ્યા તેથીજ તેમાં જણાવેલા બંને રસનો અનુભવ (તેનું) શ્રવણ કરનાર તેમના (સેવકો)ને તે રસની ભાવનાથી રસનો અનુભવ થવાનું સિદ્ધ થાય છે, છતાં પણ બીજા ભાવ વિનાના કેવલ વિપ્રયોગ ભાવ સ્વતંત્રરીતે થાય, (એટલે) વિકલપણું, અસ્વસ્થપણું, મૂર્ચ્છા, પાછું જાગરણ, એકરૂપ થવાથી જરાતરા સ્વસ્થપણું, પ્રલાપ વિગેરે જુદી જુદી અવસ્થાથી (તેનો) અનુભવ થાય એમ જણાવવા 'વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશક' એ (નામ) કહેલું છે. 'વિરહનો અનુભવજ છે 'એક' માત્ર 'અર્થ' પ્રયોજન, તે પ્રયોજન માટે જે સર્વનો ત્યાગ તેના (આચાર્યશ્રી) 'ઉપદેશક' છે, એવો અર્થ છે. જો કે રાસલીલામાં પણ વિપ્રયોગની સ્થિતિ છેજ, છતાં પણ ત્યાં 'કોઈક પૂતના થએલીના' એમ લીલામાં આસક્તિ હોવાનું કહેલ હોવાથી, ત્રીજા અધ્યાયમાં પણ પહેલા શ્લોકથી અનુચિતપણું કહેલું હોવાથી, બીજા શ્લોકમાં ઠપકો પ્રાર્થના વિગેરે ભાવ કહેલા હોવાથી, તેમાં કેવલ (વિપ્રયોગ)પણું નથી. ઉપદેશ કરનાર કહ્યા તેથી તેનો ઉપદેશ કરવાના પ્રકારથી (આચાર્યશ્રી) રહેવાથી આવો (કેવલ વિપ્રયોગ) ભાવ થાય છે એમ જણાવવા પણ 'ઉપદેશક' એમ કહેલું છે.

(૪૮) એવી રીતે વિરહના અનુભવના પ્રયોજનથી ત્યાગનો ઉપદેશ કરનાર કહીને, ભક્તિમાર્ગની સ્થિરતા માટે (આચાર્યશ્રી) ભક્તિના આચારનો ઉપદેશ કરનારા છે એમ(જણાવવા) 'અને ભકત્યાચારોપદેષ્ટા,' એ નામ કહેલ છે. 'ભક્તિ' માર્ગનું જે 'આચાર' આચરણ, અન્યાશ્રય કર્યા વિના ઘણાજ ભાવ ફલરૂપ જણાવીને સેવા કરવી તે, તેનો 'ઉપદેષ્ટા' ઉપદેશ કરનાર એવો અર્થ છે. પોતે પણ તેવી રીતે (સેવા) કરે છે એમ જણાવવા 'અને' શબ્દ યોજેલો છે.

(૪૯) એવી રીતે ભક્તિના આચારનો ઉપદેશ કરનાર કહીને, પછી 'કર્મમાર્ગપ્રવર્તક' એમ કહ્યું. તેનો આશય નીચે પ્રમાણે છે. જો માત્ર ભક્તિમાર્ગનો ઉપદેશ કરીને પોતાના (સેવકો) માં વર્ણના આશ્રમના આચારોની પ્રવૃત્તિ ન કરાવે, તો બહિર્મુખો પોતે પ્રવર્તાવેલ ભક્તિમાં દોષનો આરોપ કરે, તેથી પોતાનો માર્ગ પણ દોષના આરોપનાં કારણરૂપ બને, તેથી (તે) નિર્દોષ છે એમ જણાવવા 'કર્મમાર્ગપ્રવર્તક' એ (નામ) કહેલું છે. ૧૮.

**यागादौ भक्तिमार्गैकसाधनत्वोपदेशकः ॥**
**पूर्णानन्दः पूर्णकामो वाक्पतिर्विबुधेश्वरः ॥ १९ ॥**

एवं कर्ममार्गप्रवर्तकत्वे हेतुमुक्त्वा स्वस्यापि यागकरणं स्वीयानां भक्तिमार्गापराधाभावशिक्षार्थमेव नान्यार्थमितिज्ञापनायोक्तं **यागादौ भक्तिमार्गैकसाधनत्वोपदेशक** इति, **याग आदिर्**यस्य दानादेः स **यागादि**स्तस्मिन् यागादौ **भक्तिमार्ग**स्य **एकं** मुख्यं यत्**साधनत्वं तदुपदेशकः**। ननु स्वस्य यागकरणेन कथं भक्तिमार्गापराधनिवृत्तिरितिचेत्, सत्यं, भक्तिमार्गेऽस्त्यपराधद्वयं देवतान्तरसम्बन्धो भक्तिमार्गीयफलाभावश्च, आचार्यैः स्वयं यागकरणेन स्वीयानामपराधद्वयं निवारितं, यतो देवतायागो भगवद्विभूतित्वेनैव कृतो न तु स्वतन्त्रदेवतात्वेन, अत एव देवतानां स्वातन्त्र्याभावपूर्वकं भगवद्विभूतित्वेन यजनं कर्तुं युधिष्ठिरेणैव प्रभुं प्रति विज्ञापितं "यक्ष्ये विभूतीर्भवतस्तत्सम्पादय नः प्रभो" इति नात्र विचारणीयं किञ्चित्, तस्यापि फलत्वेन भक्तेरेवोद्देशः कृतः, न तु स्वर्गादेरपीत्येतावती शिक्षा तदीयैस्तद्यागकरणेनैव ज्ञाता नान्यथेतिज्ञापनायोक्तं **यागादौ भक्तिमार्गे**त्यादि।

यद्यपि स्वीयशिक्षार्थमेव यागकरणं तथापि यागस्य स्वर्गफलकत्वेन श्रुतौ प्रतिपादनादाचार्याणामपि स्वर्गसुखाकाङ्क्षा कामितफलान्तराकाङ्क्षा वा भविष्यतीति कस्यचिद्बहिर्मुखस्याशङ्कानिरासायाग्रिमं नामद्वयमाहुः **पूर्णानन्दः पूर्णकाम** इति, **पूर्णः** अगणित **आनन्दो** यस्य सः, तेनै"तस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ती"तिश्रुत्या स्वर्गादिलोकसुखस्यापि भगवदानन्दलेशत्वकथनादाचार्याणाम्भगवदानन्दपूर्णत्वेन स्वर्गादिलोकसुखाकाङ्क्षासम्भावनापि न सम्भवतीति कथं बहिर्मुखाशङ्कितसम्भावनापीतिज्ञापनायोक्तम्**पूर्णानन्द** इति।

द्वितीयाशङ्कापरिहाराय द्वितीयं नामाहुः **पूर्णकाम** इति, **पूर्णा** लौकिककामितसुखापेक्षयाप्यगणितसुख**पूर्णा** अलौकिकाः **कामा** यस्य सः, अनेन द्वितीयशङ्काया अपि निरासोऽप्युक्त इति सर्वमनवद्यम्।

एवं पूर्वनाम्न्याचार्याणाम्पूर्णकामत्वमुक्त्वातः परं यत्रान्येषामपि कामपूरकत्वमस्ति तत्र स्वस्य पूर्णकामत्वे किं वक्तव्यमितिज्ञापनायाग्रिमन्नामाहु**र्वाक्पति**रिति, **वाक्पति**त्वकथनेनाचार्याणाम्भगवन्मुखारविन्दाधिष्ठातृत्वाग्निरूपत्वकथनेन च यागहविर्भोक्तृत्वेन यत्रान्येषां कामपूरकत्वं तत्र स्वस्य पूर्णकामत्वे किं वक्तव्यमित्येतज्ज्ञापनार्थमुक्तं **वाक्पति**रिति।

एवं कर्ममार्गीयाणां कामपूरकत्वमुपपाद्य भगवज्ज्ञानमार्गीयाणामपि मनोरथपूरकत्वोपपादनायाग्रिमन्नामाहुर्विबुधेश्वर इति, विशेषेण बुधा ज्ञानिनः, ज्ञाने विशेषो भक्तिमार्गीयत्वं, तेषामीश्वरः फलदाता ॥ १९ ॥

(૫૦) યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશક (૫૧) પૂર્ણાનંદ (૫૨) પૂર્ણકામ (૫૩) વાક્પતિ (૫૪) વિબુધેશ્વર. ૧૯.

(૫૦) એ પ્રમાણે કર્મમાર્ગની પ્રવૃત્તિ કરાવવાનું પ્રયોજન કહીને, પોતે પણ પોતાના ભક્તોને ભક્તિમાર્ગમાં અપરાધ નથી એવો બોધ કરવાજ યજ્ઞો કરે છે, બીજા પ્રયોજનથી કરતા નથી, એમ જણાવવા 'યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશક,' એ (નામ) કહે છે. 'યાગ' યજ્ઞ 'આદૌ' આરંભમાં છે જેના તેવા દાન વિગેરે 'યાગાદિ' છે. તે યાગ 'વિગેરેમાં' 'ભક્તિમાર્ગ'નું 'એક' મુખ્ય જે 'સાધનત્વ' સાધનપણું તેનો 'ઉપદેશક' ઉપદેશ કરનારા (આચાર્યશ્રી છે). 'પોતે યજ્ઞ કરે તેથી ભક્તિમાર્ગના અપરાધો કેમ દૂર થાય ?' એવી શંકા થાય તો જાણવું કે ભક્તિમાર્ગમાં બે અપરાધો છે. (૧) બીજા દેવતાનો સંબંધ અને (૨) ભક્તિમાર્ગનું ફલ ન મળે તે. આચાર્યશ્રીએ પોતે યજ્ઞ કરીને સેવકોના બે અપરાધો દૂર કરેલા છે, કારણ કે (તેઓશ્રીએ) દેવતાનો યજ્ઞ ભગવાનની વિભૂતિ તરીકેજ કરેલો છે, પરંતુ સ્વતંત્ર દેવતા તરીકે કરેલો નથી. તેથીજ યુધિષ્ઠિરે પ્રભુ પ્રતિ 'આપની વિભૂતિનો યજ્ઞ કરીશ. હે પ્રભુ ! તે કરાવો,' એવી વિજ્ઞપ્તિ કરેલી. તેથી આમાં કાંઈ વિચારવા જેવું નથી. (૨) તે (યજ્ઞ)-ના ફલ તરીકે પણ ભક્તિનો જ ઉદ્દેશ કરેલો, પણ સ્વર્ગ વિગેરેનો ઉદ્દેશ કરેલો નહિ. તેમના સેવકોને આટલો બોધ તેઓશ્રીએ યજ્ઞ કર્યા તેથીજ થયો, બીજા પ્રકારે થયો નથી એમ જણાવવા 'યાગાદૌ ભક્તિમાર્ગ...' એ (નામ) કહેલું છે.

(૫૧) 'જો કે પોતાના (સેવકોને) બોધ કરવાજ (આચાર્યશ્રીએ) યજ્ઞ કરેલ, છતાં પણ વેદમાં યજ્ઞનું ફલ સ્વર્ગ કહેલું હોવાથી, 'આચાર્યશ્રીને' પણ સ્વર્ગના સુખની ઇચ્છા અથવા બીજા ઇચ્છેલા ફલની ઇચ્છા થઇ હશે,' એવી બહિર્મુખોની શંકા દૂર કરવા 'પૂર્ણાનંદ' (અને) 'પૂર્ણકામ,' એવા બે આગળના નામો કહેલાં છે. 'પૂર્ણ' અગણિત છે 'આનદ' જેમનો તેવા આચાર્યશ્રી છે. તેથી 'તેજ આનંદના અંશ ઉપર બીજા પ્રાણીઓ નભે છે' એ શ્રુતિમાં સ્વર્ગ વિગેરેના સુખોને પણ ભગવાનના આનંદના અંશ કહેલા હોવાથી એને આચાર્યશ્રી ભગવાનના આનંદથી ભરપૂર હોવાથી, તેઓશ્રીને સ્વર્ગ વિગેરે લોકના સુખની ઇચ્છાની સંભાવના હોવાનું પણ સંભવતું નથી. તેથી બહિર્મુખોએ શંકા કરી તેવું હોવાનું કેમ સંભવે ? એમ જણાવવા 'પૂર્ણાનંદ' એ (નામ) કહેલું છે.

(૫૨) બીજી શંકા દૂર કરવા બીજું 'પૂર્ણકામ' એ નામ કહેલું છે. 'પૂર્ણ' છે લૌકિક ઇચ્છેલાં સુખ કરતાં પણ અગણિત સુખથી ભરપૂર અલૌકિક

'કામ' કામો જેમના, તેવા આચાર્યશ્રી છે. આથી બીજી શંકાને પણ દૂરજ કરેલી છે, તેથી સર્વ દોષરહિત છે.

(૫૩) એ પ્રમાણે પહેલાના નામમાં આચાર્યશ્રી પૂર્ણકામ છે એમ કહીને, જ્યારે બીજાની પણ કામનાઓ તેઓશ્રી પૂર્ણ કરનારા છે ત્યારે પોતે પૂર્ણકામ હોય તેમાં કહેવુંજ શું? એમ જણાવવા હવે 'વાક્પતિ' એ આગળનું નામ કહે છે. આચાર્યશ્રીને 'વાક્પતિ' અને ભગવાનના મુખારવિંદના અધિષ્ઠાતા અગ્નિ કહ્યા, તેથી તેઓશ્રી યજ્ઞના હવિનો ભોગ કરનારા હોવાથી જ્યારે બીજાઓની કામનાઓ પરિપૂર્ણ કરે છે, તો પછી પોતે પૂર્ણકામ હોય તેમાં કહેવુંજ શું પડે? એમ જણાવવા 'વાક્પતિ' એ નામ કહેલું છે.

(૫૪) એ પ્રમાણે આચાર્યશ્રી કર્મમાર્ગવાળાઓની કામનાઓ પૂર્ણ કરનાર છે એમ કહીને, ભગવાનના જ્ઞાનમાર્ગવાળાઓના પણ મનોરથો પૂર્ણ કરનારા છે એમ સિદ્ધ કરવા પછીનું 'વિબુધેશ્વર' એ નામ કહેલું છે. 'વિ' ઉત્તમ પ્રકારના 'બુધ' જ્ઞાનીઓ–જ્ઞાનનો ઉત્તમ પ્રકાર તે ભક્તિમાર્ગનું જ્ઞાન–તેમના પણ 'ઈશ્વર' એટલે ફલ આપનારા આચાર્યશ્રી છે. ૧૯.

**कृष्णनामसहस्रस्य वक्ता भक्तपरायणः ॥**
**भक्त्याचारोपदेशार्थनानावाक्यनिरूपकः ॥ २० ॥**

एवं भक्तिमार्गीयज्ञानफलदातृत्वमुक्त्वा तत्फलदानप्रकारज्ञापनायाग्रिमं नामाहुः **कृष्णनामसहस्रस्य वक्ते**ति, **कृष्णस्य** फलरूपस्य य**न्नामसहस्रं** तस्य **वक्ता** प्रकाशकः। यद्यपि भगवत्सहस्रनामकर्तृत्वं वैशम्पायनादिष्वपि वर्तते तथापि तेषां पुराणान्तरप्रसिद्धनाम्नामेव वक्तृत्वं न तु फलात्मकस्य, तत्रापि श्रीभागवतोक्तदशलीलाविशिष्टस्य तत्तल्लीलाविशिष्टनामप्रतिपादकत्वमाचार्याणामेव नान्येषामप्यस्तीतिज्ञापनायोक्तं **कृष्णनामसहस्रस्य वक्ते**ति।

अतः परं फलात्मकस्य तत्रापि दशलीलाविशिष्टस्य नामकथनस्यावश्यकत्वज्ञापनायाग्रिमन्नामाहुर्**भक्तपरायण** इति, **भक्तेषु परायण**स्तात्पर्यवान्। यदि फलात्मकस्य दशलीलाविशिष्टस्य नाम्नां प्राकट्यमाचार्यैर्न क्रियेत तदा भक्तानां श्रीभागवतार्थज्ञानाभावात्तत्प्रतिपादितफलं न सिध्येदित्याचार्याणां भक्तपरायणत्वमपि न सिद्ध्येदित्येतच्छङ्कानिरासायोक्तं **भक्तपरायण** इति।

एवं पूर्वोक्तप्रकारेण भक्तपरायणत्वन्निरूप्य स्वप्रकटितभक्तिमार्गीयाचारज्ञापकमग्रिमन्नामाहुर्**भक्त्याचारोपदेशार्थनानावाक्यनिरूपक** इति, **भक्ति-**

मार्गीयो य आचार आचरणं तदुपदेशार्थं नानाविधानि यानि वाक्यानि नवरत्नभक्तिवर्धिन्यादीनि तेषां निरूपकस्तदर्थावबोधक इत्यर्थः। यद्यपि पूर्वं भक्त्या-चारोपदेष्टृत्वमात्रमुक्तं तथाप्यधुना तद्दार्ढ्यार्थमेव वाक्यनिरूपणपूर्वकमुच्यत इति न पौनरुक्त्यदोषः ॥ २० ॥

(૫૫) એવી રીતે ભક્તિમાર્ગના જ્ઞાનનાં ફલ આપનાર છે એમ કહીને, તે ફલનું દાન કરવાનો પ્રકાર જણાવવા આગળનું 'કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા' એ નામ કહેલું છે. 'કૃષ્ણ'ના એટલે ફલરૂપના જે 'નામસહસ્ર' એક હજાર નામો છે, તેના 'વક્તા' પ્રકાશ કરનાર આચાર્યશ્રી છે. જો કે વૈશંપાયન વિગેરે પણ ભગવાનના એક હજાર નામ કહેનાર છે છતાં પણ તેઓ બીજાં પુરાણમાં પ્રસિદ્ધ નામોજ કહેનારા છે, પરંતુ ફલરૂપના નામો કહેનાર નથી. તેમાં પણ શ્રીભાગવતમાં કહેલી દશલીલાવાળા જૂદી જૂદી લીલાવાળા નામો કહેનાર આચાર્યશ્રીજ છે બીજાઓ નથી, એમ જણાવવા કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા એ નામ કહેલું છે.

(૫૦) હવે પરમફલરૂપ અને તે પણ દશલીલાવાળા શ્રીકૃષ્ણના નામો કહેવાનું જરૂરી છે એમ જણાવવા આગળનું 'ભક્તપરાયણ' એ નામ કહે છે. 'ભક્ત' ભક્તો પ્રતિ 'પરાયણ' તાત્પર્યવાળા આચાર્યશ્રી છે. જો આચાર્યશ્રી ફલરૂપ દશલીલાવાળા શ્રીકૃષ્ણનાં નામો પ્રકટ ન કરે તો ભક્તોને શ્રીભાગવતનું જ્ઞાન ન થવાથી તેમાં જણાવેલું ફલ પ્રાપ્ત ન થાય એટલે આચાર્યશ્રી ભક્તપરાયણ હોવાનું પણ સિદ્ધ ન થાય. તેથી આ શંકા દૂર કરવા 'ભક્તપરાયણ' એ નામ કહેલું છે.

(૫૭) એવી રીતે પહેલાં કહેલા પ્રકારે (આચાર્યશ્રી) ભક્તપરાયણ છે એમ જણાવીને તેમણે પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગના આચારને જણાવનારૂં પાછલનું 'ભક્ત્યાચારોપદેશાર્થે નાનાવાક્યનિરૂપક' એ નામ કહે છે. 'ભક્તિ' ભક્તિ-માર્ગનું જે 'આચાર' આચારણ તેનો 'ઉપદેશાર્થે' ઉપદેશ કરવા 'નાના' જુદા જુદા પ્રકારના નવરત્ન ભક્તિવર્ધિની વિગેરે જે 'વાક્ય' વાક્યો તેમના 'નિરૂપક' એટલે તેમનો અર્થ જણાવનારા આચાર્યશ્રી છે, એવો અર્થ છે. જો કે પહેલાં માત્ર આચારનો ઉપદેશ કરનારા કહ્યા, છતાં પણ હવે તે દૃઢ કરવા માટેજ, વાક્યોનો અર્થ જણાવીને તેમ કરે છે એમ કહેલું છે તેથી તેજ અર્થ ફરી કહેવારૂપ દોષ નથી. ૨૦.

**स्वार्थोज्झिताखिलप्राणप्रियस्तादृशवेष्टितः ॥**

**स्वदासार्थकृताशेषसाधनः सर्वशक्तिधृक् ॥ २१ ॥**

एवं स्ववाक्योपदेशार्थावगमजनितानन्दभक्तकृतिज्ञापकं नामाह– स्वार्थोज्झि-ताखिलप्राणप्रिय इति, स्वार्थोज्झिताखिलप्राणादपि प्रियः, स्वार्थमेव

आचार्यसेवार्थमेवोज्झितमखिलं सेवाविरोधि यैः तेषां **प्राणादपि प्रियः,** अथवा भक्तैः **स्वार्थं** स्वकृतार्थतासिद्ध्यर्थ**मुज्झितमखिलं** भक्तिमार्गविरोधि यैः तेषां **प्राणप्रियः** ।

एवं पूर्वनाम्नि भक्तानां प्राणप्रियत्वमुक्त्वा प्राणप्रियज्ञापकक्रियाज्ञापकनामाहु-**स्तादृशवेष्टित** इति, **तादृशैः** स्वार्थोज्झिताखिलैः **वेष्टितः** सेवार्थे ।

ननु निरन्तरं सेवाकरणे सेवासक्त्या कदाचित्कर्मकाललोपदोषः प्रसज्येतेति तन्निराकरणायाहुः **स्वदासार्थकृताशेषसाधन** इति, **स्वदासार्थ**मेव **कृतान्य-शेषाणि** सर्वाणि **साधना**नि येन सः। एतेन कर्मकाललोपदोषपरिहारकत्वमुक्तं, अथवा **ननु** यत्सेवार्थं तदीयाः सर्वं त्यक्त्वा तदाश्रिता एव तिष्ठन्ति तादृश-महानुभावानां मर्यादामार्गोक्तसाधनकरणे किं प्रयोजनमित्याशङ्कानिरासायाप्युक्तं **स्वदासार्थे**त्यादि ।

ननु स्वकृतसाधनेन व्यधिकरणत्वात् कथं दासकृतदोषनिवृत्तिरित्याशङ्का-परिहारायाग्रिमन्नामाहुः **सर्वशक्तिधृगि**ति, **सर्वाः** अलौकिक्यः **शक्तयः** तासु **धृष्णोति** प्रगल्भते स्वसामर्थ्यप्राकट्यं करोतीति **सर्वशक्तिधृक्। अत्र** शक्तिषु प्रागल्भ्यकथनेन स्वसाधनकरणेन भक्तानां कदाचित्साधनलोपदोषपरिहार-सामर्थ्यमुक्तमिति न पूर्वपक्षावसर इति सर्वमनवद्यम् ॥ २१ ॥

સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિય ૫૯ તાદૃશવેષ્ટિત ૬૦ સ્વદાસાર્થકૃતાશેષસાધન (૬૧) સર્વશક્તિધૃક્ ૨૧.

(૫૮) એ પ્રમાણે પોતાનાં વાક્યોના ઉપદેશનો અર્થ જાણવાથી થએલા આનંદને લીધે ભક્તોએ કરેલ કાર્ય જણાવનારૂં 'સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિય' એ નામ કહે છે. પોતાના માટે તજેલું છે સર્વ જેમણે, તેમને પ્રાણથી પણ પ્રિય (આચાર્યશ્રી છે). 'સ્વાર્થ' તે (પોતાનો પુરુષાર્થ) જાણનાર આચાર્યશ્રીની સેવામાટે જ 'ઉજ્ઝિત' તજેલું છે 'અખિલ' સેવા વિરોધિ સર્વ જેમણે તેઓને 'પ્રાણ' પ્રાણોથી પણ 'પ્રિય' (આચાર્યશ્રી છે). અથવા 'સ્વાર્થ' પોતાને કૃતાર્થતા પ્રાપ્ત થાય તે માટે' ઉજ્ઝિત' તજેલું છે, 'અખિલ' ભક્તિમાર્ગવિરોધિ સર્વ જેમણે તેવા ભક્તોને, પ્રાણથી પણ 'પ્રિય' ( આચાર્યશ્રી છે ).

(૫૯) પહેલાના નામમાં (આચાર્યશ્રી) ભક્તોને પ્રાણથી પણ પ્રિય છે એમ કહી, પ્રાણથી પ્રિય હોવાનું જણાવનારી (તેમની) ક્રિયા જણાવનારૂં **'તાદૃશવેષ્ટિત' એ નામ કહેલું છે. 'તાદૃશ' પોતાને કૃતાર્થતા પ્રાપ્ત થાય તે માટે**

તજેલું છે સર્વ જેમણે તેવા (ભક્તો)થી સેવા માટે 'વેષ્ટિત' વીંટાએલ (આચાર્યશ્રી છે).

(૬૦) 'સદા સેવા કરતાં સેવામાં આસક્તિ થવાથી કોઇક સમયે કર્મ તથા કાલનો લોપ થવાનો દોષ થાય' એવી (શંકા) દૂર કરવા 'સ્વદાસાર્થકૃતાશેષસાધન' એ નામ કહે છે. 'સ્વદાસાર્થં' (પોતાના દાસો માટે) જ, 'કૃત' કરેલાં છે 'અશેષ' બધાં, 'સાધન' સાધનો જેમણે તેવાં (આચાર્યશ્રી છે). આથી કર્મ અને કાલનો લોપ થવાનો દોષ કાઢી નાખનાર છે એમ કહ્યું. અથવા 'જેમની સેવા માટે તેમના (સેવકો) સર્વ તજી તેમનો આશ્રય કરીને રહે છે તેવા ઘણા પ્રભાવવાળા (આચાર્યશ્રી) ને મર્યાદામાર્ગમાં કહેલા સાધનો કરવાનું શું પ્રયોજન ?' એવી શંકા દૂર કરવા માટે પણ 'સ્વદાસાર્થં' (નામ) કહેલું છે.

(૬૧) 'પોતે કરેલાં સાધનો બીજામાં (ભક્તમાં નહિ, પણ આચાર્યશ્રીમાં) રહેલાં હોવાથી, તેથી સેવકોએ કરેલા દોષ દૂર કેવી રીતે થાય ?' એવી શંકા દૂર કરવા આગળનું સર્વશક્તિધૃક્' એ નામ કહે છે. 'સર્વ' બધી અલૌકિક 'શક્તિ' શક્તિઓ, તેઓમાં 'ધૃક્' હિંમત કરે પોતાનું સામર્થ્ય દર્શાવે તે 'સર્વશક્તિધૃક્'. અહીં શક્તિઓમાં સામર્થ્ય દર્શાવવાનું કહ્યું, તેથી પોતે સાધનો કરે તેથી ભક્તોને કોઈ સમયે સાધનોનો લોપ થવાથી થતો દોષ દૂર કરવાનું સામર્થ્ય કહેલું હોવાથી પૂર્વપક્ષ કરવાનો અવસર રહેતો નથી એટલે સર્વ દોષરહિત છે. ૨૧.

**भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत्पिता ॥**
**स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्यः स्मयापहः ॥ २२ ॥**

एवं भगवदाज्ञया भक्तिमार्गप्राकट्यार्थं स्वयं प्रकटो भूत्वा स्वप्रकटितभक्तिमार्गं स्वीयभक्तेषु स्वोपदेशस्वाचरणादिना स्वप्राकट्यसमये तेषु सर्वं सम्यग् ज्ञापयित्वाग्रेपि भगवता भक्तिमार्गाङ्गीकृतजीवेषु भक्तिमार्गप्रवृत्तिः स्ववंशव्यतिरेकेण न भवतीति स्ववंशकरणमितिज्ञापनायाग्रिमन्नामाहुर्भुवि **भक्तिप्रचारैककृते स्वान्वयकृदिति, भुवि भक्तिप्रचारैककृते स्वान्वयकृत्** स्ववंशकर्ता । अत्रा**न्वय**पदस्य पुत्रपरत्वं ज्ञेयं, **एक**पदेन मुख्यत्वं ज्ञापितम् ।

वंशे प्रकारान्तरनिराकरणपूर्वकं केवलमौरसत्वज्ञापनायोक्तं **पितेति** ।

ननु पुत्रत्वेपि स्वतुल्यत्वं यदि वंशे न स्यात् तदा कथं स्वप्रवर्तितमार्गप्रवर्तकत्वं भवेदित्याशङ्कानिरासायाहुः **स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्य** इति, **स्ववंशे स्थापितं अशेषं** सम्पूर्णं **माहात्म्यं** येन सः, एतेन पूर्वोक्ताशङ्कानिरासो ज्ञापितः ।

ननु सर्वात्मना सम्पूर्णं स्वमाहात्म्यस्थापन आश्चर्यत्वमाशङ्क्य तन्निरासायाहुः **स्मयापह** इति, **स्मयं** आश्चर्य**मपह**न्तीति दूरीकरोतीति **स्मयापहः** ॥ २२ ॥

(૬૨) ભુવિ ભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્ (૬૩) પિતા (૬૪) સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય (૬૫) સ્મયાપહ. ૨૨.

એ રીતે ભગવાનની આજ્ઞાથી ભક્તિમાર્ગ પ્રકટ કરવા પોતે પ્રકટ થઈ, પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગના પોતાના ભક્તોને પોતાના ઉપદેશ આચરણ વિગેરેથી પોતે પ્રકટ હતા ત્યારે સર્વ સારી રીતે જણાવી, ભવિષ્યમાં પણ ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોની પોતાના વંશ વિના પ્રવૃત્તિ થશે નહિ એમ જાણી, (આચાર્યશ્રીએ) પોતાનો વંશ કર્યો એમ જણાવવા આગળનું 'ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્' એ નામ કહેલું છે. 'ભુવિ' (ભૂતલ ઉપર) 'ભક્તિપ્રચારકકૃતે' એકભક્તિનો પ્રચાર કરવા માટે 'સ્વાન્વયકૃત્' પોતાનો વંશ કરનાર (આચાર્યશ્રી છે). અહીં 'અન્વય' શબ્દ પુત્રના અર્થમાં કહેલો જાણવો. 'એક' શબ્દનો અર્થ 'મુખ્ય' જાણવો.

(૬૩) 'વંશ' શબ્દથી બીજો પ્રકાર ન લેતાં માત્ર ઔરસપણું જણાવવા 'પિતા' એ (નામ) કહેલું છે.

'વંશમાં પુત્ર હોવા છતાં પોતાની સમાન ન હોય તો તે પ્રવૃત્તિ કેમ કરાવે?' એવી શંકા દૂર કરવા 'સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય' એ (નામ) કહેલું છે. પોતાના વંશમાં સ્થાપન કરેલું છે 'અશેષ' સંપૂર્ણ માહાત્મ્ય જેમણે તેવા (આચાર્યશ્રી) છે. આથી પહેલાં કહેલી શંકા દૂર થયેલી જણાવી.

(૬૫) 'સર્વપ્રકારે સંપૂર્ણ માહાત્મ્યનું સ્થાપન કરવું એ આશ્ચર્ય (કારક) છે' એવી શંકા થાય, તેથી તે દૂર કરવા 'સ્મયાપહ' એ (નામ) કહેલું છે. 'સ્મય' આશ્ચર્યનો 'અપહા' નાશ કરે, તેને દૂર કરે તે 'સ્મયાપહ'. ૨૨.

**पतिव्रतापतिः पारलौकिकैहिकदानकृत् ॥**
**निगूढहृदयोऽनन्यभक्तेषु ज्ञापिताशयः ॥ २३ ॥**

ननु सिद्धवत्कारेण स्मयापहत्वकथने को हेतुरित्याशङ्कानिरासाय हेतुनिरूपकन्नामाहुः **पतिव्रतापति**रिति, पत्युर्व्रतमिव नियम इव **व्रतं** नियमो यस्याः सा **पतिव्रता** तस्याः **पतिः** । अनेनाचार्येषु यावन्तो धर्मा अलौकिकास्तावद्धर्मवत्त्वमत्रापि ज्ञापितं भवति, अन्यथा तत्पतित्वमेव नोपपद्येत । अत्रायमाशयः, वंशे यत्तारतम्यं दृष्टं तद्बीजक्षेत्रतारतम्यहेतुकमिति, अत्र त्वाचार्याणां साक्षात्पुरु-

षोत्तमास्यत्वं सोपपत्तिपूर्वकं पूर्वं निरूपितमेतत्परिग्रहेपि यदि तत्तुल्यत्वं न स्यात्तदा बीजक्षेत्रतारतम्याद्वंशेपि तारतम्यमेव भवेदत्र तूभयोः परमानन्दरूपत्वेन साम्यात् तत्प्रादुर्भूतवंशस्यापि तत्तुल्यत्वज्ञापनेन पूर्वोक्ताशङ्कानिरास उक्तो भवतीति सर्वमनवद्यं, अदृष्टस्य जीवधर्मत्वात् तत्कृताशङ्कासम्भवोपि न भवतीति सर्वमनवद्यम् ।

एवं स्ववंशस्य सोपपत्तिकं स्वसाम्यमुपपाद्य स्वीयानामैहिकामुष्मिकफलदानसामर्थ्यमाहुः **पारलौकिकैहिकदानकृ**दिति, स्वमार्गीयं **पारलौकिकं** भगवत्सम्बन्धरूप**मैहिकं** तत्सेवार्थमेव स्त्रीपुत्रधनादिरूपं तद्**दानकृत्** । यद्यप्यदृष्टादिना कस्यचित्तीर्थादिमरणेन पारलौकिकफलमनुमीयते पतिपुत्रादिरूपमैहिकमपि दृश्यते तथापि पूर्वोक्तप्रकारकपारलौकिकैहिकफलदाने आचार्याणामेव सामर्थ्यं न त्वदृष्टादेरपीति ज्ञापनायोक्तं **पारलौकिकैहिकदानकृ**दिति ।

यद्यपि पूर्वनाम्नि पारलौकिकैहिकदानकरणे न सन्देहस्तथापि कदा केन प्रकारेण दास्यतीतिजिज्ञासायामाहु**र्निगूढहृदय** इति, नितरां **गूढं** ईश्वरत्वेन ज्ञातुमशक्यं **हृदयं यस्य** सः । तेन फलदाने न सन्देहः परं त्वीश्वरेच्छाया अनियम्यत्वात्कालविशेषनियमस्याशक्यत्वज्ञापनायोक्तं **निगूढहृदय** इति ।

ननु सर्वेषामियमेव व्यवस्था अथवा स्वेच्छामपि केषुचिज् ज्ञापयतीतिसन्देहनिवृत्त्यर्थमग्रिमन्नामाहु**रनन्यभक्तेषु ज्ञापिताशय** इति, **अनन्या** अन्तरङ्गा **भक्ताः पद्मनाभदासप्रभृतयो विरलास्तेषु ज्ञापितः आशयः** अन्तःकरणं येन सः । तेन यं ज्ञापयति स एव समयविशेषं जानाति न तु सर्वेषां ज्ञानयोग्यतेतिज्ञापनायोक्तम**नन्यभक्ते**ष्वित्यादि ॥ २३ ॥

(९६) પતિવ્રતાપતિ (९७) પારલૌકિકૈહિકદાનકૃત (९८) નિગૂઢહૃદય (९९) અનન્યભક્તેષુ જ્ઞાપિતાશય.

(९६) '(આચાર્યશ્રી) આશ્ચર્યનો નાશ કરનારા છે એમ સિદ્ધ હોય તેવી રીતે કહેવાનું શું કારણ ?' એવી શંકા થાય, તથી (તેનું) કારણ જણાવનારૂં 'પતિવ્રતાપતિ' એ નામ કહેલું છે. 'પતિ' (પતિના) 'વ્રત' એટલે નિયમના જેવું વ્રત છે જેનું તે 'પતિવ્રતા.' તેના 'પતિ.' આથી એમ જણાવાયું કે જેટલા અલૌકિક ગુણો આચાર્યશ્રીમાં છે તેટલા અહીં (તેમનાં પત્નીમાં) પણ છે. તેમ ન હોય તો (આચાર્યશ્રી) તેના પતિજ ન હોય. આનો આશય નીચે પ્રમાણે છે.

વંશમાં જે ભેદ જોવામાં આવે છે તે બીજ (પિતા) અને ક્ષેત્ર (માતા)ના ભેદથી થયેલા હોય છે. અહીં તો આચાર્યશ્રી સાક્ષાત્ પુરુષોત્તમના મુખરૂપ છે એમ તર્કથી પહેલાં દર્શાવેલું છે. આમના પત્નીમાં પણ જો તેમની સમાનતા ન હોય તો બીજ અને ક્ષેત્રના ભેદને લીધે વંશમાં પણ ભેદજ હોત. અહીં તો બંને પરમાનંદરૂપ હોઈ સમાન હોવાથી તેમનાથી પ્રકટ થએલ વંશ પણ તેમની સમાન છે એમ જણાવેલ હોવાથી પહેલાં કહેલી શંકા ખોટી હોવાનું કહેવાયું. તેથી સર્વ દોષરહિત છે. અદૃષ્ટ જીવનો ગુણ હોવાથી તેનાથી થતી શંકાનો (અહીં) સંભવ પણ નથી. તેથી સર્વ દોષરહિત છે.

(૬૭) એવી રીતે પોતાનો વંશ પોતાની સમાન છે એમ યુક્તિસહિત સિદ્ધ કરીને, (આચાર્યશ્રીમાં) પોતાના(સેવકો)ને આ લોકનું અને પરલોકનું ફલ આપવાનું સામર્થ્ય છે એમ 'પારલૌકિકૈહિકદાનકૃત્' (નામ)થી કહે છે. પોતાના માર્ગના 'પારલૌકિક' (પરલોકનું) ભગવાનના સંબંધરૂપ, અને 'ઐહિક' તેમની સેવા માટેજ સ્ત્રી પુત્ર ધન વિગેરેરૂપ (આ લોકનું) (ફલ,) તેનું 'દાનકૃત્' (દાન કરનારા) (આચાર્યશ્રી છે.) જો કે અદૃષ્ટ વિગેરેને લીધે તીર્થ વિગેરેમાં મરણ પામે તેથી (તેને) પરલોકનું (ફલ મળ્યાનું) અનુમાન થાય છે, અને પતિ પુત્ર વિગેરેરૂપ આ લોકનું (ફલ) પણ જોવામાં આવે છે, છતાં પણ પહેલાં કહેલપ્રકારના પરલોકનાં અને આ લોકનાં ફલનું દાન કરવાનું સામર્થ્ય આચાર્યશ્રીમાંજ છે, પરંતુ અદૃષ્ટ વિગેરેમાં પણ નથી એમ જણાવવા પરલોકનાં અને આ લોકનાં ફલનું દાન કરનાર (આચાર્યશ્રી છે) એમ કરેલું છે.

(૬૮) જો કે પહેલાનાં નામમાં પરલોકનું અને આ લોકનું દાન કરવામાં સંદેહ નથી, છતાં પણ (તે) ક્યારે અને કેવા પ્રકારથી દાન કરશે એ જાણવાની ઇચ્છા થાય, તેથી 'નિગૂઢહૃદય' એ (નામ) કહેલું છે. 'નિ' સારી રીતે 'ગૂઢ' ઈશ્વર હોવાને લીધે જાણી ન શકાય તેવું 'હૃદય' છે જેમનું તેવા' (આચાર્યશ્રી છે.) તેથી ફલનું દાન કરે તેમાં સંદેહ નથી; પરંતુ ઈશ્વરની ઇચ્છા નિયમમાં રાખી શકાય તેવી નહિ હોવાથી, અમુક કાલે (આપશે એવો) નિયમ થઈ શકે તેવો નથી એમ જણાવવા 'નિગૂઢહૃદય' એ (નામ) કહેલું છે.

(૬૯) 'બધાને માટે આજ વ્યવસ્થા છે, કે પોતાની ઇચ્છા પણ કેટલાકને જણાવે છે' એવો સંદેહ દૂર કરવા પછીનું 'અનન્યભક્તેષુ જ્ઞાપિતાશય' એ નામ કહેલું છે. 'અનન્ય' અંતરંગ પદ્મનાભ વિગેરે વિરલા 'ભક્તેષુ' ભક્તોને 'જ્ઞાપિત' (જણાવેલું છે) 'આશય' અંતઃકરણ જેમણે તેવા (આચાર્યશ્રી છે') તેથી જેને જણાવે તેજ (ફલદાનનો) ચોક્કસ સમય જાણે છે, પણ બધાની જાણવાની યોગ્યતા નથી, એમ જણાવવા 'અનન્યભક્તેષુ...' વિગેરે નામ કહેલું છે. ૨૩.

**उपासनादिमार्गातिमुग्धमोहनिवारकः ॥**
**भक्तिमार्गे सर्वमार्गवैलक्षण्यानुभूतिकृत् ॥ २४ ॥**

एवं स्वकीयेषु फलाव्यभिचारित्वमुपपाद्य कदाचिद्दुःसंसर्गात् स्वीयानामपि कृतिसाम्यादज्ञानादुपासनादिमार्गप्रवृत्तानामज्ञाननिवृत्तिपूर्वकरक्षाकरणज्ञापकमग्रिमन्नामाहु**रुपासनादिमार्गातिमुग्धमोहनिवारक** इति, **उपासनादिमार्गाः** पूजाज्ञानयोगादयस्तत्र भक्तिमार्गाभिमानेन ये**तिमुग्धा** अत्यन्ताज्ञानिनस्तेषां भक्तिमार्गनिरूपणेन मोहस्य अज्ञानस्य **निवारकः** ।

ननु भक्तिमार्गनिरूपणमात्रेणैव कथमज्ञाननिवृत्तिरित्याशङ्कानिरासायाग्रिमन्नामाहु**र्भक्तिमार्गे सर्वमार्गवैलक्षण्यानुभूतिकृ**दिति, अत्र निरूपणेन कथनमात्रं न विवक्षितं किन्तु कथनस्यानुभवपर्यवसायित्वेनाज्ञाननिवर्तकत्वज्ञापनायोक्तं**भक्तिमार्गे सर्वमार्ग**त्यादि, **वैलक्षण्यं** तूपासनामार्गोपास्यदेवताया मन्त्राधीनत्वाद्विभूतित्वेन साक्षात्पुरुषोत्तमत्वाभावाद्भक्तिमार्गे सेव्यस्य केवलभक्त्यधीनत्वेन पुरुषोत्तमत्वाद्यथोपासनामार्गाद्भक्तिमार्गे वैलक्षण्यं सोपपत्तिकमनुभूतं भवति तथा कर्तेत्यर्थः ॥ २४ ॥

(७०) ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારક (७१) ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્.

(७०) એવી રીતે પોતાના સેવકોને (આચાર્યશ્રી) ફલ આપે છેજ એમ સિદ્ધ કરીને, કોઈ પ્રસંગે દુઃસંગને લીધે અજ્ઞાનને લીધે (અને) કાર્યમાં સમાનપણું હોવાથી ઉપાસના વિગેરે માર્ગમાં પ્રવૃત્ત થએલા પોતાના (સેવકો) નું પણ અજ્ઞાન દૂર કરીને (આચાર્યશ્રી) તેમનું રક્ષણ કરે છે એમ જણાવનારૂં પછીનું 'ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારક' એ નામ કહે છે. પૂજા જ્ઞાન યોગ વિગેરે જે 'ઉપાસનાદિમાર્ગ' (ઉપાસના વિગેરે) માર્ગો છે, તે ભક્તિમાર્ગ છે એવી માન્યતાને લીધે જેઓ 'અતિમુગ્ધ' ઘણાજ અજ્ઞાનીઓ છે, તેઓને ભક્તિમાર્ગ સમજાવીને (તેઓના) 'મોહ' અજ્ઞાનને 'નિવારક' (દૂર કરનારા) (આચાર્યશ્રી છે).

(७१) ભક્તિમાર્ગ સમજાવવાથીજ અજ્ઞાન દૂર કેમ થાય?' એવી શંકા દૂર કરવા આગળનું 'ભક્તિમાર્ગે સર્વમાર્ગવૈલક્ષણ્યાનુભૂતિકૃત્' એ નામ કહેલું છે. અહીં 'સમજાવવું' એટલે માત્ર કહેવું નહીં, પરંતુ તેનો અનુભવ કરાવાય છે, તેથી અજ્ઞાન દૂર થાય છે એમ જણાવવા 'ભક્તિમાર્ગે સર્વમાર્ગે...' વિગેરે. (ભક્તિમાર્ગના સર્વમાર્ગથી ભેદનો અનુભવ કરાવનાર) કહેલું છે. ભેદ તો (એવો છે કે) ઉપાસના

માર્ગમાં જેની ઉપાસના કરાય છે તે દેવતા મંત્રને અધીન છે કારણ કે (તે) વિભૂતિ હોવાથી સાક્ષાત્ પુરુષોત્તમ નથી, (અને) ભક્તિમાર્ગમાં જેમની સેવા થાય છે તે માત્ર ભક્તિને અધીન હોવાથી પુરુષોત્તમ છે. જે પ્રકારે ઉપાસનામાર્ગથી ભક્તિમાર્ગના ભેદનો યુક્તિથી અનુભવ થાય, તેમ (આચાર્યશ્રી) કરે છે, એવો અર્થ છે. ૨૪.

**पृथक्शरणमार्गोपदेष्टा श्रीकृष्णहार्दवित् ॥**
**प्रतिक्षणनिकुञ्जस्थलीलारससुपूरितः ॥ २५ ॥**

ननूपासनादिमार्गाणां पुरुषोत्तमापर्यवसायित्वेनानुभवपर्यवसायिभक्तिमार्ग-निरूपणेन तेषु मार्गेषु भक्तिमार्गज्ञानरूपं यदज्ञानं स्वकीयेषु तन्निवृत्तिमुक्त्वा शरणमार्गस्य पुरुषोत्तमपर्यवसायित्वेन भक्तिमार्गत्वं भविष्यतीत्याशङ्कानिरासायाग्रिमनामाहुः **पृथक्शरणमार्गोपदेष्टेति**, भक्तिमार्गात् **पृथग्भिन्नो** यः **शरण-मार्गस्तस्योपदेष्टा** '[1]न्यासादेशोष्वि'त्यादिना स्वीयेषूपदेशकर्ता । यद्यपि भक्ति-मार्गीयोपि शरणमार्गोस्ति "तस्मान्मच्छरणं गोष्ठं मन्नाथं मत्परिग्रहं । गोपाये स्वात्मयोगेन सोयं मे व्रत आस्थित" इति भगवतैवोक्तत्वाद्भक्तिमार्गीयशरणस्याग्रे स्वरूपानन्दानुभवफलपर्यवसायित्वात्तच्छरणस्य भक्तिमार्गीयत्वं यथा तथा मर्यादामार्गीयोपि शरणमार्गो भक्तिमार्गीयशरणमार्गाद्भिन्नोस्ति मर्यादामार्गीयफलसाधकस्तयोस्तारतम्यज्ञातृत्वमाचार्याणामेवेतिज्ञापनायापि तन्नामोक्तं **पृथक्शरण-मार्गोपदेष्टेति** । **पृथक्**पदेन भगवता **गीतासु** पार्थं प्रति "सर्वधर्मान् परित्यज्य" त्याद्युपदिष्टस्य **शरणमार्गस्य मर्यादामार्गीयत्वमेव न शुद्धपुष्टिमार्गीत्वं** । उपदिष्टशरणमार्गस्य "नष्टो मोह" इति सर्वसन्देहनिवृत्तिपूर्वकं "करिष्ये वच-नन्तवे" ति भगवदधीनत्वस्यैव फलत्वनिर्देशात्तस्य मुक्तिपर्यवसायित्वेन मर्यादा-मार्गीयत्वम् ।

ननु शरणमार्गस्य पुरुषोत्तमपर्यवसायित्वेपि भगवदुपदिष्टत्वेपि "न्यासादेशे"-ष्वित्यनेन भक्तिमार्गभिन्नत्वनिरूपणे को हेतुरित्याशङ्कानिरासायाहुः **श्रीकृष्ण-हार्दविदिति, कृष्णस्य** फलात्मकस्य **हार्द**मभिप्रायं वेत्तीति **श्रीकृष्णहार्दवित्,** शरणमार्गस्य भक्तित्वं चेत्स्यात्तर्हि भक्तेः साक्षात्स्वरूपसम्बन्धफलकत्ववत् शर-णमार्गस्यापि तत्फलकत्वेनैवोपदेशः स्यात् न तु पापनिवृत्तिफलकत्वेन प्रायश्चि-

---

१ आहित इत्यपि पाठः ।

त्तादिवत् । किञ्च भगवान् हि यथाधिकारं साधनमुपदिशति, **अर्जुनस्य मर्यादापुष्टावङ्गीकृतत्वादु**भयांशत्वं ज्ञात्वोभयसमाधानार्थं शरणगमनस्य पापनाशसाधनत्वेन मर्यादांशत्वं पापफलशोकनिवारणे साधनान्तरमनुक्त्वा **स्वस्यैव** साधनत्वेन पुष्ट्यंशत्वमपि ज्ञापयित्वा शरणमार्गोपदेशस्य केवलं **स्वाधी-**नत्वेन स्ववाक्यकरणस्यैव फलत्वं ज्ञापयित्वा **युद्धकरणे योजितवान् न तु साक्षात्स्वसम्बन्धं कारितवान्**, अत एवार्जुनेनोक्तं "करिष्ये वचनं तवे"-ति, एतावद्भगवदभिप्रायज्ञानमाचार्याणामेव नान्यस्य सम्भवतीतिज्ञापनायोक्तं **श्रीकृष्णहार्दवित्** इति ।

एवं शरणोपदेशे भगवदभिप्रायं ज्ञात्वा पुरुषोत्तमस्य पुष्टिमार्गीयफललीलायामेव हृदयं नान्यत्रापीतिज्ञापनाय स्वयं साक्षात्पुष्टिलीलारसाभिनिविष्टो जात इति ज्ञापनायाग्रिमन्नामाहुः **प्रतिक्षणनिकुञ्जस्थलीलारससुपूरित** इति, **प्रतिक्षणं निकुञ्जस्थस्य** या **लीला** तस्यां यो रसस्तेन सुष्ठु बाह्याभ्यन्तरभेदेन पूरितः पूर्णः ॥ २५ ॥

(૭૨) પૃથક્ શરણમાર્ગોપદેષ્ટા (૭૩) શ્રીકૃષ્ણહાર્દવિત્ (૭૪) પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિત.

(૭૨) ઉપાસના વિગેરે માર્ગો પુરુષોત્તમને પહોંચતા નહિ હોવાથી, તે માર્ગમાં ભક્તિમાર્ગના જ્ઞાનનું જે અજ્ઞાન છે, તે (પુરુષોત્તમનો) અનુભવ કરાવનાર ભક્તિમાર્ગ સમજાવીને પોતાના (સેવકો)માંથી દૂર કર્યાનું કહીને 'શરણમાર્ગ પુરુષોત્તમ સુધી પહોંચતો હોવાથી (તે) ભક્તિમાર્ગ હશે' એવી શંકા દૂર કરવા, આગળનું 'પૃથક્ શરણમાર્ગોપદેષ્ટા' આ નામ કહેલું છે. ભક્તિમાર્ગથી 'પૃથક્' જૂદો જે 'શરણમાર્ગ' તેના 'ઉપદેષ્ટા.' 'ન્યાસાદેશમાં...' વિગેરેથી પોતાના (સેવકો) ને ઉપદેશ કરનાર (આચાર્યશ્રી છે.) તેથી 'મારે શરણ આવેલ હું જ જેનો નાથ છું, અને મેં જેનો પરિગ્રહ કરેલો છે તેવા નેસડાનું હું સ્વાત્મયોગથી રક્ષણ કરીશ, કારણકે મેં આ વ્રતનો સ્વીકાર કરેલો છે' વાક્યપ્રમાણે ભક્તિમાર્ગીય શરણમાર્ગ પણ છેજ, છતાં પણ ભક્તિમાર્ગનું શરણ ભવિષ્યમાં સ્વરૂપાનંદના અનુભવરૂપ ફલ આપનારૂં હોવાથી જેમ તે શરણ ભક્તિમાર્ગનું છે, તેમ મર્યાદામાર્ગનો શરણમાર્ગ પણ મર્યાદામાર્ગનું ફલ પ્રાપ્ત કરાવનારો ભક્તિમાર્ગના શરણમાર્ગથી જૂદો છે. તે બેનો ભેદ જાણનાર આચાર્યશ્રીજ છે એમ જણાવવા તે 'પૃથક્શરણમાર્ગોપદેષ્ટા' એવું નામ કહેલું છે. 'પૃથક્' (જૂદો) શબ્દ યોજેલો હોવાથી ભગવાને ગીતામાં અર્જુનને 'સર્વ ધર્મોનો ત્યાગ કરીને...' વિગેરેથી ઉપદેશ કરેલો શરણમાર્ગ મર્યાદામાર્ગનોજ છે,

શુદ્ધ પુષ્ટિમાર્ગનો નથી. (ભગવાને તેને) ઉપદેશ કરેલા શરણમાર્ગમાં 'મોહ નાશ પામ્યો.' એમ સર્વસંદેહો દૂર કરીને 'આપના વચન પ્રમાણે કરીશ' એમ ભગવાનને અધીન રહેવું એજ ફલ તરીકે કહેલું હોવાથી, તે (ફલ) મુક્તિમાં પરિણમતું હોવાથી મર્યાદામાત્રનું છે.

(૭૩) "શરણમાર્ગ પુરુષોત્તમ સુધી પહોંચતો હોવા છતાં, ભગવાને (તેનો) ઉપદેશ કરેલો હોવા છતાં 'ન્યાસના આદેશમાં...' વિગેરેથી (તે) ભક્તિમાર્ગથી જૂદો હોવાનું કહેવાનું શું કારણ ?" એવી શંકા દૂર કરવા' 'શ્રીકૃષ્ણહાર્દવિત્' એ (નામ) કહેલું છે. 'શ્રીકૃષ્ણ' એટલે ફલરૂપનો 'હાર્દ' અભિપ્રાય 'વિત્' જાણે તે શ્રીકૃષ્ણહાર્દવિત્. જો શરણમાર્ગ ભક્તિ હોત તો ભક્તિનું ફલ સાક્ષાત્ સ્વરૂપનો સંબંધ છે તેની પેઠે શરણમાર્ગનું ફલ પણ તે હોવાનોજ ઉપદેશ કરેલો હોત, પરંતુ પ્રાયશ્ચિત્ત વિગેરેની પેઠે પાપ દૂર કરવું તે (તેનું) ફલ કહ્યું ન હોત. વળી ભગવાન (સર્વને તેમના) અધિકાર પ્રમાણે સાધનનો ઉપદેશ કરે છે. અર્જુનનો મર્યાદાપુષ્ટિમાં અંગીકાર (કરેલો) હોવાથી (તેનામાં મર્યાદા અને પુષ્ટિ) બંનેના અંશો હોવાનું જાણીને (તે) બંને (અંશો) નું સમાધાન થાય તે માટે શરણ જવું એ પાપના નાશનું સાધન હોવાથી મર્યાદાના અંશવાળું છે અને પાપના ફલરૂપ શોક દૂર કરવા બીજું સાધન ન કહેતાં પોતેજ સાધન થતા હોવાથી (તે) પુષ્ટિના અંશવાળું પણ (છે એમ) જણાવીને, શરણમાર્ગના ઉપદેશનું ફલ માત્ર પોતાને અધીન રહીને પોતાના વચન પ્રમાણે કરવું તેજ હોવાનું જણાવીને (ભગવાને અર્જુનને) યુદ્ધ કરવામાં કામે લગાડ્યો, પરંતુ સાક્ષાત્ સ્વરૂપનો સંબંધ કરાવ્યો નહિ. તેથીજ 'હું આપના વચન પ્રમાણે કરીશ' એમજ અર્જુને પણ કહેલું. આટલા ભગવાનના અભિપ્રાયનું જ્ઞાન આચાર્યશ્રીનેજ છે બીજાને હોવાનું સંભવતું નથી એમ જણાવવા 'શ્રીકૃષ્ણહાર્દવિત્' એ (નામ) કહેલું છે.

(૭૪) એવી રીતે શરણનો ઉપદેશ કરવામાં ભગવાનનો અભિપ્રાય જાણીને 'પુરુષોત્તમનું હૃદય પુષ્ટિમાર્ગના ફલની લીલામાંજ છે બીજે નથી જ' એમ જણાવવા, (આચાર્યશ્રી) પોતે સાક્ષાત્ પુષ્ટિલીલાના રસમાં તલ્લીન થયા એમ જણાવવા આગળનું 'પ્રતિક્ષણનિકુંજસ્થલીલારસસુપૂરિત' એ નામ કહેલું છે. 'પ્રતિક્ષણ' (દરેક ક્ષણે) 'નિકુંજસ્થ' (નિકુંજમાં રહેલા)ની જે 'લીલા' તેમાં જે 'રસ' તેથી 'સુ' સારી રીતે બહાર અને અંદરના ભેદથી 'પૂરિત' ભરપૂર (આચાર્યશ્રી છે.) ૨૫.

तत्कथाक्षिप्तचित्तस्तद्विस्मृतान्यो व्रजप्रियः ॥
प्रियव्रजस्थितिः पुष्टिलीलाकर्ता रहःप्रियः ॥ २६ ॥

ननु रसपूर्णताया आन्तरधर्मत्वात् कदाचिद्भक्तानां ज्ञानविषयत्वं न भविष्यतीत्याशङ्क्य तद्धर्मज्ञापकमग्रिमन्नामाहुस्**तत्कथाक्षिप्तचित्त** इति, **तल्लीलारसकथा**यामेवासमन्तात् **क्षिप्तं** प्रेरितं **चित्तं** येन सः। एतेन निरन्तरं तत्कथाकथनेन भक्तानामपि तद्रसपूरितत्वाज्ज्ञानं सम्भवतीतिपूर्वपक्षिकृता शङ्का परिहृता वेदितव्या। अथवा **प्रतिक्षणनिकुञ्जस्थलीलारससुपूरितत्वो**क्त्या भगवतो निकुञ्जसंयोगविप्रयोगोभयरसानुभवो ज्ञापितो भवति, तेन यदाचार्याणान्निकुञ्जस्थसंयोगरसलीलापूरितत्वं तदा बाह्याभ्यन्तरभेदेन तद्रसपूरितत्वमेव यदा पुनर्निकुञ्जस्थविप्रयोगलीलारससुपूरितत्वं यथा गीतगोविन्दे 'तव विरह' इत्यादि तदा स्थातुमशक्यत्वात्तत्कथाक्षिप्तचित्ततया कालनिर्वाहत्वज्ञापनायाप्युक्तं **तत्कथाक्षिप्तचित्त** इति, एतेनाचार्याणामुभयरससुपूरितत्वेन सदा पूर्णस्वरूपानन्दरसपूरितत्वं ज्ञापितम्भवति, अथवा तत्**कथा**कथनार्थमेवा**क्षिप्तं** व्याकुलं **चित्तं** यस्य सः।

ननु निरन्तरमेतद्रसकथाया एव कथने को हेतुरित्याशङ्कानिरासायाग्रिमन्नामाहुस्**तद्विस्मृतान्य** इति, तद्रसकथयैव **विस्मृतमन्य**त्तदतिरिक्तं कथाननुगुणं सर्वं येन सः।

ननु कथाननुगुणाप्रियत्वे कथानुगुणस्यैव च प्रियत्वे किन्नियामकमित्याशङ्कानिरासायाहु**र्व्रजप्रिय** इति, **व्रजः प्रियो** यस्य स **व्रजप्रियः**। **व्रजप्रिय**त्वोक्त्या व्रजस्य कथानुगुणत्वात्तत्सम्बन्धिपदार्थमात्रस्य सर्वस्यैव प्रियत्वमुक्तमिति सुष्ठूक्तं कथाननुगुणस्याप्रियत्वमिति।

एवं पूर्वनाम्नि व्रजप्रियत्वमुक्त्वा व्रजस्य प्रियत्वज्ञापनायाग्रिमन्नामाहुः **प्रियव्रजस्थिति**रिति, **प्रिया व्रजस्थिति**र्यस्य सः। **यदि** व्रजस्य प्रियत्वं न स्यात् तदा तत्र स्थितिं न कुर्यात्, **व्रजे स्थिति**कथनेनाचार्याणां व्रजप्रियत्वमत्यन्तं ज्ञापितं भवति।

ननु व्रजप्रियत्वेन तत्र स्थितिकरणे को हेतुरित्याशङ्कापरिहारायाहुः **पुष्टिलीलाकर्ते**ति। अत्रायमाशयः, भगवानपि **पुष्टिलीलां** रासादिलीलां व्रज एव कृतवानिति ज्ञात्वा स्वयमपि स्वीयेषु तल्लीलाप्रकारज्ञापनाय **तल्लीलानुकरणं** कृतवानितिज्ञापनायोक्तं **पुष्टिलीलाकर्ते**ति।

यद्यपि स्वीयानां ज्ञापनायानुकरणेन रसानुभवं कारितवांस्तथापि स्वयमेतल्लीलारसानुभवमेकान्त एव करोतीतिज्ञापनायोक्तं रहःप्रिय इति, रहः एकान्तमेव प्रियं यस्य सः ॥ २६ ॥

(૭૫) 'રસથી ભરપૂર હોવું એ અંદરનો ગુણ હોવાથી કદાચ ભક્તોને તેનું જ્ઞાન ન હોય' એવી શંકા થાય, તેથી તેવો ગુણ જણાવનારું આગળનું 'તત્કથાક્ષિપ્તચિત્ત' એ નામ કહેલું છે. 'તત્' તે લીલારસની 'કથા' માંજ 'આ' સર્વ તરફથી 'ક્ષિપ્ત' પ્રેરાએલું છે 'ચિત્ત' જેમનું તેવા (આચાર્યશ્રી છે.) આથી (આચાર્યશ્રી) સદા તે કથા કહેતા હોવાથી 'ભક્તોને (તેઓશ્રી) તે રસથી ભરપૂર હોવાનું જ્ઞાન ન હોય' એવી પૂર્વપક્ષીએ કરેલી શંકા ખોટી ઠરાવેલી જાણવી. અથવા 'પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિત' કહ્યા, તેથી ભગવાનના નિકુંજમાં સંયોગ અને વિપ્રયોગ બંને રસનો અનુભવ જણાવ્યો. તેથી જ્યારે આચાર્યશ્રી નિકુંજમાં રહેલા સંયોગરસથી ભરપૂર હોય ત્યારે બહાર અને અંદરના ભેદથી તે રસથી ભરપૂરજ હોય છે, પણ જ્યારે જેમ ગીતગોવિંદમાં 'તારા વિરહમાં...' વિગેરે કહેલું છે તેમ નિકુંજમાં રહેલાના વિપ્રયોગ લીલાના રસથી ભરપૂર હોય ત્યારે (એવી સ્થિતિમાં) રહેવાનું અશક્ય હોવાથી તે (લીલારસ) ની કથામાં પ્રેરાએલા મનવાળા રહી સમય વીતાડે છે એમ જણાવવા પણ 'તત્કથાક્ષિપ્તચિત્ત' એ (નામ) કહેલું છે. આથી એમ જણાવ્યું કે આચાર્યશ્રી ઉભય રસોથી સારી રીતે ભરપૂર હોવાથી સદા પૂર્ણ સ્વરૂપના આનંદરસથી ભરપૂર છે. અથવા 'તત્' તે (રસ) ની 'કથા' કહેવા માટે જ 'આક્ષિપ્ત' વ્યાકુલ છે 'ચિત્ત' જેમનું તેવા (આચાર્યશ્રી છે).

(૭૬) 'સદા આ રસથી કથાજ કહેવાનું શું પ્રયોજન?' એવી શંકા દૂર કરવા પછીનું તદ્વિસ્મૃતાન્ય' એ નામ કહેલું છે. 'તત્' તે રસની કથાથીજ 'વિસ્મૃત' (વિસરેલું છે) 'અન્ય' કથાથી વિરૂદ્ધ બીજું સર્વ જેમણે તેવા (આચાર્યશ્રી છે.)

(૭૭) 'કથાને અનુકૂલ ન હોય તે અપ્રિય હોવાનું અને કથાને અનુકૂલ હોય તેજ પ્રિય હોવાનું કરાવનાર કોણ?' એવી શંકા દૂર કરવા 'વ્રજપ્રિય' એ નામ કહેલું છે. 'વ્રજ' છે 'પ્રિય' જેમને તે વ્રજપ્રિય. 'વ્રજપ્રિય' કહ્યા તેથી વ્રજ કથાને અનુકૂલ હોવાથી તેના સંબંધવાળા પદાર્થમાત્ર બધાએ પ્રિય છે એમ કહ્યું. તેથી કથાને અનુકૂલ ન હોય તે અપ્રિય છે એમ બરાબર કહેલું છે.

(૭૮) એવી રીતે પહેલાના નામમાં વ્રજ પ્રિય હોવાનું કહીને, વ્રજ પ્રિય હોવાનું જણાવનારૂં આગળનું 'પ્રિયવ્રજસ્થિતિ' એ નામ કહેલું છે.

'પ્રિય' છે 'વ્રજ' માં 'સ્થિતિ' જેમને તેવા (આચાર્યશ્રી છે.) જો વ્રજ પ્રિય ન હોય તો તેઓશ્રી તેમાં સ્થિતિ ન કરત. વ્રજમાં સ્થિતિ કહી તેથી આચાર્યશ્રીને વ્રજ ઘણુંજ પ્રિય હોવાનું જણાવાયું.

(૭૯) 'વ્રજ પ્રિય હોવા છતાં તેમાં સ્થિતિ કરવાનું શું પ્રયોજન ?' એવી શંકા દૂર કરવા 'પુષ્ટિલીલાકર્તા' એ (નામ) કહેલું છે. આનો આશય નીચે પ્રમાણે છે. ભગવાને પણ પુષ્ટિલીલા એટલે રાસ વિગેરે લીલા વ્રજમાં કરેલી એમ જાણીને (આચાર્યશ્રીએ) પોતે પણ પોતાના (સેવકો)ને તે લીલાનો પ્રકાર જણાવવા તે લીલાનું અનુકરણ કરેલું એમ જણાવવા 'પુષ્ટિલીલાકર્તા' એ (નામ) કહેલું છે.

(૮૦) 'જોકે (આચાર્યશ્રીએ) પોતાના(સેવકો)ને જણાવવા અનુકરણ કરી રસનો અનુભવ કર્યો' છતાં પણ પોતે આ લીલાના રસનો અનુભવ એકાંતમાંજ કરતા એમ જણાવવા 'રહઃપ્રિય' એ (નામ) કહેલું છે. 'રહઃ' એકાંતજ છે 'પ્રિય' જેમને તેવા (આચાર્યશ્રી છે.)

**भक्तेच्छापूरकः सर्वाज्ञातलीलोतिमोहनः ॥**
**सर्वासक्तो भक्तमात्रासक्तः पतितपावनः ॥ २७ ॥**

यद्यपि स्वयमेकान्त एव स्वमनोरथपूर्तिप्रकारेण लीलामनुभवति तथापि स्वान्तरङ्गभक्तेषु पुष्टिलीलाज्ञानार्तिं दृष्ट्वा तत्कथनेन तेषामपि तद्विषयिणीमिच्छार्तिं पूरयतीतिज्ञापनायोक्तं **भक्तेच्छापूरक** इति ।

ननु यथा तदार्तिदर्शनेन तदार्तिं शमयति तथा कृपया कदाचित् स्वमनोरथपूर्तिप्रकारकथनमपि भक्तेषु भविष्यतीत्याशङ्कानिरासायाहुः **सर्वाज्ञातलील** इति, **सर्वैर्भक्तैरप्यज्ञाता लीला** यस्य सः । तेन स्वानुभवप्रकारातिरिक्तप्रकारमेव बोधयति न तु साक्षात्स्वानुभवप्रकारमपीति ज्ञापितं भवति ।

ननु स्वीयेष्वप्यतिप्रचुरभाग्ययोगेन कदाचिदाचार्याः केन प्रकारेण भगवद्रसमनुभवन्तीतिमनोरथं दृष्ट्वा तन्मनोरथपूरकत्वज्ञापनायाग्रिमन्नामाहु**रतिमोहन** इति । अस्यायमाशयः । यद्यपि भक्तमनोरथं जानन्ति तथापि तेषु कथनयोग्यां भगवल्लीलां तेन प्रकारेण कथयन्ति येन तत्प्रकारकश्रवणजनितरसावेशेन तथा मुग्धा भवन्ति येन सर्वमनोरथपूर्तिर्भवतीतिज्ञापनायोक्त**मतिमोहन** इति ।

ननु पुष्टिमार्गीयभक्तेष्वेतल्लीलाज्ञानसम्पादकत्वेन्येष्वसम्पादकत्वे को हेतुरि-

स्याशङ्कानिरासायाग्रिमन्नामाहुः **सर्वासक्त** इति । **सर्वेषु** पुष्टिमार्गीयातिरिक्तेषु **असक्त** उपेक्षायुक्तः, अतस्तेष्वज्ञापनमिति सुष्ठूक्तं **सर्वासक्त** इति ।

भक्तिमार्गीयेष्वेतज्ज्ञापनस्यावश्यकत्वज्ञापनायाग्रिमन्नामाहु**र्भक्तमात्रासक्त** इति । पुष्टिमार्गीयभक्तेष्वेवा**सक्तः** कृपायुक्तः, अत्र **मात्र**पदोपादानेन यथा भक्तमात्रेष्वेवासक्तिस्तथा तदितरमात्रेष्वनास**क्तिरपीति** ज्ञापितम् ।

यद्यपि पूर्वनाम्नि भक्तमात्रासक्तत्वं निरूपितं तथापि प्रकारान्तरेणापि विशेषतो भक्तमात्रासक्तत्वनिरूपणायाग्रिमन्नामाहुः **पतितपावन** इति । अत्र पतितपावनत्वकथनस्यायमाशयः । लोकप्रसिद्धपातकानां भक्तिमार्गीयेषु सर्वात्मनासम्भावितत्वेपि यत्पतितपावनत्वकथनं तदेतन्मार्गीयपतितपावनपरत्वमिति ज्ञेयं । नन्वेतन्मार्गीयं किं पातकमितिचेदुच्यते यथा मर्यादामार्गे वर्णाश्रमविरुद्धनिषिद्धाचरणेन पतितत्वं तथैतन्मार्गे साक्षाद्भक्तिमार्गविरुद्धधर्माचरणेनैव पतितत्वं, भक्तिमार्गीयेषु भक्तिमार्गविरुद्धधर्माचरणनिराकरणपूर्वकं साक्षाद्भक्तिमार्गीयधर्मप्रवर्तनेन पावनसामर्थ्यमाचार्याणामेव नान्यस्यापीतिज्ञापनायोक्तं **पतितपावन** इति, मार्गान्तरीयपातकानां तत्तत्प्रकरणोक्तैः प्रायश्चित्तैरेव निवृत्तिकथनादाचार्यानुपयोगः, अत एव भक्तिमार्गविरुद्धकरणस्यैव पातकत्वज्ञापनायैव संन्यासनिर्णयेप्याचार्यैरुक्तं "अन्यथा पतितो भवेदि"ति स्वमार्गच्युतो भवेदित्यर्थः ॥ २७ ॥

**(૮૧) ભક્તેચ્છાપૂરક (૮૨) સર્વાજ્ઞાતલીલ (૮૩) અતિમોહન (૮૪) સર્વાસક્ત (૮૫) ભક્તમાત્રાસક્ત (૮૬) પતિતપાવન. ૨૭.**

(૮૧) 'જો કે પોતે એકાંતમાંજ પોતાના મનોરથ પૂર્ણ થાય તેવા પ્રકારે લીલાનો અનુભવ કરે છે, છતાં પણ પોતાના અંતરંગ ભક્તોમાં પુષ્ટિલીલાના જ્ઞાનની આર્તિ જોઈ ને, તે કહીને તેમની પણ તે વિષયની ઇચ્છાની આર્તિ પૂર્ણ કરે છે' એમ જણાવવા 'ભક્તેચ્છાપૂરક' '(ભક્તોની ઇચ્છાને પૂર્ણ કરનારા)' એ (નામ) કહેલું છે.

(૮૨) 'જેમ તેમની આર્તિ જોઈને તે આર્તિને શાંત કરે છે તેમ કૃપાથી કોઈવાર પોતાના મનોરથો પૂર્ણ કરવાનો પ્રકાર પણ ભક્તોને કહેતા હશે' એવી શંકા ખોટી પાડવા 'સર્વાજ્ઞાતલીલ' એ (નામ) કહેલું છે. 'સર્વ' બધાથી, ભક્તોથી પણ 'અજ્ઞાત' નથી જણાએલી 'લીલા' લીલા જેમની તેવા (આચાર્યશ્રી છે.) તેથી પોતાના અનુભવના પ્રકારથી જૂદો પ્રકારજ જણાવે છે, પરંતુ પોતાના સાક્ષાત્ અનુભવનો પ્રકાર જણાવતા નથી જ, એમ જણાવાયું.

(૮૩) "પોતાના (સેવકો)ના પણ ઘણાજ ભાગ્યના યોગથી કોઈ સમયે 'આચાર્યશ્રી ક્યા પ્રકારે રસનો અનુભવ કરે છે' એવો (તેમનો) મનોરથ જાણીને તેમના મનોરથ પૂરે છે" એમ જણાવવા આગળનું 'અતિમોહન' એ નામ કહેલું છે. આનો આશય નીચે પ્રમાણે છે. 'જો કે (આચાર્યશ્રી) ભક્તોનો મનોરથ જાણે છે છતાં પણ તેમને કહેવા યોગ્ય ભગવાનની લીલા એવા પ્રકારથી કહે છે કે તે પ્રકારે શ્રવણ કરવાથી ઉત્પન્ન થએલ રસના આવેશને લીધે (તેઓ) એવી રીતે મોહ પામે છે કે તેમના સર્વ મનોરથ પૂર્ણ થાય' એમ જણાવવા 'અતિમોહન' એ (નામ) કહેલું છે.

(૮૪) 'પુષ્ટિમાર્ગના ભક્તોને આ લીલાનું જ્ઞાન કરાવવું અને બીજાઓને ન કરાવવું તેનું શું કારણ?' એવી શંકા થાય, તે દૂર કરવા આગળનું 'સર્વાસક્ત' એ નામ કહેલું છે. પુષ્ટિમાર્ગ સિવાયના 'સર્વ' બધા (ભક્તો)ની 'અસક્ત' દરકાર ન કરનારા (આચાર્યશ્રી છે.) તેથી તેમને જણાવતા નહિ હોવાથી 'સર્વાસક્ત' એ (નામ) બરાબર કહેલું છે.

(૮૫) 'ભક્તિમાર્ગના(ભક્તો)ને આ જણાવવું આવશ્યક છે' એમ જણાવવા આગળનું 'ભક્તમાત્રાસક્તા' એ નામ કહેલું છે. પુષ્ટિમાર્ગના 'ભક્તમાત્ર' ભક્તો ઉપરજ 'આસક્ત' કૃપાવાળા (આચાર્યશ્રી છે.) અહિં 'માત્ર' શબ્દ મૂકવાથી એમ પણ જણાવેલું છે કે જેમ (આચાર્યશ્રી) બધા ભક્તો ઉપર કૃપા કરે છે, તેમ તેમના સિવાયના બધા ઉપર કૃપા કરતા નથી.

(૮૬) જો કે પહેલાનાં નામમાં ભક્તો માત્ર ઉપર કૃપા કરનાર હોવાપણું જણાવ્યું, છતાં પણ જૂદા પ્રકારથી પણ 'ઉત્તમ પ્રકારથી બધા ભક્તો ઉપર કૃપા કરનારા છે' એમ કહેવા આગળનું 'પતિતપાવન' એ નામ કહેલું છે. અહિં 'પતિતપાવન' કહ્યા, તેનો આશય નીચે પ્રમાણે છે. લોકમાં પ્રસિદ્ધ પાપો ભક્તિમાર્ગના 'ભક્તો'માં જરાએ સંભવતાં નથી છતાં પણ 'પતિતપાવન' એમ જે કહ્યું, તે આ માર્ગમાંથી 'પતિત' 'ભ્રષ્ટ થએલા' ને 'પાવન' 'પવિત્ર કરનાર' ના અર્થમાં જાણવું. 'આ માર્ગનું પાપ શું?' એવી શંકા થાય તો કહીએ છીએ કે જેમ મર્યાદામાર્ગમાં વર્ણ અને આશ્રમના ધર્મોથી વિરૂદ્ધ આચરણ કરવાથી પતિત થવાય છે, તેમ આ માર્ગમાં સાક્ષાત્ ભક્તિમાર્ગથી વિરૂદ્ધ ધર્મો આચરવાથી પતિત થવાય છે. 'ભક્તિમાર્ગના (ભક્તો)-માં ભક્તિમાર્ગથી વિરૂદ્ધ ધર્મોનું આચરણ અટકાવીને સાક્ષાત્ ભક્તિમાર્ગના ધર્મોમાં પ્રવૃત્તિ કરાવી (તેમને) પવિત્ર કરવાની શક્તિ આચાર્યશ્રીમાંજ છે, બીજામાં નથી જ, એમ જણાવવા 'પતિતપાવન' એ (નામ) કહેલું છે. બીજા માર્ગોનાં પાપો જૂદાં જૂદાં પ્રકરણોમાં કહેલાં પ્રાયશ્ચિત્તોથીજ દૂર થવાનું કહેલું હોવાથી (તેમાં) આચાર્યશ્રીની જરૂર નથી. તેમજ ભક્તિમાર્ગથી વિરૂદ્ધ

આચરણનેજ પાપ જણાવવાજ આચાર્યશ્રીએ સંન્યાસનિર્ણયમાં પણ કહેલું છે કે 'નહિ તો પતિત થાય'. ('પતિત થાય' એટલે) પોતાના માર્ગથી ભ્રષ્ટ થાય, એવો અર્થ છે. ૨૭.

**स्वयशोगानसंहृष्टहृदयाम्भोजविष्टरः ॥**
**यशःपीयूषलहरीप्लावितान्यरसः परः ॥ २८ ॥**

नन्वेतन्मार्गीयपतितपावनसामर्थ्यं यदाचार्याणामुक्तं तज्ज्ञापकासाधारणधर्मज्ञापकमग्रिमन्नामाहुः **स्वयशोगानसंहृष्टहृदयाम्भोजविष्टर** इति । **स्वयशोगानेन संहृष्टा** भक्तास्तेषां **हृदयानि** भक्तिमार्गीयत्वेनाम्**भोजरू**पाणि तान्येव **विष्टर**रूपाण्यासनरूपाणि यस्य सः । अत्रायमाशयः । यदि सर्वात्मना स्वमार्गीयपातकनिवृत्तिर्न स्यात् तदा यशसोनिर्दुष्टत्वाद्यत्किञ्चिद्दोषसम्भावनायामपि तच्छ्रवणे तद्धृदये हर्षो न स्यात्, कदाचिद्वस्तुस्वभावाद्धर्षसम्भवेपि हृदयस्य भक्तिमार्गीयत्वं न स्याद्भक्तिमार्गीयत्वाभावे तद्धृदय आचार्याणां स्थितिर्न स्यात्तस्मान्निवृत्तदोषेषु स्वीयेषु हर्षादित्रितयधर्मदर्शनात् स्पष्टमेव **पतितपावन**त्वमिति ।

ननु कथं ज्ञायते तद्धृदये सर्वदाचार्याणां स्थितिरित्याशङ्कानिरासाय सदास्थितिज्ञापकमग्रिमन्नामाहु**र्यशःपीयूपलहरीप्लावितान्यरस** इति । यदि तेषां हृदये सर्वदाचार्यस्थितिर्न स्यात्तर्ह्याचार्याणां स्व**यशो**मृत**लहरीभि**स्तेषां हृदये **प्लावितान्यरस**त्वं न स्यात्, **यशसः पीयूष**त्वनिरूपणेन यथा स्वर्गे देवानां पीयूषमेव जीवनहेतुस्तथैतन्मार्गीयाणां तद्यशःपीयूषमेव जीवनहेतुरित्युक्तम्भवति ।

नन्वाचार्ययशसः कथं तदितरसर्वरसप्लावकत्वमित्याशङ्कानिरासायाग्रिमन्नामाहुः **पर** इति । अक्षारात् **परः** अगणितानन्दः पुरुषोत्तम इत्यर्थस्तेनाचार्ययशसस्तदितररसप्लावन उपपत्तिरुक्ता भवति ॥ २८ ॥

(૮૭) સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટર (૮૮) યશઃપીયૂષલહરીપ્લાવિતાન્યરસ (૮૯) પર. ૨૮.

(૮૭) આ માર્ગથી પતિતોને પાવન કરવાનું આચાર્યશ્રીનું જે સામર્થ્ય કહ્યું, તે જણાવનાર (તેઓશ્રીનો) અસાધારણ ધર્મ જણાવનારૂં આગળનું 'સ્વયશોગાનસંહૃષ્ટહૃદયાંભોજવિષ્ટર' એ નામ કહેલું છે. 'સ્વયશોગાન' (પોતાના યશના ગાનથી) 'સંહૃષ્ટ' (ઘણા આનંદ પામેલા) ભક્તો, તેમનાં 'હૃદય' હૃદયો ભક્તિમાર્ગીય હોવાથી 'અંભોજ' કમલરૂપ છે, તેજ 'વિષ્ટર'

આસનરૂપ છે જેમના તેવા (આચાર્યશ્રી છે). અહિં નીચે પ્રમાણે આશય છે. જો (આચાર્યશ્રી) સંપૂર્ણ પ્રકારે પોતાના માર્ગના (ભક્તોનાં) પાપ દૂર ન કરે, તો (તેઓશ્રીનો) યશ દોષરહિત ન થવાથી, (તેમાં) જરા પણ દોષનો સંભવ રહે તોપણ તેનાં શ્રવણથી તે(ભક્તો)નાં હૃદયમાં હર્ષ ન થાય. કોઈ પ્રસંગે વસ્તુના સ્વભાવને લીધે હર્ષ થવાનું સંભવે, તોપણ હૃદય ભક્તિમાર્ગીય ન હોય, (અને) ભક્તિમાર્ગીય ન હોય તો તે હૃદયમાં આચાર્યશ્રીની સ્થિતિ ન થાય. તેથી જેમના દોષો દૂર થએલા છે તેવા પોતાના સેવકોમાં હર્ષ વિગેરે ત્રણ ધર્મો જોવામાં આવતા હોવાથી (આચાર્યશ્રી) પતિતને પાવન કરનારા છે તે સ્પષ્ટજ છે.

(૮૮) 'તેમનાં હૃદયમાં આચાર્યશ્રી સદા રહે છે, એમ કેમ જણાય?' એવી શંકા દૂર કરવા, સદા રહે છે એમ જણાવનારૂં આગળનું 'યશઃપીયૂષલહરી-પ્લાવિતાન્યરસ' એ નામ કહેલું છે. જો તેમના હૃદયમાં આચાર્યશ્રી સદા રહેતા ન હોત, તો આચાર્યશ્રીના પોતાના 'યશઃપીયૂષલહરી' યશરૂપી અમૃત-ના મોજાંઓથી, તેઓનાં હૃદયમાં 'પ્લાવિતાન્યરસ' (ડૂબાડેલા છે બીજા રસો જેમણે તેવા) ન હોત. યશને અમૃત કહ્યો તેથી એમ કહેવાયું કે જેમ સ્વર્ગમાં દેવોને જીવાડનારૂં અમૃતજ છે, તેમ આ માર્ગના (સેવકો)ને તે યશરૂપ અમૃતજ જીવાડનારૂં છે.

(૮૯) 'આચાર્યશ્રીનો યશ તે સિવાયના બધા રસને ડૂબાડનારો કેમ છે?' એવી શંકા દૂર કરવા આગળનું 'પર' એ નામ કહેલું છે. 'પર' એટલે અક્ષરથી ઉત્તમ, અગણિત આનંદવાળા પુરુષોત્તમ, એવો અર્થ છે. તેથી આચાર્યશ્રીનો યશ તે સિવાયના બધા રસોનો ડૂબાડનાર હોવાની યોગ્યતા કહેવાઈ. ૨૮.

**लीलामृतरसार्द्रार्द्रीकृताखिलशरीरभृत् ॥**
**गोवर्धनस्थित्युत्साहस्तल्लीलाप्रेमपूरितः ॥ २९ ॥**

एवमाचार्ययशसा तदीयानां सर्वरसप्लावकत्वमुपपाद्य भगवल्लीलारसेनापि बाह्याभ्यन्तरभेदेन पूरकत्वज्ञापनायाग्रिमनामाहु**र्लीलामृतरसार्द्रार्द्रीकृताखिल-शरीरभृ**दिति। **लीला**रूपो यो**मृतरस**स्तेना**र्द्रार्द्रीकृता अखिलाः** स्वीया देह-**भृतो** येन **सः। आर्द्रपदस्य** द्विरुक्त्या बाह्याभ्यन्तरभेदेन सरसत्वं ज्ञापितम्भवति, एतेन बाह्याभ्यन्तरभेदेनात्यन्तमार्द्रं वस्त्रं यथा स्वजातीयशुष्कमपि स्वसम्बद्धमात्रमप्यार्द्रं करोति तथाचार्यैर्लीलामृतार्द्रीकृता भक्ताः स्वसम्बन्धात् स्वजातीयमप्यार्द्रं कुर्वन्तीतिज्ञापनायाप्युक्तं **लीलामृतरसे**त्यादि ।

एवं कृपया लीलामृतरसेन भक्तान् पूरयित्वा स्वप्रियस्थानज्ञापनायाग्रिमन्नामाहु**र्गोवर्धनस्थित्युत्साह** इति, **गोवर्धनस्थितावेवोत्साहो**ऽध्यवसायो निश्चयो यस्य सः, एवं स्वस्थितिज्ञापनेन स्वीयानां स्वस्थानस्वरूपं ज्ञापितं भवति ।

ननु गोवर्धनस्थितावेवोत्साहे को हेतुरित्याशङ्कानिरासायाग्रिमन्नामाहु**स्तल्लीलाप्रेमपूरित** इति । तस्य गोवर्धनस्योद्धरणेन "तस्मान्मच्छरण"मिति विचार्य सर्वतः पृथक्कृत्य केवलस्वीयत्वसम्पादनपूर्वकं क्षुत्तृषादिबाधानिवर्त्तकस्वरूपानन्ददानपूर्विका रक्षारूपा या **लीला** तज्जनितं यत् **प्रेम** तेन **पूरितः** ॥ २९ ॥

(९०) લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્ (૯૧) ગોવર્ધનસ્થિત્યુત્સાહ (૯૨) તલ્લીલાપ્રેમપૂરિત. ૨૯.

(૯૦) એ પ્રમાણે આચાર્યશ્રીનો યશ તેમના સેવકોના સર્વ રસોને ડુબાડનારો છે એમ સિદ્ધ કરીને, (તેઓશ્રી) ભગવાનની લીલાના રસથી પણ બહાર અને અંદરના ભેદથી ભરપૂર કરનારા છે એમ જણાવવા પાછળનું 'લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્' એ નામ કહેલું છે. 'લીલા'રૂપ જે 'અમૃતરસ' તેનાથી 'આર્દ્રાર્દ્રીકૃત' (ઘણાજ ભીંજવેલા છે) 'અખિલ' સર્વ (પોતાના) 'દેહભૃત્' (દેહ ધારણ કરનારા સેવકો) જેમણે તેવા (આચાર્યશ્રી છે). 'આર્દ્ર' શબ્દ બેવાર કહ્યો, તેથી બહાર અને અંદરના ભેદથી રસવાળા કર્યા એમ જણાવાયું. આથી (એમ જણાવેલું છે કે) જેમ બહાર અને અંદરના ભેદથી ઘણુંજ ભીંજાએલું વસ્ત્ર પોતાની જાતના પોતાની સાથે માત્ર સંબંધમાં આવેલાં સૂકાં (વસ્ત્ર)ને પણ ભીનું કરે છે, તેમ આચાર્યશ્રીએ લીલામૃતથી ભીંજવેલા ભક્તો પોતાના સંબંધને લીધે પોતાની જાતનાને પણ ભીંજવે છે. એમ જણાવવા પણ 'લીલામૃતરસ...' વિગેરે નામ કહ્યું છે.

(૯૧) એ પ્રમાણે કૃપાથી ભક્તોને લીલામૃતરસથી ભરપૂર કરી, આચાર્યશ્રીનું પોતાનું પ્રિય સ્થાન જણાવવા આગળનું 'ગોવર્ધનસ્થિત્યુત્સાહ' એ નામ કહેલું છે. 'ગોવર્ધનસ્થિતિ' (ગોવર્ધન પર રહેવામાં)જ 'ઉત્સાહ' નિશ્ચય છે જેમનો તેવા (આચાર્યશ્રી છે). એ પ્રમાણે પોતાની સ્થિતિ જણાવવાથી પોતાના (સેવકો) ને પોતાનાં સ્થાનનું સ્વરૂપ જણાવાયું.

(૯૨) 'ગોવર્ધન ઉપર રહેવાનોજ ઉત્સાહ હોવાનું શું કારણ?' એવી શંકા દૂર કરવા આગળનું 'તલ્લીલાપ્રેમપૂરિત' એ નામ કહેલું છે. 'તત્' તે ગોવર્ધનને ઊંચે ધારણ કરીને, 'તેથી મારે શરણ રહેલા (નેસડાનું મારે રક્ષણ કરવું જોઈએ)' એમ વિચારીને, (ભક્તોને) સર્વ તરફથી જૂદા પાડીને માત્ર પોતાના કરીને ભૂખ તરસ વિગેરેની પીડા દૂર કરીને સ્વરૂપાનંદનું દાન કરીને

(તેમના) રક્ષણરૂપ જે 'લીલા', તેનાથી ઉત્પન્ન થએલો જે 'પ્રેમ', તેનાથી 'પૂરિત' (ભરપૂર આચાર્યશ્રી છે). ૨૯.

**यज्ञभोक्ता यज्ञकर्ता चतुर्वर्गविशारदः ॥**
**सत्यप्रतिज्ञस्त्रिगुणातीतो नयविशारदः ॥ ३० ॥**

ननु यद्यप्याचार्याणां प्रभुकृतसर्वरसलीलापूर्णत्वे सत्यप्यधुना श्रीगोवर्धनोद्धरणलीलाप्रेमपूरितत्वकथने को हेतुरित्याशङ्कानिरासायाहुर्**यज्ञभोक्ते**ति । अत्रायमाशयः । यद्यपि यागदत्तभोजनानन्तरं श्रीगोवर्धनोद्धरणं कृतं तथापि श्रीगोवर्धनोद्धरणे बलिभोजनस्यैव हेतुत्वं भोजने च [1]मुखस्यैव हेतुत्वामाचार्याणाञ्च तन्मुखरूपत्वेन तद्भोक्तृत्वमाचार्याणामेवेतिज्ञापनायोक्तं **यज्ञभोक्ते**ति ।

ननु यद्यप्याचार्याणां यज्ञभोक्तृत्वमस्ति तथापि यागकरणव्यतिरेकेण भोक्तृत्वन्न सम्भवतीति यागकरणस्यैव पूर्वनिरूपणमुचितं तथापीन्द्रस्य वृष्टिकरणे साक्षाद्बलिभोजनस्यैव हेतुत्वं बलिभोजने यागकरणस्यैव हेतुत्वमित्युभयोः साक्षात्परम्पराहेतुत्वज्ञापनाय व्यत्यासेन निरूपणमितिज्ञापनाय पश्चाद्**यज्ञकर्ते**त्युक्तं । नन्वस्य यागस्य गोसवत्वेन वेदाप्रसिद्धत्वेन केवलं भगवदुपदिष्टत्वेन भगवत एव कर्तृत्वमायातीति कथमाचार्याणां यज्ञकर्तृत्वमितिचेत् सत्यं, यद्यप्युपदेशद्वारा तत्कर्तृत्वं भगवत एव तथाप्युपदेशस्य वाग्रूपत्वेन तदधिष्ठातृत्वमाचार्याणामेवेति कर्तृत्वं तत्रैव पर्यवस्यतीतिज्ञापनायोक्तं **यज्ञकर्ते**ति ।

एवं यज्ञकर्तृत्वमुक्त्वा यज्ञेनैव व्रजवासिनां 'एषोवजानतो मर्त्या'नितिकथनेन सर्वपुरुषार्थसाधकत्वज्ञापनायाग्रिमन्नामाहुश्**चतुर्वर्गविशारद** इति । यद्यपि लोके **चतुर्वर्ग**पदेन धर्मार्थकाममोक्षा उच्यन्ते तथापि व्रजवासिनां साक्षाद्भगवत्स्वरूपानुभवाल्लोकसिद्धानां धर्मादीनामत्रानुपयोगात् स्वस्य गवाञ्च लीलोपयोगित्वेन तत्सुखेनैव सर्वपुरुषार्थसाधकत्वमितिज्ञापनायोक्तं **चतुर्वर्गविशारद** इति । यद्यप्येषोवजानतो मर्त्यान् कामरूपी वनौकसः । हन्ति ह्यस्मै नमस्यामः शर्मणे आत्मनो गवा"मिति व्रजवासिनः प्रति भगवद्वाक्यं तथापि वागधिष्ठातृत्वरूपमाचार्याणामेवेति तद्वाक्यमाचार्येष्वेव पर्यवस्यतीतिज्ञापनायाचार्यनामोक्तं **चतुर्वर्गे**त्यादि ।

---

१ "मुखेनैव हेतुत्वमित्याशयः, यद्यपि "शैलोस्मीत्यवदद् भूरि बलिमाद बृहद्वपु"रितिवचनाद्भगवत एव भोक्तृत्वं तथापी"त्यधिकं क्वचन ।

एवं पूर्वोक्तप्रकारेण व्रजवासिनां चतुर्वर्गसाधनत्वमुपपाद्य स्वीयेष्वपि स्वमार्गीयचतुर्वर्गसाधकत्वज्ञापकमग्रिमन्नामाहुः **सत्यप्रतिज्ञ** इति । **सत्या** यथार्था **प्रतिज्ञा** यस्य सः । अस्यायमर्थः । यदाचार्यैर्भगवदाज्ञया स्वमार्गप्राकट्यं कृतं तदेयं प्रतिज्ञापि कृता येऽस्मिन्मार्गे प्रपन्ना भविष्यन्ति तान् सर्वानेव स्वमार्गीयपुरुषार्थदानेनोद्धरिष्ये स्वमार्गीयपुरुषार्थाः [1]शुद्धपुष्टिमार्गीयपुरुषार्था इतिज्ञापनायोक्तं **सत्यप्रतिज्ञ** इति ।

ननु सर्वात्मना सर्वांशेन प्रतिज्ञायाः सत्यत्वमियदवधि न कुत्रापि दृष्टमिति कथमाचार्यप्रतिज्ञायाः सर्वात्मना सत्यत्वमित्याशङ्कानिरासायाग्रिमन्नामाहुः **त्रिगुणातीत** इति । **त्रिगुणाः** सत्त्वरजस्तमोरूपास्तान**तीतो**तिक्रान्तः, अनेन सत्यप्रतिज्ञत्वे हेतुरुक्तः । अत्रायमाशयः । अन्येषां प्रकृतिगुणसम्बन्धात् प्राकृतत्वेन दोषसम्बन्धात् तत्कृतप्रतिज्ञाया अपि दुष्टत्वान्निर्दुष्टस्यैव सत्यत्वात् तत्प्रतिज्ञाया अप्यसत्यत्वमाचार्याणां तु प्रकृतिगुणराहित्येन निर्दुष्टत्वात्तत्प्रतिज्ञाया अपि निर्दुष्टत्वेन सत्यत्वमेवेतिज्ञापनायोक्तं **त्रिगुणातीत** इति ।

एवं सत्यप्रतिज्ञत्वे हेतुमुपपाद्य यदुद्धारार्थं प्रतिज्ञाकरणं तेषां स्वमार्गीयमर्यादाज्ञापनाय स्वसिद्धान्तनिरूपकग्रन्थकरणत्वज्ञापनायाग्रिमन्नामाहुः**नयविशारद** इति । नये स्वसिद्धान्तशास्त्रे **विशारदः** अत्यन्तनिपुण इति ॥ ३० ॥

(९३) યજ્ઞભોક્તા (૯૪) યજ્ઞકર્તા (૯૫) ચતુર્વર્ગવિશારદ (૯૬) સત્યપ્રતિજ્ઞ (૯૭) ત્રિગુણાતીત (૯૮) નયવિશારદ. ૩૦.

(૯૩) 'જો કે આચાર્યશ્રી પ્રભુએ કરેલી સર્વ લીલાઓના રસથી ભરપૂર છે, છતાં પણ હમણાં (તેઓશ્રી) શ્રીગોવર્ધનોદ્ધરણલીલાથી થએલ પ્રેમથી ભરપૂર હોવાનું કહ્યું તેનું શું કારણ?' એવી શંકા દૂર કરવા 'યજ્ઞભોક્તા' એ નામ કહેલું છે. આનો આશય નીચે પ્રમાણે છે. જો કે યજ્ઞમાં ધરેલા ભોજન પછી શ્રીગોવર્ધનને ઉંચે ધારણ કરેલો, છતાં પણ ગોવર્ધનને ઉંચે ધારણ કરવાનું કારણ (ધરેલ) બલિનું ભોજન હતું, ભોજનનું સાધન મુખજ છે અને આચાર્યશ્રી તેમના (ભગવાનના) મુખરૂપ હોવાથી તેનો ભોગ કરનાર આચાર્યશ્રી જ છે, એમ જણાવવા 'યજ્ઞભોક્તા' એ (નામ) કહેલું છે.

---

१ "पुष्टिमार्गे हरेर्दास्यं धर्मोर्थो हरिरेव हि । कामो हरेर्दिदृक्षैव मोक्षः कृष्णस्य चेद् ध्रुवमित्युक्ता" इत्यधिकं क्वचन ॥

(૯૪) જો કે આચાર્યશ્રી યજ્ઞના ભોક્તા છે, છતાં પણ યજ્ઞ કર્યા વિના તેના ભોક્તા હોવાપણું સંભવતું નહિ હોવાથી, પહેલાં યજ્ઞ કરનાર હોવાપણુંજ કહેવું યોગ્ય હતું. છતાં પણ ઇંદ્ર વૃષ્ટિ કરતો તેનું સ્પષ્ટ કારણ તે બલિનો ભોગ કરતો તે હતું, અને બલિનો ભોગ કરતો તેનું કારણ (વ્રજવાસીઓ) યજ્ઞ કરતા તે હતું એમ (યજ્ઞ કરવો અને બલિનો ભોગ) બંને સાક્ષાત્ પરંપરાના કારણરૂપ છે એમ જણાવવા ઉલટા ક્રમથી (નામ) કહેલું છે, એમ જણાવવા 'યજ્ઞકર્તા' એ (નામ) પાછલથી કહેલું છે. 'આ યજ્ઞ ગાયો માટેનો યજ્ઞ હોઇ વેદમાં પ્રસિદ્ધ નહિ હોવાથી, માત્ર ભગવાનેજ જણાવેલો હોવાથી, (તેના) કર્તા ભગવાનજ છે' એવી શંકા થાય તો જાણવું કે, જો કે ઉપદેશદ્વારા તે કરનાર ભગવાનજ છે, છતાં પણ ઉપદેશ વાણીરૂપ હોવાથી અને તેના અધિષ્ઠાતા આચાર્યશ્રીજ હોવાથી, (યજ્ઞ) કરનાર આચાર્યશ્રીજ હોવાનું પરિણામ આવ્યું, એમ જણાવવા 'યજ્ઞકર્તા' એ (નામ) કહેલું છે.

(૯૫) એ પ્રમાણે (આચાર્યશ્રી) યજ્ઞ કરનાર હોવાનું કહીને, 'અવગણના કરનાર મર્ત્યોનો આ (નાશ કરે છે)'...(૧૦–૨૧–૩૭) એમ યજ્ઞથીજ વ્રજવાસીઓના સર્વ પુરુષાર્થો પ્રાપ્ત કરાવનાર છે એમ જણાવવા આગળનું 'ચતુર્વર્ગવિશારદ' એ નામ કહેલું છે. જો કે 'ચતુર્વર્ગ' શબ્દથી લોકમાં ધર્મ અર્થ કામ અને મોક્ષ કહેલા હોય છે, છતાં પણ વ્રજવાસીઓને સાક્ષાત્ ભગવાનના સ્વરૂપનો અનુભવ હોવાથી, અહિં (તેમને) લોકમાં પ્રસિદ્ધ ધર્મ વિગેરેનો ઉપયોગ નથી (પરંતુ) પોતે અને ગાયો લીલામાં ઉપયોગી હોવાથી, તેમના સર્વ પુરુષાર્થો સુખથીજ પ્રાપ્ત કરાય છે એમ જણાવવા 'ચતુર્વર્ગવિશારદ' એ (નામ) કહેલું છે. જો કે 'જે વનવાસીઓ મરણ પામે તેવા હોવા છતાં પોતાની અવગણના કરે છે, તેમનો ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર આ (ગોવર્ધન) નાશ કરે છે. તેથી આપણાં અને ગાયોનાં કલ્યાણ માટે આને આપણે નમસ્કાર કરીએ' (૧૦–૨૧–૩૭) એવું વાક્ય ભગવાને વ્રજવાસીઓને કહેલું છે, છતાં પણ વાણીના અધિષ્ઠાતાનું સ્વરૂપ આચાર્યશ્રીજ છે, તેથી તે વાક્ય આચાર્યશ્રીએજ કહેલું હોવાનું થાય છે એમ જણાવવા 'ચતુર્વર્ગવિશારદ' એવું આચાર્યશ્રીનું નામ કહેલું છે.

(૯૬) એ પ્રમાણે પહેલાં કહેલા પ્રકારથી (આચાર્યશ્રી) વ્રજવાસીઓને ચતુર્વર્ગ પ્રાપ્ત કરાવનારા છે એમ સિદ્ધ કરીને, (તેઓશ્રી) પોતાના સેવકોને પણ પોતાના માર્ગના ચતુર્વર્ગ પ્રાપ્ત કરાવે છે એમ જણાવવા આગળનું 'સત્યપ્રતિજ્ઞ' એ નામ કહેલું છે. 'સત્ય' યથાર્થ છે 'પ્રતિજ્ઞા' પ્રતિજ્ઞા જેમની તેવા (આચાર્યશ્રી છે). આનો અર્થ નીચે પ્રમાણે છે. જ્યારે આચાર્યશ્રીએ ભગવાનની આજ્ઞાથી પોતાનો માર્ગ પ્રકટ કર્યો ત્યારે (તેઓશ્રીએ) એવી પ્રતિજ્ઞા પણ કરી કે જેઓ આ માર્ગના ભક્ત થશે, તે બધાએનો મારા

માર્ગના પુરુષાર્થોનું દાન કરી ઉદ્ધાર કરીશ. (તેઓશ્રીના) માર્ગના પુરુષાર્થો એ શુદ્ધ પુષ્ટિમાર્ગના પુરુષાર્થો એમ જણાવવા 'સત્યપ્રતિજ્ઞ' એ (નામ) કહ્યું.

(૯૭) 'પ્રતિજ્ઞા સંપૂર્ણ રીતે સર્વ અંશથી સત્ય થાય એવું હજી સુધી ક્યાંય જોવામાં આવ્યું નથી. તેથી આચાર્યશ્રીની પ્રતિજ્ઞા સંપૂર્ણ રીતે સત્ય કેમ થાય?' એવી શંકા દૂર કરવા આગળનું 'ત્રિગુણાતીત' એ નામ કહેલું છે. સત્ત્વ, રજઃ અને તમોરૂપ 'ત્રિગુણ' ત્રણ ગુણો છે, તેમને 'અતીત' (આચાર્યશ્રીએ) ઓળંગેલા છે. આથી 'સત્યપ્રતિજ્ઞ' હોવાનું કારણ કહ્યું. આનો આશય નીચે પ્રમાણે છે. બીજાઓ પ્રકૃતિના ગુણોનો સંબંધ હોવાથી પ્રાકૃત છે, તેથી તેઓને દોષનો સંબંધ હોવાથી તેઓએ કરેલી પ્રતિજ્ઞા પણ દુષ્ટ છે. અને દોષવિનાનું હોય તેજ સત્ય હોવાથી, તેઓની પ્રતિજ્ઞા પણ અસત્ય છે. આચાર્યશ્રી તો પ્રકૃતિના ગુણો વિનાના હોવાથી દોષવિનાના છે, (અને) તેથી તેઓશ્રીની પ્રતિજ્ઞા પણ દોષવિનાની હોવાથી સત્યજ છે, એમ જણાવવા 'ત્રિગુણાતીત' એ (નામ) કહેલું છે. એવી રીતે (આચાર્યશ્રી) 'સત્યપ્રતિજ્ઞ' હોવાનું કારણ કહીને, જેમના ઉદ્ધાર માટે (તેઓશ્રીએ) પ્રતિજ્ઞા કરી, તેઓને પોતાના માર્ગની મર્યાદા જણાવવા પોતાનો સિદ્ધાન્ત જણાવનારા ગ્રંથો (તેઓશ્રીએ) કર્યા એમ જણાવવા આગળનું 'નયવિશારદ' એ નામ કહેલું છે. 'નય' પોતાના સિદ્ધાન્તના શાસ્ત્રમાં (આચાર્યશ્રી) 'વિશારદ' અત્યંત નિપુણ છે, એવો (અર્થ છે.) ૩૦.

**स्वकीर्तिवर्धनस्तत्त्वसूत्रभाष्यप्रदर्शकः ॥**
**मायावादाख्यतूलाग्निर्ब्रह्मवादनिरूपकः ॥ ३१ ॥**

एवं स्वमार्गीयाणां स्वमार्गीयमर्यादाज्ञापनशास्त्रकरणं निरूप्य तत्करणे हेतुभूतमग्रिमन्नामाहुः **स्वकीर्तिवर्धन** इति, स्वमार्गीयरहस्यग्रन्थनिरूपणेन स्वीयेषु **स्वकीर्तिवर्धन** इति ।

एवं स्वीयेषु स्वकीर्तिवर्धनत्वमुपपाद्य मायावादादिशास्त्रप्रवर्तकपण्डितेष्वपि स्वकीर्तिवर्धनत्वज्ञापनायाग्रिमं नामाहुस्**तत्त्वसूत्रभाष्यप्रदर्शक** इति, **तत्त्वसूत्राणि** तत्त्वनिरूपकाणि व्याससूत्राणि तेषां भाष्यं तदर्थप्रतिपादकं शास्त्रं तस्य **प्रदर्शकः** प्रकाशक इत्यर्थः । यद्यपि शङ्कराचार्यादीनामपि व्याससूत्रभाष्यकर्तृत्वं वर्तते तथापि तत्र लक्षणामाश्रित्य सूत्रार्थव्याख्यानात्तस्य "सत्यं ज्ञानमनन्तं ब्रह्म" "रसो वै स" इत्याद्युपनिषद्वाक्यविरोधान्न साक्षात्तत्त्वसूत्रभाष्यप्रतिपादकत्वमाचार्याणां तु "सत्यं ज्ञानमनन्तं ब्रह्म" "रसो वै स" इत्याद्युपनिषद्वाक्याविरोधेन ब्रह्मध-

र्मप्रतिपादनपूर्वकं साक्षात्सूत्रार्थनिरूपकत्वज्ञापनायोक्तं **तत्त्वसूत्रभाष्यप्रदर्शक** इति, एतेन मायावादादिशास्त्रप्रवर्तकपण्डितेष्वप्यसाधारणकीर्तिवर्धनत्वमुक्तम् ।

नन्वधुना लोके मायावादस्यैवातिप्रचुरत्वेन शास्त्रान्तरमतदूषकत्वं प्रतिभाति यथा तथाचार्यप्रतिपादितव्याससूत्रभाष्यस्यापि दूषकत्वं भविष्यतीत्याशङ्कानिरासायाग्रिमन्नामाहु**र्मायावादाख्यतूलाग्नि**रिति, **मायावाद** इत्या**ख्या** नाम यस्य तदेव तूलमिव **तूलं** तस्याग्निर्दाहक इत्यर्थः । अत्र मायावादस्य तूलत्वनिरूपणेनाचार्याणामग्नित्वनिरूपणेन च यथा महानपि तूलराशिरल्पाग्निसम्बन्धेनापि दग्धो भवति तथाचार्यनिरूपितैकतत्त्वसूत्रार्थनिरूपणेनापि सर्वो मायावादो निराकृतो भवतीतिज्ञापनायाप्युक्तं **मायावादाख्ये**त्यादि । ननु पूर्वं मायावादनिराकर्तेति निरूप्यापि पुनर्यन्मायावादाख्यतूलाग्निरित्युक्तं तस्यायमाशयः, पूर्वं तु सामान्यतो निराकरणमुक्तमधुना च प्रतिसूत्रनिराकरणत्वज्ञापनायोक्तमिति न पौनरुक्त्यमिति सर्वमनवद्यम् ।

ननु मायावादनिराकरणं कं वादमाश्रित्य कृतमित्याशङ्कानिरासायाग्रिमन्नामाहु**र्ब्रह्मवादनिरूपक** इति, "सर्वं खल्विदं ब्रह्म" "यदिदं किञ्च तत्सत्यमित्याचक्षत" इत्याद्युपनिषद्वाक्यप्रतिपादितो यो **ब्रह्मवादस्तन्निरूपकः** तत्प्रतिपादक इत्यर्थः ॥ ३१ ॥

(૯૯) સ્વકીર્તિવર્ધન (૧૦૦) તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક (૧૦૧) માયાવાદાખ્યતૂલાગ્નિ (૧૦૨) બ્રહ્મવાદનિરૂપક. ૩૧.

(૯૯) એ પ્રમાણે પોતાના માર્ગના (સેવકો)ને પોતાના માર્ગની મર્યાદા જણાવનારૂં શાસ્ત્ર રચનાર કહીને, તે રચવાનું કારણ બનેલ આગળનું 'સ્વકીર્તિવર્ધન' એ નામ કહેલું છે. પોતાના માર્ગનાં રહસ્યના ગ્રંથો રચીને પોતાના (સેવકો)માં 'સ્વકીર્તિવર્ધન' (પોતાની કીર્તિ વધારનારા) (આચાર્ય શ્રી છે.)

(૧૦૦) એ પ્રમાણે પોતાના (સેવકો)માં પોતાની કીર્તિ વધારનારા સિદ્ધ કરીને, માયાવાદ વિગેરે શાસ્ત્રોની પ્રવૃત્તિ કરનારા પંડિતોમાં પણ (આચાર્યશ્રી) પોતાની કીર્તિ વધારનારા છે એમ જણાવવા આગળનું 'તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક' એ નામ કહેલું છે. 'તત્ત્વસૂત્ર' તત્ત્વ જણાવનારાં વ્યાસજીનાં સૂત્રો તેમનું 'ભાષ્ય' તેમનાં અર્થ જણાવનારૂં શાસ્ત્ર, તેના 'પ્રદર્શક' પ્રકાશક (આચાર્યશ્રી છે), એવો અર્થ છે. જો કે શંકરાચાર્ય વિગેરે પણ

વ્યાસજીનાં સૂત્રોનું ભાષ્ય કરનારા છે, છતાં પણ તેમાં લક્ષણાનો આધાર લઇ સૂત્રોના અર્થનું વ્યાખ્યાન કરેલું હોવાથી 'બ્રહ્મ સત્ય જ્ઞાન અનંત છે' 'તે ખરેખર રસ છે' વિગેરે ઉપનિષદનાં વાક્યોનો (તેમાં) વિરોધ થતો હોવાથી, તેઓ તત્ત્વસૂત્રોનું ખરોખર વ્યાખ્યાન કરનારા નથી. આચાર્યશ્રી તો 'બ્રહ્મ સત્ય જ્ઞાન અનંત છે' 'તે ખરેખર રસ છે' વિગેરે ઉપનિષદોનાં વાક્યોનો વિરોધ ન આવે તેમ બ્રહ્મના ગુણો જણાવી, સૂત્રોના ખરોખર અર્થ જણાવનાર છે, એમ જણાવવા 'તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શક' એ (નામ) કહેલું છે. આથી એમ જણાવેલું છે કે (આચાર્યશ્રીએ) માયાવાદ વિગેરે શાસ્ત્રોની પ્રવૃત્તિ કરાવનાર પંડિતોમાં પણ (પોતાની) અસાધારણ કીર્તિ વધારેલી છે.

(૧૦૧) 'હમણાં લોકમાં માયાવાદજ ઘણો પ્રસરેલો હોવાથી તેનાથી જેમ બીજાં શાસ્ત્રો દૂષિત થએલાં જણાય છે, તેમ આચાર્યશ્રીએ જણાવેલ વ્યાસસૂત્રોનું વ્યાખ્યાન પણ દૂષિત થએલું હશે' એવી શંકા દૂર કરવા આગળનું 'માયાવાદાખ્યતૂલાગ્નિ' એ નામ કહેલું છે. 'માયાવાદ' એવું 'આખ્યા' નામ છે જેનું, તેજ 'તૂલ' રૂના જેવું છે, તેને 'અગ્નિ' બાળનાર (આચાર્યશ્રી છે) એવો અર્થ છે. અહિં માયાવાદને રૂ કહ્યું અને આચાર્યશ્રીને અગ્નિ કહ્યા, તેથી જેમ મોટો પણ રૂનો ઢગલો અગ્નિના થોડા પણ સંબંધથી બળી જાય છે, તેમ આચાર્યશ્રીએ જણાવેલા એક તત્ત્વસૂત્રનો અર્થ કહેવાથી પણ બધો માયાવાદ ખોટો ઠરે છે, એમ જણાવવા પણ 'માયાવાદાખ્ય...' એ (નામ) કહેલું છે. પહેલાં 'માયાવાદનિરાકર્તા' એમ કહીને પણ ફરીથી જે 'માયાવાદાખ્યતૂલાગ્નિ એમ કહ્યું, તેનો આશય નીચે પ્રમાણે છે. પહેલાં તો સામાન્ય રીતે (માયાવાદને) ખોટો ઠરાવનાર હોવાનું કહ્યું, અને હમણાં તો દરેક સૂત્ર (નો તેમાં કરેલ અર્થ) ખોટો ઠરાવનાર કહ્યા. તેથી તેનો તે અર્થ ફરી કહેલો નહિ હોવાથી સર્વે દોષવિનાનું છે.

(૧૦૨) 'કયા વાદનો આશ્રય કરીને માયાવાદને ખોટો ઠરાવ્યો?' એવી શંકા દૂર કરવા આગળનું 'બ્રહ્મવાદનિરૂપક' એ નામ કહેલું છે. 'ખરેખર! આ સર્વે બ્રહ્મ છે' 'આ જે કાંઈ છે તે સત્ય છે એમ કહે છે' વિગેરે ઉપનિષદનાં વાક્યોમાં જણાવેલો જે 'બ્રહ્મવાદ' તેના (આચાર્યશ્રી) 'નિરૂપક' એટલે તેનો અર્થ કરનારા છે, એવો અર્થ છે. ૩૧.

**अप्राकृताखिलाकल्पभूषितः सहजस्मितः ॥**
**त्रिलोकीभूषणं भूमिभाग्यं सहजसुन्दरः ॥ ३२ ॥**

एवं ब्रह्मवादनिरूपकत्वमुपपाद्याग्रिमनाम्ना**प्राकृताखिलाकल्पभूषित**त्वकथनस्यायमाशयः । व्याससूत्रचतुर्थाध्यायस्य फलाध्यायत्वात् स्वमार्गफलत्वेन

भगवद्भाववत्त्वेना**प्राकृता** अलौकिका **अखिलाः** सर्वे ये लीलारसभावास्त एवाकल्पत्वेन शोभारूपास्तै**र्भूषित**स्तच्छोभायुक्तः । यद्यप्यन्यैरपि भाष्यकृद्भिः फलाध्याये स्वस्वमार्गीयफलं निरूपितमस्ति तथापि सर्वोत्कृष्टलीलारसफलनिरूपकत्वकृतशोभाचार्याणामेव नान्येषामपीतिज्ञापनायोक्तम**प्राकृताखिलाकल्पभूषित** इति ।

एवं लीलारसभावजनितशोभायुक्तत्वन्निरूप्य तद्युक्तत्वज्ञापकमग्रिमन्नामाहुः **सहजस्मित** इति, **सहजं** निरूपितलीलारसस्मरणस्वभावजनितं **स्मितं** यस्य सः ।

एतेनाचार्याणामलौकिकाकल्पशोभां सकार्यां निरूप्यातः परमाचार्याणां शोभाकृतिहेतुत्वज्ञापनायाग्रिमन्नामाहु**स्त्रिलोकीभूषण**मिति । अत्रायमाशयः । त्रयाणां लोकानां समाहार**स्त्रिलोकीति** व्युत्पत्त्याचार्याणान्तत्र भूषणत्वमसम्भावितमिति **त्रिलोक्या**स्तमोरजःसत्त्वात्मकत्वेन तद्गुणविशिष्टाः स्वकीया एव **त्रिलोकी**पदेनोच्यन्ते तेषा**म्भूषणं** शोभाचार्यसम्बन्धकृतैव नान्यथेति ज्ञापनायोक्तं **त्रिलोकीभूषण**मिति ।

एवं स्वीयानां शोभाहेतुत्वन्निरूप्याचार्यचरणसम्बन्धाद्भूमेरप्युत्कर्षसाधकमग्रिमन्नामाहु**र्भूमिभाग्य**मिति, **भूमेर्भाग्यं** पूर्णपुण्यफलमित्यर्थः । अत्रायम्भावः । भूमेर्भक्तत्वादाचार्यैः शुद्धभक्तिमार्गस्यैव प्रकटितत्वात्तज्जनितसन्तोषेणाचार्यस्थितिम्भूमिः स्वभाग्यत्वेनैव मनुत इति ज्ञापनायोक्त**म्भूमिभाग्य**मिति, भूमेः शुद्धपुष्टिमार्गीयभक्तत्वं श्रीभागवत एव "भूमेः सुरेतरवरूथविमर्दितायाः" इत्यादिना भूमिमर्दनक्लेशनिवृत्तिहेतुत्वेन भगवत्प्राकट्येनैव निरूपितमत एव फलप्रकरणेपि "व्रजभुवः शमयन् खुरतोद"मित्युक्तम् ।

एवमाचार्याणाम्भक्तिमार्गप्रकटकत्वेन हेतुना भूमिभाग्यत्वन्निरूप्य स्वीयानान्निर्हेतुकदर्शनमात्रस्यैव स्वभाग्यहेतुत्वज्ञापकधर्मविशिष्टमग्रिमन्नामाहुः **सहजसुन्दर** इति, यद्यपि स्वीयानां साक्षात्स्वरूपदर्शनमेव स्वभाग्यस्फूर्तौ हेतुस्तथापि सौन्दर्यस्यानागन्तुकत्वेन स्वाभाविकत्वज्ञापनायोक्तं **सहजसुन्दर** इति ॥ ३२ ॥

(१०३) અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત (૧૦૪) સહજસ્મિત (૧૦૫) ત્રિલોકીભૂષણ (૧૦૬) ભૂમિભાગ્ય (૧૦૭) સહજસુંદર. ૩૨.

(૧૦૩) એ રીતે બ્રહ્મવાદનો અર્થ કરનારા છે એમ કહીને, (આચાર્યશ્રીને) 'અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત' આગળના નામમાં કહ્યા, તેનો આશય નીચે પ્રમાણે છે.

વ્યાસસૂત્રનો ચોથો અધ્યાય ફલ ( જણાવનારો ) અધ્યાય હોવાથી, પોતાના માર્ગના ફલ તરીકે ભગવદ્ભાવવાળા હોવાથી 'અપ્રાકૃત' અલૌકિક 'અખિલ' સર્વ જે લીલારસના ભાવો, તેઓજ 'આકલ્પ' ( આભરણ ) તરીકે શોભારૂપ છે, તેમનાથી 'ભૂષિત' એટલે તેમની શોભાવાળા ( આચાર્યશ્રી છે. ) જો કે બીજા ભાષ્ય કરનારાઓએ પણ ફલ ( જણાવનારા ) અધ્યાયમાં પોતપોતાના માર્ગનું ફલ કહેલું છે, છતાં પણ સર્વથી ઉત્તમ લીલારસને ફલ જણાવવાથી થતી શોભા આચાર્યશ્રીનીજ છે, બીજાની નથીજ, એમ જણાવવા 'અપ્રાકૃતાખિલાકલ્પભૂષિત' એ ( નામ ) કહેલું છે.

( ૧૦૪ ) એ રીતે ( આચાર્યશ્રીને ) લીલારસના ભાવથી થએલી શોભાવાળા કહીને, ( તેવી શોભા ) વાળા જણાવવા આગળનું 'સહજસ્મિત' નામ કહેલું છે. 'સહજ' એટલે જણાવેલી લીલાના રસનું સ્મરણ કરવાના સ્વભાવથી થએલું 'સ્મિત' છે જેમનું તેવા ( આચાર્યશ્રી છે. )

( ૧૦૫ ) આથી આચાર્યશ્રીની અલૌકિક આભરણોથી થએલી શોભાનું તેના પરીણામ સાથે નિરૂપણ કરી, હવે આચાર્યશ્રીની શોભાવાળી આકૃતિનું કારણ જણાવવા આગળનું 'ત્રિલોકીભૂષણ' એ નામ કહેલું છે. આનો આશય નીચે પ્રમાણે છે. ત્રણ લોક ભેગા લેવામાં આવે તે 'ત્રિલોકી' એ વ્યુત્પત્તિ પ્રમાણે આચાર્યશ્રી તે( ત્રણ લોક )ના ભૂષણ હોવાનું સંભવતું નહિ હોવાથી, ત્રણ લોક સત્ત્વ રજસ્ અને તમોરૂપ હોવાથી તે ગુણોવાળા પોતાના ( સેવકો ) જ 'ત્રિલોકી' શબ્દથી કહેલા છે. તેમની 'ભૂષણ' શોભા આચાર્યશ્રીના સંબંધથીજ થએલી છે, બીજા પ્રકારે થએલી નથી એમ જણાવવા 'ત્રિલોકીભૂષણ' એ ( નામ ) કહેલું છે.

( ૧૦૬ ) એવી રીતે આચાર્યશ્રી પોતાના (સેવકો)ની શોભા કરાવનારા છે એમ જણાવીને તેઓશ્રીના સંબંધથી ભૂમિને પણ ઉત્તમપણું પ્રાપ્ત કરાવનારૂં આગળનું 'ભૂમિભાગ્ય' એ નામ કહેલું છે. 'ભૂમિ' નું 'ભાગ્ય' એટલે પૂરેપૂરા પુણ્યનું ફલ, (આચાર્યશ્રી છે ) એવો અર્થ છે. આનો ભાવ નીચે પ્રમાણે છે. ભૂમિ ભક્ત હોવાથી, આચાર્યશ્રીએ શુદ્ધ ભક્તિ માર્ગજ પ્રકટ કરેલો હોવાથી, તેથી થએલ સંતોષને લીધે ભૂમિ આચાર્યશ્રીની સ્થિતિને પોતાનું ભાગ્ય માને છે એમ જણાવવા 'ભૂમિભાગ્ય' એ (નામ) કહેલું છે. 'અસુરોનાં ટોળાંથી હેરાન થએલી ભૂમિ...' વિગેરેથી શ્રીભાગવતમાંજ ભૂમિના કચડાવાના દુઃખનો નાશ કરનાર તરીકે જણાવેલાં ભગવાનનાં પ્રાકટ્યથીજ ભૂમિ શુદ્ધપુષ્ટિમાર્ગની ભક્ત હોવાનું કહેલું છે. તેથીજ ફલ પ્રકરણમાં પણ 'વ્રજભૂમિનું ખરીઓથી થએલું દુઃખ શાંત કરતાં' એમ કહેલું છે.

( ૧૦૭ ) એ પ્રમાણે આચાર્યશ્રી ભક્તિમાર્ગ પ્રકટ કરનાર હોવાના કારણથી 'ભૂમિભાગ્ય' છે એમ કહીને, (તેઓશ્રી) પોતાના ( સેવકો)ને

કારણ વિનાજ માત્ર દર્શનથીજ તેમનું ભાગ્ય કરાવનાર છે એમ જણાવનારા ગુણવાળું આગળનું 'સહજસુંદર' એ નામ કહેલું છે. જો કે પોતાના સેવકોને સાક્ષાત્ સ્વરૂપનું દર્શનજ તેમનાં ભાગ્ય ખૂલવાના કારણરૂપ છે, છતાં પણ સૌંદર્ય આકસ્માતિક ન હોવાથી સ્વાભાવિક છે એમ જણાવવા 'સહજસુંદર' એ (નામ) કહેલું છે. ૩૨.

**अशेषभक्तसम्प्रार्थ्यचरणाब्जरजोधनः ॥**

एवम्भक्तानां भाग्यरूपत्वेनाचार्याणां स्वरूपन्निरूप्य तेषामेव तच्चरणारविन्दरजस एवैहिकामुष्मिकसर्वपुरुषार्थत्वज्ञापनायाग्रिमन्नामाहु**रशेषभक्तसम्प्रार्थ्यचरणाब्जरजोधन** इति, **अशेषभक्तैः** सम्यगैहिकामुष्मिकसर्वपुरुषार्थसाधकत्वेन **प्रार्थ्यं चरणाब्जरजोधनं** यस्य सः, अनेन भक्तानां चरणारविन्दरजो विहायान्यपदार्थस्य प्रार्थनीयत्वाभावो ज्ञापितः ।

(१०८) અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધન. ૩૨½.

(૧૦૮) એ પ્રમાણે ભક્તોનાં ભાગ્યરૂપથી આચાર્યશ્રીનાં સ્વરૂપનું નિરૂપણ કરીને, તેઓશ્રીનાં ચરણારવિંદની રજજ તેમના આ લોકના અને પરલોકના સર્વ પુરુષાર્થજ છે એમ જણાવવા, આગળનું 'અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધન' એ નામ કહેલું છે. 'અશેષભક્ત' બધા ભક્તોએ આ લોકના અને પરલોકના બધા પુરુષાર્થો પ્રાપ્ત કરાવનારૂં હોવાથી 'સં' સારી રીતે 'પ્રાર્થ્ય' માગી લેવા યોગ્ય છે 'ચરણાબ્જરજોધન' જેમનાં ચરણકમલની રજરૂપ ધન, તેવા (આચાર્યશ્રી છે.) આથી એમ જણાવેલ છે કે ભક્તોએ (આચાર્યશ્રીના) ચરણકમલની રજ તજીને બીજો પદાર્થ માગવા યોગ્ય નથી.

**इत्यानन्दनिधेः प्रोक्तन्नाम्नामष्टोत्तरं शतम् ॥ ३३ ॥**

एवमाचार्याणामष्टोत्तरशतनामानि निरूप्योपसंहरन्ती**त्यानन्दनिधे**रिति । इत्यनेन प्रकारेणा**नन्दनिधे**रानन्दसमुद्रस्याचार्यस्य, आचार्याणामानन्दसमुद्रत्वोक्त्या सदागाधत्वपूर्णत्वानवरतोच्छलत्तरङ्गवत्त्वविविधलीलारसभावरत्नाकरत्वादिधर्मवत्त्वं ज्ञापितं भवति, **नाम्नामष्टोत्तरं शतं** मया श्रीविट्ठलेशेन **प्रोक्तं** प्रकर्षेण कथितं, अत्र कथने प्रशब्दोपादानेन सिद्धानामेव नाम्नां प्रकाशकत्वन्न तु कल्पयित्वा कथनमिति ज्ञापितं ॥ ३३ ॥

એ પ્રમાણે આનંદનિધિના એકસો આઠ નામો કહેલાં છે. ૩૩.

એ પ્રમાણે આનંદનિધિના એકસો આઠ નામો કહીને આ અર્ધ શ્લોકથી ઉપસંહાર કરે છે. इति આ પ્રકારે 'આનંદનિધેઃ' આનંદના સમુદ્રરૂપ આચાર્ય-

શ્રીનાં (નામો કહ્યાં). આચાર્યશ્રીને 'આનંદના સમુદ્ર' કહ્યા તેથી (તેઓશ્રીને) સદા અગાધ, પૂર્ણ, અટકે નહી તેવા ઉછળતા તરંગોવાળા, જાતજાતની લીલાના રસના ભાવરૂપ રત્નોના સમૂહ વિગેરે ગુણોવાળા જણાવેલા છે. એકસો આઠ નામો મેં શ્રીવિઠ્ઠલેશે (પ્રોક્તં) ઉત્તમ પ્રકારે કહેલાં છે. અહિં કહેવામાં 'प्र' 'ઉત્તમપ્રકારે' શબ્દ યોજેલો હોવાથી, એમ જણાવેલું છે કે (શ્રીવિઠ્ઠલ) હતાં તેજ નામો પ્રકટ કરનારા છે, પરંતુ (તેમણે) બનાવીને કહેલાં નથી. ૩૩

**श्रद्धाविशुद्धबुद्धिर्यः पठत्यनुदिनञ्जनः ॥**
**स तदेकमनाः सिद्धिमुक्ताम्प्राप्नोत्यसंशयः ॥ ३४ ॥**

एवं नामप्रकाशकत्वमुपपाद्य तत्प्रकाशनप्रयोजनमुत्तरार्धेनाहुः **श्रद्धे**ति, **श्रद्धया** विशेषेण **शुद्धा** दुःसङ्गाद्यनपनोद्या **बुद्धि**र्यस्य सः **श्रद्धाविशुद्धबुद्धि**स्तादृशः सन् **यः** जनः **पठति** । अत्र **य** इति सामान्योक्त्या स्वमार्गीयत्वमेव हेतुर्न तु वर्णविशेषस्यापि पठने निमित्तत्वमिति ज्ञापितं, एवम्पठने स्वीयमात्राधिकारित्वमुपपाद्य पाठस्यावश्यकत्वज्ञापनाय कालनियममाहु**रनुदिन**मिति, प्रतिदिनमित्यर्थः । **यः** पठति **स** पूर्व**न्तदेकमना** भवति तेष्वेवाचार्येष्वे**वैकं** केवलं **मनो** यस्य तादृशो भवति तदनन्तर**मुक्तां** कृष्णाधरामृतास्वादरूपां **सिद्धिं** फल**म्प्राप्नोति**, स्वस्वमनोभिलषितप्रकारेण फलानुभवज्ञापनाय **प्र**शब्दः, एवम्फलप्राप्तिमुक्त्वा फलप्राप्तेरव्यभिचारित्वज्ञापनायाहु**रसंशय** इति, निःसन्दिग्धमित्यर्थः ३४ ॥

શ્રદ્ધાથી વિશુદ્ધ બુદ્ધિવાળો થઇને જે માણસ (આનો) દરરોજ પાઠ કરે છે, તે માત્ર તેમનામાંજ મનવાળો થઈ કહેલી સિદ્ધિ સંશય વિના પ્રાપ્ત કરે છે. ૩૪.

એ પ્રમાણે નામ પ્રકટ કરનારા (શ્રીવિઠ્ઠલેશ) છે એમ જણાવીને, પછીના અર્ધ (શ્લોક) થી તે પ્રકટ કરવાનું પ્રયોજન કહે છે. 'શ્રદ્ધા' શ્રદ્ધાથી 'વિ' ઘણીજ 'શુદ્ધ' દુઃસંગ વિગેરેથી બગડે નહિ તેવી થએલી છે 'બુદ્ધિ' જેની, તે શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિ. તેવો હોઈ જે માણસ પાઠ કરે. અહિં 'જે' એમ સામાન્યરીતે કહ્યું તેથી એમ જણાવેલું છે કે તેમાં પોતાના માર્ગનો હોવાનુંજ પ્રયોજન છે, પરંતુ પાઠ કરવામાં અમુક વર્ણનો પણ હોવો જોઈએ એવું પ્રયોજન નથી. એવી રીતે પાઠ કરવામાં પોતાના (સેવકો) બધા અધિકારી છે એમ જણાવીને, પાઠ (કરવો) જરૂરી છે એમ જણાવવા 'અનુદિનમ્' શબ્દથી સમયનો નિયમ કહેલો છે. દરરોજ, એવો (તેનો) અર્થ

છે. જે પાઠ કરે છે, તે પહેલાં તેમનામાંજ મનવાળો થાય છે, 'તેમનામાં' એટલે આચાર્યશ્રીમાંજ 'એક' માત્ર છે મન જેનું, તેવો થાય છે. ત્યારપછી કહેલી એટલે શ્રીકૃષ્ણના અધરામૃતના સ્વાદરૂપ સિદ્ધિનું ફલ પ્રાપ્ત કરે છે. પોતપોતાનાં મનથી પ્રચ્છેલા પ્રકારે ફલનો અનુભવ કરે છે એમ જણાવવા (પ્રાપ્તિમાં) 'प्र' શબ્દ (યોજેલો છે.) એ પ્રમાણે ફલની પ્રાપ્તિ કહીને ફલ ચોક્કસ પ્રાપ્ત થાય છે એમ જણાવવા 'असंशयः' શબ્દ યોજેલો છે. 'સંશય વિના' એવો (તેનો) અર્થ છે. ૩૪.

**तदप्राप्तौ वृथा मोक्षस्तदाप्तौ तद्गतार्थता ॥**
**अतः सर्वोत्तमं स्तोत्रञ्जप्यं कृष्णरसार्थिभिः ॥ ३५ ॥**

एवमव्यभिचारेण स्वकीयेषु स्वमार्गीयफलप्राप्तिन्निरूप्यास्य फलस्येतरमार्गीयमुक्तिफलापेक्षयाधिक्यज्ञापनायाहुस्**तदप्राप्तौ वृथा मोक्ष** इति, **तस्य** स्वमार्गीयफलस्या**प्राप्तौ मोक्षो**पि सायुज्यादिरपि **वृथा** एतन्मार्गीयफलाभावान्निरर्थक इत्यर्थः। तस्य स्वमार्गीयफलस्या**प्तौ** प्राप्तौ सत्यां **तस्य** सायुज्यादे**र्गतार्थता** निरर्थकतेत्यर्थः। एवं स्वमार्गीयफलस्य सर्वोत्कृष्टत्वन्निरूप्यैतत्स्तोत्रपाठस्यैवैतत्फलसाधकत्वज्ञापनायावश्यकत्वनिरूपणाय चाहु**रत** इति, यतोस्य स्तोत्रपाठस्यैतत्फलसाधकत्व**मत** एवैतत्स्तोत्रस्य **सर्वोत्तम**त्वमिति ज्ञापनाय स्तोत्रनामनिरूपणपूर्वकं पाठस्यावश्यकत्वमुक्तं। पूर्वं स्तोत्रस्य पाठकथनेनाधुना **जप्य**त्वकथनस्यायमाशयः। यावत् सर्वं स्तोत्रन्निःसन्दिग्धन्नायाति ताव**त्पाठ एव कर्तव्यः** सम्यगागमनानन्तरं **गुप्ततया जप एव कर्तव्यो** न तु प्रकटतया पठनीयमिति ज्ञापनायोक्त**ञ्जप्य**मिति, एवं स्तोत्रस्य जप्यत्वम्प्रतिपाद्य जपाधिकारिण आहुः **कृष्णरसार्थिभि**रिति ॥ ३५ ॥

एवं स्तोत्रजपाधिकारिणो निरूप्य स्तोत्रसमाप्तिन्निरूपयन्तीति **श्रीमदि**ति।

**॥ इति श्रीमदग्निकुमारप्रोक्तं श्रीसर्वोत्तमस्तोत्रं सम्पूर्णम् ॥**

एवमाचार्यनामानि विवृतानि यथामति ॥
पितृपादाब्जकृपया **नान्यसाधन**तो मया ॥ १ ॥
यद्यत्र बुद्धिदोषेण विवृतावन्यथा कृतिः ॥
क्षमन्त्वाचार्यचरणा मद्भृत्योयमिति स्वतः ॥ २ ॥

आचार्यनामसशतकाष्टकमौक्तिकानि श्रीविट्ठलोक्तिरससागरनिर्गतानि ॥
श्रीवल्लभोक्तविवृतेर्गुणगुम्फितानि कुर्वन्तु कण्ठभुवि भक्तजना जपाय ॥ ३ ॥

॥ इति श्रीमत्प्रभुचरणैकतानश्रीवल्लभविरचिता श्रीसर्वोत्तमस्तोत्रविवृतिः संपूर्णा ॥

તે પ્રાપ્ત ન થાય તો મોક્ષ વૃથા છે. તે પ્રાપ્ત થતાં તેનું પ્રયોજન રહેતું નથી. તેથી શ્રીકૃષ્ણના રસની ઇચ્છાવાળાઓએ સર્વોત્તમસ્તોત્રનો જપ કરવો. ૩૫.

એ પ્રમાણે પોતાના (સેવકો) ને પોતાના માર્ગનું ફલ ચોક્કસ થવાનું છે એમ જણાવીને, આ ફલ બીજા માર્ગનાં મુક્તિરૂપ ફલ કરતાં અધિક છે એમ જણાવવા 'તે પ્રાપ્ત ન થાય તો મોક્ષ વૃથા છે' એમ કહેલું છે. 'તે' પોતાના માર્ગનું ફલ 'પ્રાપ્ત ન થાય તો' સાયુજ્ય વિગેરે 'મોક્ષ' પણ 'વૃથા' છે, આ માર્ગનું ફલ પ્રાપ્ત ન થવાથી નિરર્થક છે, એવો અર્થ છે. તે પોતાના માર્ગનું ફલ 'आप्तौ' પ્રાપ્ત થતાં, તે સાયુજ્ય વિગેરે નિરર્થક એટલે પ્રયોજન વિનાનાં છે, એવો અર્થ છે. એ રીતે પોતાના માર્ગનું ફલ સર્વથી ઉત્તમ હોવાનું કહીને, આ સ્તોત્રનો પાઠ આ ફલ પ્રાપ્ત કરાવનારો છે એમ જણાવવા, અને તે જરૂરી છે એમ કહેવા ઉત્તરાર્ધ કહેલો છે. આ સ્તોત્રનો પાઠ આ ફલ પ્રાપ્ત કરાવનારો છે, તેથીજ આ સ્તોત્ર સર્વથી ઉત્તમ છે એમ જણાવવા સ્તોત્રનું નામ જણાવીને તેનો પાઠ જરૂરી હોવાનું કહેલું છે. પહેલાં સ્તોત્રનો પાઠ (કરવાનું) કહીને, હવે તેનો જપ કરવાનું કહે છે, તેનો આશય નીચે પ્રમાણે છે. 'જયાં સુધી આખું સ્તોત્ર સંદેહ વિના આવે (આવડે) નહિ, ત્યાં સુધી (તેનો) પાઠજ કરવો; સારી રીતે આવ્યા (આવડ્યા) પછી, ગુપ્ત રીતે (તેનો) જપજ કરવો, પરંતુ પ્રકટ પ્રકારે પાઠ ન કરવો' એમ જણાવવા 'જપ કરવો' એમ કહેલું છે. એ પ્રમાણે સ્તોત્રનો જપ કરવાનું કહીને 'શ્રીકૃષ્ણના રસની ઇચ્છાવાળાઓએ' શબ્દથી જપ કરનાર અધિકારીઓ કહેલા છે. ૩૫.

એવું શ્રીમદગ્નિકુમારે કહેલું શ્રીસર્વોત્તમસ્તોત્ર સંપૂર્ણ.

એ પ્રમાણે સ્તોત્રનો જપ કરવાના અધિકારીઓ કહીને, 'એવું શ્રીમદગ્નિકુમારે...' વિગેરેથી સ્તોત્રની સમાપ્તિ જણાવે છે.

એ રીતે પિતાશ્રીનાં ચરણકમલની કૃપાથી મેં મારી બુદ્ધિ પ્રમાણે આચાર્યશ્રીનાં નામોનું વ્યાખ્યાન કર્યું, બીજાં સાધનથી કરેલું નથી. ૧.

આ વ્યાખ્યાન બુદ્ધિના દોષથી (કાંઇ) ખોટું કરેલું હોય તો, 'આ મારો સેવક છે' એમ વિચારીને આચાર્યશ્રી પોતાની મેળે ક્ષમા કરો. ૨.

શ્રીવિઠ્ઠલના વચનરૂપ રસના સાગરમાંથી નીકળેલાં, શ્રીવલ્લભે કરેલાં વ્યાખ્યાનરૂપ દોરીથી ગૂંથેલા, આચાર્યશ્રીનાં નામરૂપ એકસો આઠ મોતીઓ, ભક્તજનો જપ (કરવા) માટે પોતાના કંઠરૂપ ભૂમિ ઉપર પધરાવો. ૩.

ઇતિશ્રીમત્પ્રભુચરણમાંજ તલ્લીન શ્રીવલ્લભે રચેલી શ્રીસર્વોત્તમસ્તોત્રવિવૃતિ સંપૂર્ણ.

---

१ इदम्पाश्चात्यम्प्रतिभाति ।

# समर्पणगद्यार्थः ।

श्रीगोपीजनवल्लभाय नमः ॥

नत्वा श्रीवल्लभाचार्यान् श्रीकृष्णस्याम्बुजानलान् ।
तत्समर्पणगद्यार्थं वर्णयामि यथामति ॥ १ ॥

ननु श्रीमत्प्रभुचरणैः नवरत्नप्रकाशे निवेदनस्यावश्यकत्वाय साक्षाच्छ्रीगोकुलेशभजनाधिकाररूपत्वं निरूपितं । तत्कथमिति प्रकारजिज्ञासायां भगवदुपदिष्टश्रीमदाचार्यसमर्पणगद्यार्थो विचार्यते । **सहस्रेति** । अत्र सहस्रशब्दोऽनन्तसंख्यावाची तेन, स्वन्युच्चरणसमर्पणान्तरालिकवर्षाणामसंख्यातत्वमुक्तम् । अत्र संवत्सरादिपदान्यनुक्त्वा **परिवत्सरेति** यदुक्तं, तस्यायमाशयः । श्रुतौ संवत्सरात्मककालस्य चत्वारो भेदाः निरूपिताः—'संवत्सरः परिवत्सरोऽनुवत्सर इद्वत्सर' इति । तत्र परिवत्सरस्यादित्यरूपतोक्ता । 'अग्निर्वाव संवत्सर आदित्यः परिवत्सरः वायुरनुवत्सरश्चन्द्रमा इडावत्सरः' इति । तेन यथा मिलितानामनन्तानामादित्यानामतिसन्तापकत्वं तथाजातं भगवद्वियोगाधारस्य संसारहेतोरनन्तपरिवत्सरमितमहाकालस्यातिसन्तापकत्वमिति ज्ञापनाय परिवत्सरेत्युक्तम् । कृष्णपदेन रसात्मकत्वोक्त्या तद्वियोगेन पूर्वमानन्दांशतिरोधानाऽवसरे जनितानामुत्तरपूर्वदलरूपाणां तापक्लेशानन्दानां फलरूपत्वादधुना तत्तिरोभावाधिकरणत्वेन न स्वस्य फलसंबंधाभाव उक्तः । यद्वा तापक्लेशाभ्यामुत्तरदलात्मको यः आनन्दस्तत्तिरोभावाधिकरणमित्यर्थः । एतेन प्रथमसृष्टावुक्तत्रिविधमार्गेषु पुष्टौ विचारिताङ्गीकारा भगवदिच्छयोच्चभावेनोत्पन्ना जीवास्तेषामेव तदानीं कृष्णवियोगजनिततापक्लेशानन्दा अपीतरेषां तु स्वस्मिन् ब्रह्मत्वस्फूर्तिरेव ततो भगवदाकाररूपानंदतिरोधानेन निराकाराणां सर्वेषां ब्रह्मत्वस्फूर्तिर्वियोगजधर्मतिरोभावो यथायोग्यम् । तेन कृष्णवियोगविशिष्टत्वं यद्यपि सर्वेषां तथापि पुष्टौ विचारिताङ्गीकाराणामेव निवेदनेन तिरोहितवियोगधर्माणामग्रे वृद्ध्यर्थं बीजत्वेनाविर्भावो नान्येषां पूर्वमसत्त्वादिति ज्ञापितम् । ननु तदानीं जीवानां देहाद्यभावाद्वियोगतापासम्भवः इति चेन्न, तदानीमपि आनन्दाकारोऽस्त्येव । तेन तादृशसौन्दर्यदर्शनेन पुष्टिभावोत्पत्त्या पृथक्स्थित्या तत्सम्भवः । ननु जीवस्य

भगवद्वियोगजनितः संसारात्मक एव तापोस्तु । क्लेशोपि जन्ममरणादिरूप एवात एवानन्दतिरोभावोपीति किमिति तथार्थकथनमितिचेन्न । कृष्णवियोगपदोपादान-वैयर्थ्याच्छास्त्रविरोधाच्च । तथाहि—कृष्णपदाद्रसात्मकत्वोक्त्या वियोगस्य तत्सम्ब-न्धित्वेनोत्तरदलरूपत्वेन तज्जनिततापक्लेशयोस्तन्मध्यपातित्वात्तथात्वेन वक्तुमुचि-तत्वात् । अन्यथा निरूपणे कृष्णपदोपादानवैयर्थ्यं वियोगपदोपादानवैयर्थ्यं च । ब्रह्म—विभेदेत्येव च युक्तं स्यात् । शास्त्रविरोधस्तु 'पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बंधविपर्ययौ'विति ब्रह्मसूत्रव्याख्याने जीवस्यैश्वर्यादिभगवद्धर्मतिरोधानेनानीश्वरत्वा-दिविपरीतधर्मकत्वनिरूपणे श्रीमत्प्रभुचरणैर्विद्वन्मंडने निरूपित'मानन्दांशस्तु पूर्व-मेव तिरोहितो येन जीवभाव' इति । तेनात्रानन्दतिरोभावस्य प्राकृततापक्लेशानन्त-र्योक्तौ शास्त्रविरोधश्च । अतस्तथार्थोत्र न विवक्षित इति अवगन्तव्यम् ।

**भगवत** इति । जीवे साक्षाद्भजनयोग्यता तदैव भवति यदि तत्र भगवद्ध-र्माविर्भावः, स च सर्वांशेन सर्वसमर्थतत्सम्बन्धादेवेति तथोक्तम् । सोपि मर्या-दास्थश्चेत्तत्सम्बन्धो भगवद्धर्माविर्भावद्वारा तत्सम्पादको न भवेदिति **कृष्णाये-**त्युक्तम् । कृष्णेति मूलनामोक्त्या यशोदोत्संगलालित उक्तः । स च पुष्टिस्थ एवेति तत्सम्बन्धेनैव तद्द्वारा साक्षात्तद्योग्यता भवतीति तथोक्तम् । कृष्णशब्दस्य रसात्मकवाचित्वेन तदुभयदलात्मकत्ववाचित्वेप्यत्र श्रीपदाभावादग्रे श्रीगोपीजन-वल्लभपदसमभिव्याहाराद् गोबलीवर्दन्यायेनात्र तदुत्तरदलात्मकत्ववाचित्वमेव । तेन तादृशे सर्वसमर्पणोक्त्या स्वस्यापि प्रचुरतद्भावोत्पत्तौ हेतुरुक्तः । तेनैव साक्षाद्भ-जनाधिकारो यतः ।

ननूत्तरदलात्मके भगवति सर्वसमर्पणेन विगाढभावोत्पत्तिरास्तां नामसंयोगर-सार्थन्तु साधनानन्तरं मृग्यमिति चेत् तत्राहुः **श्रीगोपीजनवल्लभायेति** । गोपीजनवल्लभपदेन शृंगाररसरूपत्वमुक्तं तेषां वल्लभस्तद्रूप एवेति तत्राहुः । अत्र श्रीपदेन ता एवोच्यन्ते, तेन तद्युक्तत्वकथनेन पूर्वदलरूपत्वमुच्यते । यद्वा चकास गोपीपरिषद्गत इत्यत्रोक्ताऽनिर्वचनीयश्रीयुक्तः । यद्वा श्रीयुक्ताश्च ते गोपीजनाश्चेति श्रीपदं गोपीजनविशेष्यकम् । अलौकिकतद्युक्तत्वं तु भगवत्सम्बन्ध एवेति । तद्वल्लभत्वेन संयोगे विविधरसदातृत्वमुक्तम् । तेन पूर्णशृंगाररसात्मके कृते-नात्मनिवेदनेनैव संयोगरसस्यापि प्राप्तिर्भवतीति न तदर्थं साधनान्तरापेक्षेतिभावः ।

यद्वा सर्वसाधनरहितस्य लौकिकैकनिरतस्य मम केवलसमर्पणेनैव कथं परमकाष्ठापन्नफलरूपभगवद्भावप्राप्तिर्भविष्यतीति चिन्तायामाहुः—**श्रीगोपीजनवल्लभायेति** । अहन्यापृतमिति वाक्यात् तादृशीनां तासां स्वप्राकट्यसमये सर्वसमर्पणेनैवोत्तरोत्तरभजनप्रवृत्त्या भावदार्ढ्येन 'सन्त्यज्य सर्वविषयान्' इति त्यागानन्तरं परमकाष्ठापन्नफलरूपस्वरूपदानं कृतवान् तद्वल्लभश्च जात इति तादृशे सर्वसमर्पणेनैव स्वस्यापि सर्वं भविष्यतीति भावः ।

एवं संप्रदानस्वरूपमुक्त्वा समर्प्यमाहुः **देहेन्द्रियेति** । प्रथमं जीवस्याविद्याहंममात्मकसंसारसम्बन्धेन देहादिषु तत्संबंधिषु चाध्यासोत्पत्त्याऽपस्मारिणः सर्वानुसंधानाऽभाववद् भगवद्वियोगास्फूर्त्या तद्धर्मतापक्लेशानन्दतिरोभावो भवति । अतोऽध्यासस्यानिष्टरूपत्वात् तन्निवृत्तिरावश्यकी । सापि न ज्ञानमार्गरीत्या, तथा सति भजनाधिकारो न स्यात् । अतस्तेषु भगवति निवेदनलक्षणसंस्कारेणैव निरंतरसेवाप्रवृत्तौ क्रमेणैव सा भवतीति देहाद्युक्तम् । किंच 'तस्यैव आत्मा वृणुते तनुं स्वा'मिति श्रुतौ अक्षण्वतामिति श्रीभागवतेपि च पुष्टिमार्गे भगवति देहादिसर्वविनियोग उक्तः । साधनदोषवत्त्वेन प्राकृतानां न संभवतीति भगवत्संबंधलक्षणसमर्पणसंस्कारेण निर्दोषत्वार्थं देहेन्द्रियाद्युक्तम् । अतस्तदनन्तरमेव तदभाव इति सिद्धान्तरहस्ये श्रीमदाचार्यैरुक्तम् 'ब्रह्मसंबंधकरणात्सर्वेषां देहजीवयोः । सर्वदोषनिवृत्तिर्हि'ति । नवरत्नप्रकाशेपि श्रीमत्प्रभुचरणैः समर्पणस्य गायत्र्युपदेशजसंस्कारदृष्टान्तो निरूपितो 'गायत्र्युपदेशजसंस्कारवत्' इति । तेन यथा सर्वदोषनिवृत्त्या वैदिककर्माधिकारस्तथा तेन तन्निवृत्त्या भजनाधिकार इत्युक्तम् । अत एव साक्षाद्भजनमार्गप्रवर्तकश्रीस्वामिनीभिः प्रथमं श्रीमुखावलोकनानन्तरमात्मसमर्पणमेव कृतमिति 'आत्मानं भूषयांचक्रु'रित्यत्र श्रीमदाचार्यैर्निरूपितम् । अत एवाग्रे भगवान् पूतनारूपाऽविद्यानिवृत्तिपूर्वकं तत्पूर्वरूपदेहाद्यध्यासक्रमेण तत्तल्लीलाभिर्निरोधेन लीलाभिर्निरूपितं निवारितवान् । अत एव भगवदर्थत्वेन तासां देहादिषु प्रियत्वं न तु तदध्यासेन । किंच, यावत् क्रियास्पर्शेक्षणबलस्मरणादितद्धर्मसंबंधो भगवति न क्रियते तावत्तेषां लौकिकत्वाद्भजने सर्वात्मना देहादिप्रवृत्तौ बाधका एव भवेयुरिति पृथक् तत्समर्पणं कर्तव्यमिति **तद्धर्मांश्चे**त्युक्तम् । चकारः समुच्चये । किंच, देहादिसमर्पणेपि तत्संबंधिममताविषयदारा-

द्यसमर्पणे तत्सङ्गदोषेण स्वधर्महानिर्ममताभावःभावश्चेति तत्संस्कारोप्यावश्यक इति **दारागारे**त्युक्तम् । अत एवैतन्निबंधनोयं विधिः, 'गृहे स्थित्वा स्वधर्मतः अव्यावृत्तो भजेत्' इति । **इहापराणी**ति । इहलोके पापपुण्ययोः संभवात्तत्समर्पणे तदभावः । कदाचिज्जीवस्वभावाल्लोकसंग्रहाच्च तत्सम्भवे तद्भोगार्थं परलोकगतौ प्रभुप्राप्तिविलंबो भवेत्तदभावार्थं परलोकसमर्पणम् । तत्समर्पणे तु तत्र जातपापपुण्यफलदुःखसुखभोगोऽपि भगवत्संबंधिवियोगजतापेनान्तर्भगवदाश्लेषेण च भवतीति न तद्भोगकृतविलम्बः । अतः इहापराणीत्युक्तम् । इदमेव फलप्रकरणे सगुणगोपिकाविषये 'तीव्रतापधुताशुभा' इत्यस्य विवृतौ श्रीमदाचार्यैरुक्तम् । अत्रात्मनेत्यात्मनोऽप्रधानत्वोक्तेरयमाशयः । आत्मनो भगवदंशत्वात्सहजदासत्वाच्च सहजदोषाभावेन तथा न दुष्टत्वं, देहादीनां तु सहजदुष्टत्वमेवातस्तेषामेव संस्कारे मुख्यत्वमुक्तम् । पुष्टिमार्गीयस्यैव तस्य तादृग्दुष्टशोधकत्वं नान्यस्येत्यपि ज्ञापितम् । अत एव प्रमाणप्रकरणे 'आत्मानं भूषयांचक्रु'रित्यस्य विवरणे तासामात्मैव निवेदनीय इत्यात्मानमेव भूषयांचक्रुरित्युक्तम् । तत्रैवकारेण केवलस्यैव तस्य तदुक्त्या तासां देहादीनामप्यात्मरूपत्वेन तस्यैव तत्र मुख्यत्वमुक्तम् । अत्र तु तदभावाद्देहादीनामेव मुख्यतोक्ता । समर्पयामीत्युक्त्या भक्तिमार्ग एव समर्पितसाक्षादंगीकारात् समर्पणस्य तद्धर्मत्वेन स्वदेहादीनामपि तथाङ्गीकारसिद्ध्यर्थं समर्पयामीत्युक्तम् । तेन निवेदितानां देहादीनां यथायोग्यं साक्षाद्भगवत्कर्तृकभोग उक्तो भवति । यतस्तेनैव कृतार्थता । अत एवान्तःकरणप्रबोधे श्रीमदाचार्यैरुक्तं 'सर्वं समर्पितं भक्त्या कृतार्थोसी'ति । एवं सर्वांशेनाऽविद्यानाशे सेवया निरोधो भवतीति सिद्धम । एतदेवोक्तम् पूतनामोक्षप्रसङ्गे 'अतः परं निरोधोऽत्र गोकुले सुगमो भवेत्' इति । सर्वत्र लौकिकेषु भगवत्प्रवेशात् । प्रमाणप्रकरणे तदेवोक्तम् 'लौकिकेषु तु भावे'ष्विति । यथा प्रमाणप्रमेयप्रकरणीयलीलाभिरविद्यापर्वनिवारणपूर्वकं स्वरूपेण निरोधं कृतवानेवं समर्पणानन्तरं सेवाप्रवृत्त्या देहादावहंताममतात्याजनेन जीवस्यापि स्वरूपेण तथा करिष्यतीति भावः । अत एव दशमविवृतौ 'भगवान् लीलां कुर्वन् मार्गमर्यादां च प्रदर्शयती'त्युक्तं श्रीमदाचार्यचरणैः ॥

अत्रायमभिसन्धिः । पुष्टिमार्गो ज्ञानमार्गाद्विलक्षणः इति । यथा तत्र मार्गे

शमदमादिसाधनैरहंताममतानाशस्ततो ज्ञानोदये मोक्षस्तथा पुष्टिमार्गे स्वसर्वस्व-निवेदनपूर्वकं सेवाप्रवृत्तौ तत्रैव देहादिविनियोगे भगवति प्रेमोत्पत्त्या तद्विषय-काध्यासनिवृत्तिस्ततो विगाढभावेन देहावसाने साक्षाद्व्रजनानन्दानुभवः। एतदेव मुक्तावल्यामुक्तं 'ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधन'मिति ।

**दासोह**मिति । यथा ब्रह्मबीजत्वेन जात्या सामान्यतो द्विजत्वेऽपि गाय-त्र्युपदेशजसंस्कारानन्तरं विशेषतो द्विजत्वव्यपदेशः । एवं जीवत्वसामान्येन सामान्यतो दासत्वेऽपि समर्पणानन्तरं विशेषतस्तत्त्वेन व्यपदेशः इति अन्ते तथोक्तम्॥ अत एवान्तःकरणप्रबोधे श्रीमदाचार्यैरुक्त 'मिति श्रीकृष्णदासस्ये'ति। यद्वा पूर्वं जीवस्य देहादितुल्यत्वेन सर्वदोषपरिहारार्थं तत्र निवेश्य समर्पण-मुक्तम् । तस्मिन् संपन्ने सर्वदोषनिवृत्तेरपस्मारनिवृत्तेरिव स्मृतदासत्वस्वसहज-धर्मप्रभुसेवायामत्यार्तः शुद्धः पूर्वस्माद्भिन्न एव द्विज इव । यथा स वैदिक-कर्माधिकारी तथायमपि साक्षाच्छ्रीगोकुलेशभजनाधिकारी जात इत्यन्ते शुद्धः स्वतन्त्रतयोक्तो दासोहमिति । यद्वा प्रागज्ञातस्य सहजदासभावो महापुरुषानुग्रहेण पश्चात्तदुपदेशेन ज्ञातस्तथाभावोहम् पूर्वमज्ञातस्वभावस्य पश्चात्केनचित् ज्ञापितस्य स्वभावस्य द्विजातेः स्वस्य कर्मयोग्यत्वाय गायत्र्युपदेशजसंस्कारवत् दास-योग्यतायै तथा करोमीत्यर्थः । अस्मिन्पक्षेऽन्यथानुपपत्त्या तिरोभावोहमिति एतदग्रे आसमित्यध्याहारार्थम् । अत्रैकस्यैवात्मनः कर्मत्वं कर्तृत्वं तु 'उद्धरे-दात्मनात्मान'मितिवत् अत्राहमितिद्विरुक्त्या पूर्वं तापक्लेशानन्दतिरोभाववत्त्वेन बाधकाहङ्कारयुक्तत्वमुक्तम् । पश्चादन्ते दासत्वेन साधकतद्युक्तत्वमुक्तम् । तेन पूर्वं ममताविषयेषु ममाभिमानस्यापि बाधकत्वमुक्तम् । अधुना तु तेषु भगवदीयत्वेन तस्यापि साधकत्वमुक्तम् । यद्वा न मया प्रभवे किंचिदुपकृतं किन्तु त्वदीयमेव तुभ्यं समर्पितं प्रत्युत चिरकालं बाहिर्मुख्यत्वेन तदसमर्पणेन सापराधश्चांडाल-तुल्योऽतः स्वतस्तत्समर्पणेऽनर्हः श्रीमदाचार्यचरणद्वारा सर्वं समर्पयामि यतस्तद्-बलेनैवाङ्गीकरोति भगवान्न मयि न किञ्चिदिति दैन्यमपि दासोहमित्यनेन ज्ञापितम्। अतः एवान्तःकरणप्रबोधे हीनदृष्टान्तस्तेन दासस्य सदा दैन्यभावो एवावश्यक इति सूचितम् । अत एव फलप्रकरणे 'भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधन'-मित्युक्तम् । तत्तु तदैव स्याद्यदि सर्वदोषनिवृत्तिः । तदेव 'रुरुदुः सुस्वर'मित्यत्र

निरूपितम् । साप्युत्तरदलात्मके प्रभौ तद्दलात्मकास्यरूपश्रीमदाचार्यचरणद्वारात्मसमर्पणे महाग्नौ तृणानामिव भवति । एवं सेवायां मध्यमहीनाधिकारिपरत्वेन समर्पणविधिरुक्तः ।

उत्तमाधिकारिणान्तु दोषाभावेन प्रेम्णार्त्तिपूर्वकं साक्षात्समर्पणम् । अत एव प्रमाणप्रकरणे 'आत्मानं भूषयांचक्रु'रित्यारभ्य 'ताः आशिषः प्रयुंजाना' इत्यन्तेनार्तिपूर्वकं साक्षात्कृतं मुख्यं समर्पणमुक्तम् । नवरत्नेप्यज्ञानादथवा ज्ञानादिति त्रयः पक्षा निरूपिताः । तत्राधुनिकानां तृतीयपक्षायोग्यत्वात् पक्षद्वयमेव । तत्र द्वितीयेपि केचिदेवाधिकारिण इति तत्पक्षमादायोक्तं दासोहमिति । हीनपक्षे तु बालोपदेशत्वमेव । अतः समर्पणस्य सर्वदोषनिवर्तनद्वारा पूर्वं तिरोहितभक्तेः सूक्ष्मबीजभूततापात्मकफलरूपभक्तिजनकत्वेन पुष्टिमार्गीयसंस्काररूपत्वमिति निश्चीयते । गायत्र्युपदेशजसंस्कारस्य पूर्वदोषनिवृत्तिद्वारा बीजभूतब्रह्मत्वजननेन संस्कारत्ववत् । यथा तत्कर्मज्ञानादिसाधनैः प्रवृद्धमात्मनि देहादिषु च सर्वत आविर्भूतं तेषां ब्रह्मभावं संपादयति । ततस्तेन ज्ञानाग्निना भस्मीभूतसर्वकर्मदेहावसाने ब्रह्म प्राप्नोति तथा तत्संस्कारजनितसूक्ष्मबीजभूततापरूपभक्तिर्भक्तिवर्द्धिन्युक्तसाधनैरुत्पन्नभगवद्विषयकपुष्टिमार्गीयमनोरथभावनया व्यसनान्तं प्रवृद्धा देहेन्द्रियप्राणान्तःकरणजीवेषु प्रचुरतापरूपेणाविर्भूता तेषां विगाढभावेन तन्मनस्का इत्याद्युक्तभगवद्भावं संपादयति । ततस्तया भस्मसात् कृतदेहादिप्रतिबंधो देहावसाने साक्षात् पुरुषोत्तमं सेवाफलप्रकारेण प्राप्नोतीत्यर्थः तदेवोक्तं संन्यासनिर्णये 'भावो भावनया सिद्धः साधन'मिति । भक्तिवर्द्धिन्यामपि बीजपदेन बीजरूपेणेयमेवोक्ता न त्वङ्गीकारादिः । अन्यथा बीजवैजात्येन तद्दार्ढ्येनान्यवृद्धिकथनमनुपपन्नं स्यात् । नहि अनुग्रहादिः स्वरूपसाधर्म्येण तापात्मकभक्तेर्बीजं तस्यास्तदात्मकत्वात् । तस्य तदात्मकत्वाभावात् । ननु बीजपदेन कारणमेवोच्यते । तथा च तस्य तत्कारणत्वात् तद्दार्ढ्ये प्रवृद्धा भवतीति चेत् न । प्रवृद्धेति कथनानुपपत्तेः । तथाहि भक्तिहेतुनिर्णये । तदनुग्रहैकलभ्यामिति अनुग्रहस्य तल्लाभहेतुत्वोक्तेर्लब्धा स्यादित्येवोक्तं स्यात् । लाभानन्तरं वृद्ध्युपाय इति तं विना तत्कथनमसङ्गतं च स्यात् । किञ्च । अनुग्रहस्य भक्तिलाभे निमित्तकारणत्वेन तत्रैवोपक्षीणत्वात् तद्वृद्ध्यर्थं तद्दार्ढ्यस्याकिंचित्करत्वेन तत्करण-

मनर्थकं स्यात् । किंच बीजपदस्य निमित्तकारणवाचित्वे भावपदासंगतिः । बीजस्य भावस्तत्त्वं सत्त्वं वा । तत्त्वपक्षे 'यमेवैष वृणुत' इति श्रुत्या 'तदनुग्रहैकलभ्या'मित्यत्र चैकपदेन भक्तेस्तदितरसाधनासाध्यत्वोक्त्या कारणदार्ढ्यस्य पूर्वमेव सिद्धत्वाज्जीवासाध्यत्वात्तत्कृतिकथनानुपपत्त्या तदसंगतिः । सत्त्वपक्षेऽपि भक्तिकारणानुग्रहसत्त्वस्य दार्ढ्यं समर्पणेनाङ्गीकृत्यैव निर्दोषत्वभावनया भगवतैव कृतमिति तत्कथनानुपपत्त्या तदसंगतिः । अतः पुष्टिमार्गीयानुग्रहेण समर्पणसंस्कारजनितबीजभूतसूक्ष्मफलरूपभक्तिरेव बीजशब्दार्थ इति मंतव्यम् । तथा च यद्बीजं तस्यैव वृद्धिरिति प्रवृद्धा स्यात् इत्युक्त्वा बीजभाव इत्युक्तत्वात् भक्तेरेव बीजभाव इत्यायाति । भावपदेन तत्त्वं सत्ता वा । अस्मिन्नर्थे बीजपदस्य समवायिवाचित्वेन पक्षद्वयमपि संगतं, बीजत्वाभावेन वृद्धिरिति तथोक्तम् । भक्तेः सूक्ष्मतापरूपबीजसत्तायामथवा तस्या बीजत्वेन सत्तायां प्रवृद्धा स्यान्नान्यथेत्युक्तम् । तेन समर्पणकृत्या सामान्यतः सर्वेषामेव जीवानां न तथा भवति किन्तु अनुग्रहेणाङ्गीकृत्या दैवानामेव तथेतिज्ञापितम् । एतदेव सेवाफले तदासुरोयं जीव इत्युक्तं । अयमिति समर्पणानन्तरं लोकरीत्या सेवायां प्रवृत्तः उक्तः तस्य तत्र भगवत्कृतप्रतिबन्ध आसुरत्वज्ञापकः, तादृशेनुग्रहाभावात् । भक्तेर्बीजभावाभावेन न तद्वृद्धिरिति फलितम् । एवं सति बीजभावे सति तु पुनः बीजे दृढे सति स्यादितिपदसंबंधोऽध्यवसेयः । अग्रे बीजदार्ढ्येतिकथनाद् दृढ इति बीजस्यैव विशेषणम् । अत एवाग्रेपि 'बीजं तदुच्यते शास्त्रे दृढ'मित्युक्तम् । अतएव सूक्ष्मदशायां बीजस्य रक्षार्थं संन्यासनिर्णयकरणम् । तदेव तत्प्रारंभ एव ज्ञापितं पश्चात्तापनिवृत्त्यर्थमिति । कृतात्मनिवेदनस्य कुतश्चित् सामान्यतो जातनिर्वेदस्य ज्ञानमार्गीयपरित्यागस्यैव प्रसिद्धत्वादज्ञानात्तत्करणे तद्धर्माणामावश्यकत्वाद्बीजपोषकसेवाद्यसम्भवेन भक्तिवृद्ध्यभावात्त्यागकरणे चारूढपतितत्वाशंकया पश्चात्ताप एव भवेदिति तन्निवृत्त्यर्थं तद्विचारः । अतः समर्पणजनिततापरूपसूक्ष्मभक्तिरेव बीजमिति सर्वमनवद्यम् । नवरत्नप्रकाशेपि 'कस्यचिद्विशेषतश्चेत्सा पुष्टि'रित्यत्र निवेदनेन भक्तेर्बीजत्वमेव ज्ञापितम् । पूर्वं निवेदकसाहित्येन सर्वेषां सामान्यतोङ्गीकार इति मर्यादापदेन ज्ञापितम् । तेषु साक्षान्निवेदनाभावेन भक्तिबीजाविर्भावाभावात् । तदैव तेन तत्सम्भवे पृथङ्निवेदनकृतेरप्रयोज-

कत्वात् । अथ तेष्वेव कस्यचिद्विशेषतः पृथक् तत्कृत्वा सर्वभावेनाङ्गीकारस्तदैव भक्तिबीजाविर्भावात् सा पुष्टिः पुष्टिमार्गाङ्गीकार इत्यर्थः । अथवा बीजरूपो भावः स तथा । अस्मिन्नपि पक्षे 'रतिर्देवादिविषया भाव' इति सर्वतोधिकस्नेहो भक्तिरिति वाक्याभ्यां सा 'परानुरक्तिरीश्वर' इति शांडिल्यसूत्राच्च बीजरूपा भक्तिरेव प्राप्नोतीति तस्या एव बीजत्वं । एवं सति भावदृढपदयोर्विशेष्यविशेषणभावेनान्वयः । यद्वा बीजरूपो भावः इत्यपि पक्षे पदानर्थक्यमुभयत्र भावपदप्रयोगप्राप्तिश्च स्यात् । अथ यदि समर्पणवाक्योक्ततापात्मकभक्तिबीजभूतभावस्मारकत्वं भावपदस्य तदापि भक्तिपदसांनिध्याद्बीजपदेनैव तद्भावस्य स्वतएव (सिद्धे) प्राप्तेर्भावपदानर्थक्यम् । बीजदार्ढ्यप्रकारस्त्वित्यत्राकथनाच्च । तस्मात् पूर्वोक्त एवार्थो गरीयान् । त्यागाच्छ्रवणकीर्तनादित्यत्र हेतौ पंचमी । तथाचैताभ्यां हेतुभ्यां तस्मिन् तथा सतीत्यर्थः । यद्वा, ल्यब्लोपे पंचमी, तथाचैते साधने प्राप्य तस्मिन् तथासतीति वार्थः । साधनैर्बीजपोषाभावे सा तथा न स्यात् तदेव निबंधे विवृतं पूर्ववासनाफलकामनया वा जायमाना प्रीतिर्गौणी स्यात् इति । एवं गृहं सर्वात्मनेत्यादिनिबंधोक्तप्रकारे द्वयं सामान्यतो निरूप्य संन्यस्य श्रवणं कुर्यादितिवदुभयोः परस्परमङ्गांगीभावेन साक्षात्परंपरया साधनत्वगुणस्वतंत्रतयेत्याशंक्य विशेषतः आहुः बीजदार्ढ्येति । निबंधे कृष्णसेवापरमित्यादिना यः उत्तमत्वेन प्रकारः पूर्वं निरूपितः स एवात्रापि पूर्वं निरूप्यते । **अत्र वर्णाश्रमधर्मात्यागो भगवत्सेवोपयोगिनां स्वस्य गृहादीनां च दोषाभावाय ।** एतदेव निबंधेप्युक्तम् अथापि धर्ममार्गेणेति । प्रेमाभावेन सेवापि पूजातुल्येति ज्ञापनार्थं तत्प्रकारेषु पूजापदम् । पूजयेति सेवाप्रकारैरित्यर्थः । अव्यावृत्त इति चित्तचाञ्चल्याभावाय । पूजयेति पूर्वोक्तया सेवा मुख्या तदनवसरे श्रवणादीति ज्ञापितम् । सर्वथा वृत्त्यभावे व्यावृत्तत्वेनासुरप्रवेशः स्यादिति तदभावाय हरौ चित्तं यथा भवति तथा श्रवणाद्यर्थं यत्नं कुर्यात् । एतदेव जीविकायां चित्तं व्यापृतं पुनर्भगवति योजनार्थमुपायमाह । पठेच्च नियमं कृत्वा इति निबंधे निरूपितम् । सदेति नियमार्थम् । एवं कुर्वतो बीजं क्रमेण व्यसनांतावस्थां यदा प्राप्नोति तदा तदस्मिन् भक्तिशास्त्रे दृढमुच्यते । अग्रे नाशे करणस्यावश्यकत्वात् कालादीनामध्याहारः । ततश्चावश्यनाशककालादिभ्योपि न नश्यतीत्यर्थः ।

तदेव संन्यासनिर्णये निरूपितं हरिरत्र न शक्नोतीत्यनेन । बीजदार्ढ्यानन्तरं गृहादित्यागे हेतुमाहुः स्नेहादिति । स्नेहासक्ती कोमलमध्यभावौ । तथा च पूर्वं भगवत्स्नेहेन गृहादिरागाभावः । औदासीन्येन स्थितिरिति यावत् । ततो मध्यभावे गृहारुचिः कदा त्यक्तव्यमिति । ततो व्यसनभावेन गृहस्थेषु बाधकत्वानात्मत्वस्फूर्तिस्तदाहुः गृहस्थानामिति । पूर्वमपि गृहपदेन गृहस्था एव लक्ष्याः । तेषामेव विजातीयभावत्वेन बाधकत्वात् । तत्संबंधिधर्मो भावबाधकत्वं अनात्मत्वं चात्मीयत्वाभावो नैते ममात्मसंबंधिनः किन्तु देहसंबंधिन एवेति । यद्वा आत्मा भगवान् न तत्संबंधिन एते किन्तु विषयसंबंधिनः इति तथात्वं च भासते । तदैव तद्ज्ञातं भवति नान्यदेत्यर्थः । तत एव त्यागो न विधिनेत्युक्तम् । यदा स्याद्व्यसनं कृष्ण इतिवाक्यं देहलीदीपन्यायेनावृत्त्या योजनीयम् । एवं सति यदैव तत्र तत्स्यात् तदैवैवं स्फुरति नान्यदा । अत एव कृष्णपदम् । न ह्यार्तिदानां तेषां परमानंदव्यसनवतस्तथात्वं न भासते । तदेव फलप्रकरणे व्यसनभाववतीभिर्निरूपितं 'पतिसुतादिभिरार्तिदैः' किमिति । यदैव च तत्स्यात् तदैव च कृतार्थश्च स्यात् । व्यसनभावोत्पत्तिपर्य्यन्तमेव साधनकृतिरग्रे तस्य कर्तव्याभावात् कृतार्थता । यथा वृक्षादिबीजे जलसेकादिना शाखाभावपर्य्यन्तं दृढे सत्यग्रे जलाद्यभावे स्वयमेव वर्द्धते वृक्षादिस्तथा भक्तिबीजे व्यसनपर्य्यन्तं दृढे स्वयमेव दशम्यवस्थापर्य्यन्तं भक्तिवल्ली वर्द्धते सैव मानसी फलं त्वेतद्देहावसाने कृष्णाख्यं फलिष्यति । युक्तमेतत् । रसात्मकं बीजं रसात्मिका वल्ली रसात्मकं फलमिति । गृह एव यद्यपि व्यसनभावसंपत्तिस्तथापि तत्त्यागावश्यकत्वमाहुः तादृशस्येति । व्यसनं प्राप्तस्यापि कालादिभयाभावेपि विकलत्वास्वास्थ्यादीनां भाव्यत्वात् गृहस्थितौ सेव्यसेवादिना स्वास्थ्यसंभवात् तेषामुपपत्त्यभावात् तत्र सततं स्थानं प्रवृद्धभक्तिनाशकं भवेदिति तत्त्यागावश्यकत्वमुक्तम् । संन्यासनिर्णयेपि विरहानुभवार्थमित्युक्तम् । एवं भक्तिवृद्धावुत्तमप्रकारं निरूप्य पूर्वोपक्रान्तोत्तमोत्तमप्रकारं निरूपयन्ति त्यागं कृत्वेति । यस्तु समर्पणानन्तरमेव साधनरूपसेवां विना तत्क्षणमेव जन्मांतरसंस्कारतः सद्यो भगवदनुग्रहेण चोद्बुद्धभगवदासक्तिर्गृहस्थानां बाधकत्वमनात्मत्वं च ज्ञात्वा तत्त्यागं कृत्वा तदर्थार्थैकमानसः पूर्वमुपक्रान्तत्वाद् भक्तिवृद्ध्यर्थमेव मानसं यस्य

तादृशः सन् प्रत्यहं पर्य्यटनादिरूपं निबंधोक्तं प्रयत्नं कुर्यात्। सोपि सुदृढां नाशाप्रतियोगिनीं मोक्षफलकज्ञानादिभ्योप्यधिकां श्रवणादिसाधनानामेतज्जन्मनश्च फलरूपां विगाढभावात्मिकां परां लभते। गृहस्थस्य भार्याद्यानुकूल्याभावेन त्यागे उत्तमोत्तमाधिकाराभावेनैकत्र स्थित्या दुःसंसर्गान्नदोषसंभवाद्बाधकभूयस्त्वं, अतस्तेन निःसाधनसर्वदुखहर्तुः पुष्टिमार्गीयमहापुरुषसेवितपुरुषोत्तमस्य स्थाने यत्र पुष्टिमार्गीयसेवाप्रकारस्तत्र स्थेयम्। तत्रापि नौदासीन्येन, तथासति तीर्थवत् ततः पापनाश एव भवेन्न भक्तिवृद्धिः। किन्तु यथा तत्रत्या भगवदीयाः सेवायां तत्परास्तथैव तैः सह स्वेनापि तत्परेणैव स्थेयम्। एवं तस्यापि भक्तिवृद्धिः स्यात्। एवमुत्तमसाधनप्रकारे बाधसम्भवे तन्निवृत्तिप्रकारं निरूप्य तस्य कदाचित्तत्रापि अभिमानादिदोषसंभवेन दुष्टे चित्ते बाह्यसेवाकृतिरप्यप्रयोजिकेति भक्तिवृद्ध्यभाव इति दोषाभावार्थं तत्र स्थितेरनैयत्यमाहुरदूर इति। विप्रकर्षे सेवाभावेपि भगवद्गुणपरतया स्थेयम्। तेनापि भक्तिवृद्धिरिति ज्ञापनार्थं सेवायां वा कथायां वेति विकल्पः। गुणानां भगवतश्च साम्यात् कथापदेन स्वस्य वक्तृत्वासामर्थ्ये श्रवणमप्यावश्यकमितिसूचितम्। आसक्तिपदेन क्षणमात्रं तस्य नान्यव्यासङ्गः इति ज्ञापितम्। दृढेति विषयानपनोद्यता। एवं वर्तमानस्य यावज्जीवं कस्मिन्नपि देशे कस्मिन्नपि काले नाशो न भवति। नाशोऽत्र भावनाशः। इति मतिर्ममेति श्रीमन्महाप्रभुचरणानां गर्भितप्रतिज्ञा तेन भावनाशे नान्यः प्रकारोऽस्मदज्ञातोऽस्तीति उक्तम्। यद्यपि सेवाकथयोरासक्तिदार्ढ्येन बाधसंभावनैव नास्ति तथापि कृत्वा चिन्तेतिन्यायेन हरिस्थाने बाधसंभावनायां तन्निरासोपाय उक्तः। विप्रकर्षे सर्वदा भगवदीयसंगाभावादेकान्तस्थित्या कदाचिज्जीवत्वेन विषयध्यानेन कथायां तत्संभवे तत्र वासो नेष्यत इष्टसाधनत्वेन नेच्छाविषयः क्रियते। तदा विप्रकर्षदेशं परित्यज्य पुनरपि हरिस्थाने स्थेयमिति भावः। तु पुनः तत्रापि तत्सम्भावनायामतःपरं तन्निराकरणं तस्याशक्यमिति दैन्यस्फूर्तौ तत्र स्थितौ हरिरेव सर्वतो बाधेभ्यो रक्षां करिष्यति। तदेतदुक्त'मशक्ये हरिरेवास्ति' इति 'कौन्तेय प्रतिजानीहि न मे भक्तः' इति प्रतिज्ञासूचनार्थं न संशयः इति। एवं भक्तिवृद्ध्युपायं निरूप्योपसंहरन्ति इत्येवमिति। इतीतिप्रकारे समाप्तौ वा प्राक्पक्षे गूढतत्त्वं भगवच्छास्त्रं एवं प्रकारेण निरूपितमिति। द्वितीये तु एवं गूढतत्त्वं भग-

वच्छास्त्रमिति प्रकारेण निरूपितमिति भगवच्छास्त्रं पुरुषोत्तमप्रापकसाक्षात्साधननिरूपकं सुदृढः सर्वतोधिकः स्नेहो भक्तिरित्यादिवाक्यरूपमित्यर्थः । गूढं तत्त्वमाशयो यस्य तत्तथा अत्र प्रवृद्धस्नेहमात्रप्रतिपादनात् तद्वृद्ध्युपायबीजदार्ढ्याद्यप्रतिपादनात् तथात्वम् । यद्वा गूढं भक्तेस्तत्त्वं समर्पणजनितबीजं यत्र । तदभावे वृद्ध्यभावेन सुदृढत्वाभावात्तथा । यद्वा साङ्गभक्तिप्रतिपादनाद्भगवच्छास्त्रं श्रीभागवतम् । एवं धर्मैर्मनुष्याणामित्यादिषु विविच्य वीजभावाद्यकथनात्तदपि तथा । तादृशमनेन ग्रंथेन निरूपितं प्रकाशितमित्यर्थः । सेवात्यागादिसाधनसहितोपि यः एतदस्मद्गतं शास्त्रं गूढतत्त्वनिरूपणेन प्रकाशितं समधीयीत विचारपूर्वकं पठेद् । यद्वा समधीयीताथवा सर्वदेति निबंधोक्तप्रकारेण तस्यापि सा तथा स्यात् अपिशब्देन तदुक्ताचरणे तु स्यादेवेति कैमुतिकन्यायः प्रदर्शितः । तदेतदुक्तं निबंधे अर्थतस्तु परित्यागे भक्तिं प्रयच्छतीति । अनेन तद्वृद्धौ तृतीयोपायोपि प्रदर्शितः । एतेन भक्तिबीजभाव एव सर्वभगवच्छास्त्राणामाशयस्तज्जनकत्वेन समर्पणस्य भजनाधिकाररूपत्वमिति सर्वमनवद्यम् ।

श्रीमदाचार्यचरणसमर्पितपरैहिकः ।
तत्समर्पणगद्यार्थं दुर्लभं वल्लभोऽब्रवीत् ॥ १ ॥

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

आश्विने शुक्लपक्षे तु द्वादश्यां रविवासरे ।
तत्समर्पणगद्यार्थो कथितः श्रीवल्लभेन यः ॥
तदेव लिखितः सम्यक् नत्थीलालेन शर्मणा ।
गुणमुनिनिधिचन्द्रे राधाकुण्डनिवासिना ॥

॥ श्रीगोकुलेशो विजयते ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

# આત્મનિવેદન

શ્રીકૃષ્ણના મુખકમલાગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યને નમન કરીને તેમને (શ્રીકૃષ્ણને) સમર્પણ કરવાના ગદ્ય (મંત્ર)ના અર્થનું યથામતિ વર્ણન કરું છું. નવરત્નપ્રકાશમાં શ્રીમત્પ્રભુચરણે (શ્રીવિઠ્ઠલનાથજીએ) નિવેદન આવશ્યક છે એમ દર્શાવવા સાક્ષાત્ શ્રીગોકુલેશના ભજનના અધિકારનું નિરૂપણ કરેલું છે. તે કેમ (પ્રાપ્ત થાય) એમ તેના (તેની પ્રાપ્તિના) પ્રકારની જીજ્ઞાસા થવાથી ભગવાને ઉપદેશ કરેલ શ્રીમદાચાર્યના સમર્પણગદ્યના અર્થનો વિચાર કરવામાં આવે છે. 'सहस्र' વિગેરે અહિં 'સહસ્ર' શબ્દ અનંતસંખ્યાના અર્થમાં છે. તેનો એવો અર્થ થાય છે કે (જીવના) વ્યુચ્ચરણ અને સમર્પણનો અંતરાય અસંખ્ય વર્ષોનો છે. અહિં 'સંવત્સર વિગેરે શબ્દો નહિ કહેતાં 'પરિવત્સર' શબ્દ યોજ્યો તેનો આ (નીચે) પ્રમાણે આશય છે. શ્રુતિમાં સંવત્સરરૂપી કાલના ચાર ભેદ કહેલા છે. (૧) સંવત્સર (૨) પરિવત્સર (૩) અનુવત્સર (૪) ઇડાવત્સર. તેમાં પરિવત્સરને "અગ્નિ સંવત્સર (છે); આદિત્ય પરિવત્સર (છે) વાયુ અનુવત્સર (છે); ચંદ્રમા ઇડાવત્સર (છે)." એ પ્રમાણે આદિત્યરૂપ કહેલો છે. તેથી જેમ એકત્ર થએલા અનંત આદિત્યો અતિસંતાપકારક થાય તેવી રીતે જેમાં ભગવાનનો વિયોગ રહેલો છે અને જે સંસારનો હેતુ છે તેવો અનંતપરિવત્સર જેટલો મહાકાલ અતિસંતાપકારક છે એમ જણાવવા 'પરિવત્સર' એમ કહેલું છે. 'કૃષ્ણ' પદનો રસાત્મક અર્થ હોવાથી તેમના વિયોગ પહેલાં આનંદાંશનું તિરોધાન થતી વખતે ઉત્પન્ન થએલાં પૂર્વદલરૂપ (પ્રથમ કહેલાં) તાપકલેશ અને આનંદ ફલરૂપ હોવાથી, હાલ (જીવમાં) તેઓનો તિરોભાવ થવાથી તેને ફલનો સંબંધ રહેલો નથી એમ કહેલું છે. અથવા ઉત્તરદલરૂપ (પછીથી કહેલ) જે આનંદ તેનો તાપ અને કલેશથી તિરોભાવ (જીવમાં) થએલો છે એવો અર્થ છે. તેથી પ્રથમસૃષ્ટિમાં કહેલા ત્રણ પ્રકારના માર્ગોમાં જે જીવોનો અંગીકાર પુષ્ટિમાર્ગમાં વિચારેલો છે, અને જે ભગવાનની ઇચ્છાથી ઉચ્ચ ભાવથી ઉત્પન્ન થએલા છે તેઓનેજ તે સમયે શ્રીકૃષ્ણના વિયોગથી તાપકલેશ અને આનંદ થએલા છે; પરંતુ બીજાઓને તો પોતાની અંદર બ્રહ્મત્વની સ્ફૂર્તિજ થાય છે. પછી ભગવદાકારરૂપ આનંદનું તિરોધાન થતાં નિરાકાર થએલા સર્વે

(જીવો)ના બ્રહ્મત્વસ્ફૂર્તિ અને વિયોગજ ધર્મનો યથાયોગ્ય તિરોભાવ થાય છે[1] તેથી જોકે સર્વે શ્રીકૃષ્ણના વિયોગવાળા છે તો પણ પુષ્ટિમાં જેઓના અંગીકારનો વિચાર કરલો છે તેઓનાજ જે વિયોગધર્મોનો તિરોભાવ થએલો છે તેઓની ભવિષ્યમાં વૃદ્ધિમાટે નિવેદનથી બીજ તરીકે આવિર્ભાવ થાય છે; બીજાઓને થતો નથી, કારણ કે પહેલાં (તેઓને બીજાઓને, પુષ્ટિમાર્ગમાં અંગીકાર ન હોય તેમને વિયોગધર્મ) હતાજ નહિ એમ જણાવેલું છે. તે સમયે જીવોને દેહ વિગેરે નહિ હોવાથી વિયોગનો તાપ સંભવતો નથી એમ કહેવાય નહિ, (કારણ કે) તે સમયે પણ આનંદાકાર તો છેજ. તેથી પુષ્ટિભાવની ઉત્પત્તિથી પૃથક સ્થિતિ થતાં એવા સૌન્દર્યના દર્શનથી તે (તાપ) સંભવે છે.

(શંકા) જીવને ભગવાનના વિયોગથી ઉત્પન્ન થતો સંસારરૂપ જ તાપ હોય, ક્લેશ પણ જન્મમરણ વિગેરે રૂપીજ હોય; તેથીજ આનંદનો તિરોભાવ પણ થાય, એમ છતાં કેમ એવી રીતે અર્થ કરો છો?

(સમાધાન) એમ નથી; (એમ હોય તો) 'કૃષ્ણવિયોગ' પદનો પ્રયોગ વ્યર્થ થાય, અને શાસ્ત્રનો વિરોધ થાય. કારણ કે 'કૃષ્ણ' પદનો રસાત્મક અર્થ હોવાથી અને વિયોગ તેમના સંબંધનો હોવાથી ત્યાર પછી કહેલા તેથી (કૃષ્ણ-વિયોગથી) ઉત્પન્ન થએલા તાપ અને ક્લેશનો તેમાં સમાવેશ હોવાથી એવોજ અર્થ કરવો ઉચિત છે.[2] અન્યથા અર્થ કરીએ તો 'કૃષ્ણ' પદનો પ્રયોગ વ્યર્થ થાય અને 'વિયોગ' પદનો પ્રયોગ પણ વ્યર્થ થાય. 'બ્રહ્મવિભેદ' એમજ કહેવું યોગ્ય થાત.[3] (તમારા અર્થમાં) શાસ્ત્રવિરોધ નીચે પ્રમાણે થાય છે. વિદ્વ-ન્મંડનમાં શ્રીમત્પ્રભુચરણે "પરના અભિધ્યાનથી તિરોહિત છે, પછી આને બંધ અને વિપર્યય થાય છે" એ બ્રહ્મસૂત્રનું વ્યાખ્યાન કરતાં, ઐશ્વર્ય વિગેરે ભગવદ્ધર્મોનું તિરોધાન થવાથી જીવને અનીશ્વરત્વ વિગેરે (ભગવદ્ધર્મથી) વિપરીત ધર્મ પ્રાપ્ત થાય છે એમ નિરૂપણ કરતાં કહેલું છે કે "આનંદાંશ તો પૂર્વેજ તિરોહિત

---

૧. [પુષ્ટિમાં અંગીકાર કરેલા જીવોમાં વિયોગજ ધર્મનો તાપ, ક્લેશ અને આનંદનો તિરોભાવ થાય છે; બીજાઓમાં બ્રહ્મત્વની સ્ફૂર્તિનો તિરોભાવ થાય છે] એવો અર્થ છે.

૨. અર્થાત્ તાપ અને ક્લેશ શ્રીકૃષ્ણના વિયોગથી ઉત્પન્ન થએલા એટલે શ્રીકૃષ્ણના વિયોગ સંબંધી તાપક્લેશ છે એવો અર્થ ઉચિત છે, પરંતુ સંસારરૂપ તાપ અને જન્મમરણરૂપ ક્લેશ છે એવો અર્થ ઉચિત નથી.

૩. 'કૃષ્ણવિયોગ'ને બદલે 'બ્રહ્મવિભેદ' શબ્દનોજ પ્રયોગ યોગ્ય થાત; અર્થાત્ જો તમે કહો છો તેવો અર્થ કહેવો હોત તો રસાત્મક કૃષ્ણનો વિયોગ એમ ન કહેતાં બ્રહ્મનો વિભેદ થતાં તાપ અને ક્લેશ થયા એમજ કહેત. વિભેદ એટલે છૂટા પડવું. બ્રહ્મથી છૂટા પડવાથી તાપ ક્લેશ વિગેરે થયા એમ કહેત.

થએલો છે જેથી (આનંદાંશના તિરોભાવથી) જીવભાવ થયો". તેથી (તમે અર્થ કરો છો તે પ્રમાણે)[1] અહિં (ગદ્યમંત્રમાં) પ્રાકૃત તાપક્લેશ પછી આનંદનો તિરોભાવ કહેલો હોવાથી શાસ્ત્રવિરોધ થાય. તેથી તેનો અર્થ અહિં વિવક્ષિત નથી એમ જાણવું.

'भगवते' વિગેરે. જીવમાં **ભગવદ્ધર્મોનો આવિર્ભાવ થાય ત્યારે જ તેનામાં સાક્ષાત્ ભજનયોગ્યતા થાય.** તે (ભગવદ્ધર્મોનો આવિર્ભાવ) સર્વાંશથી **સર્વસમર્થ પ્રભુનો સંબંધ થવાથી જ થતો** હોવાથી એમ કહેલું છે. ભગવાન્ પણ જો મર્યાદાસ્થ હોય તો તેમનો સંબંધ ભગવદ્ધર્મોના આવિર્ભાવદ્વારા સાક્ષાત્ ભજનયોગ્યતા પ્રાપ્ત કરાવનાર ન થાય તેથી 'कृष्णाय' એમ કહ્યું 'કૃષ્ણ' એ મૂલનામનો અર્થ યશોદોત્સંગલાલિત થાય છે' તે પુષ્ટિસ્થજ છે તેથી તેમના **સંબંધથીજ તે (ભગવદ્ધર્મોના આવિર્ભાવ) દ્વારા સાક્ષાત્ ભજનની યોગ્યતા થાય** છે તેથી એમ કહ્યું. કૃષ્ણ શબ્દનો **'રસાત્મક'** એવો અર્થ હોવાથી, તેના ઉભય ભાગ (કૃષ્=સત્તા, ण. નિર્વૃતિ આનંદ) નો અર્થ અહિં લઇએ તોપણ 'श्री' પદ નહિ હોવાથી, અને આગળ 'श्रीगोपीजनवल्लभ' પદથી તેમને વર્ણવેલા હોવાથી ગોબલીવર્દન્યાયથી તે પછીના ભાગનો અર્થ પણ કરેલોજ છે. તેથી એવાને (કૃષ્ણને) સર્વસમર્પણ કહેવાથી પોતામાં પણ તેવા પ્રચુરભાવની ઉત્પત્તિનો હેતુ કહ્યો, કારણ કે તેથીજ સાક્ષાત્ ભજનનો અધિકાર થાય છે.

ઉત્તરદલાત્મક ભગવાનને સર્વસમર્પણ કરવાથી ગાઢભાવની ઉત્પત્તિ ભલે થાઓ તોપણ સંયોગરસ માટે તો અન્ય સાધન શોધવું રહે એવી શંકા થાય તેમાટે 'श्रीगोपीजनवल्लभाय' એમ કહે છે અહીં ગોપીજનવલ્લભ પદથી શૃંગારરસરૂપ કહેલું છે, કેમકે તેઓના વલ્લભ તેઓરૂપજ છે. અહીં 'श्री' પદથી તેઓનેજ (ગોપીજનોનેજ) કહેલા છે તેથી 'તેથી યુક્ત, કહેવાથી પૂર્વદળરૂપ કહેલાં છે.

**અથવા** "ગોપીપરિષત્માં રહેલા પ્રકાશ્યા"[2] અહિં કહેલી અનિર્વચનીય શ્રીથી યુક્ત. અથવા શ્રીથી યુક્ત ગોપીજનો એમ શ્રીપદ ગોપીજનનું વિશેષણ છે. (તેઓનું) અલૌકિક શ્રીથી યુક્ત પણું તો ભગવાનના સંબંધથી જ છે. તેઓના વલ્લભ કહેવાથી સંયોગસમયે વિવિધ રસના દાતા કહેલા છે. તેથી પૂર્ણ **શૃંગારરસાત્મક (ભગવાન) ને કરેલા આત્મનિવેદનથીજ સંયોગરસની પણ પ્રાપ્તિ થાય છે એટલે તે માટે અન્ય સાધનોની અપેક્ષા નથી એવો** ભાવ છે. **અથવા**

---

૧. અમે કહ્યો તે અર્થમાં તાપ અને ક્લેશ શ્રીકૃષ્ણવિયોગ સંબંધી હોવાથી એટલે પ્રાકૃત નહિ હોવાથી આ દોષ થતો નથી.

૨. શ્રીમદ્ભાગવત રાસપંચાધ્યાયી.

સર્વસાધનરહિત માત્ર લૌકિકમાંજ રમી રહેલા મને કેવલ સમર્પણથી જ પરમ કાષ્ઠાને પામેલાના ફલરૂપ ભગવદ્ભાવની પ્રાપ્તિ કેવી રીતે થશે એવી શંકા થાય તે માટે 'श्रीगोपीजनवल्लभाय' એમ કહેલું છે. 'દિવસે ખાનાર',[1] એ વાક્ય એવી ગોપિકાઓને પોતાના પ્રાકટ્યસમયે સર્વસમર્પણ કરેલું હોવાથીજ ઉત્તરોત્તર ભજનમાં પ્રવૃત્ત કરી, તેઓનો ભાવ દૃઢ કરી 'સર્વવિષયોનો ત્યાગ કરી[2]' વાક્ય પ્રમાણે ત્યાગ પછી પરમકાષ્ઠા પામેલાના ફલરૂપ સ્વરૂપનું દાન ( ભગવાને ) કર્યું, અને તેઓના વલ્લભ થયા તેથી તેવા ( ભગવાનને ) સર્વસમર્પણ કરવાથીજ આપણું પણ સર્વ થશે એવો ભાવ છે.

એવી રીતે સંપ્રદાનનું ( ચતુર્થ વિભક્તિ; જેને સમર્પણ કરવાનું છે તેનું ) સ્વરૂપ કહી શું સમર્પણ કરવાનું છે તે કહે છે. देहेन्द्रियेति પ્રથમ જીવને અવિદ્યાથી અહંતામમતાત્મક સંસારનો સંબંધ થવાથી દેહ વિગેરેમાં તથા તેઓના સંબંધીઓમાં અધ્યાસની ઉત્પત્તિ થવાથી અપસ્માર ( વિસ્મરણ ) થતાં સર્વનું અનુસંધાન જતું રહે છે તેમ ભગવાનના વિયોગની સ્ફૂર્તિ ન થતાં તેના ધર્મ તાપક્લેશ અને આનંદનો તિરોભાવ થાય છે. તેથી અધ્યાસ અનિષ્ટ હોવાથી તેની નિવૃત્તિ જરૂરની છે; તે પણ જ્ઞાનમાર્ગની રીતથી કરવાની નથી; એમ ( જ્ઞાનમાર્ગની રીતથી ) થાય તો ભજનનો અધિકાર ( પ્રાપ્ત ) ન થાય-તેથી ભગવાનને નિવેદનરૂપ સંસ્કારથીજ તેઓની ( દેહ વિગેરેની ) નિરંતર સેવામાં પ્રવૃત્તિ થતાં ક્રમથીજ તે ( અધ્યાસનિવૃત્તિ ) થાય છે તેથી 'देह...'વિગેરે કહેલું છે. વળી "આ આત્મા તેના તનુનું પોતે વરણ કરે છે" શ્રુતિમાં અને "अक्षण्वतां ( ચક્ષુઃવાળાઓનું )" વિગેરે શ્રીમદ્ભાગવતમાં પણ પુષ્ટિમાર્ગમાં ભગવાનને દેહ વિગેરે સર્વનો વિનિયોગ કહેલો છે. પ્રાકૃતોના સાધનો દોષવાળા હોવાથી તેઓમાં ( અધ્યાસ ) સંભવે તેથી ભગવત્સંબંધરૂપ સમર્પણ સંસ્કારથી દોષરહિત થાય છે એમ કહેવા 'देहेन्द्रिय' વિગેરે કહેલું છે. તેથી 'બ્રહ્મસંબંધ કરવાથી સર્વેના દેહ અને જીવોના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે" એમ શ્રીમદાચાર્યજીએ સિદ્ધાંતરહસ્યમાં બ્રહ્મસંબંધ પછીજ દોષોનો અભાવ કહેલો છે. "ગાયત્રીના ઉપદેશથી થતા સંસ્કાર પેઠે" એમ નવરત્નમાં[3] પણ શ્રીમત્પ્રભુચરણે સમર્પણનો ગાયત્રીના ઉપદેશથી થતા સંસ્કારનો દૃષ્ટાંત કહેલો છે. તેથી ( ગાયત્રીના ઉપદેશથી ) જેમ સર્વ દોષ દૂર થતાં વૈદિક કાર્યનો અધિકાર ( પ્રાપ્ત થાય છે ) તેમ સમર્પણથી દોષો દૂર

---

૧. "अहन्यापृतं निशि शयानं" વિગેરે.

૨. શ્રીમદ્ભાગવત-૧૦-૨૯-૩૧.

૩. નવરત્નની શ્રીમત્પ્રભુચરણે રચેલી વિવૃતિમાં.

થતાં ભજનનો અધિકાર (પ્રાપ્ત થાય છે) એમ કહેલું છે. તેથીજ સાક્ષાત્ ભજનમાર્ગના પ્રવર્તક શ્રીસ્વામિનીજીઓએ શ્રીમુખના અવલોકન પછી પ્રથમ આત્મસમર્પણજ કરેલું છે. એમ શ્રીમદાચાર્યે "પોતાને [1]શણ-ગાર્યાં" શ્લોકના (વ્યાખ્યાનમાં, નિરૂપણ કરેલું છે. તેથીજ પ્રથમ ભગવાને પૂતનારૂપ અવિદ્યાની નિવૃત્તિ કરી તેના પૂર્વરૂપ દેહાધ્યાસ[2] વિગેરેના ક્રમથી જૂદી જૂદી લીલાઓથી નિરોધ કરી (ગોપીજનોને સંસારમાંથી) નિવાર્યાં એમ લીલાઓથી નિરૂપણ કરેલું છે. તેથીજ ગોપીઓને દેહ વિગેરે ભગવદર્થે હોવાથીજ પ્રિય હતાં, પરંતુ તેઓ અધ્યાસથી પ્રિય ન હતાં. વળી જ્યાંસુધી ક્રિયા, સ્પર્શ, ઇક્ષિણ બલ, સ્મરણ વિગેરે દેહાદિના ધર્મોનો ભગવાનસાથે સંબંધ કરવામાં ન આવે ત્યાંસુધી તેઓ લૌકિકજ રહેવાથી, દેહાદિ સર્વાંશ ભજનમાં પ્રવૃત્ત થાય તોપણ તેઓ (દેહાદિના ધર્મો) (ભજ-નના) બાધક થાય તેથી તેઓનું પણ પૃથક સમર્પણ કરવું જોઈએ તેથી 'तद्धर्मांश्च' એમ કહેલું છે. 'च' સમુચ્ચય અર્થમાં છે. વળી દેહ વિગેરેનું સમ-ર્પણ કરવામાં આવે તો પણ તેઓના સંબંધી મમતાના વિષય પત્ની (દારા) વિગેરેનું સમર્પણ ન થાય તો તેઓના (દારા વિગેરેના) સંગના દોષથી સ્વધ-ર્મની હાનિ થાય અને મમતાનો અભાવ થાય નહિ તેથી તેઓનો (દારા વિગેરેનો) સંસ્કાર પણ જરુરનો હોવાથી 'दारागार...' વિગેરે કહેલું છે તેથીજ 'ઘરમાં રહિ સ્વધર્મપ્રમાણે અવ્યાવૃત્ત રહી ભજન કરવું' [3]એ વિધિ આના સંબંધવાળો છે, **इह पराणि**...આ લોકમાં પાપ અને પુણ્યનો સંભવ હોવાથી તેના (આ લોકના) સમ-ર્પણ કરવાથી તેઓ દૂર થાય છે. કદાચિત્ જીવના સ્વભાવને લીધે અથવા લોકસંગ્રહને લીધે તે (પુણ્ય પાપ) સંભવતા હોય તો તેઓનો ભોગ કરવા પરલોકમાં જતાં પ્રભુ પ્રાપ્તિમાં વિલંબ થાય; તે ન થાય તેમાટે પરલોકનું સમર્પણ (કહેલું છે). તેઓના (આ લોક તથા પરલોકના) સમર્પણ કરવાથી તો ત્યાં પ્રાણાધ્યાસ થયેલા પાપ અને પુણ્યના ફલ (રૂપ) દુઃખ અને સુખનો ભોગ પણ ભગવાનના વિયોગથી થતા તાપથી તથા અંતઃ (હૃદયમાં) ભગવાનના આશ્લેષથી થાય છે તેથી તેઓના (દુઃખ સુખના) ભોગથી વિલંબ થતો નથી. તેથી 'इहापराणि'એમ કહેલું છે. ફલપ્રકરણમાં સગુણ ગોપિકાઓના વિષયમાં "તીવ્ર તાપથી જેઓનાં પાપ દૂર થયેલાં છે"[4] એની વિવૃતિમાં શ્રીમદાચાર્યે આજ કહેલું છે.

---

૧. શ્રીમદ્ભાગવત.–૧૦–૬–૯.

૨. તત્ત્વદીપનિબંધ શ્લોક ૩૨ પ્રકરણ–૧; સ્વરૂપાજ્ઞાન, દેહાધ્યાસ, ઇંદ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ એ પાંચ અવિદ્યાના પર્વ છે.

૩. ભક્તિવર્દ્ધિની. શ્લોક. ૨–

૪. શ્રીમદ્ભાગવત–૧૦–૨૯–૧૦.

અહિં 'आत्मना' એમ આત્માને અપ્રધાન (ગૌણ) તરીકે કહેવાનો (નીચે પ્રમાણે) આ આશય છે. આત્મા ભગવાનનો અંશ અને સહજ દાસ હોવાથી તેમાં સહજ દોષ નહિ હોવાથી એટલા બધા દોષ તેમાં નથી; પરંતુ દેહ વિગેરે તો સહજ દોષવાળાજ છે. તેથી સંસ્કારમાં તેઓનુંજ (દેહ વિગેરેનુંજ) મુખ્યપણું કહેલું છે. પુષ્ટિમાર્ગીયજ તે એવા દોષવાળાનો શોધક છે, અન્ય નથી એમ પણ જણાવેલું છે. તેથીજ પ્રમાણપ્રકરણમાં 'આત્માને શણગાર્યા'[1] એના વિવરણમાં 'તેઓનો આત્માજ નિવેદન કરવાનો હોવાથી આત્માનેજ શણગાર્યો' એમ કહેલું છે. ત્યાં 'एव' 'જ' શબ્દ હોવાથી કેવલ તેનુંજ (આત્માનુંજ) નિવેદન કહેલું હોવાથી, તેઓના દેહ વિગેરે પણ આત્મરૂપજ હોવાથી, તેનુંજ (આત્માનુંજ) ત્યાં મુખ્યપણું છે. અહિં તેમ ન હોવાથી દેહ વિગેરેનીજ મુખ્યતા કહેલી છે. 'समर्पयामि' એમ કહેવાનો અર્થ એવો છે કે ભક્તિમાર્ગમાંજ સમર્પેલાનો સાક્ષાત્ અંગીકાર હોવાથી સમર્પણ તેનો ધર્મ હોવાથી પોતાના દેહ વિગેરેને પણ તેવો (સાક્ષાત્) અંગીકાર સિદ્ધ થાય તે માટે 'समर्पयामि' એમ કહેલું છે. તેથી નિવેદન કરેલા દેહ વિગેરેનો યથાયોગ્ય સાક્ષાત્ ભગવાન્ ભોગ કરે છે એમ કહેલું છે, કારણ કે તેથીજ (સાક્ષાત્ ભગવાને કરેલા ભોગથીજ) કૃતાર્થતા છે તેથીજ "સર્વ ભક્તિથી સમર્પણ કરેલું છે, તું કૃતાર્થ છે" એમ શ્રીમદાચાર્યે અંતઃકરણપ્રબોધમાં[2] કહેલું છે.

આવી રીતે સર્વાંશથી અવિદ્યાનો નાશ થતાં **સેવાથી નિરોધ થાય છે** એમ સિદ્ધ થયું. પૂતનાના મોક્ષના પ્રસંગમાં "હવેથી અહિં ગોકુલમાં નિરોધ સુગમ થશે" આજ કહેલું છે. લૌકિકમાં સર્વત્ર ભગવાનનો પ્રવેશ થવાથી (તેમ થાય.) "પરંતુ લૌકિક ભાવોમાં" એમ પ્રમાણપ્રકરણમાં પણ તેજ કહેલું છે. જેમ પ્રમાણ અને પ્રમેયપ્રકરણની લીલાઓવડે અવિદ્યાના પર્વોનું નિવારણ કરી (ભગવાને) સ્વરૂપથી નિરોધ કર્યો તેમ સમર્પણ પછી સેવામાં પ્રવૃત્તિ કરાવી દેહ વિગેરેમાં અહંતામમતાનો ત્યાગ કરાવી જીવનો પણ સ્વરૂપથી તેમ (નિરોધ) કરશે એવો ભાવ છે. તેથીજ "ભગવાન્ લીલા કરતાં માર્ગની મર્યાદા દર્શાવે છે" એમ દશમ (સ્કંધની) વિવૃતિમાં શ્રીમદાચાર્યચરણે કહેલું છે. અહિં આ (નીચે પ્રમાણે) અભિસંધિ છે. પુષ્ટિમાર્ગ જ્ઞાનમાર્ગથી વિલક્ષણ છે તેથી જેમ જ્ઞાનમાર્ગમાં શમદમ વિગેરે સાધનોવડે અહંતામમતાનો નાશ થાય છે (અને) પછી જ્ઞાનનો ઉદય થતાં મોક્ષ થાય છે તેમ પુષ્ટિમાર્ગમાં પોતાનું સર્વસ્વ નિવેદન કર્યા પછી સેવામાં પ્રવૃત્તિ થતાં, તેમાંજ (સેવામાંજ) દેહ વિગેરેનો વિનિયોગ થતાં ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થવાથી દેહ વિગેરેના અધ્યા-

---

૧ શ્રીમદ્ભા૦-૧૦-૫-૯.

૨ (શ્લોક ૮).

સની નિવૃત્તિ થાય છે, અને પછી (ભગવાનમાં) ગાઢ ભાવ થતાં દેહના અવસાને સાક્ષાત્ ભજનાનંદનો અનુભવ થાય છે. "પછી સંસારના દુઃખની નિવૃત્તિ થાય છે, અને બ્રહ્મનો બોધ થાય છે" એમ મુક્તાવલિમાં પણ એમ કહેલું છે.

**दासोऽहम्** જેમ બ્રહ્મબીજ હોવાથી જાતિને લીધે સામાન્યતઃ દ્વિજત્વ હોવા છતાં ગાયત્રીના ઉપદેશથી થતાં સંસ્કાર પછી વિશેષ રીતે દ્વિજ કહેવાય છે તેવી રીતે જીવત્વ સમાન હોવાથી સામાન્યરીતે દાસ હોવા છતાં સમર્પણ પછી વિશેષરીતે તેમ (દાસ) કહેવાય છે તેથી અન્તે એમ (दास.) કહેલું છે. તેથીજ 'એવી શ્રીકૃષ્ણદાસની' એમ અંતઃકરણપ્રબોધમાં (શ્લો૦૧૦માં) શ્રીમદાચાર્યે કહેલું છે. **અથવા** પ્રથમ જીવ પણ દેહ વિગેરેની તુલ્ય હોવાથી સર્વદોષ દૂર કરવા તેમાં (દેહ વિગેરેમાં) ગણી સમર્પણ કહેલું છે તે (સમર્પણ) થયા પછી સર્વદોષ દૂર થતાં અપસ્માર દૂર થયો હોય તેમ સહજધર્મ દાસત્વનું સ્મરણ થતાં (તે જીવ) દ્વિજ પેઠે પ્રભુસેવા માટે અતિશય આર્ત શુદ્ધ અને પહેલાં હતો તેથી જૂદોજ થાય છે. જેમ તે (ગાયત્રી ઉપદેશ લીધેલ દ્વિજ) વૈદિક કર્મનો અધિકારી થાય છે તેમ આ પણ સાક્ષાત્ શ્રીગોકુલેશભજનનો અધિકારી થાય છે તેથી અંતે શુદ્ધ અને 'હું દાસ છું' એમ સ્વતંત્રતાથી કહેલો છે. **અથવા** જે પ્રથમ સહજદાસભાવ જાણતો ન હતો તેણે પછીથી મહાપુરુષના અનુગ્રહથી તેના ઉપદેશથી જાણતાં તેવા (સહજદાસભાવ) ભાવ વાળો હું–પ્રથમ જેણે પોતાનો ભાવ જાણ્યો નથી પણ પાછળથી કોઇએ તે જેને જણાવ્યો છે તેવો દ્વિજ પોતાના કર્મની યોગ્યતામાટે ગાયત્રી–ઉપદેશથી થતો સંસ્કાર લે તેવીરીતે–દાસ થવા યોગ્ય થાઉં તે માટે તેમ કરૂં છું (સમર્પણ કરૂં છું) એવો અર્થ છે. આ પક્ષમાં (આવો અર્થ કરવામાં) અન્યથાऽનુપપત્તિને લીધે 'तिरोभावोऽहम्' એની પછી 'आसम्' 'હતો' એ અધ્યાહાર લેવાનું છે. અહિં એકજ આત્મા કર્તા અને કર્મ થાય છે તે 'આત્માથીજ આત્માનો ઉદ્ધાર કરવો' એ પ્રમાણે છે.

અહિં (ગદ્યમંત્રમાં) 'अहं' 'હું' બે વાર કહેલ હોવાથી પ્રથમ (હું) તાપ કલેશ અને આનંદના તિરોભાવવાળો બાધક અહંકારવાળો કહેલો છે. પછી અંતે દાસ હોવાથી સાધક અહંકારયુક્ત (હું) કહેલો છે. **અથવા** 'હું દાસ છું' એનાથી 'મેં પ્રભુને કાંઈ ઉપકાર કરેલો નથી, પરંતુ આપનુંજ આપને સમર્પણ કરેલું છે. તેથી (ઉપકારથી) ઉલટું ઘણા સમય સુધી બહિર્મુખ રહેવાથી તે સમર્પણ કરેલું નહિ હોવાથી હું અપરાધી ચાંડાલતુલ્ય છું; તેથી મારી મેળે તે સમર્પણ કરવા યોગ્ય નથી. તેથી શ્રીમદાચાર્યચરણદ્વારા સર્વ સમર્પણ કરૂં છું. કારણ કે ભગવાન્ તેમના (શ્રીમદાચાર્યચરણના) બલથીજ અંગીકાર કરે છે, મારામાં કાંઈ પણ નથી' એમ દૈન્ય જણાવેલું છે. તેથીજ અંતઃકરણ

પ્રબોધમાં હીન[1] દૃષ્ટાંત છે. તેથી દાસને સદા દૈન્યભાવની આવશ્યકતા છે એમ સૂચવેલું છે. તેથીજ, ફલપ્રકરણમાં "ભક્તોનું દૈન્યજ હરિતોષણનું એકજ સાધન છે" એમ કહેલું છે. તે ( દૈન્ય ) પણ સર્વદોષની નિવૃત્તિ થાય ત્યારેજ થાય, આનુંજ "સુસ્વરથી રુદન કર્યું"[2] શ્લોકમાં નિરૂપણ કરેલું છે. તે ( દોષનિવૃત્તિ ) પણ મહાઅગ્નિમાં તૃણોની પેઠે ઉત્તરદલાત્મક પ્રભુમાં તે દલના સ્વરૂપ શ્રીમદાચાર્યચરણદ્વારા આત્મસમર્પણ કરવાથી થાય છે. આવી રીતે સેવામાં મધ્યમ અને હીન અધિકારીનો સમર્પણ વિધિ કહ્યો. ઉત્તમ અધિકારીઓ તો દોષ નહિ હોવાથી, પ્રેમથી આર્તિપૂર્વક સાક્ષાત્ સમર્પણ કરે છે. તેથીજ પ્રમાણપ્રકરણમાં 'આત્માને શણગાર્યા'થી આરંભી 'આશિષો આપતી તેઓ' [3]સુધી આર્તિપૂર્વક સાક્ષાત્ કરેલું મુખ્ય સમર્પણ કહેલું છે. નવરત્નમાં પણ 'અજ્ઞાનથી અથવા જ્ઞાનથી...'[4] એમ ત્રણ પક્ષો કહેલા છે. તેમાં આધુનિક ( જીવો ) તૃતીયપક્ષને યોગ્ય નહિ હોવાથી એજ પક્ષ છે. તેમાં દ્વિતીય ( પક્ષમાં ) પણ કોઈકજ અધિકારીઓ હોય છે તેથી તે પક્ષ લઈને 'હું દાસ છું' એમ કહેલું છે. હીનપક્ષમાં તો બાલોને ઉપદેશજ છે. તેથી સમર્પણ સર્વદોષોનું નિવર્તન કરી પૂર્વે તિરોહિત થએલી ભક્તિના સૂક્ષ્મબીજરૂપ તાપાત્મક ફલરૂપ ભક્તિ ઉત્પન્ન કરતું હોવાથી પુષ્ટિમાર્ગીય સંસ્કારરૂપ છે એવો નિશ્ચય થાય છે. ગાયત્રીના ઉપદેશથી થતો સંસ્કાર પૂર્વના દોષો દૂર કરી બીજભૂત બ્રહ્મત્વ ઉત્પન્ન કરતો હોવાથી સંસ્કાર ગણાય છે તેવી રીતે ( સમર્પણ સંસ્કાર છે. ) જેમ તે કર્મ ( ગાયત્રીનો ઉપદેશ ) જ્ઞાન વિગેરે સાધનોથી પ્રવૃદ્ધ થઈ, આત્મા અને દેહ વિગેરેમાં સર્વતઃ આવિર્ભૂત થઈ તેઓનો બ્રહ્મભાવ કરે છે અને પછી તે જ્ઞાનરૂપ અગ્નિથી જેના સર્વ કર્મ ભસ્મીભૂત થએલા છે તેવો ( જીવ ) બ્રહ્મ પ્રાપ્ત કરે છે તેમ તે સંસ્કારથી ( સમર્પણથી ) ઉત્પન્ન થએલી સૂક્ષ્મબીજરૂપ તાપરૂપ ભક્તિ ભક્તિવર્દ્ધિનીમાં કહેલાં સાધનો વડે ભગવાન સંબંધી પુષ્ટિમાર્ગીય મનોરથોની ભાવનાથી વ્યસન સુધી વૃદ્ધિ પામી, દેહ, ઇંદ્રિય પ્રાણ અંતઃકરણ અને જીવમાં પ્રચુરતાપના રૂપથી આવિર્ભાવ પામી તેઓના વિગાઢ ભાવથી 'તેમાં ( ભગવાનમાં ) મનવાળીઓ'[4] વિગેરેમાં કહેલો ભગવદ્ભાવ કરાવે છે, પછી તેનાથી જેના દેહ વિગેરે પ્રતિબંધો ભસ્મસાત્ થએલા છે તેવો ( પુષ્ટિમાર્ગીય જીવ ) દેહના અવસાને સેવારૂપમાં કહેલા પ્રકારથી સાક્ષાત્ પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. 'ભાવનાથી સિદ્ધ થએલો ભાવ સાધન છે' એમ સંન્યા-

---

૧. ચાંડાલીનું. શ્લો. ૨.
૨. શ્રીમદ્ભા. ૧૦–૩૪–૧.
૩. શ્રીમદ્ભા. ૧૦–૬–૯ થી ૧૦–૫–૧૨.
૪. શ્લો. ૪.

સનિર્ણયમાં પણ તેજ કહેલું છે ભક્તિવર્દ્ધિનીમાં પણ 'बीज' શબ્દથી બીજરૂપ આ (ભક્તિ) જ કહેલી છે, પરંતુ અંગીકાર વિગેરે કહેલા નથી. અન્યથા (બીજરૂપ આ ભક્તિ 'બીજ' શબ્દથી કહી ન હોત અને બીજું કાંઈ કહેલું હોત તો) બીજ વિજાતીય હોવાથી તે દૃઢ થતાં અન્યની વૃદ્ધિ કહી તે અયોગ્ય થાય. અનુગ્રહ વિગેરે (ભક્તિના) સ્વરૂપમાં સમાનધર્મવાળા હોવાથી તાપાત્મક ભક્તિના બીજ છે એમ કહેવાય નહિ, કારણકે ભક્તિ બીજ છે, તે (અનુગ્રહ) બીજ નથી.—'બીજ' શબ્દનો અર્થ કારણજ છે તેથી તે (અનુગ્રહ) તેનું (ભક્તિનું) કારણ હોવાથી તે (અનુગ્રહ) દૃઢ થતાં તે (ભક્તિ) વૃદ્ધિ પામે છે—એમ નથી. એમ હોય તો 'વૃદ્ધિ પામે છે' એમ કહેવું અયોગ્ય થાય કારણકે એનાથી ભક્તિહેતુનિર્ણયમાં 'માત્ર તેના અનુગ્રહથી જ લભ્ય, એમ અનુગ્રહ તેના (ભક્તિના) લાભના કારણરૂપ કહેલો છે. તેથી 'પ્રાપ્ત થાય છે' એમજ કહેત–વળી લાભ પછી વૃદ્ધિનો ઉપાય થાય તેથી લાભ વિના વૃદ્ધિ કહેવી અસંગત થાય. વળી અનુગ્રહ ભક્તિના લાભનું નિમિત્તકારણ હોવાથી ત્યાંજ (ભક્તિલાભમાંજ) તે ક્ષીણ થાય છે તેથી તેની (ભક્તિની) વૃદ્ધિ માટે તેનું (અનુગ્રહનું) દાર્ઢ્ય નકામું હોવાથી તે (અનુગ્રહદાર્ઢ્ય) કરવું અર્થરહિત થાય. વળી 'બીજ' પદનો અર્થ નિમિત્તકારણ કરીએ તો 'ભાવ' પદની અસંગતિ થાય. (૧) બીજનો ભાવ તે પણું બીજભાવ' અથવા (૨) 'બીજનો ભાવ એટલે સત્ત્વ (હોવાપણું).' (૩) 'તે પણું' (બીજના ભાવપણું) એ અર્થ લઇએ તો 'જેનું આ વરણ કરે છે તેથીજ (લભ્ય છે)' શ્રુતિ અને તેના અનુગ્રહથીજ લભ્ય' વાક્યમાં 'एव' 'કેવલ પદથી ભક્તિ તેથી (અનુગ્રહથી) અન્ય સાધનથી અસાધ્ય કહેલી હોવાથી, કારણ (અનુગ્રહ) દૃઢ થયાં પહેલાં પણ (ભક્તિ) સિદ્ધ હોવાથી અને જીવથી અસાધ્ય હોવાથી તેના માટે પ્રયાસ કરવાનું કહેવું અયોગ્ય હોવાથી તેની અસંગતિ થાય. (૨) સત્ત્વ અર્થ લઇએ તો પણ ભક્તિના કારણ અનુગ્રહસત્ત્વનું દાર્ઢ્ય સમર્પણથી અંગીકાર કરીનેજ નિર્દોષપણાંની ભાવનાથી ભગવાનેજ કરેલું હોવાથી તે (દાર્ઢ્ય) કહેવું અનુપપન્ન થતાં તેની અસંગતિ થાય. તેથી પુષ્ટિમાર્ગીય અનુગ્રહથી સમર્પણસંસ્કારથી ઉત્પન્ન થએલી બીજરૂપ સૂક્ષ્મફલરૂપ ભક્તિજ 'બીજ' શબ્દનો અર્થ છે એમ માનવું જોઇએ 'વૃદ્ધિ પામે' એમ કહી 'બીજભાવ વિગેરે કહેલું હોવાથી જે બીજ છે તેનીજ વૃદ્ધિ કહેલી છે. તેથી ભક્તિજ બીજભાવ છે એમ સિદ્ધ થાય છે. 'ભાવ' પદનો અર્થ 'તે પણું' અથવા સત્તા છે. ઉપર કહ્યો તે અર્થમાં 'બીજ' પદનો અર્થ સમવાયિ (કારણ) હોવાથી બંને અર્થની સંગતિ થાયછે બીજ ન હોય તો વૃદ્ધિ ન થાય તેથી એમ કહેલું છે. ભક્તિ સૂક્ષ્મતાપરૂપ બીજરૂપે રહેલી હોય અથવા બીજ તરીકે તેની સત્તા હોય તો તે વૃદ્ધિ પામે, નહિ તો ન પામે એમ કહે છે. તેથી સમર્પણ કર્યા પછી સામાન્યરીતે સર્વે

જીવોની (ભક્તિ) વૃદ્ધિ પામતી નથી, પરંતુ અનુગ્રહથી અંગીકાર કરેલા દૈવી જીવોનીજ (ભક્તિ) વૃદ્ધિ પામે છે એમ જણાવેલું છે. ત્યારે આ જીવ અસુર છે." એમ સેવાફલ (વિવરણ) માં પણ આજ કહેલું છે. 'આ' શબ્દથી સમર્પણ પછી લોકરીતિથી સેવામાં પ્રવૃત્ત થનાર કહેલો છે. ત્યાં ભગવાને કરેલો પ્રતિબંધ તેનું અસુરત્વ જણાવનાર છે, કારણકે તેવા ઉપર અનુગ્રહ હોતો નથી, ભક્તિનો બીજભાવ નહિ હોવાથી તેની વૃદ્ધિ થતી નથી એમ સિદ્ધ થાય છે આમ હોવાથી બીજભાવ હોય તો પણ બીજ દૃઢ થાય ત્યારે (ભક્તિવૃદ્ધિ) થાય એમ પદસંબંધ ધ્યાનમાં રાખવો. આગળ 'બીજદાર્ઢ્ય' એમ કહેલું હોવાથી 'દૃઢ' એ બીજનુંજ વિશેષણ છે. તેથીજ આગળ "શાસ્ત્રમાં તેનેજ દૃઢ બીજ કીધેલું છે–" ભક્તિવર્દ્ધિની શ્લો. ૪ વિગેરે કહેલું છે. તેથીજ સૂક્ષ્મદશામાં બીજની રક્ષા માટે સંન્યાસનિર્ણય કરેલો છે. તેના પ્રારંભમાંજ "પશ્ચાત્તાપની નિવૃત્તિ કરવા માટે" એમ આજ કહેલું છે. સંન્યાસનિર્ણય શ્લો–૧ જેને આત્મનિવેદન કરેલું છે તેને કોઈ કારણથી સામાન્યતઃ નિર્વેદ થાય ત્યારે જ્ઞાનમાર્ગીય પરિત્યાગજ પ્રસિદ્ધ હોવાથી અજ્ઞાનથી તે (જ્ઞાનમાર્ગીય પરિત્યાગ અથવા સંન્યાસ) કરે તો તેના ધર્મો અવશ્ય થવાથી (ભક્તિરૂપી) બીજનું પોષણ કરનાર સેવા વિગેરે સંભવે નહિ અને ભક્તિની વૃદ્ધિ થાય નહિ, અને ત્યાગ (જ્ઞાનમાર્ગીય સંન્યાસ) કરવાથી આરૂઢ (ભક્તિમાં) હતો તે પતિત થએલો છે એવી શંકા થવાથી પશ્ચાત્તાપજ થાય તેથી તેની (પશ્ચાત્તાપની) નિવૃત્તિ કરવા તેનો (સંન્યાસનો) વિચાર (કરેલો છે.). તેથી સમર્પણથી ઉત્પન્ન થએલી તાપરૂપ સૂક્ષ્મ ભક્તિજ બીજ હોવાથી સર્વદોષરહિત છે. નવરત્નપ્રકાશમાં પણ "કોઇને તે વિશેષરીતે હોય તો તે પુષ્ટિ" વાક્યમાં નિવેદનથી ભક્તિનું બીજજ (થાયછે) એમ જણાવેલું છે. "પ્રથમ નિવેદકના સાહિત્ય તરીકે સર્વનો સામાન્યરીતે અંગીકાર (થએલો છે)" એમ 'મર્યાદાપદથી જણાવેલું છે, કારણ કે તેઓને (નિવેદકના સાહિત્યને) સાક્ષાત્ નિવેદન થએલું નહિ હોવાથી તેમનામાં ભક્તિના બીજનો આવિર્ભાવ નથી. તેથી (નિવેદકના નિવેદનથી) તેજ સમયે તે (સાહિત્યમાં ભક્તિનો આવિર્ભાવ) સંભવતો હોયતો તેઓનું પૃથક્ નિવેદન કરવાનું કાંઈ પ્રયોજન રહે નહિ. પછી તેઓમાંથીજ કોઇનો વિશેષરીતે પૃથક્ નિવેદન કરવાથી સર્વભાવથી અંગીકાર (થાય) ત્યારેજ ભક્તિના બીજનો આવિર્ભાવ થવાથી તે પુષ્ટિ એટલે પુષ્ટિમાર્ગમાં અંગીકાર (કહેવાય છે) એવો અર્થ છે.

અથવા બીજરૂપ ભાવ તે બીજભાવ. આ પક્ષમાં (આવો અર્થ કરીએ તો) પણ 'દેવ વિગેરેમાં રતિ તે ભાવ' 'સર્વથી અધિક સ્નેહ તે ભક્તિ' એ વાક્યોથી અને 'ઇશ્વરમાં પર પ્રેમ તે તે (ભક્તિ)' એ શાંડિલ્યસૂત્રથી

( બીજભાવ પદથી ) બીજરૂપ ભક્તિજ થઈ તેથી તેજ ( બીજરૂપ ભક્તિજ ) બીજ થઈ. આમ હોવાથી 'ભાવ' અને 'દૃઢ' પદનો અન્વય વિશેષ્ય અને વિશેષણ તરીકે છે. **અથવા** બીજરૂપ ભાવ ( તે બીજભાવ ). આ પક્ષમાં પણ પદ અનર્થક થાય છે, અને 'ભાવ' પદના પ્રયોગની ઉભયત્ર પ્રાપ્તિ થાય છે. જો 'ભાવ' પદથી સમર્પણ વાંક્યમાં કહેલી તાપાત્મક ભક્તિના બીજભૂત ભાવનું સ્મરણ કરાવનાર હોય તો પણ સન્નિધિમાંજ 'ભક્તિ' પદ હોવાથી, 'બીજ' પદથીજ તે ભાવની સ્વતઃ પ્રાપ્તિ થતી હોવાથી 'ભાવ' પદ અર્થરહિત થાય છે. અને વળી 'બીજ દૃઢ કરવાનો પ્રકાર તો' વાક્યમાં તે કહેલું નહિ હોવાથી ( અનર્થક છે ). તેથી પ્રથમ અર્થ કહેલો છે તેજ વધારે સારો છે.

'ત્યાગથી અને શ્રવણ કીર્તનથી' અહિં પંચમી ( વિભક્તિ ) હેતુ દર્શાવે છે. તેથી 'આ હેતુઓથી તે ( બીજભાવ ) તેવો ( દૃઢ ) થાય ત્યારે' એવો અર્થ છે. **અથવા** લ્યબ્લોપના અર્થમાં પંચમી છે. તેથી 'આ સાધનો પ્રાપ્ત કરી તે ( બીજભાવ ) તેવો ( દૃઢ ) થતાં' એવો અર્થ છે. સાધનોથી બીજનું પોષણ કરવામાં ન આવે તો તે ( ભક્તિ ) તેથી ( વૃદ્ધિ પામેલી ) ન થાય. "પૂર્વની વાસનાથી અથવા ફલની કામનાથી થતી પ્રીતિ ગૌણી થાય" એમ નિબંધની વિવૃતિમાં પણ આજ કહેલું છે. આવી રીતે "ગૃહનો સર્વથા" વિગેરે વાક્યાં નિબંધમાં કહેલા પ્રકારથી બેનું ( ત્યાગ અને શ્રવણ કીર્તન ) સામાન્ય રીતે નિરૂપણ કરી, 'સંન્યાસ કરી શ્રવણ કરવું' વાક્ય પેઠે ઉભયનો ( ત્યાગ અથવા સંન્યાસ અને શ્રવણ ) પરસ્પર અંગાંગિભાવ હોવાથી તેઓ સાક્ષાત્ પરંપરાથી સાધન છે. અથવા સ્વતંત્ર ગુણ છે એવી શંકા કરી 'बीजदार्ढ्यं' વિગેરે કહે છે. 'કૃષ્ણસેવાપરાયણ' વિગેરેથી જે ઉત્તમ પ્રકાર નિબંધમાં પ્રથમ કહેલો છે તેનુંજ અહિં પ્રથમ નિરૂપણ કરવામાં આવે છે. ભગવાનની સેવામાં ઉપયોગી પોતાના ગૃહ વિગેરેમાં દોષ ન આવે તે માટે અહિં વર્ણાશ્રમધર્મોનો ત્યાગ કરવાનો નથી. 'તો પણ ધર્મમાર્ગથી' એમ નિબંધમાં (પ્રકરણ ૨ શ્લોક ૨૧૫) પણ આજ કહેલું છે. પ્રેમ ન હોય તો સેવા પણ પૂજાતુલ્યજ છે એમ જણાવવા તે પ્રકારોમાં 'પૂજા' પદ ( યોજેલું છે ) 'પૂજાથી' એટલે 'સેવાના પ્રકારોથી' એવો અર્થ છે. 'અવ્યાવૃત્ત' એમ ચિત્તના ચાંચલ્યના અભાવ માટે ( કહેલું છે ). 'પૂજાથી' એટલે પહેલાં કહી તેવીથી. સેવા મુખ્ય છે અને તેનો અવસર ન હોય શ્રવણ વિગેરે ( કરવાં ) એમ જણાવેલું છે. સર્વથા વૃત્તિ ન હોય તો ( પ્રભુથી ) વ્યાવૃત્ત રહેવાથી આસુરપ્રવેશ થાય તેથી તેમ ન થાય તે માટે હરિમાં જેમ ચિત્ત રહે તેમ શ્રવણ વિગેરે માટે યત્ન કરવો. "જીવિકામાં વ્યાપૃત થએલું ચિત્ત પુનઃ ભગવાનમાં યોજવા માટે 'નિયમ કરી ( શ્રીભાગવતનો ) પાઠ કરવો' એમ ઉપાય કહે છે"–એમ નિબંધમાં પણ આનુંજ નિરૂપણ કહેલું છે. 'સદા' એમ નિયમ માટે ( કહેલું છે ) એમ કરનારનું

(ભક્તિરૂપી) બીજ જ્યારે વ્યસન અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તે આ ભક્તિશાસ્ત્રમાં દૃઢ કહેવાય છે. આગળ 'નાશ' નું કરણ આવશ્યક હોવાથી કાલ વિગેરે અધ્યાહાર રહેલા છે. તેથી અવશ્ય નાશ કરનાર કાલ વિગેરેથી પણ નાશ થતું નથી એવો અર્થ છે. 'હરિ અહિં (બાધા કરવાને) શક્તિમાન નથી' એમ સંન્યાસનિર્ણયમાં પણ આનુંજ નિરૂપણ કરેલું છે. બીજ દૃઢ થયા પછી ગૃહાદિનો ત્યાગ કરવાનું કારણ 'સ્નેહથી' વિગેરેથી કહે છે. સ્નેહ અને આસક્તિ કોમળ અને મધ્ય ભાવ (અનુક્રમે) છે. તેથી પ્રથમ ભગવાનમાં સ્નેહ થવાથી ગૃહવિગેરેમાં પ્રીતિનો અભાવ એકલે ઉદાસીનતાથી સ્થિતિ થાય છે. પછી (હરિમાં) મધ્યભાવ (આસક્તિ) થતાં ગૃહમાં 'ક્યારે ત્યાગ કરીશ' એમ અરુચિ થાય છે. પછી (હરિમાં) વ્યસન ભાવ થતાં ગૃહસ્થ (ગૃહમાં રહેલા સગાઓ પદાર્થો વિગેરે) માં બાધકપણું અને અનાત્મત્વની સ્ફૂર્તિ થાય છે એમ 'ગૃહસ્થાનામ્' વિગેરેથી કહેછે. પ્રથમ પણ 'ગૃહ' પદથી ગૃહસ્થજ કહેલા હતા. તેઓનો ભાવ વિજાતીય હોવાથી તેઓજ બાધક થાય છે. તેઓ સંબંધીના ધર્મો ભાવના બાધક છે. અનાત્મત્વ એટલે 'આ મારા આત્માના સંબંધી નથી, પરંતુ દેહના સંબંધી છે' એમ આત્મીયત્વનો (પોતાનાપણાનો અભાવ) **અથવા** આત્મા એટલે ભગવાન્. 'આ (ગૃહસ્થો) તેના (ભગવાનના) સંબંધી નથી, પરંતુ વિષયના સંબંધીઓ છે' એમ તેવાપણું (અનાત્મત્વ) તેઓમાં ભાસે છે. ત્યારેજ (વ્યસનભાવ થાય ત્યારેજ) તે (અનાત્મત્વ) ભાસે છે, અન્યથા ભાસતું નથી એવો અર્થ છે. ત્યારેજ (ગૃહસ્થોનો) ત્યાગ (કરવાનો છે), વિધિ (હોવા) થી નથી, એમ કહેલું છે. 'જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય' એ વાક્ય દેહલીદીપ (ઉંબરામાંનો દીવો) ન્યાયથી આવૃત્તિથી (આગળ અને પાછળ) લેવાનું છે. આમ હોવાથી જ્યારે તેમાં (શ્રીકૃષ્ણમાં) તે (વ્યસન) થાય ત્યારેજ આમ (બાધકત્વ અને અનાત્મત્વ) સ્ફુરે છે, અન્ય સમયે (સ્ફુરતાં) નથી. તેથીજ 'કૃષ્ણ' પદ (યોજેલું છે) પરમાનંદ (કૃષ્ણ)-માં વ્યસનવાળાઓને દુઃખદાયક તે (ગૃહસ્થો)માં તેવાપણું (અનાત્મત્વ) અને બાધકત્વ) ન ભાસે એમ કહી શકાય નહિ. "દુઃખ દેનાર પતિ, સુત વિગેરેનું શું કામ છે?" એમ ફલપ્રકરણમાં વ્યસનભાવવાળી (ગોપી)ઓએ આજ કહેલું છે. જ્યારે આ (શ્રીકૃષ્ણમાં વ્યસન) થાય ત્યારેજ કૃતાર્થ થાય. વ્યસન ભાવની ઉત્પત્તિ સુધીજ સાધનો કરવાનાં પછી તેને કાંઈક કરવાનું નહિ હોવાથી તેની કૃતાર્થતા (થઈ). જેમ વૃક્ષ વિગેરેનું બીજ જલસેચન વિગેરેથી શાખાભાવ પર્યંત દૃઢ થયા પછી જલ વિગેરે વિના વૃક્ષ વિગેરે પોતેજ વૃદ્ધિ પામે છે તેમ ભક્તિનું બીજ વ્યસનપર્યંત દૃઢ થયા પછી ભક્તિ-વેલી પોતેજ દશમી અવસ્થા પર્યંત વૃદ્ધિ પામે છે. તેજ માનસી (છે). (તેનું ફલ તો આ દેહના અવસાને કૃષ્ણનામનું ફલ આપે છે. રસાત્મક બીજ, રસા-

ત્મકવેલી અને ફલ રસાત્મક (હોય) તે યોગ્યજ છે. જોકે વ્યસનભાવની પ્રાપ્તિ ગૃહમાંજ થાય છે તો પણ 'તાદૃશસ્ય' 'તેવાને' એમ ગૃહત્યાગ આવશ્યક (છે) એમ કહેછે. વ્યસન પ્રાપ્ત કરેલાને પણ, કાલ વિગેરેનો ભય ન હોવા છતાં વિકલત્વ, અસ્વાસ્થ્ય વિગેરે થાય, અને ગૃહમાં સ્થિતિ હોય ત્યારે સેવ્યની સેવા, વિગેરેથી સ્વાસ્થ્ય સંભવે પરંતુ તેમની (સેવા વિગેરેની) ઉપપત્તિ ન હોવાથી ગૃહમાં સતત સ્થાન વૃદ્ધિ પામેલી ભક્તિનો નાશ કરે તેથી તેના ત્યાગની આવશ્યકતા કહેલી છે. સંન્યાસનિર્ણયમાં પણ 'વિરહના અનુભવ માટે...' (શ્લોક ૭) એમ કહેલું છે. આવી રીતે ભક્તિવૃદ્ધિનો ઉત્તમ પ્રકાર કહી તેનો ઉત્તમોત્તમ પ્રકાર "ત્યાગ કરીને" એમ કહેછે. સમર્પણ પછી તરતજ સાધનરૂપ સેવા વિના તેજ ક્ષણે પૂર્વજન્મના સંસ્કારથી ભગવાનના અનુગ્રહથી જેની એકદમ ભગવાનમાં આસક્તિ ઉદ્બુદ્ધ થાય છે, અને જે ગૃહસ્થોનું બાધકપણું અને અનાત્મપણું જાણી તેઓનો ત્યાગ કરી તે અર્થ (ભક્તિની વૃદ્ધિ) માં જ મન રાખે છે અર્થાત્ પ્રથમ આરંભ કરેલો હોવાથી ભક્તિ-વૃદ્ધિમાં જ જેનું મન રહે છે તે નિરંતર નિબંધમાં કહેલા પર્યટન વિગેરે પ્રયત્ન કરે, અને તે પણ સુદૃઢ, નાશ ન થાય તેની, મોક્ષરૂપી ફલ આપનાર જ્ઞાન વિગેરેથી પણ અધિક, શ્રવણ વિગેરે સાધનોના અને આ જન્મના ફલરૂપ વિગાઢભાવરૂપી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કરે છે. ભાર્યા વિગેરે અનુકૂલ ન હોવાથી ગૃહસ્થ (ગૃહનો) ત્યાગ કરે તો તેને ઉત્તમોત્તમ અધિકાર નહિ હોવાથી દુઃસંસર્ગ અથવા અન્નદોષના સંભવથી ઘણા બાધ આવે તેથી તેણે નિઃસાધનના સર્વ દુઃખ હરનાર, પુષ્ટિમાર્ગીય મહાપુરુષોએ સેવેલા પુરુષોત્તમના સ્થાનમાં જ્યાં પુષ્ટિમાર્ગીય સેવાપ્રકાર હોય ત્યાં રહેવું. ત્યાં પણ ઉદાસીનતાથી ન રહેવું, કારણ કે એમ રહે તો તીર્થ પેઠે ત્યાંથી પાપનો નાશજ થાય, પણ ભક્તિની વૃદ્ધિ ન થાય. પરંતુ જેમ ત્યાં રહેલા ભગવદીયો સેવામાં તત્પર રહે તેમજ તેઓની સાથે (તેણે) પોતે પણ તત્પર રહેવું. આમ (કરવાથી) તેની પણ ભક્તિ વૃદ્ધિ પામે. આવી રીતે સાધનના ઉત્તમ પ્રકારમાં બાધ સંભવે તો તેની નિવૃત્તિના પ્રકારનું નિરૂપણ કરી, ત્યાં પણ અભિમાન વિગેરે દોષના સંભવથી કદાચિત્ તેનું ચિત્ત દુષ્ટ થાય તો બાહ્ય સેવાનું કાર્ય અપ્રયોજક હોવાથી ભક્તિની વૃદ્ધિ થાય નહિ તેથી દોષ ન રહે તે માટે ત્યાંની સ્થિતિની 'અદૂરે' થી અનિયતતા કહે છે. [નિરંતર ત્યાં ન રહેતાં જ્યાં ચિત્ત દુષ્ટ ન થાય ત્યાં સમીપમાં અથવા દૂર રહેવું એમ કહે છે.] દૂર (પ્રદેશમાં) સેવા ન થાય તો પણ ભગવાનના ગુણ (ગાનમાં) તત્પર રહેવું, (કારણ કે) તેનાથી પણ ભક્તિની વૃદ્ધિ થાય છે. એમ જણાવવા "સેવામાં અથવા કથામાં" એમ વિકલ્પ કહેલો છે, કારણ કે ભગવાન અને (ભગવાનના) ગુણો સમાન છે. 'કથા' શબ્દથી પોતામાં વકતૃત્વનું સામર્થ્ય ન હોય તો શ્રવણ પણ આવ-

શ્યક છે એમ સૂચવેલું છે. 'આસક્તિ' પદથી ક્ષણમાત્ર પણ તેને અન્યથી વ્યાસંગ થતો નથી એમ જણાવેલું છે. 'દૃઢા' 'દૃઢ' એટલે વિષયોથી દૂર ન થાય તેવી. આવી રીતે રહે તેનો જીવે ત્યાં સુધી કોઈ પણ દેશમાં અથવા કોઈ પણ કાલમાં નાશ થતો નથી. અહિં 'નાશ' નો અર્થ ભાવનો નાશ છે. 'એવી મારી મતિ (છે)" એમ શ્રીમન્મહાપ્રભુચરણની ગર્ભિત પ્રતિજ્ઞા છે. તેથી 'ભાવનો નાશ કરનાર અન્ય કોઈ પણ અમારાથી અજ્ઞાત પ્રકાર પણ નથી' એમ કહેલું છે. જોકે સેવા અને કથાથી આસક્તિ દૃઢ થતાં બાધની સંભાવનાજ નથી તો પણ "વિચાર કરીને" એ ન્યાયથી હરિસ્થાનમાં બાધ સંભવે તો તે દૂર કરવાનો ઉપાય કહેલો છે. દૂર (પ્રદેશમાં) સદા ભગવદીયનો સંગ નહિ હોવાથી એકાંતસ્થિતિ હોવાથી જીવપણાંને લીધે કદાચ વિષયના ધ્યાનથી કથામાં બાધ સંભવે તો ત્યાં વાસ ઇષ્ટ નથી, એટલે ઇષ્ટના સાધન તરીકે તેની ઇચ્છા થતી નથી. તેવા સમયે દૂર દેશનો ત્યાગ કરી પુનઃ પણ હરિના પ્રદેશમાં રહેવું એવો ભાવ છે. પુનઃ ત્યાં (હરિના પ્રદેશમાં) પણ બાધ સંભવે તો ત્યાર પછી "મારાથી આ દૂર થવો અશક્ય છે" એમ દૈન્યની સ્ફૂર્તિ થવાથી ત્યાં સ્થિતિ હોય ત્યારે હરિજ સર્વ બાધોથી રક્ષા કરશે. "અશક્યમાં હરિજ (શરણ) છે" "હે કૌન્તેય ! મારા ભક્તનો (નાશ થતો) નથી એમ પ્રતિજ્ઞા કર" વિગેરેમાં આજ કહેલું છે. પ્રતિજ્ઞાનું સૂચન કરવા "સંશય નથી" એમ કહેલું છે. આવી રીતે. ભક્તિની વૃદ્ધિના ઉપાયનું નિરૂપણ કરી 'આવી રીતે,' એમ ઉપસંહાર કરે છે. 'इति' 'એમ' એ પ્રકાર દર્શાવવા અથવા સમાપ્તિ દર્શાવવા (યોજેલો છે). પહેલા (પ્રકાર) પક્ષમાં ગૂઢતત્ત્વવાળા ભગવચ્છાસ્ત્રનું આ પ્રકારે નિરૂપણ કરેલું છે એવો (અર્થ છે). બીજા પક્ષમાં (સમાપ્તિપક્ષમાં) ગૂઢતત્ત્વવાળુ ભગવચ્છાસ્ત્ર એવી રીતે એવો (અર્થ છે). પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવનાર સાક્ષાત્ સાધનોનું નિરૂપણ કરનાર "સર્વથા અધિક સુન્દર સ્નેહનો ભક્તિ" વિગેરે વાક્યરૂપ ભગવચ્છાસ્ત્ર (છે.) ગૂઢ તત્ત્વ એટલે આશય છે જેનો તે ગૂઢતત્ત્વવાળુ–અહિં વૃદ્ધિ પામે છે સ્નેહનુંજ પ્રતિપાદન કરેલું હોવાથી, તેની વૃદ્ધિના ઉપાય બીજની દૃઢતા વિગેરેનું પ્રતિપાદન કરેલું નહિ હોવાથી તે (ગૂઢતત્ત્વ) છે. અથવા ગૂઢ ભક્તિનું તત્ત્વ (એટલે) સમર્પણથી ઉત્પન્ન થએલું બીજ જેમાં છે તે (ગૂઢતત્ત્વવાળું) તે (સમર્પણથી થતું બીજ) ન હોય તો વૃદ્ધિ ન થવાથી સુદૃઢતા ન થાય તેથી તેવું (ગૂઢતત્ત્વવાળું) છે. અથવા (શ્રીમદ્ભાગવતમાં) અંગસહિત ભક્તિનું પ્રતિપાદન કરેલું હોવાથી શ્રીભાગવત ભક્તિશાસ્ત્ર છે. (તેમાં) 'એ પ્રમાણે મનુષ્યોના ધર્મોથી..." વિગેરે સ્થલે વિવેચનપૂર્વક બીજભાવ વિગેરે કહેલાં નહિ હોવાથી તે પણ તેવું (ગૂઢતત્ત્વવાળું) (છે). તેવા (ગૂઢતત્ત્વવાળા શાસ્ત્ર) નું આ ગ્રન્થથી નિરૂ-

પંણ કરેલું છે એટલે પ્રકાશ કરેલો છે એવો અર્થ છે. સેવા ત્યાગ વિગેરે સાધનવાળો પણ જે આ અમે કરેલાં (એટલે) ગૂઢતત્ત્વના નિરૂપણથી પ્રકાશિત કરેલા શાસ્ત્રનું સમ્યક્ અધ્યયન કરે એટલે વિચારપૂર્વક પાઠ કરે 'અથવા સર્વદા...' એમ નિબંધમાં કહેલા પ્રકારથી સારી રીતે અધ્યયન કરે તેની પણ તે (ભક્તિ) તેવી (વૃદ્ધિ પામેલી) થાય–'અપિ' 'પણ શબ્દથી તેમાં કહેલી રીતે આચરણ કરે તો તો થાયજ એમ કૈમુતિકન્યાય દર્શાવેલો છે "અર્થ પણ જાણેલો ભક્તિ આપે છે" એમ નિબંધમાં પણ આ કહેલું છે. આથી તેની (ભક્તિની) વૃદ્ધિ માટે તૃતીય ઉપાય પણ દર્શાવાયો. આથી ભક્તિના બીજભાવમાંજ સર્વ ભગવચ્છાસ્ત્રોનો આશય છે તેથી સમર્પણ તેને (ભક્તિના બીજભાવને) ઉત્પન્ન કરનાર હોવાથી ભજનાધિકારરૂપ છે એમ સર્વ દોષરહિત (સિદ્ધ થાય છે)

શ્રીમદાચાર્યચરણને જેણે આ લોક અને પરલોક સમર્પણ કરેલા છે તેવા વલ્લભે તેમના સમર્પણ ગદ્યનો દુર્લભ અર્થ કહ્યો. શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.

॥ श्रीवल्लभः ॥